*If you are a Jain - Don't Miss This*

# સ્વપ્ન જિનશાસન

## તમારી સંપત્તિ અને સદ્બુદ્ધિ જ્યાં અનંતગણી બની ઉગી નીકળશે

## પ્રિયમ્

• પ્રેષક •

**શા. બાબુલાલ સરેમલજી**

"સિદ્ધાચલ", સેન્ટ એન્સ સ્કુલ પાસે, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪

E-mail : ahoshrut.bs@gmail.com

# સ્વપ્નસૃષ્ટિ

અમાસમાં પૂનમનો અવતાર
ઓટમાં ભરતીનો અવતાર
ભરતમાં મહાવિદેહનો અવતાર
દુઃષમામાં સુષમાનો અવતાર
શ્રીસંઘમાં અભ્યુદયનો અવતાર
અને
જિનશાસનનો જયજયકાર
એટલે જ **સ્વપ્ન જિનશાસન**

અમારા આ સ્વપ્નો
તમારા બની જાય એટલે બસ.
આ સ્વપ્નસૃષ્ટિને સાકાર થવા માટે
આથી વધુ કોઈ જ અપેક્ષા નથી.

## *a Divine Dream*

સ્વપ્ન જ સંકલ્પ બને છે,
સંકલ્પ જ સાધના બને છે,
અને
સાધના જ સાક્ષાત્કાર બને છે.
ચાલો,
જિનશાસનના અનંત ઉપકારોની
સંવેદનામાં ભીંજાઈ જઈએ
અને જિનશાસન માટે કાંઈક કરી છૂટવાનું
**સ્વપ્ન** જોઈએ.

# ꕥ અનુક્રમણિકા ꕥ


| ક્રમ | સ્વપ્ન | પૃષ્ઠ |
|---|---|---|
| ૧) | આ છે મહાવીર અમારા | ૧ |
| ૨) | મહાવીર કલા | ૪ |
| ૩) | મહાવીર ધ્યાનમંદિર | ૮ |
| ૪) | સ્વપ્ન સ્વર્ણમંદિર | ૧૨ |
| ૫) | કીજે તેહ પ્રભાવના રે | ૧૩ |
| ૬) | સંપ ત્યાં જંપ | ૧૬ |
| ૭) | જો હોવે મુજ શક્તિ ઈસી | ૧૭ |
| ૮) | સ્વપ્ન પર્વાધિરાજ | ૨૧ |
| ૯) | કાલે કાલં સમાયરે | ૨૩ |
| ૧૦) | **Plan Palitana** | ૨૬ |
| ૧૧) | જ્યાં નીરખીને નવ ટૂંકો પાતિકનો થયો ભુક્કો | ૨૯ |
| ૧૨) | ઉપાસના મંદિરમ્ | ૩૨ |
| ૧૩) | પાઠશાળા માટે રેડી પ્લાન | ૩૪ |
| ૧૪) | પ્લાન પાઠશાળા | ૩૮ |
| ૧૫) | હાર્દિક વિનંતિ | ૪૦ |
| ૧૬) | શું તમે જાણો છો | ૪૨ |
| ૧૬) | જહ જહ પલ્હાઇ મણો | ૪૫ |
| ૧૭) | અસ્મિતા જૈનત્વની | ૪૭ |
| ૧૮) | શ્રુતમંદિરમ્ | ૪૮ |
| ૧૯) | શાસનસંવેદના | ૫૧ |

## ꧁ અનુક્રમણિકા ꧂


| ક્રમ | સ્વપ્ન | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૦) | મહાવીર ખીચડી ઘર | ૫૪ |
| ૨૧) | જોઈએ છે એક કડી | ૫૮ |
| ૨૨) | Demand & You are a Creater | ૬૧ |
| ૨૩) | Refuse & you are a correcter | ૬૨ |
| ૨૪) | Say No & You Are a Corrector | ૬૩ |
| ૨૫) | વિદ્વાનો માટે એક મહત્ત્વનું કાર્યક્ષેત્ર | ૬૬ |
| ૨૬) | સાઈન બોર્ડ | ૬૯ |
| ૨૭) | અંતર્વિહાર | ૭૨ |
| ૨૮) | અનુષ્ઠાન સાથેના જમણવાર સાધક કે બાધક ? | ૭૪ |
| ૨૯) | જૈનીઝમ - શોર્ટ અભ્યાસક્રમ | ૭૯ |
| ૩૦) | જૈનીઝમ - વિસ્તૃત અભ્યાસક્રમ | ૮૦ |
| ૩૧) | Know Jainism | ૮૪ |
| ૩૨) | પ્રવચન સ્વપ્ન | ૮૬ |
| ૩૩) | યુનિવર્સિટી ઑફ ડિવાઈન નોલેજ | ૮૭ |
| ૩૪) | શું આપણી તીર્થયાત્રા આવી હોય ? | ૯૧ |
| ૩૫) | તીરથની આશાતના નવિ કરીએ | ૯૩ |
| ૩૬) | Before You be a Mother | ૯૫ |
| ૩૭) | જાગો જૈનો જાગો | ૯૭ |
| ૩૮) | Let's Start ધર્મ | ૧૦૧ |
| ૩૯) | શાસન સુરક્ષાનો એક શાલીન અભિગમ | ૧૦૬ |

## ૪ અનુક્રમણિકા ૪


| ક્રમ | સ્વપ્ન | પૃષ્ઠ |
|---|---|---|
| ૪૦) | મૅન પાવર વિના બધું પાણી ઢોળ ! | ૧૧૧ |
| ૪૧) | સુપાત્રદાન ગ્રુપ | ૧૧૫ |
| ૪૨) | Jain School | ૧૧૯ |
| ૪૩) | મેલ અનાદિ વિનાશ | ૧૨૧ |
| ૪૪) | Quit Cities | ૧૨૩ |
| ૪૫) | Let me say | ૧૨૬ |

# ❁ આ છે મહાવીર અમારા ❁

અમદાવાદમાં પાલડીથી વિહાર શરૂ કર્યો. હઠીસિંગની વાડીએ જવું હતું. રસ્તાની પૂછતાછ કરતાં કરતાં એક બોર્ડ પર નજર પડી. **''માનો કે ન માનો, ભગવાન ઈસુને જાણો, અમારું સાહિત્ય મફત મેળવવા માટે નીચેના સરનામે પત્ર લખો...''** એક ખ્રિસ્તી સ્કુલની બહાર આવું મોટું બોર્ડ લટકતું હતું. થોડા સમય પહેલા ગુજરાત રાજ્ય તરફથી વિરાટ પુસ્તકમેળો યોજાયો. માતબર રકમથી સ્ટોલ ભાડે રાખી મુસ્લિમ ભાઈઓ અને ખ્રિસ્તીભાઈઓએ ચાર-ચાર સ્ટોલ રાખ્યા હતા. પુસ્તક વેચાણ સાથે તેમના સૂચિપત્રોને તેઓ વિના મૂલ્યે આપી રહ્યા હતાં, એટલું જ નહીં, કુરાન અને બાઈબલની નકલોને પણ તેઓ વિના મૂલ્યે ભેટ આપી રહ્યા હતાં. મેં પોતે એવા પુસ્તકને જોયું છે. તેના ટાઈટલ પેજમાં નીચે એક ખૂણામાં એક વાક્ય લખેલું હતું. એ વાક્યને જોતાની સાથે હું મનોમંથનમાં ડુબી ગયો. એ વિતરણકારોની દૃષ્ટિ પર મારી દૃષ્ટિ સ્થિર બની. એમની વ્યવહારકુશળતાનો પરિચય એ એક જ વાક્યથી મળી જતો હતો. એ વાક્ય હતું - **બિન-મુસ્લિમ ભાઈઓને ભેટ.**

ખ્રિસ્તી મિશનરીઓ પુસ્તક મેળામાં, શાળાઓમાં ને ગામડે ગામડે ધર્મપ્રચાર કરી રહી છે. આટલું ઓછું હોય, તેમ રેસીડન્સ એરિયામાં ફરી ફરીને ઘરે ઘરે મફત બાઈબલ વિતરણ કરી રહી છે. **ઈસ્કોન મંદિર**ના સમર્પિતો પોત પોતાને ફાળે આવેલા વિસ્તારોમાં રોડ ઉપર માઈક અને ઢોલ લઈને **'હરે ક્રિષ્ના હરે રામા'** ની ધૂન મચાવી રહ્યા છે. **ભગવદ્ ગીતા**ની નકલોનું મૂલ્યથી કે વિના મૂલ્યે જે રીતે શક્ય બને તેમ વિતરણ કરી રહ્યા છે. બિન-મુસ્લિમો માટેની મુસ્લિમોની લાગણી આપણે હમણા જ જોઈ ગયા છીએ. સવાલોનો સવાલ એ છે, કે આપણે ક્યાં ? **વિશ્વનું અદ્વિતીય અરિહંત તત્ત્વ પામ્યા પછી આપણને એના પ્રત્યે લાગણી કેટલી ? અને વિશ્વમાં એના નામનો ઝંડો લઈને ફરવાની ખુમારી કેટલી ?** પુસ્તક મેળાઓમાં જૈનોનો

સમ ખાવા પૂરતો એકાદ સ્ટોલ દેખાય ખરો ? દુનિયાના કોઈ શહેરમાં આવું બોર્ડ દેખાય ખરું ? - **માનો કે ના માનો, ભગવાન મહાવીરને જાણો, અમારું સાહિત્ય મફત મેળવવા માટે નીચેના સરનામે પત્ર લખો.**

જે જૈનો દર વર્ષે કરોડો રૂપિયાનું સાહિત્ય છપાવે છે, તેમની પાસે આવો કોઈ દૃષ્ટિકોણ જ ન હોય, એ કેટલી દુઃખદ બીના છે ! સાચો જૈન હોય એણે તો ખુમારીથી મહાવીરનો ઝંડો લઈને દુનિયામાં ફરવું જોઈએ. એ મહાવીરના અદ્ભુત જીવનને દુનિયા સમક્ષ રજુ કરે, અને ગૌરવથી કહે - **આ છે મહાવીર અમારા...** ને મહાવીરને નજીકથી જોનારી વ્યક્તિ પોતે પણ આ જ શબ્દો બોલનારી થઈ જાય, આ એક એવો વિનિયોગ છે, જે અન્ન-જળ, વસ્ત્ર, આવાસ, ધન વગેરે બધાં જ વિનિયોગથી ચડિયાતો છે. આ વિનિયોગમાં પ્રભુભક્તિ પણ છે અને પરોપકાર પણ છે.

જૈનોનો પરમ પવિત્ર ગ્રંથ છે **કલ્પસૂત્ર.** કલ્પસૂત્રનું હાર્દ છે, કરુણાસાગર પ્રભુ મહાવીરનું ચરિત્ર. આ ચરિત્રમાં ડગલે ને પગલે પ્રેરણા છે, ઉપદેશ છે, જીવનના ઉદ્દેશ્ય પ્રત્યેનો અદ્ભુત અભિગમ છે. પેલા શબ્દો અહીં સાકાર થયા છે - **''પાને પાને પાંખડીઓ છે, છે આખો ઈતિહાસ સુગંધી.''** સદ્ભાગ્યે પ્રભુ વીરના જીવનને સ્પર્શતા સુંદર ચિત્રો પણ ઉપલબ્ધ થાય છે. જો એવું પુસ્તક પ્રકાશિત કરવામાં આવે, જેમાં પ્રભુના જીવનના ક્રમબદ્ધ ચિત્રો હોય. દરેક પાને એક ચિત્ર. એ ચિત્રનો ટૂંક પરિચય અને એ ઘટના દ્વારા મળતો સંદેશ. જેમ કે પ્રભુ બ્રાહ્મણને પોતાનું અર્ધવસ્ત્ર આપે છે, તેમાં પરોપકારનો સંદેશ. આ રીતે ગુજરાતીમાં તૈયાર થયેલું પુસ્તક પ્રત્યેક ગુજરાતી સુધી પહોંચાડવાનો પ્રયાસ કરાય, હિંદીમાં તૈયાર થયેલું પુસ્તક પ્રત્યેક હિંદી સુધી પહોંચાડવાનો પ્રયાસ કરાય, એ રીતે અંગ્રેજી અને બીજી પ્રાદેશિક ભાષાઓમાં પણ આ પુસ્તક યથાસંભવ પ્રકાશિત થાય. આ રીતે **વિશ્વેશ્વર મહાવીર વિશ્વની સમક્ષ સર્વોત્કૃષ્ટ તત્ત્વ તરીકે પ્રસ્તુત થાય.** લાખો-કરોડો જીવ બોધિબીજ સમ્યક્ત્વ વગેરે લાભો પામે. જગતમાં જિનશાસનનું ગૌરવ વધે. આનુષંગિક બીજા પણ અનેક લાભો થાય.

પોતાની પાસે જે સારી વસ્તુ હોય, બંગલો વગેરે કે ઘરેણું વગેરે હોય, તેને માણસ ખૂબ હોંશ અને ગર્વ સાથે બીજાને દેખાડે છે. આપણને 'મહાવીર' મળ્યા, જગતનું સર્વોત્કૃષ્ટ તત્ત્વ. આપણને કેટલી ખુમારી, કેટલી હોંશ ને કેટલો ગર્વ હોવો જોઈએ ! આપણા સંપર્કમાં જે પણ આવે, તેની પાસે અનાયાસે આપણાથી કહેવાઈ જાય - **જો આ છે મારા મહાવીર.** જૈનોએ દુકાનમાં, ઓફિસમાં, ઘરમાં, મુસાફરીમાં ઉપરોક્ત પુસ્તક રાખવું જોઈએ. અને છૂટથી તેની પ્રભાવના કરતાં રહેવું જોઈએ. આ પ્રભાવના જિનશાસનની પ્રભાવના છે. એનાથી **જબરદસ્ત પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન** થાય છે. અને ઉત્તરોત્તર ઉત્તમ સુખો મળવા સાથે પરમ પદના શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે.

મહાવીરની કરુણા વિશ્વના પ્રત્યેક જીવ માટે છે. મહાવીરે તો **'સવિ જીવ કરું શાસનરસી'** ની ભાવના ભાવી હતી. તો મહાવીરને મૂઠ્ઠીભર જૈનો માટે સીમિત કેમ રાખવા ? ચાલો, એ કરુણાસાગરને આપણે વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરીએ, અને હોંશથી કહીએ - **આ છે મહાવીર અમારા.**

✳ ✳ ✳ ✳ ✳

મહાવીરની પાછળ
તમે પાગલ ન બની ગયા હો
તો
એનો અર્થ એ જ છે
કે
હજી સુધી તમે મહાવીરને ઓળખ્યા
જ નથી.

# ❁ મહાવીર કલા ❁

પ્રભુની ગેરહાજરીમાં પણ પ્રભુના સાન્નિધ્યને માણવા માટે ત્રણ ઉપાય છે. (૧) **પ્રભુનું ચિત્ર** (૨) **પ્રભુની પ્રતિમા** (૩) **પ્રભુની વાણી.** આમાં પ્રભુની વાણીનું માધ્યમ શ્રવણ /વાંચન દ્વારા ઉપયોગી બની શકે. જે સમયસાધ્ય અને વિશિષ્ટ પુરુષાર્થસાધ્ય છે. માટે સરળ ઉપાયો છે - ચિત્ર અને પ્રતિમા. આમાં પ્રતિમાની વાત કરીએ તો **સમ્રાટ સંપ્રતિ મહારાજા** જેવા પરમ શ્રાવકે સવા-ક્રોડની સંખ્યામાં જિનપ્રતિમાઓ ભરાવી. જેમ સંખ્યા (ક્વોન્ટિટી) ગજબની, તેમ ગુણવત્તા પણ અજબ ગજબની. આજે પણ એ પ્રતિમાઓની જોડ જડતી નથી. ચિત્રની બાબતમાં પૂ.યશોદેવસૂરિ મહારાજાની પ્રેરણાથી શ્રી ગોકુલદાસ કાપડિયા દ્વારા પ્રભુના જીવનના ૩૫ ચિત્રો તૈયાર કરવામાં આવ્યાં. જે ઉપલબ્ધ થતાં બીજા બધાં જ ચિત્રોમાં એક સીમા ચિહ્ન રૂપ છે.

ઉપરોક્ત બે કળાઓને બાદ કરીએ તો પ્રતિમા અને ચિત્ર બંનેની બાબતમાં આપણે મહદંશે દરિદ્ર છીએ. પ્રતિમાઓ ને ચિત્રોના નિર્માણ ન થાય. તો એ કદાચ એટલા દુઃખની વાત નથી. પણ તેમની ગુણવત્તા માટેની બેદરકારી પ્રભુ વીરનું અવમૂલ્યાંકન કરાવે. એ ખરેખર આઘાતજનક ઘટના છે. ગમે તે શિલ્પી કે ગમે તે ચિત્રકાર પ્રભુ વીરને ગમે તે રીતે કંડારી શકે ને એના મોં માંગ્યા દામ લઈ શકે. એવું ચાલે ? સ્વામિનારાયણ, કૃષ્ણ કે બુદ્ધની કોઈ પણ પ્રતિમા કે ચિત્ર જુઓ તો ખ્યાલ આવશે કે તેમના અનુયાયીઓએ **ગુણવત્તાનું ઉચ્ચતર સ્તર** જાળવવાનો સફળ પ્રયાસ કર્યો છે. લગભગ નિરપવાદ પણે પ્રત્યેક પ્રતિમા કે ચિત્રમાં ભીતરી આનંદ છલકાઈને બહાર આવતો દેખાશે. ધ્યાનમગ્ન બુદ્ધ પ્રતિમા કે બુદ્ધ-ચિત્રમાં અધ્યાત્મનું એક ભાવવિશ્વ તરવરી ઉઠશે. ભગવાન ભરાવનારાઓ જો આવી કાળજી, આવો આગ્રહ રાખે, તો તેમનું પુણ્ય **અબજોગણું** થઈ જાય. અનાભોગે થતી આશાતનાના પાપથી તેઓ બચી જાય.

મને લાગે છે કે આની શરૂઆત 'ચિત્ર' દ્વારા થવી જોઈએ. આ માટે યથાસંભવ શહેર/રાજ્ય/દેશ/વિશ્વ-સ્તરે **ફાઈન આર્ટ કોમ્પિટીશન**ની યોજના થાય. સ્કુલો-આર્ટ કોલેજો-વર્તમાનપત્રોમાં જાહેરાત થાય. મધ્યમ કદના કેનવાસ પર ઓઈલ પેઈન્ટ દ્વારા ભગવાન મહાવીરની જીવંતતુલ્ય પ્રતિકૃતિ દોરવાની હોય. તે માટે છ/બાર મહિનાનો સમય અપાય. પુસ્તકો આદિ માધ્યમ દ્વારા પ્રતિમાઓને ભગવાન મહાવીરના જીવનનો ઊંડો અભ્યાસ કરવાની તક આપવામાં આવે. (આ અભ્યાસ શ્રેષ્ઠ પરિણામ લાવવા માટે જરૂરી છે, એવું તેમને પહેલાથી સમજાવાય અને તેમને સામગ્રી પૂરી પડાય. પ્રભુ વીરના જીવનના સંખ્યાબંધ પ્રકાશનો થયા છે. તેમાંથી યોગ્ય વિશિષ્ટ પ્રકાશનો પુસ્તક રૂપે કે અન્ય રૂપે પૂરા પડાય.) ઉપલબ્ધ શ્રેષ્ઠતમ ચિત્રો તથા પ્રભુની વાણીના માધ્યમે તેમને પ્રભુની સમીપતમ જવાનું **સૌભાગ્ય** આપવામાં આવે, અને પછી તેઓ પોતાની સમગ્ર કળાને ઠાલવીને વિવિધ રીતે **પ્રભુની પરાકાષ્ઠાની અસ્મિતા**ને પ્રસ્તુત કરે. નિયત સમયે તે ચિત્રોનું પ્રદર્શન ગોઠવાય. પ્રથમ ઈનામ ૧ લાખ રૂા. બીજું ઈનામ ૫૧,૦૦૦ આ રીતના આકર્ષક ઈનામો + **કલારત્ન, કલાભૂષણ** વગેરે એવોર્ડો આપવામાં આવે + અનેક આશ્વાસન ઈનામો અપાય. આ સ્પર્ધાના અનેકાનેક લાભો છે.

(૧) આકર્ષક ઈનામો + એવોર્ડથી પ્રોત્સાહિત થઈને પ્રાયઃ હજારો/ લાખો પ્રતિયોગીઓ જોડાય. તથા સ્વયં ભગવાન મહાવીરના જીવનનું સાંગોપાંગ અધ્યયન કરવાથી ભગવાન પ્રત્યે આદર-બહુમાન ધરાવે. **બોધિબીજ** / **સમ્યક્ત્વ** વગેરેની પ્રાપ્તિ કરે.

(૨) પ્રત્યેક પ્રતિયોગી પોતાની કળાની **સમસ્ત અસ્મિતા**ને મહાવીરમાં ઠાલવવાનો પ્રયત્ન કરે, મહાવીરમય બની જાય. તેનો પરિવાર-સંબંધી વર્ગ પણ યથાસંભવ ભાવિત થાય. આ રીતે લાખો-કરોડો લોકોને ભગવાન મહાવીરની નજીક લાવી શકાય.

(૩) ચિત્ર-પ્રદર્શન જોવા માટે આખું શહેર ઉમટી પડે. પ્રેસ-પત્રકારો, રાજનેતાઓ, હોદ્દેદારો વગેરે પણ મુલાકાત લે. ભગવાન મહાવીરના

**આધ્યાત્મિક અલૌકિક વ્યક્તિત્વનો** સ્પર્શ કરીને જિનશાસન માટે આદરવાળા થાય. શાસનની રક્ષા-પ્રભાવના માટે અનેક દરવાજા ખુલે.

(૪) તે તે ચિત્ર સાથે ચિત્રકારે રજુ કરેલ 'થીમ' (ચિત્ર પરિચય-કલ્પના-લખાણ) દ્વારા તે ચિત્રનું **પારદર્શક દર્શન** થાય. લાખો લોકો ભાવિત થાય.

(૫) તે તે ચિત્ર સાથે ચિત્રકારનું નામ + સંપર્ક માહિતી હોય. તેનાથી આ પ્રકારનું કાર્ય કરાવવા ઈચ્છતા પ્રભુભક્તો-સંઘો-સંસ્થાઓને પોતાની પસંદની વ્યક્તિ મળી રહે. અને ચિત્રકાર પોતાની કળાનો **આધ્યાત્મિક ઉપયોગ** કરતા રહેવા દ્વારા સ્વ-પરનું કલ્યાણ કરી શકે.

(૬) પ્રભુ વીરની ઉપલબ્ધ પ્રતિકૃતિઓ કરતાં અનેકાનેક ગણી ઉચ્ચ સ્તરની પ્રતિકૃતિઓ મળે. એક એક પ્રતિકૃતિમાં પ્રભુના **લોકોત્તર ગુણોની અભિવ્યક્તિ** થાય. નવી પેઢીએ કરેલા સર્જન પ્રત્યે નવી પેઢી સહજ રીતે આકર્ષિત થાય.

(૭) તે તે ચિત્રોની યથાસંભવ મૂળ કૃતિ/પ્રતિકૃતિ તીર્થો, જિનાલયો, પુસ્તકો, ધર્મસ્થાનો, ઘરો વગરેમાં બહોળા પ્રમાણમાં દર્શનાર્થે મુકાય. સ્પર્ધા આયોજનના પ્રાયઃ ૨-૩ લાખ રૂપિયાના રોકાણથી ભૌતિક દૃષ્ટિએ **કરોડો રૂપિયાના ચિત્રો** તૈયાર થઈ જાય. અને આત્મિક દૃષ્ટિએ તથા ધર્મપ્રચારની દૃષ્ટિએ તો **અમૂલ્ય-અદ્વિતીય-અગણિત** લાભો થાય.

(૮) ભગવાન ભરાવવા ઈચ્છતા ભક્તો પોતાની પસંદની વિશિષ્ટ પ્રતિકૃતિની છબી શિલ્પીને આપી શકે. અને એવી ભાવાભિવ્યક્તિ કરતી **જીવંતતુલ્ય પ્રતિમાનું સર્જન** કરાવવાનો આગ્રહ રાખી શકે.

(૯) ગમે તેવા પથ્થર પર ગમે તેવી ચીલાચાલુ મુદ્રામાં થતા સર્જનોથી પ્રભુની જે **આશાતના** થઈ રહી છે, તે અટકે.

(૧૦) વિશિષ્ટ સર્જન દ્વારા નાનું જિનાલય પણ **તીર્થ** બની જાય.

જૈનોને તથા અજૈનોને આકર્ષે. ભાવિત અને લીન કરી દે. મૂક પ્રેરણા વહાવ્યા કરે.

(૧૧) ભગવાન મહાવીર એટલે મહામાનવ... અને લોકોત્તર અસ્મિતા... **એક ઉત્કૃષ્ટ ગુણાત્મક વ્યક્તિત્વ...** એક સર્વ શ્રેષ્ઠ ભગવત્-તત્ત્વ આવી ઈમેજ જાહેર જનતામાં ઉભી થાય. જે એક દૃષ્ટિએ જિનશાસનનો સ્વીકાર જ છે.

આજે ભલે આ બધી વાતો 'સ્વપ્ન' છે. પણ શેખચિલ્લીના સપના તો નથી જ. દાદા ગુરુદેવશ્રી ભુવનભાનુસૂરિ મહારાજાએ તે કાળના શક્ય પ્રયાસો દ્વારા પ્રભુ વીરના જીવન-ચિત્રો કરાવ્યા હતા. ઈતિહાસ સાક્ષી છે. એ ચિત્રકાર ભાવિત-પ્રભાવિત બની ગયો. એટલું જ નહીં, એ જૈન બની ગયો. પ્રતિક્રમણાદિ કરતો થઈ ગયો. એનો આખો પરિવાર જૈન થઈ ગયો. એની દીકરીને દીક્ષાની ભાવના થઈ. ને એણે દીક્ષા અપાવી પણ ખરી. જે એક સાથે થયું તે હજારો-લાખો સાથે પણ થઈ શકે છે. જરૂર છે આવા યોગ્ય આયોજનની.

'મહાવીર' બનવાના માર્ગનું પ્રથમ પગલું છે. મહાવીરના અનુરાગી બનવું. **મહાવીર ગમે... ને ગમતાનો ગુલાલ કરીએ.**

✳ ✳ ✳ ✳ ✳

ચાલો,
મહાવીર દુનિયાના હતા
તો
આપણે દુનિયાને મહાવીરની બનાવીએ.

# ❀ મહાવીર ધ્યાનમંદિર ❀

## *Mahavir Meditation Temple*

**जो जाणइ अरहन्ते दव्वत्तगुणत्तपज्जयत्तेहिं ।**
**सो जाणइ अप्पाणं मोहो खलु तस्स जाइ लये ॥**

(પ્રવચનસાર ૧/૮૦)

જે દ્રવ્યત્વ, ગુણત્વ અને પયાર્યયત્વ દ્વારા અરિહંતને જાણે છે, તે આત્મજ્ઞાન પામે છે. તેનો મોહ ખરેખર વિલીન થઈ જાય છે.

**વિશ્વનું સર્વોત્કૃષ્ટ વ્યક્તિત્વ છે અરિહંત.** આપણને પરમાત્મા મહાવીરદેવ રૂપે અરિહંતની પ્રાપ્તિ થઈ. પરખશક્તિ અને બુદ્ધિમત્તા હોય, તો આપણા અંગે અંગમાં આ પ્રાપ્તિનો કેફ ભરાઈ જાય. વિવેકશક્તિ હોય તો આખી દુનિયાને ભૂલીને આપણે મહાવીરની પાછળ પાગલ બની જઈએ. પરીક્ષણશક્તિ હોય, તો મહાવીરના એક એક ગુણ પાછળ મંત્રમુગ્ધ થઈ જઈએ. કદરશક્તિ હોય તો દુનિયાભરમાં મહાવીરનો ઝંડો લઈને ફરીએ.

પણ આ બધાનું ઉદ્ગમબિદું છે **દ્રવ્યત્વ-ગુણત્વ-પર્યાયત્વથી મહાવીરનું જ્ઞાન.** એકાકાર બનીને એના એક એક પાસાનું ધ્યાન. આ માટેનું એક સુંદર આલંબન એટલે **મહાવીર ધ્યાન મંદિર.**

આ મંદિર એક હોલ સ્વરૂપ હોય. જેની દીવાલો પર ૮ x ૧૦ ફૂટના ચિત્રો હોય, જેમાં પ્રભુ વીરના જીવનના એક એક પ્રસંગો જીવંત બન્યા હોય. એક એક ચિત્રની સાથે સાથે (૧) ગુણ અને દોષત્યાગનું **શિર્ષક** હોય (૨) પ્રસંગાનુરૂપ ટૂંકો **ઉપદેશ** હોય (૩) ચિત્રપરિચયનું ટૂંકું લખાણ હોય. (૪) તે-તે ગુણ-દોષવિષયક **વિશિષ્ટતમ સાહિત્ય** હોય, ઉદાહરણ તરીકે **ચંડકૌશિકપ્રતિબોધ**ના ચિત્ર સાથે (૧) 'ક્ષમા... ક્રોધત્યાગ'નું **શિર્ષક** હોય (૨) વીર તે છે, જે લડી શકે છે. મહાવીર તે છે, જે ક્ષમા કરી શકે છે. મહાવીરનો માર્ગ રડવાનો પણ નથી અને લડવાનો પણ નથી.

આ ક્ષમાનો માર્ગ છે. સહન કરીને સિદ્ધિ મેળવવાનો માર્ગ છે. સામો થાય આગ, તો તમે થજો પાણી. એ જ છે પ્રભુ વીરની પાણી. - આ રીતે **ઉપદેશ** હોય. (૩) દૃષ્ટિવિષ ચંડકૌશિક સર્પે કાતિલ ડંખ મારી દીધો છે. પારાવાર વેદનામાં ય પ્રભુની મુખમુદ્રા પ્રસન્ન છે. પ્રભુના રોમે રોમે ક્ષમા નૃત્ય કરી રહી છે. આંખોમાં કરુણાનો ધોધ વહી રહ્યો છે. ક્ષમા અને કરુણાથી ચંડકૌશિક આપ્લાવિત બન્યો છે. અનિમેષનયને પ્રભુ તરફ જોઈ રહ્યો છે, અને ત્યાં તો પ્રભુના હોઠ ફરક્યા, એક અમર વાક્યના નાદે માત્ર ચંડકૌશિકને જ નહિં, પણ આવનારા હજારો વર્ષો સુધીના અનેકાનેક આત્માઓને શાંત-પ્રશાંત કરી દીધાં - **બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિયા !**

ને એ બુઝી ગયો, એના બધાં જ ઝેર ઉતરી ગયા. જે સીધો નરકે જવાનો હતો, એ આઠમા દેવલોકે દેવ થયો. ધન્ય પ્રભુ... ધન્ય ક્ષમા. ચંડકૌશિકના જેવા ઝેર ઉતાર્યા એવા ઝેર અમારા ઉતારો... ઝેર અમારા ઉતારો. આ રીતે **ચિત્ર પરિચય** (૪) ક્ષમા, કરુણા અને ક્રોધત્યાગ વિષયક **વિશિષ્ટતમ સાહિત્ય.**

મહાવીરના જીવનનો એવો એક પણ પ્રસંગ નથી, કે જેમાં ગુણોની સુવાસ મહેંકતી ન હોય, જેમાં દોષત્યાગનો સંદેશ ન હોય, જેમાં આત્મપરિવર્તન અને જીવનપરિવર્તન કરવાની શક્તિ ન હોય. ક્રોધ આદિ વિવક્ષિત દોષથી ત્રસ્ત વ્યક્તિ અનુક્રમ દ્વારા તે ચિત્ર સમક્ષ આવીને બેસી જાય. ચિત્રનું નિરીક્ષણ કરે. ચિત્રપરિચય કરે. ઉપદેશ વાંચે અને પછી ચિત્રના આલંબને ધ્યાનમાં એકાકાર બની જાય. ધ્યાનની મર્યાદા આવે ત્યારે તે ઉપલબ્ધ સાહિત્યમાંથી અમુક પુસ્તકનું ઓછું-વત્તું વાંચન કરે. તે ગુણથી વધુ ને વધુ ભાવિત થાય, પ્રતિપક્ષી દોષની ભયંકરતા સમજે અને પુસ્તકને મુકીને ફરી મહાવીરમાં મગ્ન થઈ જાય. હવેનું ધ્યાન તો કંઈક ઓર જ છે. આત્માના પ્રદેશે પ્રદેશને મહાવીરના ગુણોથી રંગીને, દોષોનું પ્રક્ષાલન કરીને એ ધ્યાતા બહાર નીકળે પરમ પ્રસન્નતાની અનુભૂતિ કરે, જે દોષ વર્ષોથી સતાવતો હતો, એ આ રીતે અડધો-એક કલાકમાં દૂર થઈ શકે છે.

## * ધ્યાનમંદિરની સ્થિતિ *

☆ પૂર્ણ શાંતિનો પ્રબંધ. ☆ આહ્લાદક માહોલ. ☆ તે તે ચિત્ર સમક્ષ એકાગ્રતાપૂર્વક બેસી શકાય તેવી વ્યવસ્થા ☆ પ્રાકૃતિક હવા-ઉજાસ ☆ ચિત્રના દશ્યમાં પ્રવેશ કર્યો હોય, એવી અનુભૂતિ કરાવે, તેવો પરિસર. ☆ લખાણો અને સાહિત્ય ગુજરાતી, હિંદી, અંગ્રેજી એમ ત્રણે ભાષામાં. ☆ હોલના કેન્દ્રસ્થાને પ્રભુ વીરની પ્રતિમા/પ્રતિકૃતિ.

## * ધ્યાનમંદિરના આનુષંગિક લાભ *

☆ જૈન-અજૈન લોકોને મહાવીરસ્વામીની અસ્મિતાનો પરિચય ☆ જૈનોનું સ્વધર્મમાં સ્થિરીકરણ, સમ્યગ્દર્શનની શુદ્ધિ. ☆ અજૈનોમાં બોધિબીજના વાવેતરથી માંડીને ઉચ્ચતર ગુણાધાન. ☆ વિપશ્યના આદિમાં ફંટાતા લોકોને એક યોગ્ય અને શ્રેષ્ઠતર આલંબનની પ્રાપ્તિ. ☆ ટેન્શન-ડિપ્રેશન વગેરેથી પીડાતા લોકો માટે સુંદર ચિકિત્સા. ☆ રોગ આદિથી પીડાતા લોકો માટે સમતા-સમાધિનું આલંબન. ☆ ઉચ્ચ વર્ગના (સંપત્તિ-સત્તાસંપન્ન) લોકો જોડાતા શાસનના અવરોધોનું નિરાકરણ અને શાસનના વિશિષ્ટ કાર્યોની સિદ્ધિ. ☆ પ્રભુ મહાવીરસ્વામીના વિષે અજ્ઞાનાદિથી થયેલ ખોટા પ્રચારનું નિરાકરણ.

## * ધ્યાનમંદિર નિર્માણદ્રવ્ય *

☆ આ સમસ્ત મહાવીર ધ્યાનમંદિરનું નિર્માણ દેવદ્રવ્યમાંથી થઈ શકે છે. ☆ સુકૃતાભિલાષી ગૃહસ્થો વ્યક્તિગત સ્વદ્રવ્યથી પણ તેનું નિર્માણ કરી શકે છે.

ઈસાઈથી માંડીને બ્રહ્માકુમારીઝ સુધીના કેટકેટલા પંથો ગામડે ગામડે ધર્મપ્રચારની હોડમાં ઉતર્યા છે. જનતા જાણે-અજાણે પણ જ્યાં ને ત્યાં ખેંચાઈ રહી છે. ત્યારે વિશ્વની સર્વોત્કૃષ્ટ અસ્મિતા સ્વરૂપ મહાવીરને વિશ્વ સમક્ષ યથાવત્ રજુ કરવા માટે જૈનો આગળ નહીં આવે ? શું ગણ્યા-ગાંઠ્યા પૂજકોથી પૂજાઈને આ મહાવીર દેરાસરમાં બંધ થઈ જશે ?

સમવસરણના દ્વાર જો બધાં જ માટે ખુલ્લા હોય છે, મહાવીરની કરુણા જો પ્રત્યેક જીવને માટે અસ્ખલિત છે, તો શું આપણે મહાવીરને દુનિયાથી સલામત અંતરે રાખીને અપરાધી નહીં બનીએ ? એક અજૈન ઘરે હું ગોચરી માટે ગયો હતો. બંગલાના દ્વારે ઊભા રહી ધર્મલાભ આપ્યો અહોભાવ સાથે મીઠો આવકાર મળ્યો. હું અંદર ગયો. ગોચરી વહોરાવતા એ ભાઈ બોલ્યા, 'હું તમારા દેરાસરે આવું છું, પણ કંપાઉંડના ગેટથી હાથ જોડી લઉં છું. અમે જૈન નથી, અંદર જતાં કોઈ અટકાવે તો...' કેટલી આઘાતજનક વાત. ને આ વાત કદાચ માત્ર એમની નહીં, હજારો-લાખોની હશે, પ્રભુને હીરાના ચક્ષુ ન હોય તો ચાલે, પણ પ્રભુની સમીપ બધાં જ આવી શકે, એવો પ્રબંધ ન હોય તો ન ચાલે. એવો પ્રબંધ તો નહીં, ઉપરથી પ્રતિબંધની વ્યવસ્થા કરીને આપણે અપરાધી નહીં બનતા હોઈએ ?

ગામડે ગામડે મહાવીર ધ્યાનમંદિરનું સર્જન થાય. લાખો-કરોડો આત્માઓ 'મહાવીર' પર મંત્રમુગ્ધ થાય, એમના તન-મન-જીવન પવિત્ર થાય. દેવતત્ત્વની આ પરમ અસ્મિતા હૈયે હૈયે પ્રતિષ્ઠિત થાય. આનાથી વધુ રૂડું શું હોઈ શકે ? આનાથી શ્રેષ્ઠ મોક્ષોપાય એમના માટે કયો હોઈ શકે ? વ્યસન-ફેશન-ઈંડા-માંસ-અભક્ષ્ય-ટીવી-થિયેટર વગેરે સેંકડો દૂષણોને દૂર કરવા આપણે પુસ્તકો છાપીએ છીએ, ગળાઓ ફાડીએ છીએ, કેસો લડીએ છીએ, છતાં જોઈએ એવી અસર કદાચ એટલે નથી થતી, કે આપણે જનતા સુધી પહોંચી નથી શકતા અને એના અંતરને માત્ર સ્પર્શે નહીં, પણ અંતરમાં શિલાલેખ બની જાય એવો ઉપદેશ નથી આપી શકતાં. આપી પણ ક્યાંથી શકીએ ? આ તો વિશ્વોદ્ધારક મહાવીરનું કામ છે. એમનું કામ એમને જ કરવા દો. આપણે એમાં નિમિત્ત બનીએ તો ય ધન્ય ધન્ય.

સ્વપ્ન છે આ, જે સાકાર થવું ખૂબ સરળ છે, શ્રીસંઘ ઈચ્છે તો. વસુંધરા ધ્યાનમંદિરોથી મંડિત બનશે, અને વિશ્વ મહાવીરથી.

❋ ❋ ❋ ❋ ❋

# ❀ સ્વપ્ન સ્વર્ણમંદિર ❀

ગત વર્ષે અમદાવાદમાં **રાષ્ટ્રીય પુસ્તકમેળા**નું આયોજન થયું. ઓફર મુકતાની સાથે ૧૦,૦૦૦ થી માંડીને ૫૦,૦૦૦ રૂપિયા સુધીના ભાડાવાળા ૩૦૦ સ્ટોલ એક જ કલાકમાં ભરાઈ ગયાં. મુખ્યમંત્રીએ પુસ્તકમેળાનું ઉદ્ઘાટન કર્યું. **અઢીથી ત્રણ લાખ લોકોનું આગમન** થયું. કેટલાય સ્ટોલો ધંધાદારી હતાં, તો કેટલાય સ્ટોલો ધર્મપ્રચાર માટે હતા. દુઃખની વાત એ હતી કે એમાં ક્યાંય જૈન ધર્મના પ્રસાર માટેનો સ્ટોલ ન હતો. આ વર્ષે ય વિવિધ ધર્મોના અનુયાયીઓ પૂરા ઉલ્લાસથી કામે લાગી ગયેલ ને આપણે આપણી પૂર્વસ્થિતિ જાળવી રાખી હતી.

શું હોવું જોઈએ ? આપણે ઉદાસીન જ રહેવું કે એમની જેમ જૈન ધર્મની ય હાટડી માંડીને એ જ કક્ષામાં બેસી જવું ? વિચાર કરતાં એમ લાગે છે કે મહાવીરને કોઈ લૌકિક વ્યક્તિની સ્પર્ધામાં સ્પર્ધક તરીકે પ્રસ્તુત કરવા, એ તો ઉચિત નથી જ. પણ રાષ્ટ્રીય સ્તરના આયોજનમાં અઢી-ત્રણ લાખ શિક્ષિત લોકો આવતા હોય, ત્યારે ધર્મપ્રચારની બાબતમાં મૂંગા ને ગેરહાજર બની જવું, એ પણ ઉચિત નથી.

થવું એવું જોઈએ કે મહાવીર એક પરમ અસ્મિતા - પરમાત્મારૂપે પ્રસ્તુત થાય. પુસ્તકમેળાનો સૌથી વૈભવી અને સૌથી વિસ્તૃત સ્ટોલ **પ્રભુના સુવર્ણમંદિર** તરીકે સાકાર થાય. જેમાં **ટેમ્પરરી દેવલોક**નું સર્જન થયું હોય. ત્રણ લોકના નાથને અદભુત દબદબા સાથે બિરાજમાન કર્યા હોય, મહાપૂજાનું મઘમઘાયમાન વાતાવરણ હોય, સંગીતની સુરાવલિઓ પ્રાણસંચાર કરતી હોય. જે આવે એ ઠરી જાય. પ્રભુના ચરણોમાં બેસી જાય. અલૌકિક શાંતિનો અનુભવ કરે, ગોઠવેલા ઈનર રૂટ મુજબ એ પસાર થાય. અને દીવાલો પરની **જિનશાસનની ગૌરવગાથા**ને જોતો જાય, સાથે સાથે જ જિનશાસન અને પ્રભુવીરની આકર્ષક સુગમ પરિચય પુસ્તિકાઓ-સુગમ જૈન તત્ત્વજ્ઞાનના પુસ્તકો ગોઠવેલા હોય, એને જે પુસ્તકાદિ જોઈએ એ લેતો જાય. ઈનર રૂટમાં પણ બોર્ડરમાં ફૂલોની રંગોળીઓ હોય, આહ્લાદક વાતાવરણ હોય. ખસવાનું મન ન થાય ને શાંતિથી જોયા જ કરીએ એવો માહોલ હોય. બહાર નીકળીને પોતે લીધેલા પુસ્તકોની ચૂકવણી કરે. (પ્રસારાર્થે ટોકન

મૂલ્ય જ રાખ્યું હોય.) તિલકધારી સુશ્રાવકો દરેકને વાત્સલ્ય સાથે જિનશાસનની ગૌરવગાથા ગાતું અને પ્રભુ વીરના અદભુત જીવનને જણાવતું **ફ્રી સાહિત્ય** ભેટ આપે.

આમ આપણા કરોડોના દેરાસરમાં કોઈ અજૈન પગ મૂકવાનો નથી. ને આ રીતે પુસ્તકમેળાની એક જ મુલાકાત એના જીવનને અજબ-ગજબનો વળાંક આપી શકે. લાખો લોકો જીવનભર આ ક્ષણોને યાદ રાખશે, લાખો લોકો કદાચ બીજા લાખો-કરોડોને કહેશે. **''જૈનિઝમનો સ્ટોલ ખાસ જોજે હં, તું જિંદગીમાં ભૂલી નહીં શકે, રિયલી, જૈનીઝમ ઈસ ગ્રેટ.''**

ભગવાનના નામે લાખો-કરોડો રૂપિયા ખર્ચી નાખનારા અને શિખરજીના યાત્રા-પ્રવાસ માટે ૧૫ દિવસ હોંશે હોંશે ફાળવી દેનારા આપણે આવા અવસરને સાર્થક કરીએ એ આપણું **પરમ ઔચિત્ય** પણ છે ને **સ્વ-પરના કલ્યાણનું અમોઘ કારણ** પણ.

(**NOTE** :- પુસ્તકમેળામાં મંદિર ન બને એવું નથી. ૩૦૦માંથી કેટલાય સ્ટોલો પર પુસ્તક હતાં જ નહીં. ક્યાંક ટ્યુશન-કલાસવાળા પોતાનો પ્રચાર કરતા હતાં. ક્યાંક સી.ડી., મોબાઈલવાળા હતાં, કેટલાય સ્ટોલો બાળકોના રમકડા વગેરેના હતાં. અનુમાન એવું થતું હતું, કે તમે સ્ટોલ ભાડે લઈ લીધો, હવે એમાં જે કરવું હોય એ કરો. એવી આયોજકોની વૃત્તિ હશે.)

* * * * *

## ❁ કીજે તેહ પ્રભાવના રે... ❁

તાજેતરમાં અવનવા અનુભવોની એક ઘટના બની. રાષ્ટ્રીય પુસ્તક મેળાની મુલાકાત. લગભગ ૩૦૦ સ્ટોલના આ પુસ્તકમેળામાં ધાર્મિક સ્ટોલની સંખ્યા પણ મોટી હતી. દયાનંદ સરસ્વતીના મતવાળા સ્ટોલમાં તેમના સંન્યાસી પોતે બિરાજમાન હતાં. સ્ટોલની પાસેના રસ્તામાં તેમના એક નાના સાધુ પોતે હાથમાં તેમના પત્રનો થપ્પો લઈને ઊભા હતા ને પસાર થતા લોકોને સ્મિત સાથે આપે જતા હતાં. એમને મારી સાથે વાર્તાલાપ પણ કરવો હતો ને એકે ય જણ એમનું મફત સાહિત્ય લીધા વિના જતું ન રહે એની તકેદારી પણ રાખવી હતી. ગાયત્રી પરિવારના સ્ટોલમાં મને ખૂબ આદરથી બેસાડીને તેમનું જાતજાતનું ફ્રી સાહિત્ય આપ્યું, પરિચયપત્રો પણ આપ્યા. હરે રામ હરે કૃષ્ણવાળાનો સ્ટોલ, ચિન્મયસ્વામીનો સ્ટોલ, ઓમ

ઋષિનો સ્ટોલ...... પસાર થતા ગયા ને મારા હાથમાં વજન વધતું ગયું. દરેકને પોત પોતાના પંથની પ્રભાવશાળી વાત કરવાની ખૂબ હોંશ હતી, પણ મારી પાસે સમય ઓછો હતો. **સૌથી વધારે સ્ટોલ હતા ખ્રિસ્તીના અને ઈસ્લામના.** બે-બે કે ત્રણ-ત્રણ જણ સ્ટોલ પાસેના રસ્તા પર ઊભા હોય, પુસ્તક-પુસ્તિકા-કાર્ડ-ફરફરિયા ફ્રીમાં આપે જતાં હોય. મારે તો સ્ટોલ પરના વિવિધ પુસ્તકોનું અવલોકન કરવું હોય પણ હજી તો હું પહોંચુ, એની સાથે જ મારા હાથમાં ભેટનો થપ્પો આપી દે. (કદાચ મારી સ્થિરતા માટે એમને શંકા હશે.)

ઉપાશ્રયમાં જઈને મેં નિરીક્ષણ કર્યું. કે તેમના સાહિત્યમાં આજકાલના કોઈ સંત/લેખક/દાતા વગેરેનું કોઈ નામોનિશાન ન હતું. **ખ્રિસ્તીઓએ એક અવાજે બાઈબલ ને ઈસુના ગાણા ગાયા હતાં.** તેની મહાનતા ને સર્વોપરિતાનો દાવો કર્યો હતો. તેમના નાનામાં નાના ફરફરિયામાં પણ તમે આજે ને આજે ખ્રિસ્તી બની જાઓ. એવા તાત્પર્યની ભારપૂર્વક પ્રેરણા કરવામાં આવી હતી. જ્યારે **ઈસ્લામિક સાહિત્યમાં આ જ સ્થાન કુરાન અને અલ્લાહે લીધું હતું.**

સંખ્યાબંધ સ્ટોલમાં આ રીતે પોતપોતાના ધર્મનો પ્રચાર કરવા માટે ઉલ્લાસપૂર્વક પુરુષાર્થ ચાલી રહ્યો હતો, ત્યારે **પરમ પાવન શ્રી જિનશાસનનું સ્થાન** ક્યાં હતું ? પુસ્તકમેળામાં દાદા ભગવાનનો વૈભવી સ્ટોલ હતો, શ્રીમદ્ રાજચન્દ્ર - રાકેશભાઈના સ્ટોલ પર તેમના અનુયાયીઓ સુંદર સેવા બજાવી રહ્યા હતાં, આ સિવાય પ્રાઈવેટ જૈન ટ્રસ્ટોના બે સ્ટોલ હતાં, તો પુસ્તકોની દુકાન ચલાવનારા શ્રાવકોના પણ અમુક સ્ટોલ હતાં. પણ વૈદિકો, ખ્રિસ્તીઓ અને મુસ્લિમોના સ્ટોલની જેવો જૈન સ્ટોલ ગોતવો હોય તો દિવસ પણ પૂરો થઈ જાય, ને મેળો પણ પૂરો થઈ જાય પણ એવો કોઈ સ્ટોલ ન જડે, જેમાં **સમ્યક્ત્વના પાંચમા ભૂષણરૂપ જિનશાસનની પ્રભાવના** સાકાર થઈ હોય. જે સ્ટોલની આગળ તિલકધારી શ્રાવકો પરમ આનંદ અને સ્મિત સાથે ફ્રી પુસ્તક-પુસ્તિકા-કાર્ડ-પેમ્પ્લેટ આપતા હોય, **જેમાં આગમ અને મહાવીરની બોલબાલા હોય.** આગમોના અદ્ભુત કોટેશનો, જિનશાસનની દિવ્ય જીવનદૃષ્ટિ, મહાવીરની કલ્પનાતીત સાધના, અકાટ્ય જૈન તત્ત્વજ્ઞાન આ બધું જ એ ફ્રી સાહિત્યમાં સુગમ અને આકર્ષક રૂપે પ્રસ્તુત થયું હોય. **જેમાં કોઈ લેખક**

**કે દાતા હાઈલાઈટ ન થયા હોય, પણ આગમ અને મહાવીર જ હાઈલાઈટ થયા હોય.** એ સ્ટોલ કોઈ ગચ્છ કે ફિરકાનો ન હોય, પણ જૈનીઝમનો હોય. જનરલ પબ્લિક ખૂબ રસપૂર્વક અને સરળતાપૂર્વક જિનશાસનને સમજી શકે, એવા **સેંકડો પુસ્તકોથી** એ સ્ટોલ શણગારેલો હોય. જિનશાસન-પ્રભાવનાની દૃષ્ટિએ એ પુસ્તકોનું મૂલ્ય 'ટોકન' જેવું હોય. સ્ટોલની દીવાલો પર **જિનશાસનની ગૌરવગાથાની ચિત્તાકર્ષક પ્રસ્તુતિ** હોય.

હૃદયની એક વેદના સાથે કહું, તો જીવદયા, અનુકંપા ને તીર્થનિર્માણોમાં આપણે શૂરા છીએ, પણ ખરી પ્રભાવનાના ક્ષેત્રે આપણે ક્યાં ? એક જ જૈન સંસ્થા ઉત્તરાખંડના દશ ગામોને વેલસેટ કરી શકે છે. એક જ જૈન સંસ્થા શહેરના અઢી હજાર ગરીબોને રોજ ભરપેટ જમાડી શકે છે. એક એક સંપન્ન શ્રાવક જિનાલય કે તીર્થ ખડું કરી શકે છે, પણ આની સાથે સાથે જ સુશક્ય છે, તેવી 'પ્રભાવના' માટે આપણે આટલા ઉદાસીન કેમ ? **લાખો ને કરોડો રૂપિયાના પ્રકાશનો કરતી જૈન સંસ્થાઓ કેમ જૈનીઝમનું એક ફરફરિયું સુદ્ધા છાપતી નથી ?** ઈસ્લામિક ચતુરંગી પોકેટબુક જેવી શોર્ટ-સ્વીટ હતી, ચિત્રો સાથે ઈસ્લામનો સાર આપી દેતી હતી, એવી જૈનીઝમની કેમ એક પણ બુક જોવા મળતી નથી ? હૈયુ ચિરાઈ જાય એવો નિચોડ એવો મળ્યો છે, કે જો આપણી આવી જ સ્થિતિ રહી, તો નવા જૈનો કરવાની વાત તો દૂર રહી, આપણે આપણાને પણ ગુમાવી દઈશું. (મેળામાં મને મત્થએણ વંદામિ કરનારાઓનો પણ તોટો ન હતો.)

સાર એટલો છે કે આપણે વ્યક્તિવાદમાંથી બહાર આવીએ અને આપણા રોમે રોમે શાસનવાદને વસાવી દઈએ. હું એટલે મહાવીરની ચરણરજ પણ નહીં. હું છું જ નહીં, છે માત્ર મહાવીર. છે માત્ર જિનશાસન. આ સંવેદનાને આપણો શ્વાસ બનાવીએ. નહીં તો જૈનો ફંટાશે, જૈનત્વ ફંટાશે, જાત જાતના ઓછા-વત્તા આયુષ્યવાળા પંથો રહેશે, પણ જિનશાસન મરી પરવારશે.

(રાષ્ટ્રીય પુસ્તકમેળો અમદાવાદ - દર વર્ષે ૧ થી ૭ મે દરમિયાન યોજાય છે, આ સિવાય પણ દેશ-વિદેશના અનેક શહેરોમાં પુસ્તકમેળા યોજાતા રહે છે. શાસનપ્રેમી શ્રાવકો જૈનિઝમના સાહિત્યના પ્રસાર માટે ઉલ્લાસપૂર્વક આગળ આવે તથા વર્ષમાં કમ સે કમ એક અઠવાડિયુ એકાદ પણ પુસ્તકમેળામાં 'પ્રભાવના' ખાતે ફાળવવાનો સંકલ્પ કરે, તો જિનશાસનના અનંત ઉપકારોમાંથી યત્કિંચિત્ ઋણમુક્તિ શક્ય બની શકશે.)

# ❁ સંપ ત્યાં જંપ ❁

એક હતો સંઘ. જૈનોની વિરાટ વસતીવાળો એ વિસ્તાર. દાનવીરોની પણ એમાં કમી ન હતી. તો આરાધક વર્ગનો ઉલ્લાસ પણ કમ ન હતો. જિનશાસનનું એક ખૂબ સુંદર આયોજન એ સંઘમાં સાકાર થવા જઈ રહ્યું હતું. પણ અમુક લોકોએ એનો વિરોધ કર્યો. એક બે ટ્રસ્ટી એ આયોજનને રોકવા માટે મેદાને પડ્યા. થોડો વિવાદ થયો. સંઘર્ષ થયો અને આયોજનનું સર્વમંગલ થઈ ગયું.

કેટલી આઘાતજનક વાત ! આ કોઈ વિરલ ઘટના નથી. આ આપણી સામાન્ય પરિસ્થિતિ છે. જેને કારણે બીજી બધી જ સામગ્રી સજ્જ હોવા છતાં જિનશાસનનું કોઈ નોંધપાત્ર કાર્ય થઈ શકતું નથી અને કદાચ થાય, તો પણ એની સફળતાના ભાગાકાર થઈ જાય છે. બુદ્ધિ અને સંપત્તિના ક્ષેત્રે દરિદ્ર કહી શકાય, તેવા અનેક સંપ્રદાયો આજે સંગઠનના બળ ઉપર વ્યાપક અને શક્તિશાળી બની રહ્યા છે, ને એની સામે **પરમ પ્રતિભા, શ્રેષ્ઠ જ્ઞાન, સર્વોત્કૃષ્ટ આચાર, ખાનદાન કુળ, અઢળક સમૃદ્ધિ અને સત્કાર્યની ભાવના હોવા છતાં પણ સંગઠનના અભાવે આપણે જિનશાસનનો અભ્યુદય કે અભિવ્યાપકતા તો નથી જ કરી શકતા, પણ એનો નિર્વાહ કરવામાં કે રક્ષા કરવામાં પણ ઉણા ઉતરીએ છીએ.**

સકળ શ્રીસંઘને મારી હાર્દિક અપીલ છે, આપણે સહુ ચેતી જઈએ. રુચિવાદ, અભિપ્રાયવાદ, અહંકારવાદ અને વ્યક્તિવાદમાંથી આપણે બહાર આવીએ. સમુદાયવાદ, ગચ્છવાદ અને સંપ્રદાયવાદની ભૂમિકામાંથી પણ ઉપર ઉઠીએ. અને આપણા હૃદય સિંહાસન પર શાસનવાદની પ્રતિષ્ઠા કરી દઈએ. દુનિયામાં દુષ્ટ અને અધમ કાર્યો કરવા માટે જો દુર્જનો ભેગા થઈ શકતા હોય, તો શ્રેષ્ઠ અને હિતકર કાર્યો કરવા માટે સજ્જનો ભેગા ન થઈ શકે ? જે કાર્યમાં જિનશાસનની પ્રભાવના અને રક્ષા છે. એ કાર્યમાં આપણે બધા સાથે મળીને ઉલ્લાસથી ઝુકાવી ન શકીએ ? જો સમુદાયવાદ કે ગચ્છવાદ આપણને ઉદાસીન બનાવવાથી માંડીને એ કાર્યમાં વિઘ્ન નાખવા સુધીની કક્ષાએ લઈ જતો હોય તો શાસનવાદ મરી પરવારશે. અનંતોપકારી જિનશાસન પ્રત્યેની આ કૃતઘ્નતા હશે અને પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યેની આ પ્રત્યનીકતા (શત્રુતા) હશે.

**ભારતના હજાર વર્ષનો ઈતિહાસ જોઈ લો. અહીં બધું જ હતું, પણ સંપ ન હતો. બસ, આ બોડી બામણીનું ખેતર બની ગયું. ગમે તેવા ય આવી આવીને અહીં લૂંટફાટો તો કરી જ ગયા, રાજ પણ કરી ગયા.**

યાદ રહે, આપણા કુસંપના દુષ્પરિણામો ભાવિ પેઢીઓને ય ભોગવવા પડશે. તીર્થોને, મહાતીર્થોને, સંઘોને અને સંસ્થાઓને ય ભોગવવા પડશે. અને હજી સૂક્ષ્મદષ્ટિથી જોઈએ, તો આપણા પાપે જે જીવો જિનશાસનથી વિમુખ થશે અને જે જીવો જિનશાસનની અભિમુખ નહીં થાય, તેમને પણ ભોગવવા પડશે. આપણે જો આટઆટલી હોનારતોના મૂળમાં રહેશું તો આપણું શું થશે ?

પરમ પાવન શ્રી ભગવતી સૂત્રમાં તુંગિયા નગરીના શ્રાવકોનું વિશેષણ છે **अट्ठिमिंजपेम्माणुरागरत्ता** - એ શ્રાવકોના મન તો જિનશાસનના રંગે રંગાયેલા છે જ. એમના શ્વાસે શ્વાસે ને રોમે રોમે પણ જિનશાસન છે. એમના લોહીના કણ કણમાં જિનશાસન પ્રત્યેનો અવિહડ અનુરાગ સ્થિર થઈ ગયો છે. એમની સાત ધાતુઓ જિનશાસનથી ઓળઘોળ બની ગઈ છે. અને ત્યાં સુધી કે હાડકાનો મધ્ય ભાગ. જેને મજ્જા કહે છે, એમાં પણ જિનશાસનનો પ્રેમ અને અનુરાગ ઓળઘોળ બની ગયો છે. આ કક્ષાના શાસનરાગને આપણે આત્મસાત્ કરીએ. શાસનના હિતની જે પણ વાત હોય એમાં ન અંતરાય કરીએ. ન તો ઉદાસીન બનીએ, પણ સર્વ સામર્થ્યથી એમાં સહયોગી બનીએ. **હિતોપદેશ**માં કહ્યું છે -

**अल्पानामपि वस्तूनां, संहतिः कार्यसाधिका ।**
**तृणैर्गुणत्वमापन्नै - र्बध्यन्ते मत्तदन्तिनः ॥**

વસ્તુ અલ્પ હોય, પણ જો સંગઠિત હોય, તો એનાથી કાર્યસિદ્ધિ થઈ શકે છે. ઘાસ ભલે તુચ્છ વસ્તુ છે. પણ જો એ સમ્યક્ રીતે ભેગું થાય, એમાંથી દોરડા બને, તો પછી મદોન્મત્ત હાથીઓ પણ એનાથી બંધાઈ જાય.

**ચાણક્યનીતિ** આ જ વાત કહે છે - **समवायो हि दुस्सहः** - સંગઠન એ એક એવી શક્તિ છે, કે જેની સામે ભલભલા પણ પાણી ભરે. કુસંપની આગમાં આપણે સૌ હોમાઈ જઈએ. એ પહેલા જાગી જઈએ, સંપી જઈએ અને પરમ તારક જિનશાસનના અભ્યુદયને આવકાર આપીએ.

* * * * *

## ❁ જો હોવે મુજ શક્તિ ઈસી ❁

૧૪૪૪ ગ્રંથના રચયિતા પૂ. હરિભદ્રસૂરિ મહારાજાએ એક અદ્ભૂત ગ્રન્થની રચના કરી છે, જેનું નામ છે ષોડશક પ્રકરણ. આ ગ્રન્થમાં જિનાલયનિર્માણની વિધિનું માર્ગદર્શન કરતાં કરતાં એક માર્મિક વાત કહી છે.

तत्राऽऽसन्नोऽपि जनोऽसम्बन्ध्यपि दानमानसत्कारैः ।
कुशलाशयवान् कार्यो, नियमाद् बोध्यङ्गमयमस्य ॥

**જિનાલયની નજીક રહેતા લોકોને ભેટ-સોગાદો આપવી, તેમનું સન્માન કરવું, તેમનો સત્કાર કરવો અને તેના દ્વારા તેમને જિનશાસન પ્રત્યે સદ્ભાવ ધરાવતા કરવા. તેનાથી તેઓ અવશ્ય બોધિલાભ પામે છે.**

જે પ્રભુના આપણે ઉપાસક છીએ, એ પ્રભુ જેવી વિશાળ દૃષ્ટિને આપણે અપનાવીએ, આપણા સ્વામિવાત્સલ્યો, જમણવારો, અનુષ્ઠાનો, પ્રભાવનાઓ વગેરેમાં જિનાલયની આસપાસ રહેતા લોકોને, આજુબાજુની આખી-આખી સોસાયટીઓ-એપાર્ટમેન્ટોને સામેલ કરીએ, તો એ લોકો જિનશાસનના અનુરાગી થઈને **બોધિલાભ** તો પામે જ, આનુષંગિક જિનાલય-ઉપાશ્રય-ચતુર્વિધ સંઘના યોગ-ક્ષેમના પણ **સંખ્યાબંધ લાભો** થાય. આનાથી વિપરીત આપણી સંકુચિત માનસિકતાને કારણે આપણે એમના માટે 'પારકા'પણાની માન્યતા રાખીએ, એમની સાથે દાન-સન્માન-સત્કારનો વ્યવહાર ન કરીએ, તો **ભગવાનની આજ્ઞાના વિરાધક** તો થઈએ, સાથે સાથે અજાણતા પણ **જિનશાસનના શત્રુ** થઈએ.

એક આચાર્ય ભગવંત સ્વામીવાત્સલ્યમાં વધતી મિઠાઈઓને **'મહાવીરસ્વામી ભગવાનના પ્રસાદ'** તરીકે આસપાસના વિસ્તારમાં વહેંચાવી દેતા. સંઘને એ મિઠાઈના વેંચાણ દ્વારા ઉપજ કરવાની ઈચ્છા હોય, તો પોતાના ભક્ત દ્વારા એ સમસ્ત મિઠાઈનું મૂલ્ય અપાવી દેતા. **શ્રીસંઘ જો સૂક્ષ્મ પ્રજ્ઞાથી વિચારી શકે, તો ૫-૧૦ હજારની ઉપજને જતી કરીને લાખો-કરોડોનું વળતર મળી શકે છે. તેમાં ય જિનશાસનપ્રસારના આત્મિક લાભનું તો મૂલ્યાંકન થવું ય શક્ય નથી.**

આપણા શાસ્ત્રમાં કહેલા દાન-માન-સત્કારના તત્ત્વને અપનાવીને વિધર્મીઓ દરિયાપાર પણ તેમના ધર્મનો પ્રસાર કરી રહ્યા છે, ત્યારે આપણે આપણા જ તત્ત્વને અભરાઈએ ચડાવીને મૂઢ બની જઈશું ? આપણા સ્થાનો કે ધર્મ જ જોખમમાં આવી જાય એવી ઉદાસીનતા સેવશું ?

અરે, દાન-માન-સત્કારની વાત તો દૂર છે. કોઈ જૈન ન હોય તેવી વ્યક્તિ આપણા દેરાસરમાં આવે એટલા ય આપણા પ્રયત્નો ખરાં ? રે, કોઈ આવે એટલી આપણી ઈચ્છા ખરી ? ઈચ્છાની વાત તો જવા દો, કોઈ આવતું હોય, તો આપણે રાજી ખરા ? **જો હોવે મુજ શક્તિ ઈસી, સવિ જીવ કરું શાસનરસી... આ શબ્દો આપણે ત્યારે કહી શકીએ, જ્યારે આપણી આસપાસના લોકો માટે**

**આ દિશામાં આપણો યથાશક્તિ પ્રયત્ન હોય.** એ લોકો આપણા પરિવારના સભ્ય પણ હોઈ શકે, પડોશી પણ હોઈ શકે, સોસાયટીના મેમ્બર પણ હોઈ શકે, આપણા સંઘના વિસ્તારમાં રહેલી પ્રત્યેક વ્યક્તિ પણ હોઈ શકે, અને આપણા પ્રત્યક્ષ-પરોક્ષ સંપર્કમાં આવતી પ્રત્યેક વ્યક્તિ પણ હોઈ શકે.

શ્રીસંઘના ટ્રસ્ટીઓ, કાર્યકરો, સંચાલકો તથા અન્ય સંસ્થાઓને નમ્ર વિનંતિ છે કે આજથી તેઓ ઉપરોક્ત બાબતોને પોતાની દૃષ્ટિમાં સ્થાન આપે. જિનાલયની આસપાસના લોકોને **પ્રાસંગિક આમંત્રણ પત્રિકા** મળે અને તેમને આદર સાથે રિસિવ કરવામાં આવે એવી વ્યવસ્થા થાય. જિનાલયમાં આવવા માટે પણ તેમને એક વાર **આમંત્રણ પત્ર** આપવામાં આવે. તેમને પ્રેમ અને આદર સાથે રિસિવ કરવામાં આવે. આપણી **ઉપાસના-પદ્ધતિ** વિષે તેમની જિજ્ઞાસાને સૌજન્ય સાથે સંતોષવામાં આવે. શક્ય ઉપાયો દ્વારા પ્રાસંગિક તપસ્યા, પર્વતિથિના આયંબિલ, પાઠશાળા આદિમાં પણ તેમને જોડવામાં આવે. **એક વ્યક્તિને પણ જિનશાસનમાં જોડવાની તેના સમસ્ત વંશના ઉદ્ધારનું મહાન પુણ્ય પ્રાપ્ત થાય છે. આ પુણ્ય અનેક અભ્યુદયોને ખેંચી લાવે છે.**

આ દિશાનો સરળ અને સચોટ પ્રથમ ઉપાય લોકોને દેરાસર આવતા કરતાં થવા માટેનો પ્રયત્ન હોઈ શકે. એ માટે આ સાથે એક નમૂનાનો પત્ર છે, જિનાલયની આસપાસના તમામ ઘરોમાં આવા પ્રકારનો પત્ર પહોંચાડવો જોઈએ. + સંઘના તમામ સભ્યોને પણ એ જ પત્ર પહોંચાડવો જોઈએ. જેથી તેમને આવા આયોજનની જાણ રહે, તથા તેઓ પણ સહકાર આપવા સાથે શક્ય પ્રયત્નો કરી શકે.

✳ ✳ ✳ ✳ ✳

**શ્રી પાર્શ્વનાથ જૈન સંઘ તરફથી**

આદરણીય સર્વ ભાઈઓ તથા બહેનોને **જય જિનેન્દ્ર... પ્રણામ.**

દેવ-ગુરુની કૃપાથી આનંદ-મંગળ છે. આપ સર્વે પણ કુશળ હશો.

વિશેષ, આપના ઘરથી વધુમાં વધુ એક જ મિનિટના અંતરે યુગાદિદેવ **શ્રીઆદિનાથ દાદા**નું ભવ્ય દેરાસર આવેલું છે. આપણા સૌના મહાપુણ્યોદયથી આદિનાથ દાદાની **પ્રાચીન અને પ્રભાવક પ્રતિમા** અત્રે બિરાજમાન છે. ભવ્ય પરિકરથી શોભાયમાન પ્રભુના દર્શન કરતાંની સાથે અંતરમાં અનેરો આનંદ છવાઈ જાય છે. વિહરમાન જિનેશ્વર **શ્રીસીમંધરસ્વામી, મહાતીર્થોના દર્શનીય ચિત્રપટો,**

**પ્રાચીન રાયણ પગલા, ચમત્કારિક શ્રીમાણિભદ્રદાદા** આદિ પણ આ જ પરિસરમાં શોભી રહ્યા છે. શિલ્પ-વાસ્તુશાસ્ત્રના નિયમોમાં કોઈ જ બાંધ-છોડ કર્યા વિના આ સમસ્ત દેરાસરનું નિર્માણ **સંપૂર્ણ પ્રાચીન પદ્ધતિથી** કરવામાં આવ્યું છે. જેનાથી દેરાસરમાં પ્રવેશ કરતાની સાથે **અપૂર્વ શાંતિનો અને દિવ્ય ઉર્જાનો અનુભવ** થાય છે. સેંકડો પુણ્યાત્માઓ પ્રભુની ઉપાસના કરવા દ્વારા **સુખ-શાંતિ-સમૃદ્ધિને** પ્રાપ્ત કરી રહ્યા છે.

જ્યારે આપ આ પરમ પવિત્ર ધામની આટલા નજીક રહો છો, ત્યારે અમારી એવી લાગણી છે, કે આપ આ પાવનભૂમિની ઉપાસનાના લાભથી વંચિત કેમ રહો ? **શ્રીઆદિનાથ દાદા માત્ર જૈનોના નથી, સમગ્ર વિશ્વના છે. દાદા જીવંત હતાં, ત્યારે પણ તેમણે જીવમાત્ર પર પોતાની કરુણા વહાવી હતી. દાદાની જીવન-કથામાં સતત વિશ્વવાત્સલ્યનું પ્રતિબિંબ ઝળકી રહ્યું છે.**

**હિન્દુ સંસ્કૃતિના પ્રાચીનતમ શાસ્ત્રો - ઋગ્વેદ, અથર્વવેદ, યજુર્વેદ, મનુસ્મૃતિ, ગોપથ બ્રાહ્મણ, ભાગવત અને પુરાણો વગેરેમાં યુગાદિદેવ શ્રીઆદિનાથ દાદાના ગૌરવપૂર્ણ ઉલ્લેખો તથા સ્તુતિવચનો ઉપલબ્ધ થાય છે.** આપણી પ્રાચીનતમ સંસ્કૃતિ અને આપણા આદ્ય ઋષિઓ આદિનાથ દાદાને ઈષ્ટદેવતા માનતા હતા, એમાં આ શાસ્ત્રો પ્રમાણભૂત છે.

અમારા તરફથી આપને સપરિવાર હાર્દિક નિમન્ત્રણ છે, કે આપ પણ દાદાની ઉપાસના કરવા માટે પધારો. આ પાવન ધામની **દિવ્ય ઉર્જા, આધ્યાત્મિક અનુભૂતિ** અને **અપૂર્વ શાંતિ**ને માણવાના આપ પણ સમાન અધિકારી છો. પાંચ મિનિટ પણ દાદાની સમક્ષ બેસવાથી... દાદાની આંખોમાંથી નીતરતા **કરુણામૃત**ને ઝીલવાથી અને દાદાના દિવ્ય તેજનો સ્પર્શ કરવાથી જે પરમ આનંદ મળે છે, એનું વર્ણન કરવું શક્ય નથી. આજના સ્ટ્રેસ અને ટેન્શનના યુગમાં આ આધ્યાત્મિક અનુભૂતિ અનેક શારીરિક તથા માનસિક તકલીફોને દૂર કરવામાં સક્ષમ તો છે જ. સાથે સાથે **આત્મિક કલ્યાણ**નો માર્ગ પણ છે. ખાસ તો જ્યારે પણ ઘરથી બહાર નીકળો ત્યારે દાદાના દર્શન કરીને જવાથી માર્ગના વિઘ્નો દૂર થાય છે. અકસ્માત વગેરેનો ભય ટળે છે, તથા **કાર્યસિદ્ધિ** થાય છે. પુરાણોમાં તો ત્યાં સુધી કહ્યું છે કે - **अष्टषष्टिषु तीर्थेषु, यत् पुण्यं किल यात्रया ।**
**आदिनाथस्य देवस्य, दर्शनेनापि तद् भवेत् ॥**

અડસઠ તીર્થોની યાત્રા કરવાથી જે પુણ્ય મળે છે, તે પુણ્ય આદિનાથ

ભગવાનનાં માત્ર દર્શનથી પણ પ્રાપ્ત થાય છે.

આપ સપરિવાર પધારો... પ્રભુનો પ્રભાવ આપનું સ્વાગત કરી રહ્યો છે.

**જય જિનેન્દ્ર... પ્રણામ.**

તા.ક. પ્રભુની ઉપાસના માટે આપને જે પણ જિજ્ઞાસા હોય, તેને તમે અમારા દ્વારા તથા અત્રે પધારતા સંતો દ્વારા સંતોષી શકો છો. આપની ઉપાસનામાં નિમિત્ત બનવું, એ અમારું પરમ સૌભાગ્ય છે.

દેરાસર - ઉદ્ઘાટન સમય : સવારે - સાંજે -
દેરાસર - વધાવવાનો સમય : સવારે - સાંજે -
સંધ્યા આરતીનો સમય :
ગુરુવારે માણિભદ્ર દાદાની આરતીનો સમય :
દેરાસરની વર્ષગાંઠ - ધજા દિન :

✵ ✵ ✵ ✵ ✵

## ❁ સ્વપ્ન પર્વાધિરાજ ❁

''કેમ આ વખતે આખા પર્યુષણમાં દેખાયા નહીં ? પાલીતાણા ગયા'તા કે શું ?''

''ના, હતા તો અહીં જ... પણ... અમે વ્યાખ્યાનમાળામાં જતાં હતાં... આમ તો સંઘમાં જ આરાધના કરવી જોઈએ, પણ... ગયા વર્ષે નક્કી કર્યું હતું કે હવેથી...''

''પણ કાંઈ કારણ ?''

''જુઓ, એક તો બહારનો ને અંદરનો ઘોંઘાટ એટલો હતો કે વ્યાખ્યાન બરાબર સંભળાતું જ ન હતું અને બીજું, કેટલા બધા આદેશો ને ફંડ... વ્યાખ્યાનનો કેટલો બધો સમય તો એમાં જ જતો રહે છે... ટ્રસ્ટીઓ પણ બરાબર અધવચ્ચે વ્યાખ્યાનની ધારા તૂટે તેમ ઉછામણીઓ ચાલુ કરી દે, પછી કલાક-દોઢ કલાકે બાકીનું વ્યાખ્યાન ગમે તેમ આટોપી લેવું પડે.''

''પણ એમાં ટ્રસ્ટીઓ શું કરે ? આખા વર્ષમાં લોકો ત્યારે જ ભેગા થતા હોય છે, ને ટ્રસ્ટીઓ કાંઈ એમના ઘર માટે થોડી ઉછામણીઓ કરાવે છે ? દેરાસર ને સંઘની પ્રવૃત્તિઓ માટે કરાવે છે.''

''ભાઈ તમારી બધી વાત સાચી, પણ આપણે તો આઠ દિવસ વ્યાખ્યાન માટે આવીએ છીએ. એમાં જેટલું શાસ્ત્ર સમજવા મળે, એ સમજી લેવું, એવી મારી ભાવના છે, પછી એ જ્યાંથી સમજવા મળે, ત્યાંથી...''

''તમારી ભાવના સારી છે. પણ તમે જે વ્યાખ્યાનમાળામાં ગયા હતા, ત્યાં વ્યાખ્યાન કરનારા પ્રવક્તાઓ શાસ્ત્રો ભણ્યા'તાં ખરાં ? પરમ પાવન કલ્પસૂત્રના વાંચનનો તો તેમનો અધિકાર નથી. 'મહાત્મા'નું સ્થાન લઈને બીજો ઉપદેશ આપવાની પણ તેમની યોગ્યતા નથી. તેઓ કેટલું શાસ્ત્રસમ્મત બોલે છે, કે ઉત્સૂત્ર બોલે છે, તેનો તમને ખ્યાલ નથી. ઉપરથી તેમની આવી પ્રવૃત્તિને સમર્થન આપીને તમે પાપના ભાગીદાર થયા.''

''વાત તો સાચી છે.''

''હજી સાંભળો, જે સંઘમાં તમે આરાધના કરો છો, જ્યાં પૂજા-દર્શન વગેરે કરો છો, તમારે જ્યારે આયંબિલ કરવું હોય, ત્યારે જે સંઘમાં તમારા માટે સગવડ છે, જે સંઘમાં તમારા બાળકો માટે સંસ્કારદાયક પાઠશાળા છે. એ સંઘ પ્રત્યે તમારી કોઈ ફરજ નહીં ? એ સંઘમાં જ્યારે સંચાલકો તરફથી ફંડ માટેની સામૂહિક ટહેલ પડે, ત્યારે ત્યાં હાજર રહેવાની, યથાશક્તિ લાભ લેવાની અને અન્ય લાભાર્થીઓ લાભ લેતા હોય, તેમને પ્રોત્સાહન આપવાની તમારી ફરજ નહીં ?

રહી વાત ઘોંઘાટની ને વ્યાખ્યાનના સમયની, તો એ બંને સમસ્યાઓ આપણે જ ઊભી કરી છે. આપણે નક્કી કરીએ, કે મારા ઘરથી ઉપાશ્રય બે મિનિટના અંતરે હોય, તો હું વાહનનો ઉપયોગ નહીં કરું, પણ ચાલીને આવીશ. જો મારું ઘર બે મિનિટથી વધુ દૂર હોય, ચાલીને આવવું શક્ય ન હોય, તો હું પર્સનલ વેહિકલ નહીં લાવું, પણ ભાડૂતી વાહનનો ઉપયોગ કરીશ. અને એ વાહનને ઉપાશ્રયથી બે મિનિટ દૂર છોડી દઈશ. આપણે આટલું નક્કી કરીએ એટલે બહારનો હોર્નનો, એન્જિનનો અને પાર્કિંગ પ્રોબ્લેમ્સનો ઘોંઘાટ બંધ થઈ જાય.

બહારના અવાજથી વ્યાખ્યાન બરાબર સંભળાય નહીં, એટલે ઘણીવાર લોકો વાતે વળગતા હોય છે. પરિણામે અંદરનો અવાજ ચાલુ થાય છે. જો બહારનો અવાજ બંધ થઈ જાય, તો અંદરનો અવાજ પણ બંધ થઈ શકે છે. આપણી સ્વૈચ્છિક શિસ્ત હોવી પણ જરૂરી છે.

વ્યાખ્યાનને પૂરતો ન્યાય ન મળે, એ માટે પણ આપણે જ જવાબદાર છીએ. સંઘ પ્રત્યેના આપણા કર્તવ્યો પ્રત્યે આપણે જોઈએ એવા જાગૃત નથી. સંઘના મહત્ત્વના કાર્યો બાકી હોય, તો ય આપણે 'આપણા' (!) સમયે ઊભા

થઈને ચાલતા થઈ શકીએ છીએ. નવથી અગિયાર સુધી વ્યાખ્યાન ને અગિયારથી બાર ઉછામણી વગેરે... આવું આયોજન કરવામાં સભાની સ્થિરતાનું પૂરું જોખમ હોય છે, માટે વ્યાખ્યાનને ગૌણ કરવું પડે છે, આમાં પણ આપણો જ દોષ નહીં ?

આપણે જ શિસ્ત અને ઔચિત્ય ચૂકીએ, ને પછી શિસ્ત ને ઔચિત્યના નામે સંઘ પ્રત્યે અરુચિ ધરાવીએ, એ કેવું ?

* * * * *

મને લાગે છે કે વર્તમાન પરિસ્થિતિમાં શ્રીસંઘને છોડીને બાહ્ય વ્યાખ્યાનમાળાઓમાં જતાં લોકો પણ વિરાધક બને છે અને સંઘમાં રહીને પણ સંઘનું ગૌરવ ઘટે એવી અશાંતિ અને અશિસ્ત કરનારા લોકો પણ વિરાધક બને છે. આ બંને માર્ગો અજાણતા પણ પ્રભુની પરમ પાવન પરંપરાને નુકશાન કરનારા છે.

ચાલો, આ પર્યુષણથી આપણે આપણા આ દૂષણને ધોઈ નાંખીએ. પરમ પાવન પર્વ... પરમ પાવન જિનવાણી... નિઃસ્વાર્થભાવે વિના માઈકે આપણા પર ઉપકાર કરતા ગુરુદેવ... વિશ્વના સર્વોત્કૃષ્ટ સંસ્થા-શ્રી ચતુર્વિધ સંઘનો મંગલ માંડવો... આવા પરમ સૌભાગ્યથી મળતા અવસરને હું પૂર્ણ નિષ્ઠાથી માણીશ. મારામાં પૂર્ણ શિસ્ત હશે. અને પૂર્ણ શાંતિ... આવો સંકલ્પ કરીએ.

આવા સંકલ્પપૂર્વક શ્રીસંઘનું ગૌરવ અને શ્રીસંઘની શોભા વધે એ રીતે પર્વાધિરાજની આરાધના કરનાર વ્યક્તિ જે પુણ્યાનુબંધી પુણ્ય અને પ્રકૃષ્ટ શુદ્ધિને મેળવે છે, એવું પુણ્ય અને એવી શુદ્ધિ બીજી-બેઝિક યોગ્યતા રહિત અટ્ઠાઈ આદિ ઉગ્ર તપસ્યા કરનાર વ્યક્તિ પણ મેળવી શકતી નથી.

* * * * *

# ❁ काले कालं समायरे ❁

## ❁ શ્રીસંઘના અગ્રણીઓને નમ્ર નિવેદન ❁

લોકોની માનસિક વૃત્તિ અને સંઘની પરિસ્થિતિ વિષમ થઈ રહી છે. જો આપણે પર્યુષણની પદ્ધતિઓ માટે ગંભીર નહીં બનીએ, તો આવનારી દશાની આપણે કલ્પના પણ નહીં કરી હોય. માટે તમારા શ્રીસંઘના પર્યુષણ એક આદર્શ

પર્યુષણ બને, ખૂબ જ **સંતોષકારક આરાધના** થવા સાથે **અપેક્ષાથી વધુ ફંડ** થાય, એ માટે કેટલાક વિકલ્પો અહીં રજુ કર્યા છે. પૂ.ગુરુભગવંતોની અનુજ્ઞાનુસાર યોગ્ય કરવું ઘટે છે.

**(૧)** ઉપાશ્રયના બસો ફુટના ઘેરાવામાં **શાંતિ-સ્વયંસેવકો** નીમાય, જેઓ વાહનોને તે ઘેરાવામાં આવવા ન દે.

**(૨)** અશક્તો માટે વાહનના વિકલ્પ તરીકે **વ્હીલચેર** વગેરેની વ્યવસ્થા થાય.

**(૩)** જરૂર પડે તો ઉપાશ્રય પરિસરમાં ઘોંઘાટ કરનાર માટે મૌનપૂર્વક **'ટોકન' દંડ** લેવાની વ્યવસ્થા થાય.

**(૪)** રસ્તા પર અને પરિસરમાં જિનવાણીના પ્રસારમાં અંતરાય કરવાથી કેવું ભયંકર પાપ બંધાય, તેને ખ્યાલ આપતા **બોર્ડ-બેનરો** ગોઠવવામાં આવે.

**(૫)** કોઈ અલાયદા મકાનમાં નાના બાળકો માટે **મીની શિબિર** જેવું આયોજન થાય. ત્યાં તેમને સ્ટોરી કહેવાય, સ્પર્ધાઓ જેવું થાય, અને ઈનામો અપાય, જેથી તેઓ વ્યાખ્યાનમાં ખલેલ ન કરે, ઉપરાંત કાંઈક સારું શીખે. વાલીઓ તેમને ત્યાં મુકીને નિશ્ચિંતપણે સારી રીતે વ્યાખ્યાન સાંભળી શકે.

**(૬)** ઉછામણીઓનો કુલ સમય જો ૧૦ કલાકનો હોય તો કદાચ એ માટે ૧૦૦૦ માણસ ગુણ્યા ૧૦ કલાક બરાબર ૧૦,૦૦૦ કલાકનો ઉપયોગ થાય છે. આ સમય વ્યય પણ જો સુકૃતઅનુમોદના આદિ દ્વારા સો ટકા સાર્થક બનતો હોય, તો તો વાંધો નહીં. પણ ઉલ્ટુ ઓછા-વત્તા અંશે શ્રી સંઘની શોભાને ઘટાડનારો બને છે, એવું વર્તમાન પરિસ્થિતિમાં જોવા મળે છે. આ પદ્ધતિના એક વિકલ્પ તરીકે તે તે આદેશોના સેપરેટ બોર્ડ પરિસરમાં મુકવામાં આવે. પર્યુષણના પહેલા દિવસથી તેમાં બોલી બોલનારનું નામ અને આંકડો લખવામાં આવે. દિવસ-રાત દરમિયાન ત્યાં આવતા સેંકડો-હજારો ભાગ્યશાળીઓ તે બોર્ડને જુએ. આગળ બોલી બોલવા ઇચ્છે તેનું નામ તેની નીચે લખવામાં આવે. નામ સાથે આગળનો આંકડો લખાય. આ રીતે બોલી ચાલતી રહે. સંઘે નિયત કરેલા દિવસે -નિયત સમયે અંતિમ નામવાળા ભાગ્યશાળીને આદેશ મળે. **તમામ લાભાર્થીઓનું વ્યાખ્યાન સભામાં કે સંવત્સરી પ્રતિક્રમણમાં બહુમાન થાય. લાભાર્થીઓને સારી રીતે કોઈ સ્ટેજ વગેરે પર બેસાડવામાં આવે, અને સકલ શ્રીસંઘ તેમના વધામણા**

**કરે તેવું આયોજન કરવામાં આવે.** સંચાલકો ગત વર્ષના લાભાર્થીનો સંપર્ક કરી તેમને ઈષ્ટ હોય, તે આંકડાથી બોલીની શરૂઆત કરી શકે.

**આ પદ્ધતિના ફાયદા :-**

(a) હજારો કલાકોનો સમય બચશે. **શ્રીસંઘની શોભા** વધશે.

(b) નવી પેઢીને ફંડ-ફાળામાં જે વ્યવસાયિક જેવું વાતાવરણ લાગે છે અને સંઘ પ્રત્યે અરુચિ થાય છે, તેવું નહીં થાય.

(c) વર્તમાન પદ્ધતિમાં લાભાર્થીનું નામ માત્ર પાંચ-દશ સેકન્ડ માટે જાહેર થાય છે. તેમની વિશિષ્ટ અનુમોદના કરવાનો કે તેમને અને બીજાને સંપત્તિનો સદ્વ્યય કરવાનો ખૂબ ઉલ્લાસ જાગે, તેવું આલંબન આપવાનો અવકાશ રહેતો નથી. એવું આ પદ્ધતિમાં નહીં થાય.

(d) 'બોલી'ને આગળ વધારનાર ભાગ્યશાળીઓની **અનુમોદના** પણ શક્ય બનશે અને તેમને પણ **પ્રોત્સાહન** મળશે.

(e) **શિક્ષિત-સમૃદ્ધ વર્ગ** સંઘ માટે આદરવાળો બનશે અને જ્યાં-ત્યાં જવાને બદલે સંઘ સાથે જોડાયેલો રહેશે.

**(૭)** અષ્ટ પ્રકારી પૂજાના ફળને બતાવતા **શોર્ટ-સ્વીટ બોર્ડ** સાથે દરેક પૂજાના **સેપરેટ ભંડારો** કાયમી ધોરણે યોગ્ય જગ્યાએ રાખવામાં આવે.

**(૮)** આયંબિલખાતુ, વૈયાવચ્ચ, પાઠશાળા, ઉકાળેલું પાણી, ખીચડી ઘર વગેરે માટે પણ તે તે વિષયક **પ્રેરક બોર્ડ** + **ભંડાર**ની વ્યવસ્થા થાય. જેમાં બારે માસ + પર્યુષણમાં વિશેષ સ્વૈચ્છિક રીતે દાન અપાતું રહે.

**(૯)** ટ્રસ્ટીઓ પોતે **શિસ્ત-શાંતિ-ઔચિત્યનું** પાલન કરીને સંઘને સારો દાખલો આપે.

પ્રસ્તુત પદ્ધતિનું પ્રયોજન સમજાવવાથી અને લાભાર્થીઓને પૂરો -અપેક્ષાથી અનેકગણો ન્યાય આપવાથી શ્રી સંઘ જરૂરથી સારો સહકાર આપશે. શ્રી સંઘના પર્યુષણની કીર્તિ ફેલાશે. કદી ન આવતા લોકો પણ આવશે અને સામે ચાલીને બધા લાભો લેશે. (સ્વપ્નોની, ઘોડિયા પારણાની બોલી એ આખું અલગ આયોજન છે. પ્રસ્તુતમાં તેની વાત નથી. તેમાં માત્ર શિસ્ત-શાંતિ-સુવ્યવસ્થા જળવાય તેવો પુરુષાર્થ કરવા જેવો છે. બાકી એની ઉછામણીની પદ્ધતિમાં ફેરફાર કરવાની જરૂર નથી.)

* * * * *

# ❁ PLAN PALITANA ❁

એક સમય એવો હતો, કે જ્યારે શત્રુંજય તીર્થની રક્ષા માટે કેટલાક પુણ્યાત્માઓએ **પ્રાણોની આહૂતિ** આપી દીધેલ. એક સમયે તીર્થરક્ષા માટે **ખજાનાઓ**ને ધરી દેવામાં આવેલ. ને એક સમય તીર્થરક્ષા માટે **દરિયાનો સુરક્ષિત પરિધિ** બનાવવાનો પણ પ્રયાસ થયેલ. આજે તીર્થરક્ષાનો પ્રશ્ન ભલે યથાવત્ હોય, પણ ઉપરોક્ત ઉપાયો અશક્ય કે અસમર્થ બને એવી સ્થિતિ છે. આ સ્થિતિમાં જો સંઘાગ્રણીઓ **દીર્ઘદૃષ્ટિ**થી વિચાર કરે અને નક્કર ઉપાયોની દિશામાં મક્કમ પગલે આગળ વધે, તો આવનારા દાયકાઓ ને સદીઓ સુધી તેના મીઠાં ફળ ચાખવા મળશે. તે ઉપાયો આ પ્રકારના હોઈ શકે →

(૧) પાલીતાણાના બાળમંદિરોથી માંડીને કોલેજો સુધીની શિક્ષણ-સંસ્થાઓમાં આપણું વજન હોય. જેનાથી **માર્ગાનુસારી ગુણોથી માંડીને ક્રમશઃ ઉચ્ચ ધાર્મિક શિક્ષણ** શક્ય બની શકે. (ધર્મ-પ્રસાર જેવું સ્વરૂપ શક્ય ન બને, તો જે તીર્થભૂમિમાં તેઓ રહે છે. તે તીર્થનો સંપૂર્ણ ઈતિહાસ ક્રમશઃ પીરસવામાં આવે જેમાં મહિમા-પ્રભાવ વગેરેની સાથે આનુષંગિક જૈન ધર્મનું સચોટ-સરળ જ્ઞાન પણ મળી જાય.) આ વિષયના શિક્ષણમાં ખાસ ઈનામો-સ્કોલરશીપો રાખવામાં આવે.

(૨) આ બધી શિક્ષણસંસ્થાઓમાં **યોગ્ય પ્રવચનકારોના પ્રવચનો**નું નિયમિત આયોજન કરવામાં આવે.

(૩) **મહાવીર ખીચડી ઘર** કે **આદિનાથ છાશ કેન્દ્ર** મોટા પાયે આયોજિત થાય. જેમાં દ્રવ્ય વિતરણ પૂર્વે ભાવવિતરણ કરવામાં આવે. યોગ્ય પંડિતો-ગુરુ ભગવંતો દ્વારા **બેઝિક સદાચારથી માંડીને ઉચ્ચ સમ્યક્ત્વ સુધીના વિષયો**ને પ્લાનબદ્ધ રીતે-અસરકારકપણે પીરસવામાં આવે. ગિરિરાજના મહિમા-આરાધનાથી પુણ્ય-આશાતનાથી પાપ-આ પદાર્થોને ફરી ફરી અલગ અલગ રીતે સમજાવીને અસ્થિમજ્જા કરી દેવામાં આવે.

(૪) વહેલી સવાર + રાત્રિના સમયે - પુરુષો માટે + બપોરના સમયે બહેનો માટે કે અન્ય શક્ય સમયે **જૈન યુનિવર્સિટી**નું આયોજન થાય. જેમાં નવકારથી માંડીને વિરાટ જૈન તત્ત્વજ્ઞાન, જૈન આચારજ્ઞાન, જૈન ઈતિહાસ, જૈન ભૂગોળ, તીર્થંકરાદિ ચરિત્રો વગેરેનો ક્રમિક અભ્યાસ કરાવવામાં આવે. ગૃહસ્થજીવનમાં

ભણી શકાય તેવા આપણા લગભગ સો જેટલા મુખ્ય શાસ્ત્રો છે, તેમના અનુવાદો પણ ઉપલબ્ધ છે. મહેસાણા વગેરે પાઠશાળાઓમાં આ ગ્રંથો ભણાવવા જોઈએ. જેથી તેઓ ચતુર્વિધ સંઘને ક્રમશઃ ઉચ્ચ જ્ઞાનના સોપાનો સર કરાવી શકે. + તે પંડિતો આવી જૈન યુનિવર્સિટીમાં સેવા આપી શકે. આ યુનિવર્સિટી નાના-મોટા જૈન-અજૈન બધાં માટે ખુલ્લી હોય. આ યુનિવર્સિટીના એક-એક કોર્સની પરીક્ષામાં સારી રીતે ઉત્તીર્ણ થાય, તેને ક્રમશઃ ઉંચી ઉંચી સ્કોલરશીપ આપવામાં આવે.

**તીર્થની પેઢી** કાયદો કરે કે આ યુનિવર્સિટીનો અમુક વર્ષોનો કોર્સ કર્યો હોય, તેને જ **પૂજારી, સિક્યુરિટી, મેનેજર** વગેરેની નોકરી આપવામાં આવે. દરેક **ધર્મશાળા**ઓના સંચાલકો આ જ નિયમ પોતાના **સંપૂર્ણ સ્ટાફ** માટે બનાવે. **સમસ્ત જૈન સંઘ** આ જ નિયમ **ડોળીવાળા** માટે બનાવે. સર્ટિફિકેટ જોઈને જ ડોળી સ્વીકારે. **યાત્રિકો** આ જ નિયમ કોઈ પણ ખરીદી કરતાં પૂર્વે **દુકાનદારો-ફૂલવાળાઓ** માટે અપનાવે.

આ રીતે બધાના સહયોગથી એક સરસ નિયમપત્ર બનાવવામાં આવે અને આખા પાલીતાણામાં ઠેર-ઠેર વિરાટ બોર્ડ રૂપે આ નિયમપત્રક મુકી દેવામાં આવે. **સ્કોલરશીપનું આકર્ષણ-જીવનનિર્વાહનું સાધન-નોકરીની ઉજળી તકો-વ્યવસાયિક કારકિર્દી આ બધાના કારણે આ યુનિવર્સિટી દિવસ-રાત ધમધમતી થઈ જાય.** (વર્તમાન સ્ટાફ આદિ આજથી ભણવાનું શરૂ કરી દે ને નિયત વર્ષનો કોર્સ સંપન્ન કરે, તો તેટલા વર્ષ બાદ તેમનું સ્થાન કાયમ રહે, નહીં તો અન્ય-જેનો એટલા વર્ષમાં અભ્યાસ થઈ ગયો હોય, તેને લેવામાં આવે. પૂજારી વગેરેના અભ્યાસ માટે એકાંતરિત વૈકલ્પિક સ્ટાફ રાખવામાં આવે.)

(૫) શ્રીમંત જૈનો-જેઓ ઉદ્યોગપતિ છે, તેઓ પાલીતાણાના નિન્દ્ય વ્યવસાય કરનારાઓને તીર્થરક્ષા-પવિત્રતારક્ષાના ભાગ રૂપે **નિર્દોષ વ્યવસાયનો વિકલ્પ** આપે. તે માટે ગૃહોદ્યોગ, ગ્રામોદ્યોગ આદિ અલ્પતમ દોષવાળા વ્યવસાયનું આયોજન થાય. અને તેના પ્રશિક્ષણથી માંડીને તે વ્યવસાયિક-ફર્મના સભ્યપદ માટે જૈન યુનિવર્સિટીના કોર્સ-સર્ટિફિકેટને આવશ્યક ગણવામાં આવે.)

(૬) રેલ્વે સ્ટેશન-બસ સ્ટેન્ડથી માંડીને દાદાના દરબાર સુધી અને આખા પાલીતાણા ગામમાં ગિરિરાજનો અપરંપાર મહિમા-ભવ્ય ઈતિહાસ-

વર્તમાનકાલીન વિક્રમી આરાધનાઓ-પુણ્ય પ્રભાવ અને આશાતનાની ભયાનકતાને સચોટ અને સરળ રીતે રજુ કરતાં **આકર્ષક બોર્ડો/વિરાટ ફ્લેક્ષ બેનરો** વગેરે મુકવામાં આવે.

(૭) ભાવનગર જિલ્લાના + પાલીતાણાના **દરેક વર્તમાનપત્રો અને અન્ય માધ્યમો** પર આપણી પેઢીનો પ્રભાવ રાખવામાં આવે, અને તેમાં નિયમિત જૈન ધર્મ અને ગિરિરાજનું ગૌરવપૂર્ણ વર્ણન આવતું રહે.

(૮) પાલીતાણાની શાળાઓ-સંસ્થાઓ-સમાજો-જ્ઞાતિઓ વગેરેને ક્રમશઃ ગિરિરાજની **વિધિશુદ્ધ ભાવપૂર્ણ યાત્રા** કરાવવામાં આવે, 'મુદ્દા-૬' ને કારણે એ યાત્રા સહજ રીતે ભાવયાત્રા બની જાય. આ ઉપરાંત પંડિતો/ગુરુ ભગવંતો ઉચિત સમજૂતી આપતા રહે. સામૂહિક અષ્ટપ્રકારી પૂજા-નવ ટૂંક વધામણા વગેરે થાય. ધાર્મિક-પિકનિકના નામે ભાવયાત્રા થાય. ગિરિરાજ પ્રત્યેની શ્રદ્ધા-ભક્તિનો ઉદ્ભવ થાય. ભાતાખાતામાં યાત્રિકોની ભક્તિ થાય.

(૯) પાલીતાણાની દરેક ધર્મશાળાની દરેક રૂમોમાં + પરિસરમાં ગિરિરાજના મહિમા અને આશાતનાની ભયંકરતાને શોર્ટ-સ્વીટ રીતે સમજાવતા **બોર્ડ** મુકવામાં આવે + ગિરિરાજ સંબંધી **અહોભાવપ્રેરક સાહિત્ય** મુકવામાં આવે.

જો પેઢી આ મુદ્દાઓને ગંભીરતાથી ધ્યાનમાં લે અને દેશ-વિદેશના જૈન સંઘો ઉલ્લાસથી તન-મન-ધનનો સહકાર આપે તો આમાંથી કશું પણ અશક્ય નથી. કદાચ હજારો-લાખો વર્ષોમાં ગિરિરાજનો જે **શ્રદ્ધા-ભક્તિસભર** પરિસર નહીં બન્યો હોય, તેવો **મહાપરિસર** આપણે બનાવી શકશું. જે પરિસરમાં આરાધના અને પવિત્રતા છવાઈ ગઈ હશે અને આશાતનાનું નામોનિશાન નહીં હોય. પૂજનો-ચાતુર્માસો-ઉપધાનો-નવ્વાણું યાત્રાઓ અને અન્ય અનુષ્ઠાનોમાં થતા તન-મન-ધનનો સંપૂર્ણ વિનિયોગ જો આમાંથી કોઈ મુદ્દા માટે કરવામાં આવે, છેવટે તે તે અનુષ્ઠાનોની સાથે સાથે જ આ મુદ્દાઓને યથાશક્ય સાકાર કરવામાં આવે, તો ગિરિરાજની પરમ ભક્તિ થશે, ઉચ્ચ પરાર્થકરણ થશે. અને જિનશાસનના અનંત ઉપકારોમાંથી આંશિક ઋણમુક્તિ થશે.

(શંખેશ્વરાદિ તીર્થોના સંચાલકો પણ સાનુબંધ તીર્થરક્ષા અને તીર્થપ્રભાવના માટે આ પ્લાનને ધ્યાનમાં લઈ શકે.)

* * * * *

## ❀ જ્યાં નીરખીને નવ ટુંકો પાતિકનો થાયે ભુક્કો ❀

એક મહાતપસ્વિનીએ સિદ્ધાચલ તીર્થમાં રાત્રિભોજન બંધ થાય. એવી પવિત્ર ભાવનાથી **૧૮૦ (સળંગ) ઉપવાસ** કર્યા. પરિણામ ? ગિરિરાજની અનેકવિધ આશાતનાઓને રોકવા માટે **નાના-મોટા અભિયાનો** થયા. **વિવિધ સાહિત્ય** બહાર પડ્યું. પરિણામ ? નવ ટૂંકની જાત્રા મોટા પ્રમાણમાં ચાલું થાય, અને તેના દ્વારા યાત્રિકો અને તીર્થ બંનેને ખૂબ લાભ થાય, એ માટે પણ પ્રયત્નો કરવામાં આવ્યા, પરિણામ ?

ઉપરોક્ત બધા ઉદ્દેશ્યો મહદંશે પાર પડે, એવો એક ઉપાય દેખાઈ રહ્યો છે, તે છે પાલીતાણાના રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ અને ધર્મશાળાઓથી માંડીને સંપૂર્ણ ગિરિરાજની કાયાપલટનો. ટ્રેનથી કે રોડથી જે પણ વ્યક્તિ પાલીતાણા આવે છે, તેને પાલીતાણામાં પગ મુકતાની સાથે પોતે જે પરમ પાવન તીર્થભૂમિમાં આવી ગયો છે, એની ગરિમાની એને પ્રતીતિ થાય એવો માહોલ ડગલે ને પગલે જોવા મળે, કલાત્મક ફ્રેમોમાં રહેલા દીર્ઘાયુષી વિરાટ ફ્લેક્સો હોય. જેમાં **ગિરિરાજનો અપરંપાર મહિમા** વર્ણવ્યો હોય, આદીશ્વરદાદાની, જિનાલયોની, ગિરિરાજની વિવિધ રીતે પ્રસ્તુતિ થઈ હોય, ગિરિરાજની **આશાતનાના કટુ વિપાકો** વર્ણવ્યા હોય. હાઈવેથી માંડીને આખો ય તળેટી રોડ આ રીતે **સુસમૃદ્ધ અને અદ્ભુત** બની ગયો હોય.

ગિરિરાજને ચડતાં ચડતાં પગથિયાંઓની બંને બાજુએ આ જ માહોલ હોય, પણ એની અસરકારકતા અનેક રીતે વધી ગઈ હોય. કારણ કે હવેની સામગ્રી અતિ ઉચ્ચ હોય, હવેના દશ્યો અને લખાણો પણ ખૂબ ખૂબ ચોટદાર હોય. **એક એક દશ્ય અને એક એક લખાણ યાત્રિકોના રુંવાડા ઉભા કરી દે. પ્રાચીન અને અર્વાચીન યાત્રિકોને અને તપસ્વીઓએ અહીં કેવા કેવા વર્લ્ડ રેકોર્ડોનું સર્જન કર્યું છે, એનો આબેહુબ ચિતાર આપ્યો હોય. આ તીર્થના એક એક કાંકરેથી અનંતાનંત આત્માઓ સિદ્ધ થયા છે. એ વાત અનેકાનેક રીતે એક-એક યાત્રિકના સંવેદનની કક્ષાએ પહોંચાડી હોય.** સિદ્ધાચલથી સિદ્ધિને વરનારા પાંચ પાંડવો, થાવચ્ચાપુત્ર, નમિ-વિનમિ, નારદજી વગેરેની દેરીઓની આજુ-બાજુ તે તે મુક્તિગામી મહાપુરુષોની પરાક્રમગાથાને વર્ણવતી **આર્ટ ગેલેરી** હોય. મોટા ભાગના યાત્રિકો આ શું છે, એની ય દરકાર કર્યા વિના 'ક્યાંક' પહોંચી જવા માટે

આગળ વધતા હોય છે. તેઓ આર્ટ ગેલેરીના કારણે તે તે મહાપુરુષોના જીવનને સાક્ષાત્ જુએ. તે તે પરાક્રમોને નિહાળીને તેમાંથી પ્રેરણા લે, અને ગિરિરાજ પ્રત્યેના અહોભાવના ગુણાકારો કરતાં કરતાં આગળ વધે. **સમગ્ર યાત્રા અહોભાવયાત્રા** બને, પોતાના જીવનના પાપોની પશ્ચાત્તાપયાત્રા બને. બિસ્કીટના પેકેટો એમ ને એમ રહી જાય. પાણીની બોટલ ફેંકવાનો વિચાર સુદ્ધા ન આવે. બોરીવલીના સમકિત ગ્રુપે અહીં બે દિવસના શુદ્ધીકરણમાં ૫૫૦ કોથળા ભરીને કચરાનો નિકાલ કર્યો હતો. ઉપરોક્ત સ્વપ્ન સાકાર બને, તો કદાચ બીજી વાર શુદ્ધિકરણના આયોજનમાં તેમને શુદ્ધ યાત્રા જ થાય, કે નહીંવત્ શુદ્ધિકરણ થાય.

જે જે સ્થાનોમાં યાત્રિકો વિશેષ સંખ્યામાં વિશ્રામ લેવા બેસે છે, તે તે સ્થાનોમાં દાદાની વિરાટ પ્રતિકૃતિની સમક્ષ **નિત્ય ભક્તિ**નો માહોલ જામ્યો હોય. કુશળ ગીતકારો-સંગીતકારોને આઠ મહિના માટે અપોઈન્ટ કરી દીધાં હોય. દાદાની અને ગિરિરાજની ભક્તિના સ્તવનો, ગીતો, સ્તુતિઓ, દુહાઓ વગેરે દ્વારા આખું ય વાતાવરણ **ભક્તિમાં તરબોળ** બની ગયું હોય.

આ રીતે આગળ વધતાં વધતાં જ્યાં રામપોળ આવે, ત્યાં તો જાણે **સાક્ષાત્ દેવલોક** આવી ગયો હોય એવું દૃશ્ય હોય. દાદાની ટૂંક સહિત સમગ્ર નવ ટૂંકોમાં, એક એક જિનાલયમાં એક એક દેરીમાં, એક એક ઘુમ્મટમાં, એક એક લાદીમાં **આખી દુનિયાનો વૈભવ** ઠાલવી દીધો હોય. એક એક ટુંકમાં કરોડો રૂપિયા લગાવી દીધા હોય, **વિશ્વભરની કળાઓ**ને ઠાલવી દીધી હોય. આ કરોડો રૂપિયા એવી રીતે લગાવ્યા હોય કે એમાં ચોરી વગેરેનું જોખમ શૂન્ય હોય. **એ વૈભવને ફાટી આંખે જોઈ શકાય. મંત્રમુગ્ધ થઈ જવાય. આફરીન આફરીન પોકારી જવાય, પણ એમાંથી એક પૈસા જેટલી પણ ચોરી ન કરી શકાય.**

સોનાના વરખનું કામ, કાચનું કામ, નક્શીકામ, અદ્ભુત ઝુમ્મરો, પ્રતિબિંબ-વિજ્ઞાનની કરામતો, ચુંબકીય વિજ્ઞાનની કરામતો, વિવિધ પ્રકારોથી પ્રસ્તુત થયેલા પ્રભુના ચરિત્રો... નિત્ય મહાપૂજાઓ... દુનિયાના શ્રેષ્ઠ કક્ષાના સંગીતકારો દ્વારા એક એક ટુંકમાં નિત્ય ભક્તિની રમઝટો. પવન સંચાલિત ઘંટડીઓના સર્વત્ર સુમધુર ધ્વનિઓ... સર્વત્ર ટોચ કક્ષાની ધૂપસળીઓ અને અગરબત્તીઓ. એક ટુંકમાં આખી મોગરાની મહાપૂજા... એકમાં ગુલાબની... એકમાં ચંપાની... એકમાં કમળની... એકમાં જાસૂદની... એકમાં જાઈની...

ક્યાંય કૃત્રિમ નહીં. ક્યાંય વીજળી નહીં, ક્યાંય યંત્રો નહીં... બધું જ પ્રાકૃતિક.. બધું જ શુદ્ધ.. બધું જ દીવડાઓની જ્યોતિઓથી ઝળાહળ... બધું જ આહ્લાદક.

હવે નીચે ભેળવાળા રાહ જોતા રહી જશે, બજાર સૂમસામ થઈ જશે, ભક્ત હવે નીચે ઉતરે તો ને ? રે... નીચે ઉતરવાની વાત તો દૂર છે, એક એક ટુંક... એક એક જિનાલયમાંથી એને ખસવાનું મન થાય તો ને? **'યહા બાર બાર આના'** એવું ગાવામાં આવે છે, પણ હવે એનું અંતર ગાશે - **'યહા સે કભી નહીં જાના.'**

**એક એક યાત્રિકની માત્ર યાત્રા જ નહીં, આખું જીવન સુધરી જશે. એના જનમોજનમ સુધરી જશે. એ ગદ્‌ગદ બની જશે. 'પ્રભુ' એને અનુભૂતિની કક્ષાએ – ખરેખર 'દેવાધિદેવ' લાગશે. સંપતિનો–સ્ત્રીનો–શરીરનો કે દુનિયાની ઝાકઝમાળનો બધો જ રાગ આ એક જ દિવસમાં ઉતરી જશે. બીજી વાર એ ત્રણ દિવસનો પ્રોગ્રામ કરીને આવશે. શક્ય હશે તો અઠ્ઠમ કરીને ધરાઈ ધરાઈને ભક્તિરસ પીશે.**

ઉતરવામાં રસ્તામાં–ઉતરતા નજરે પડે તેમ– ગિરિરાજના ગૌરવવંતા ઈતિહાસો હોય - ગિરિરાજની યાત્રા કરવા દ્વારા યાત્રિકે જે પુણ્યનું ઉપાર્જન કર્યું છે, જે પાપોનો ભુક્કો બોલાવ્યો છે, તેની પ્રતીતિ કરાવતા આલંબનો હોય અને આ પુણ્ય આજે જ ધૂળમાં ન મળી જાય, ઉલ્ટું બીજા પાપોના પોટલા માથે ન ચડી જાય, એ માટેની **ભારપૂર્વકની પ્રેરણાઓ** ડગલે ને પગલે હોય.

પૂજનીય ગુરુ ભગવંતો પ્રેરણા કરે, શ્રીસંઘના અગ્રણીઓ સક્રિય બને અને વહીવટદારો સમ્મત થાય, તો ગિરિરાજની **ગરિમાના કલ્પનાતીત ગુણાકારો** થશે. **આશાતનાઓના ભાગાકારો** થશે, અને સ્તવનની આ પંક્તિ ખરેખર સાકાર થશે - **જ્યાં નીરખીને નવ ટુંકો, પાતિકનો થાયે ભુક્કો.**

✻ ✻ ✻ ✻ ✻

# ❀ ઉપાસના મંદિરમ્ ❀

## એક અનુકરણીય-અનુમોદનીય પાઠશાળા

**સંયમૈકનિષ્ઠ પૂ.આચાર્યદેવશ્રી જગચ્ચંદ્રસૂરિ મહારાજ**ની શુભ પ્રેરણાથી પાંચ વર્ષ પૂર્વે સ્થપાયેલ ભાયંદરની ઉપાસના મંદિર પાઠશાળામાં હાલ ૧૦૦ જેટલા સ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. દર વર્ષે અષાઢ સુદ-૧૪ના દિવસથી નવા બાળકોને આ પાઠશાળામાં પ્રવેશ અપાય છે. પ્રવેશ પૂર્વે પ્રાથમિક અભ્યાસ (બે પ્રતિક્રમણ આદિ સૂત્રો તથા વિધિ આદિ) કરવો કંપલસરી છે. પ્રવેશ થયા બાદ સહુ પ્રથમ પ્રાથમિક અભ્યાસની પરીક્ષા લેવાય છે. એમાં ઉત્તીર્ણ થનારનું ૨૫૦૦ રૂપિયાથી બહુમાન કરાય છે.

ત્યાર બાદ પાંચ વર્ષના કોર્સના અભ્યાસનો આરંભ થાય છે. જેમાં પંચપ્રતિક્રમણના સૂત્રો, સ્તવનો, સ્તુતિઓ, સજ્ઝાયો તેમજ અનેક વિધિઓ આદિ કંઠસ્થ કરવાના રહે છે. આમાં ઉત્તીર્ણ થનારનુ **રૂા. ૩૧૦૦૦** થી બહુમાન થાય છે. તે પછી કંઠસ્થ સૂત્રોના અર્થનો અભ્યાસ શરૂ કરાય છે. એ પૂર્ણ થતા **૧૧૦૦૦ રૂા.** થી બહુમાન કરવામાં આવે છે.

✺ રોજ **નિયમિત હાજરી** આપનાર બાળકોને ૧૫ રૂપિયાની પ્રભાવના અપાય છે.

✺ **દર રવિવારે** બાળકો માટે **અષ્ટ પ્રકારી પૂજા, સામાયિક આદિ અનુષ્ઠાન** કરાવાય છે. ત્યારબાદ અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવે છે.

✺ મહિનામાં બે દિવસ બાળકોના **વાલીઓનું મિલન** ગોઠવાય છે. વિશેષ વિચારણાઓ થાય છે. તે પછી સહુને અલ્પાહાર કરાવાય છે.

✺ **પક્ખી પ્રતિક્રમણ** દરેક બાળક માટે **ફરજિયાત** છે. ન કરે તો ૧૦૦ રૂા. દંડ કરવામાં આવે છે.

✺ ગોખેલા સૂત્રો ભૂલાઈ ન જાય, સ્થિર રહે તે માટે **વિવિધ સ્કિમ** બનાવેલ છે. દા.ત. પક્ખી અતિચાર વર્ષમાં આંતરે આંતરે ૫૪ વાર સંભળાવે તેનું **૫૦૦૦ રૂા.** થી બહુમાન કરાય છે. એવી રીતે અજિતશાંતિ, મોટી શાંતિ વગેરેમાં પણ અલગ અલગ આયોજનો ગોઠવાયા છે.

✷ અવાર-નવાર ક્વિઝ પણ રખાય છે. જેમાં પારિતોષિક ઈનામ ૫૦૦ રૂપિયાથી લગાવી ઉપર-ઉપરના અનેક ઈનામોનું પ્રદાન થાય છે.

✷ આ સિવાય નૃત્ય-નાટિકા, સંગીત, અને વક્તૃત્વ આદિ કળાઓમાં પણ બાળકોને નિષ્ણાત બનાવાય છે.

✷ પર્યુષણ સંબંધી-પ્રતિક્રમણ કરાવવું, પ્રવચન આપવું, સંધ્યાભક્તિ કરાવવી આદિ વિષયોમાં પણ બાળકોને પ્રવીણ બનાવવામાં આવે છે. તેમજ અલગ અલગ ક્ષેત્રોમાં આઠ દિવસ યા એક દિવસ માટે આરાધનાર્થે બાળકોને મોકલવામાં આવે છે. આરાધના કરાવીને આવેલા બાળકોનું સુવર્ણ દ્રવ્યથી બહુમાન કરાય છે.

✷ દર વર્ષે વાર્ષિક મેળાવડાનું આયોજન ખૂબ જ ભવ્ય રીતે થાય છે.

વિશેષ વિગત માટે સંપર્ક કરી શકાય છે.

૧. અશોકભાઈ મહેતા (૯૮૯૨૩૭૪૫૭૪)

૨. ભાવેશભાઈ શાહ (૯૩૨૪૨૦૭૩૪૮)

પાઠશાળાનો સમય : સવારે ૭ થી ૯-૩૦, રાત્રે ૮ થી ૧૦-૩૦

પાઠશાળાનું સ્થળ :- અરિહંત બંગલો, રજિસ્ટ્રેશન ઓફિસ સામે, ૯૦ ફીટ રોડ, ભાયંદર (વે.) જિ.થાણા.

(- જીતુભાઈ સર, 'મોર્નિંગ'માંથી સાભાર)

શ્રીસંઘના સાનુબંધ હિતને લક્ષમાં રાખીને નિઃસ્વાર્થભાવે આવી પ્રેરણા કરતા પૂજ્યશ્રી અને આવી પ્રેરણાને ઉલ્લાસથી સાકાર કરતાં પુણ્યશાળીઓની જેટલી અનુમોદના કરીએ, તેટલી ઓછી છે. વિધર્મીઓ જ્યાં તેમનો એક પણ સભ્ય ન હોય, ત્યાં ય તેમની પાઠશાળાઓ સ્થાપી રહ્યા છે. આપણે કમ સે કમ જ્યાં આપણો સંઘ હોય, ત્યાં આવું ઉપાસના મંદિર સ્થાપવાના સોગંદ તો લેવા જેવા છે. જિનશાસન પ્રત્યેની કૃતજ્ઞતા હૃદયમાં હોય, તો આ કશું 'અતિ' નથી. બલ્કે 'આવશ્યક' છે.

✷ ✷ ✷ ✷ ✷

# ❁ પાઠશાળા માટે રેડી પ્લાન ❁

પર્યુષણ પર્વમાં જિનાલય-ઉપાશ્રય-આયંબિલ ખાતું વગેરે વિવિધ ક્ષેત્રોની બોલી-નકરા-ફંડ વગેરેમાં પાઠશાળાનો લગભગ ક્યાંય અવકાશ રહેતો નથી. જે એક અપેક્ષાએ **સૌથી મહત્ત્વનું ક્ષેત્ર** છે, તે કદાચ **સૌથી ઉપેક્ષિત** બની જાય છે. જેના દુષ્પરિણામોની કલ્પના પણ થઈ શકે તેમ નથી. ટ્રસ્ટીઓ તથા સંચાલકોને ખ્યાલ નથી કે જો પાઠશાળા રઝળતી રહેશે, તો ભવિષ્યમાં સંઘમાં સેવા કે સંપત્તિ આપનાર તો કોઈ નહીં હોય, હાજર રહેનાર પણ નહીં હોય, **એ સમયે વહીવટ અને સંચાલન લોઢાના ચણા ચાવવા જેવા બની જશે.** પર્યુષણના માહોલમાં પાઠશાળાને પણ પૂરતું મહત્ત્વ અપાય તો આખું વર્ષ પાઠશાળા ધમધમતી રહેશે અને ટૂંક સમયમાં સકલ શ્રી સંઘનો **સર્વ પ્રકારે અભ્યુદય** થશે. અહીં પ્રસ્તુત છે પાઠશાળા માટે **રેડી પ્લાન** - જેને પર્યુષણમાં મહાવીરસ્વામી-જન્મવાંચનના દિવસે શ્રીસંઘ સમક્ષ રજુ કરીને વર્ષભરના મુખ્ય લાભો આપી શકાય. સુવિધા અને સંક્ષેપ માટે જિનાલય આદિમાં મુકવાના બોર્ડરૂપે જ આ પ્લાન રજુ કરેલ છે.

વર્ષનો એક આદેશ

બોર્ડ-૧

સંવત્...

**સંસ્કારશાળાના રત્નસ્તંભો**

✳ (રૂા. ૫૦૦૧) વર્ષની હાઈએસ્ટ ગાથા કરનારને એક્સીલેન્ટ એવોર્ડ દાતા શ્રી.......

✳ (રૂા. ૧૦૦૧) વર્ષના હાઈએસ્ટ સ્તવનો કરનારને ભક્તિભાગીરથી એવોર્ડ દાતા શ્રી......

✳ (રૂા. ૧૦૦૧) વર્ષની હાઈએસ્ટ સજ્ઝાયો કરનારને વિરાગવાહિની એવોર્ડ દાતા શ્રી.......

✳ (રૂા. ૧૦૦૧) વર્ષની હાઈએસ્ટ સ્તુતિઓ કરનારને પ્રાર્થના પરિમલ એવોર્ડ દાતા શ્રી.....

(એક સાથે બધી ગાથા/સ્તવન/સજ્ઝાય/સ્તુતિ સંભળાવ્યા બાદ આ એવોર્ડો મળી શકશે)

બાર મહિનાના બાર ઓઇશ, ૧૨x૨=૨૪ ઓઇશ

બોર્ડ-૨

સંવત્...

## સંસ્કારશાળાના સ્વર્ણસ્તંભો

કારતક માગસર પોષ મહા..

✳ **જિનિયસ એવોર્ડ દાતા** મહિનાની ૧લી હાઈએસ્ટ ગાથા કરનારને ૧૦૦૦ રૂ.

✳ **માસ્ટર એવોર્ડ દાતા** મહિનાની ૨જી હાઈએસ્ટ ગાથા કરનારને ૫૦૦ રૂ.

✳ **સ્કોલર એવોર્ડ દાતા** મહિનાની ૩જી હાઈએસ્ટ ગાથા કરનારને ૩૦૦ રૂ.

✳ ચૌદશ પ્રતિક્રમણ **ગિફ્ટ પ્રભાવના દાતા** ૧૦૦૦ રૂ. સુદ<br>વદ

✳ ચૌદશ પ્રતિક્રમણ **સૂત્ર પુરસ્કાર દાતા** ૨૦૦૦ રૂ. સુદ<br>વદ

(એક સાથે બધી ગાથાઓ સંભળાવ્યા બાદ આ એવોર્ડો મળી શકશે.)

વર્ષના કુલ ૨૪ ઓઇશ

બોર્ડ-૩

સંવત્...

## સંસ્કાર શાળા – ચૌદશ પ્રતિક્રમણ
## સૂત્ર – પુરસ્કાર

| | | |
|---|---|---|
| પ્રતિક્રમણ ભણાવનારને | ૨૦૦ | રૂ |
| અતિચાર બોલનારને | ૨૦૦ | રૂ. |
| અજિતશાંતિ બોલનારને | ૧૫૦ | રૂ. |
| મોટી શાંતિ બોલનારને | ૧૦૦ | રૂ. |
| સ્નાતસ્યા બોલનારને | ૧૦૦ | રૂ. |
| સંતિકરં બોલનારને | ૧૦૦ | રૂ. |
| વંદિત્તુ બોલનારને | ૫૦ | રૂ. |
| બીજું વંદિત્તુ બોલનારને | ૫૦ | રૂ. |
| સાત લાખ બોલનારને | ૨૫ | રૂ. |
| કલ્લાણ કંદં બોલનારને | ૨૫ | રૂ. |

= ૧૦૦૦ રૂા x ૨ (ભાઈઓ-બહેનો) = ૨૦૦૦ રૂા.

(પ્રતિક્રમણમાં હાજર ભાઈ-બહેનો યથાશક્તિ (કમ સે કમ ૧રૂા.) પ્રોત્સાહન આપે તેવી નમ્ર વિનંતિ)

બોર્ડ-૬ સંવત્...

**સંસ્કારશાળા–પર્યુષણ પુરસ્કાર**

પ્રતિક્રમણમાં હાલરડું બોલનારને ૧૦૦ રૂા.
પંચકલ્યાણક સ્તવન બોલનારને ૨૦૦ રૂા.
સત્યાવીશ ભવનું સ્તવન બોલનારને ૩૦૦ રૂા.

(પ્રતિક્રમણમાં હાજર ભાઈ-બહેનો યથાશક્તિ (કમ સે કમ ૧રૂા.) પ્રોત્સાહન આપે તેવી નમ્ર વિનંતિ)

બોર્ડ-૫ Date : Day

**Today's Birthday**

નામ :

સરનામુ :

સમસ્ત શ્રીસંઘ તથા સંસ્કારશાળા પરિવાર આપને જન્મદિનની ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવે છે. આપને નીરોગી દીર્ઘાયુ મળો. જીવનમાં સુખ-શાંતિ-સમૃદ્ધિ મળો. આરાધનાની વૃદ્ધિ મળો એવી શુભકામનાઓ. આજે સંસ્કારશાળામાં બર્થ-ડે ગિફ્ટની પ્રભાવના કરવા બદલ ખૂબ ખૂબ આભાર.

**Happy Birthday to You**

**બોર્ડ - ૧** આ એવોર્ડ વિજેતા **સમસ્ત સંઘના અણમોલ રત્ન** બનશે. વર્ષનો આ એક જ આદેશ આખું વર્ષ બાળકોના સ્વાધ્યાયમાં અનેરું બળ પૂરું પાડશે. સર્ટિફિકેટ સાથેની આ યોજના બાળકોને વધુ પ્રોત્સાહિત કરશે.

**બોર્ડ - ૨** હાજરી દીઠ અપાતી પ્રભાવનાઓ સાથે તેના કરતા પણ વધુ મહત્ત્વના આ એવોર્ડો + સર્ટિફિકેટ આપવા જરૂરી છે. આવા બોર્ડ + યોજનાનું **પ્રત્યક્ષ-તાત્કાલિક પરિણામ** દેખાશે.

**બોર્ડ - ૩** સૂત્રોના પુનરાવર્તન માટે આ પુરસ્કાર યોજના **પ્રાણદાયિની**

થશે. તેનાથી ચૌદશનું પ્રતિક્રમણ વિશિષ્ટ સંખ્યામાં શક્ય બનશે. વડીલ આરાધક ભાઈ લેખિતમાં સૂત્રો બોલનારની નોંધ રાખી વારાફરતી આદેશ આપી શકે.

**બોર્ડ - ૪** શાસનપતિ કરુણાસાગર પ્રભુ વીરના જીવન સંબંધી આ ત્રણે વૃત્તિ પ્રત્યેક જૈનને આવડવા જ જોઈએ. સ્પર્ધાના માધ્યમથી પણ આ કૃતિઓના સ્વાધ્યાયનો પ્રસાર કરવા જેવો છે.

**બોર્ડ - ૫** શ્રીસંઘ-સ્વામિવાત્સલ્યમાં જેટલા સભ્યો થતા હોય, તે દરેક આ યોજનામાં લાભ લે તો પ્રતિદિન ૧/૨/૩/૪ ગિફ્ટ આપી શકાય. પ્રતિદિન પાઠશાળામાં વિરાટ સંખ્યાનો માહોલ જામે. સંઘના યુવા ભાઈઓએ ઘરે-ઘરે ફરીને આખા વર્ષ બર્થ-ડે ની નોંધ + ફંડ કરી લેવું જોઈએ. અન્ય ભાઈઓએ અવનવી ગિફ્ટોની ખરીદી + વિતરણ માટે વ્યવસ્થા કરવી જોઈએ. એક જણે બર્થ-ડે નોંધ દ્વારા આગલી રાતે દેરાસરમાં + પાઠશાળામાં અલગ અલગ બોર્ડમાં વિગત મુકવી જોઈએ. (બાળકો ગિફ્ટની ભાષા સમજે છે. તોતેમની સાથે તે ભાષામાં વાત કરવાથી તેમનું કલ્યાણ શક્ય બની શકે.)

**તા.ક.** બોર્ડસ્‌માં લખેલા આંકડાઓ સામાન્ય-મધ્યમ વિસ્તારને અનુલક્ષીને લખ્યા છે. સમૃદ્ધ વિસ્તારના સંઘો એ યથાશક્તિ મોટા આંકડાઓ રાખવા ઉચિત છે. આ સર્વ બોર્ડ્સ્ પાઠશાળામાં + જિનાલયમાં એમ ઓછામાં ઓછા બે સ્થાને રાખવાથી બાળકો, દાતાઓ તથા અન્ય લોકો પણ પ્રોત્સાહિત થશે. વધુમાં આયંબિલ ખાતે, તે વિસ્તારના અન્ય જિનાલયો આદિમાં રખાય, તે પણ ઈચ્છનીય છે.

✻ ✻ ✻ ✻ ✻

# ❁ પ્લાન પાઠશાળા ❁

જિનશાસનના હાર્દને પામેલા શ્રાવક-શ્રાવિકાઓ પાઠશાળાના ઉત્કર્ષ માટે સમયનો વિનિયોગ કરે એ આ કાળની તાતી જરૂરિયાત છે.

આ વિનિયોગ માટેનો એક પ્લાન આ મુજબ હોઈ શકે. (**જેઓ અઠવાડિયે અડધો કે એક કલાકનો સમય પણ કાઢી શકે, તેમણે આ પ્લાનમાં ક્યાંક ગોઠવાઈ જવા જેવું છે.**)

(૧) બે જણ - પાઠશાળાના સમયે ઘરે રહેલ કે રમવા ગયેલ બાળક-બાલિકાઓને સમજાવટ આદિથી પાઠશાળામાં લઈ આવે.

(૨) બે જણ - નવા બાળકોને યોગ્ય પ્રયાસોથી પાઠશાળામાં આવતા કરે.

(૩) બે જણ - પાઠશાળામાં શિસ્ત રખાવે. (જેથી શિક્ષક ભણાવવામાં જ ધ્યાન કેન્દ્રિત કરી શકે.)

(૪) બે જણ - રોજ પાંચ મિનિટ માટે શિષ્ટાચાર, વિનય, ગુડ-મેનર્સ વગેરે સરસ રીતે સમજાવે. દા.ત. માતા-પિતાને પ્રણામ.

(૫) બે જણ - રોજ પાંચ મિનિટ માટે સરસ વાર્તા કહે. જેથી બાળકોને ખૂબ રસ પડે + બોધ મળે.

(૬) બે જણ - દરેક બાળકની હાજરી, ગાથા વગેરેની દૈનિક નોંધ રાખે.

(૭) બે જણ - દર રવિવારે, તથા રજાના દિવસે અષ્ટપ્રકારી પૂજા, સામાયિક, ભાવયાત્રા, સ્નાત્ર પૂજા, આંગી સ્પર્ધા વગેરે વૈવિધ્યસભર અનુષ્ઠાન કરાવે.

(૮) બે જણ - ઓપન બુક એક્ઝામો, શિબિરો વગેરેની માહિતી મેળવીને બાળકોને તેમાં જોડવા માટે સહાયરૂપ - કડીરૂપ બને.

(૯) બે જણ - દર છ મહિને યાત્રા પ્રવાસનું આયોજન કરે.

(૧૦) બે જણ - શિક્ષકોને મદદરૂપ થવાય તે રીતે ગાથા લે.

(૧૧) બે જણ - તે વિસ્તારના અજૈન બાળકોને પાઠશાળામાં જોડવા માટે

પ્રયત્ન કરે. જેમાં બાળકો વાર્તા, ગિફ્ટ વગેરેના પ્રલોભનથી જોડાય, તેમાં માતા-પિતાઓ ગુડ-મેનર્સ, વિનય વગેરેના શિક્ષણ માટે તેમને મોકલવા માટે રાજી થાય.

(૧૨) બે જણ - પાઠશાળાના સમય કરતા જુદા સમયે ૧ થી ૫ વર્ષના બાળકો માટે ટીની-મીની પાઠશાળા ચલાવે. જેમાં સામૂહિક રીતે સૂત્રપાઠ, ભગવાનના નામ વગેરે શીખવાડવામાં આવે.

(૧૩) બે જણ - શરૂઆતની (Before time) ૫-૧૦ મિનિટ માટે સેવા આપે, જેમાં સમયસર પાઠશાળા ખોલવી, પાથરણું પાથરવું વગેરેનો સમાવેશ થાય, જેથી એક પણ બાળક આવીને પાછો ન જાય.

(૧૪) બે જણ - નજીકમાં પધારતાં મહાત્માઓની માહિતી રાખીને વિશિષ્ટ વિદ્વાન મહાત્માઓની વાણી દ્વારા બાળકો-વાલીઓ-સંચાલકોને નિયમિત પ્રોત્સાહિત કરે.

(આટલા કાર્યકરોના અભાવે જે કાર્યકરો અનેક કાર્યો કરશે, તેમના પુણ્યના ગુણાકારો થશે. ગુરુભગવંતો પ્રેરણા-માર્ગદર્શન આપે તેવી વિનંતિ.)

✳ ✳ ✳ ✳ ✳

આજે શ્રીસંઘને
જ્ઞાનપ્રાપ્તિની એટલી જરૂર છે
કે આ દિશાની સહાય
કદાચ કરોડો રૂપિયા કરતાં ય
ચઢી જાય તેમ છે.
**Please Try for it.**

# ❁ હાર્દિક વિનંતી ❁

આપણા પરમ પૂજનીય ભગવત્તુલ્ય શ્રમણ-શ્રમણી ભગવંતોના **જીવલેણ અકસ્માતો અને કરુણ મૃત્યુના બનાવો** નિયમિત બની રહ્યા છે, ત્યારે તેમની રક્ષા માટે તમે કાંઈ કરવા માંગો છો ?

હા, તમારાથી બની શકે, એવો એક સરળ ઉપાય છે. આ સાથે જે લખાણ છે તેને જાહેર સ્થાનોમાં મોટા અક્ષરોમાં સુવાચ્ય રૂપે ઠેર ઠેર મુકવામાં આવે, વિશેષ કરીને હાઈ-વે પરની હોટલો, ઓટો ગેરેજો, પેટ્રોલ પંપો, ટોલ-નાકાઓ, ઢાબાઓ વગેરે પાસે હિન્દી ભાષામાં અને પ્રાદેશિક ભાષામાં આ લખાણ સારી રીતે મુકવામાં આવે, તો ટૂંક જ સમયમાં હજારો/લાખો ડ્રાઈવરો આ લખાણને અનેક વાર વાંચી જાય. ફરી ફરી વાંચીને એના મનમાં આપણા શ્રમણ-શ્રમણી ભગવંતો પ્રત્યે આદર થાય અને તેથી શ્રમણ-શ્રમણી ભગવંતોની સલામતી વધી જાય.

આમ છતાં ભવિતવ્યતા અને કર્મોના ઉદયને કારણે કદાચ આ ઉપાય સંપૂર્ણ સફળ ન પણ થાય. પણ **આપણા પરમ આદરણીય સંયમી ભગવંતોની રક્ષાનો પ્રયાસ કરવાની આપણી પરમ ફરજ છે અને એમની રક્ષાનો પ્રયાસ આપણને પ્રકૃષ્ટ પુણ્યનું ઉપાર્જન કરાવીને આપણી રક્ષાને નિશ્ચિત કરનારો છે.** માટે પ્રત્યેક શ્રાવક આ લખાણનું ઓછામાં ઓછું એક બોર્ડ કરાવવાનો સંકલ્પ અવશ્ય કરે. પૂજનીય સંયમી ભગવંતોની રક્ષાની સાથે સાથે હજારો/ લાખો જીવોમાં જિનશાસન પ્રત્યેના આદરભાવના બીજાધાનનો ઉત્કૃષ્ટ લાભ પણ આ લાભ સાથે સંકળાયેલો છે.

મહાત્માના આચારથી પરિચિત વ્યક્તિ રસ્તામાં મહાત્મા દેખાય ત્યારે આદરથી તેમને રસ્તો કરી આપે છે. મહાત્મા ક્રોસ કરવાની રાહ જોતા હોય, તો તેઓ પોતાની ગાડી ઊભી રાખે છે. મહાત્મા રસ્તા આદિની મૂંઝવણમાં હોય તો ભક્તિપૂર્વક પોતે સામેથી કામ-કાજ પૂછે છે. આવું સહજ રીતે બને છે.

આનાથી ઉલ્ટુ જેઓ મહાત્માના આચારથી પરિચિત નથી, તેઓ

અનાદરથી ભયજનક રીતે નજીકથી (કટ મારીને) પસાર થાય છે. મહાત્માના પ્રત્યેક વિહારમાં આવા સેંકડો 'કટ' મરાતા હોય છે. શહેર/ગામની અંદર ચાલતા જૈનો આદરથી ઉચિત અંતર રાખીને પસાર થાય અને એ જ રસ્તાઓ પરથી પસાર થતા અજૈનો અજ્ઞાની હોવાથી બેદરકારીથી એવી રીતે ચાલે કે સાધુએ સાચવવું પડે.

ફરક એટલો છે કે ગામમાં અંદર પગે ચાલતા લોકો છે અને હાઈ-વે પર ભારે વાહનો. આવા વાહનો ભયજનક રીતે રોજ સેંકડો-હજારો મહાત્માઓની નજીકથી પસાર થતાં હોય એ સ્થિતિમાં અકસ્માતો થાય એમાં કોઈ આશ્ચર્ય નથી. અકસ્માત ન થાય એમાં જ આશ્ચર્ય છે. **મહાત્મા પ્રત્યેની બેદરકારી અનાદરથી જન્મે છે અને અનાદર અજ્ઞાનથી જન્મે છે.** આ અજ્ઞાનને દૂર કરવાનો આ એક ઉપાય છે. એક અજૈન જ્યારે સાધુના આચારને જાણે છે, ત્યારે તે આશ્ચર્ય અને બહુમાનને અનુભવે છે. એ આપણે બધા જાણીએ છીએ. માટે **આ ઉપાય અનેક મહાત્માઓનો જીવ બચાવી શકે છે.** જેને સમગ્ર સંઘ મોટા પાયે અમલમાં મૂકે, એવું નમ્ર નિવેદન છે.

તા.ક. ઉપરોક્ત લખાણ + બોર્ડનું લખાણ આ બંને લખાણો શક્ય એટલા વધુ જૈન માસિકો અને જૈન દૈનિક/સાપ્તાહિક વગેરેમાં મોકલી આપવા વિનંતિ છે.

તમારા **E-Contacts** માં જેઓ જૈન હોય તેમને આ બધું લખાણ અને જેઓ અજૈન હોય તેમને બોર્ડનું લખાણ મોકલીને તેમનાં સંપર્કોમાં ફોરવર્ડ કરવા કહેવા માટે વિનંતિ છે.

✳ ✳ ✳ ✳ ✳

## ❁ શું તમે જાણો છો ? ❁

- જૈન સાધુ એક સ્થાને કાયમ રહેતા નથી.
- તેઓ કોઈ વાહનનો ઉપયોગ નથી કરતા, પણ પદયાત્રા કરે છે.
- તેઓ સ્ત્રી અને પૈસાનો સ્પર્શ પણ કરતાં નથી.
- તેમનું કોઈ ઘર, જમીન, દુકાન વગેરે હોતું નથી.
- ટી.વી., ફ્રીજ વગેરે સાધનોનો પણ તેઓ ઉપયોગ કરતાં નથી.
- તેઓ દર છ મહિને માથાના અને દાઢી-મૂંછના વાળ ખેંચી કાઢે છે, પણ કાતર/અસ્ત્રાથી હજામત કરાવતા નથી.
- તેઓ સમગ્ર જીવન જીવદયા, શાસ્ત્રાભ્યાસ, ધ્યાન અને પરોપકાર આદિમાં વીતાવે છે.
- દુકાળ, પૂર, ધરતીકંપ વગેરે કુદરતી આફતોના સમયે જૈન સાધુઓના પ્રેરક પ્રવચનોથી લાખો-કરોડો રૂપિયાના રાહત-કાર્યો થાય છે. જેમાં ધર્મ-જાતિ વગેરેનો કોઈ ભેદભાવ રાખવામાં આવતો નથી.
- ગરીબી, બેકારી વગેરેથી પીડિત જનોને ભોજન, અનાજ, કપડાં, ધાબળા, દવા વગેરેનું મોટા પાયે વિતરણ જૈન સાધુઓની પ્રેરણાથી થાય છે.
- દર રવિવારે હજારો ભિક્ષુકોને પેટ ભરીને જમાડવામાં આવે છે. જેના મૂળમાં જૈન સાધુઓની પ્રેરણા કાર્યશીલ છે.
- આ કાળમાં પણ આવા સંતોના દર્શન થવા, એ આપણું પરમ સૌભાગ્ય છે. આપણે એમને આદરથી પ્રણામ કરીએ. એમના આશીર્વાદથી આપણું નિશ્ચિત કલ્યાણ થશે.
- પગપાળા આ સંતો વિહાર કરતા હોય, ત્યારે આપણા વાહનોને આપણે દૂરથી હંકારીએ. ખૂબ સાવધાની રાખીએ, જેથી તેમને ઈજા કે તકલીફ પહોંચાડવાનું મહાપાપ આપણાથી ન થાય.
- નશામાં કે સુસ્તીમાં વાહન ન હંકારીએ, જેથી ભૂલમાં પણ આવા સંતોને ઈજા પહોંચાડવાનું મહાપાપ આપણાથી ન થાય.
- સંતોને બચાવો. તેઓ જ આપણા ખરાં રત્નો છે, આપણી ખરી સંપત્તિ છે.

# ❁ क्याँ आप जानते है ? ❁

- जैन साधु एक स्थान पर हंमेशा नहीं रहते ।
- वे कोइ वाहन का उपयोग नही करते, पर पदयात्रा करते है ।
- वे महिला एवं पैसे का स्पर्श भी नही करते ।
- उनका कोइ घर, जमीँ, दुकान वगैरह  नही होता ।
- वे फ्रीज, टी.वी. आदि साधनो का उपयोग भी नही करते ।
- वे हर छे महिनो के बाद सिर के और दाढी-मूंछ के बाल खींच लेते है, किन्तु केची/अस्त्रे से हजामत नही करवाते ।
- वे समग्र जीवन जीवदया, शास्त्राभ्यास, ध्यान एवं परोपकार आदि में बीताते है।
- उनके लिये सारा जगत उनका परिवार है ।
- दुष्काल, रेल, भूकंप आदि प्राकृतिक संकटो के समय पर जैन साधुओ के प्रेरक प्रवचनो से लाखो-करोडो रूपये के बचाव कार्य निःशुल्क रूप से होते है। जिस में धर्म-जाति आदि का कोई पक्षपात नही किया जाता।
- गरीबी, बेकारी आदि से पीडित जनो को भोजन, अनाज, कपडे, कंबल, दवाई आदि का विराट वितरण जैन साधु की प्रेरणा से होता है ।
- हर रविवार के दिन हजारो भिक्षुको को पेट भर के भोजन कराया जाता है । जिस के मूल में जैन मुनि की प्रेरणा कार्यशील है ।
- इस काल में भी ऐसे संतो के दर्शन होने, यह हमारा परम सौभाग्य है। हम उन्हें आदर से प्रणाम करे। उन के आशीर्वाद से हमारा निश्चित रूप से कल्याण होगा।
- इन संतो की पदयात्रा के समय हम सावधानीपूर्वक हमारे वाहनोको दूर से चलाये, ताकि उन्हें कोई तकलीफ पहुँचाने का महापाप हमारे हाथों से न हो ।
- नशे में या सुस्तीमें वाहन न चलाये, जिस से गलती से भी उन्हें हम से कोइ कष्ट न हो ।
- कृपया संतो को बचाये, वे ही हमारे वास्तविक रत्न है, हमारी सच्ची संपत्ति है।

# ❁ Do You Know ? ❁

- Jain Saint doesn't stay at one place.
- He doesn't use any Vehicle, but walks & goes from one place to another place.
- He never touchs women or money.
- He has no house, land, or shop etc.
- He doesn't use fridge, television etc.
- He extracts his hair after each 6 months, but doesn't go to barber.
- He spends whole his life by mercy, holly studies, meditation & charitable activities.
- Whole world is his family.
- In natural tuf-times like floud, earthquake, less rain etc. He gives mercyfull lactures to the people & there are help works of crores of rupees free from any cast-parcility.
- There are very big contributions of food, grains, cloths, blankets, medicines etc. to the people suffering from poverty, due to mercyfull lectures of the Jain Saints.
- Thousands of beggers get enough lunch on Sunday, due to the hearty direction of the Jain Saints.
- It's our pleasure & good luck, that we can see such Saints in this time also. We should salute them & take their blessings, roots of the all welfair.
- Let's drive our vehicles carefully near their walk, than they will have no harm, and we will have no sins.
- Please don't drink & drive.
- Never drive when you are not fully comfert to drive.
- Please save Saints, they are our real gems, our real wealth.

# ❁ जह जह पल्हाइ मणो ❁

એક સંઘમાં અમારું ચોમાસું હતું. પર્યુષણના દિવસો નજીક આવ્યા. ભગવાનની આંગીનો લાભ લેવાની પ્રેરણા કરતાં બોર્ડો મુકાયા. વિવિધ રીતે લાભ લેવાની પ્રેરણા કરાઈ.

પ્રેરણા પર ભાર મુકાયો. નાના નાના આંકડાઓના લાભાર્થીઓના થોડા નામો આવ્યા. દેરાસર વિશાળ હતું. મુખ્ય જિનાલયને ફરતે અનેક દેરીઓ હતી. એક એક દેરીમાં અનેક ભગવાન હતા. જિનાલયમાં ઉપલો માળ અને ભોયરું પણ હતું. પરસાળ, બે રંગમંડપો, દાદરાઓ- બધું જ હતું. આંગીના લાભાર્થીઓ દ્વારા જે રકમ આવી હતી, તે અનુસાર આંગી કરવામાં આવી... માત્ર મુખ્ય જિનાલયના ગભારામાં. દેરીઓ, ગોખલાઓ, ઉપર, નીચે... બધું ખાલીખમ. જાણે પર્યુષણ જ નથી. કશું જ નહીં.

આવું કેમ થયું ? મને લાગે છે કે અપરાધ ટ્રસ્ટીઓનો નહીં, આપણી માન્યતાનો છે. એવી માન્યતાનો, જે શાસ્ત્રદષ્ટિએ સાચી નથી. **જે દ્રવ્ય ભગવાનનું છે, ભગવાનની ભક્તિ માટેનું છે, એના પર જાણે ભગવાનનો કોઈ હક જ ન હોય, મહાપર્વના દિવસોમાં પણ એ દ્રવ્ય ભગવાનના કોઈ ઉપયોગમાં ન આવે, એ કેવી વિચિત્રતા ?**

આંગી માટે ફંડ કરવાનો કોઈ વિરોધ નથી. પણ એ ફંડ કરવાની પદ્ધતિ એ હોવી જોઈએ, કે તમારે જેટલો લાભ લેવો હોય એટલો લો, સંપૂર્ણ લેવાની પણ છૂટ અને સોમો ભાગ લેવાની પણ છૂટ. પણ મહાપૂજામાં કોઈ જ કસર નહીં રખાય. **ભગવાન તો રાજાધિરાજ છે. દેવાધિદેવ છે. એમને આવા ફંડ-ફાળાની જરૂર નથી. આ તો આપણું સૌભાગ્ય છે, કે આપણને આવો ભક્તિનો લાભ મળે છે.**

**सति हि देवद्रव्ये प्रत्यहं पूजावृद्धिसम्भवः** - જેવા સ્પષ્ટ શાસ્ત્રીય વિધાનોથી દેવદ્રવ્યનો પૂજામાં ઉપયોગ કરવો એ શાસ્ત્રસમ્મત સિદ્ધ થાય

છે, ત્યારે પ્રભુભક્તિમાં કૃપણતા શા માટે ? મૂળનાયકથી લઈને નાનામાં નાના ધાતુના ભગવાનને આંગી હોય, એક એક ગભારો ફૂલોનો બાગ બની ગયો હોય, અદ્ભુત રંગોળીઓ હોય, ફૂલો, અગરબત્તીઓ વગેરેથી મઘમઘાયમાન વાતાવરણ હોય, તો એમાં ભગવાનની સમૃદ્ધિની અપેક્ષાએ કશું વધુ પડતું નથી.

કોઈ અબજોપતિનો સેવક પોતાના શેઠની સરભરા કરવા માટે ફંડફાળા કરે, અને પછી જે આવ્યું- જેવું આવ્યું - જેટલું આવ્યું, એમાંથી ગાડું ગબડાવે, જાણે એ શેઠે એ ફાળા પર જ નભવાનું છે, એના અબજો રૂપિયા માત્ર કહેવા ખાતર જ એના છે. આપણી પરિસ્થિતિ પણ એવી નથી લાગતી ?

**એક બાજુ ભગવાનની ભક્તિ માટે આવેલું દ્રવ્ય માત્ર ભેગુ થતું જાય, એના કારણે સંઘમાં સંક્લેશો વધે, 'ખુરશી'ની મારામારી વધે, ટ્રસ્ટ એક્ટના જોખમો વધે, સરકારનો ભય વધે, અને બીજી બાજુ એ દ્રવ્યથી ભગવાનની ઉત્કૃષ્ટ ભક્તિ કરવાનું કર્તવ્ય આપણે ચૂકી જઈએ, એ કેવું ?**

પ્રાચીન જિનાલયોના જીર્ણોદ્ધારોમાં મોટા ભાગની રકમ ફાળવતા રહેવા સાથે, શેષ દ્રવ્યનો આ રીતે સદુપયોગ થતો રહે, એ અનેક રીતે ઉચિત લાગે છે. આમાં દેવદ્રવ્યનો વેડફાટ નથી, પણ શાસ્ત્રકથિત વિનિયોજન છે. શ્રાવકો આ રીતે કૃપણ બની જશે, આવો ભય બતાવીને ફાળા પર જ - જે - જેટલું - જેવું આવ્યું - એના પર જ નિર્વાહ કરવો. એમાં પેલા સેવક જેવો - ભારોભાર અવિવેક રહેલો જણાય છે. અરે, ઉલ્ટું ખાલીખમ દેરાસરમાં જે વ્યક્તિ માંડ ૧ રૂપિયો ભંડારમાં નાખતી હતી, તે મહાપૂજાના માહોલમાં ૧૦૦ રૂ. નાખી દેશે. આંગીમાં જેઓ હંમેશ મુજબ ૫૧ રૂ. લખાવતાં હતા, તેઓ આ ભક્તિથી ભીના બનીને ૫૦૦૧ રૂા. લખાવતા થઈ જશે. અરે, **દિલ દઈને પાછું જોયા વિના કરાતી મહાપૂજાને જોઈને સંપૂર્ણ લાભ લેવા માટે પણ પડાપડી થશે. સીધું ગણિત છે - ખાલીખમમાં બધું ખાલીખમ.. હર્યાભર્યામાં બધું હર્યું ભર્યું.**

કદાચ 'ક્ષેત્ર'ની અપેક્ષાએ એવો પ્રતિભાવ ન પણ હોય, તો ય જ્યાં સુધી ભગવાનનું ખાતું તરબતર હોય, ત્યાં સુધી ભગવાનની ભક્તિ તરબતર હોય, એમાં જ ઔચિત્ય છે. **ભગવાન તો ત્રણ લોકના નાથ છે. એમના દરબારમાં તો રોજ મહાપૂજા થાય ને રોજ નોબતો વાગે, તો ય એમાં કશું અજુગતું નથી.**

કમ સે કમ પર્યુષણ મહાપર્વમાં, શાશ્વતી ઓળીઓમાં અને વિશિષ્ટ પર્વોમાં તો ભગવાનની વિશિષ્ટ ભક્તિ થાય જ, એ શાસ્ત્રની દૃષ્ટિએ, વ્યવહારની દૃષ્ટિએ, ઔચિત્યની દૃષ્ટિએ અને ભક્તિની દૃષ્ટિએ સમ્યક્ લાગે છે.

* * * * *

## ❁ અસ્મિતા જૈનત્વની ❁

આપણે જૈન છીએ, જૈનત્વનો પરિચય શું ? વ્યાકરણના સૂત્ર - **सोऽस्य देवता** - થી જૈન શબ્દ બન્યો છે. જિન એ જેના ભગવાન છે એ જૈન, મારા ભગવાન જિન, તો હું જૈન, જિન આપણને '**ભગવાન**' તો લાગે છે, પણ ખરો પ્રશ્ન એ છે, કે શું એ આપણને '**મારા**' લાગે છે ?

કહેવા પૂરતા નહીં, પણ અનુભવના સ્તરે, સંવેદનની કક્ષાએ, શરીર માંદુ પડે ને અજંપો થાય છે. દીકરાનો અકસ્માત્ થયા ને આકાશ તૂટી પડે છે. દુકાનમાં ઘરાક ઓછા થાય, ને ઉંઘ હરામ થઈ જાય છે. કારણ ? શરીર-દીકરો-દુકાન આ બધા આપણને '**મારા**' લાગ્યા છે. કહેવા પૂરતા નહીં, પણ **અનુભવ** ને **સંવેદન**ના સ્તરે.

ભગવાન માટે 'મારા'પણાનું આ સ્તર આવે તો દિવસમાં સહજપણે ત્રણ વાર દેરાસર દોડી જવાય. દેરાસરના બધાં જ કાર્યો પોતાના ઘરના કાર્યો લાગે. ચતુર્વિધ સંઘ પોતાના સ્વજન જેવો લાગે, દેરાસર અને પાઠશાળામાં આવનારાઓની સંખ્યા ઓછી થાય, તો ઉંઘ હરામ થઈ જાય. શાસન ઉપર આવતું આક્રમણ સાંભળીને આપણા પર જાણે આકાશ તૂટી પડે. સંઘની ઉન્નતિ અને પ્રગતિ માટે આપણે સહજ રીતે બધું જ કરી છૂટીએ.

પણ જો આવું કશું જ ન થતું હોય, તો આપણને ભગવાન '**મારા**' લાગ્યા જ નથી. ભગવાને તો આપણા ખાતર લોહી-પાણી એક કર્યા, છ-છ મહિનાના ઉપવાસો કર્યા, કાળચક્રના ઉપસર્ગો સહ્યા, આપણે ભગવાનને શું આપ્યું ? ભગવાન ખાતર શું કર્યું ? અરે, કરવાની વાત તો જવા દો, ભગવાન આપણને '**મારા**'ય ન લાગ્યા ?

ખૂબ આત્મમંથન કરીએ... આપણી આ સ્થિતિ છે, તો શું ભગવાન ફરી મળશે ખરા ? ને નહીં મળે તો આપણા કલ્યાણની કોઈ શક્યતા ય રહેશે ખરી ? **વધુ કશું નહીં થાય, તો ચાલશે, at least જૈન બનીએ... જૈનત્વની લાગણી અને ખુમારી આપણી રગ-રગમાં ભરી દઈએ.**

* * * * *

## ❁ શ્રુતમંદિરમ્ ❁

શ્રુત એ પ્રભુનો શબ્દદેહ છે. પૂ. હરિભદ્રસૂરિ મહારાજાના શબ્દોમાં કહીએ, તો શ્રુત એ વાસ્તવમાં સ્વયં પ્રભુ જ છે.

**अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्तवतो मुनीन्द्रः ।**

જ્ઞાની પુરુષો જેને ભગવત્તુલ્ય કહે છે. તેનું સ્થાન આપણે કેટલું ગૌરવપ્રદ રાખવું જોઈએ ? કમ સે કમ આપણા આગમાદિ મુખ્ય ગ્રંથોને તો ભવ્ય ગૌરવપ્રદ સ્થાને પધરાવીને સકલ શ્રીસંઘ પ્રતિદિન તેના દર્શન-વંદનનો લાભ લઈ જિનવચન પ્રત્યે બહુમાન ભાવને ઉલ્લસિત કરવા દ્વારા **જ્ઞાનાવરણીય આદિ કર્મોની નિર્જરા** કરે અને **ઉત્કૃષ્ટ પુણ્યનું ઉપાર્જન** કરે, એવી વ્યવસ્થા દરેક સંઘમાં હોવી જોઈએ.

જેસલમેર વગેરે અનેક પ્રાચીનતમ સ્થાનોમાં જિનાલયમાં જ શ્રુતસંપત્તિ રાખવામાં આવતી હતી, અને **આજે પણ જેસલમેરમાં કિલ્લાના જિનાલયમાં પ્રાચીન જ્ઞાનભંડાર યથાવત્ છે. માંડલના જિનાલયમાં શ્રીવસ્તુપાળ મંત્રી દ્વારા લખાયેલ પ્રતિ દર્શનાર્થે પધરાવેલ છે. શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજે સરસવના દાણામાંથી ઘોડસવાર ઉત્પન્ન કરવાની વિદ્યા એક જિનાલયના**

**સ્તંભમાં રહેલ પુસ્તકમાંથી મેળવી હતી.** આજે પણ સુરત-અઠવાલાઈન્સ વગેરે સ્થાનોમાં જિનાલયમાં જ યોગ્ય સ્થાને ૪૫ આગમોને ભવ્ય રીતે પધરાવ્યા છે, જેમના દર્શન-વંદનનો લાભ પ્રતિદિન લઈને શ્રીસંઘ પાવન થઈ રહ્યો છે.

દિગંબર પરંપરા **સમયસાર** વગેરે ગ્રંથોને આગમતુલ્ય માને છે, તો તેઓ તે ગ્રંથોને તેમના દેરાસરમાં જ સુંદર સ્થાને બહુમાનપૂર્વક પધરાવે છે. અને તેમના દર્શનાદિ કરે છે, જાણે એ ભગવાન જ હોય. વૈદિકો **રામાયણ** કે **ગીતા** માટે આવું બહુમાન ધરાવે છે. મુસ્લિમો દુકાનમાં બેઠા હોય તો ય તેમના ટેબલના ખાનામાં **કુરાન** રાખે છે. ફુરસદમાં વાંચે છે. નેપાળમાં લામાઓએ તેમનો ધર્મગ્રંથ **'મૂળનાયક'** જેવા દબદબા સાથે દિવસ રાત ચાલતી દીવાઓની રોશની સાથે પધરાવ્યો હતો, એવો ઈતિહાસ મળે છે.

સંપ્રદાય કે પરંપરાનું ગૌરવ અને તેનું મૂળસ્વરૂપ તેના શાસ્ત્રબહુમાનને આભારી હોય છે. **જે પરંપરાને પોતાના મૂળભૂત ધર્મગ્રંથ પ્રત્યે ઉત્કૃષ્ટ બહુમાન આદર ન હોય, તે પરંપરા યા તો નામશેષ થઈ જાય છે, અને યા તો તેના મૂળસ્વરૂપને ગુમાવી બેસે છે.**

વિશ્વનો અજોડ શ્રુતવારસો આપણને મળ્યો, આપણને એની સાથે કેટલો સંબંધ ? ને કેવો સંબંધ ? વર્ષે એક વાર કલ્પસૂત્રની પૂજા ને વધામણા કરીને સંતોષ ? સાડા આઠ વાગે એ પૂજા ચાલુ થાય ત્યારે કેટલા જણની હાજરી હોય ? પરમ પાવન આગમસૂત્રો તો નિશદિન પૂજ્ય છે. અરે, આપણે તો બહુમાન અને પૂજાથી પણ આગળ વધીને પૂજ્ય ગુરુ ભગવંતો પાસે એ સૂત્રોના રહસ્યો જાણવાના છે અને જીવનમાં ઉતારવાના છે, પણ એની પૂર્વભૂમિકા છે, ઉછળતો બહુમાનભાવ... દર્શન... વંદન... પૂજન.

આ બધો વિચાર કરતા એમ લાગે છે, કે **પ્રત્યેક સંઘમાં જિનાલય આદિ યોગ્ય સ્થાનમાં શ્રુતમંદિર હોવું જોઈએ.** જેનો સહજ રીતે સકળ શ્રીસંઘને લાભ મળે. નાનું સ્થાન હોય, વિશાળ જગ્યા ન હોય, તો પણ એક દીવાલમાં ૪ ફૂટ ઊંચે ગોખલા/શોકેસ દ્વારા આગમાદિ ગ્રંથોને સુંદર-દર્શનીય રીતે પધરાવી શકાય છે. આરસ/કાચ/લાકડા વગેરેની સામગ્રી, પ્રતોને અનુરૂપ

ખાના, એક જ દૃષ્ટિએ દૃષ્ટિગોચર થતા ૪૫ આગમો આદિ પ્રાચીન ગ્રંથો, એક ગ્રંથના જ્ઞાનપૂજનની વ્યવસ્થા અને જ્ઞાનદ્રવ્યનો ભંડાર - આ રીતે સુંદર શ્રુતમંદિર બની શકે છે. જિનાલયમાં શ્રુતમંદિર રાખવા માટે શાસ્ત્રીય બાધ નથી. શ્રુતમંદિરનો લાભ શ્રાવકો લઈ શકે છે અને શ્રીસંઘના જ્ઞાનદ્રવ્યમાંથી પણ તેનું સંપૂર્ણ નિર્માણ થઈ શકે છે. વિદ્યાર્થીઓ, જ્ઞાનપિપાસુઓ દર સુદ પાંચમના દિવસે આ શ્રુતમંદિર સમક્ષ જ્ઞાનની વિશિષ્ટ સાધના પણ કરી શકે છે. ભગવાનના દર્શન-પૂજન કરવા આવેલ દરેક વ્યક્તિ આ પરમ પાવન શ્રુતસંપદાને ક્ષણ માટે પણ હાથ જોડીને માથું નમાવે, એ લાભ પણ નાનો સૂનો તો નથી જ.

શ્રાવકની શ્રુતસંવેદના તો એ સ્તરની હોવી જોઈએ કે પોતાના ઘરમાં ય પવિત્ર સ્થાને આવું શ્રુતમંદિર બનાવે, ત્રિકાળ દર્શનાદિ કરીને ગદ્ગદ્ બને, ક્યારે આ બધું જ્ઞાન મને આત્મસાત્ થાય, એવી ભાવના ભાવે... અને અપૂર્વ અપૂર્વ નિર્જરા કરે. એ સ્તર પર ભવિષ્યમાં આવી શકશે, જો પહેલા શરૂઆત કરીએ - શ્રીસંઘના સ્થાનેથી.

* * * * *

**અદ્ભુત એવા**
**જિનશાસનને**
**વંદન... વંદન... વંદન...**

## ❁ શાસન સંવેદના ❁

**સમ્રાટ સંપ્રતિ** એટલે જિનશાસનની સંવેદનાથી એક ધબકતું હૃદય. દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેની એક મૂર્તિમંત ભક્તિ. જિનશાસનનો પ્રસાર કરવા માટે એમણે અનાર્ય દેશોમાં પણ સાધુઓના વિહારોને સુલભ બનાવ્યા. સેવક રાજાઓને કહી દીધું કે **મારે તમારી પાસેથી કોઈ જ ખંડણી જોઈતી નથી. તમે સાધુઓની ભક્તિ કરો. હું એનાથી જ પ્રસન્ન બની જઈશ.** સમ્રાટને ખબર હતી, કે સાધુઓના વિહારક્ષેત્ર વધશે, એટલે જિનશાસનનો વ્યાપ વધશે જ.

આજની સ્થિતિ શું ? વિહારક્ષેત્ર કેટલું ? જિનશાસનનો વ્યાપ કેટલો ? જેના હૃદયમાં શાસનની સંવેદના વસી છે, એ શું કરી શકે, તે જણાવવા માટેનો આ પ્રયાસ છે. **આજે લગભગ ગણતરીના શહેરોમાં જિનશાસન સીમિત બની ગયું છે.** કારણ કે ગામડાના વિહારો લગભગ બંધ થઈ ગયા છે. જે વિહારોના રુટમાં ગામડાઓ આવે છે, એ વિહારો પણ એવી રીતે થાય છે, કે જેમાં ગામડા સાથે - લોકો સાથે પ્રાયઃ કોઈ લેવા-દેવા ન રહે. જ્યારે નિર્દોષ ગોચરી માટે ગયા હોઈએ, અને 'તમે કોણ છો ?' એવો પ્રશ્ન થાય, ત્યારે ખરેખર આંચકો લાગે છે - 'હું આર્ય દેશમાં છું ? કે અનાર્ય દેશમાં ?'

**પરિણામ ? નિર્દોષ વિહારો દુર્લભ, ગામડાના ધર્મસ્થાનો અસુરક્ષિત, તીર્થો ભયમાં, શ્રમણીઓનું શીલ જોખમમાં, જિનશાસનનું સંકુચન, શહેરોમાં વધુ પડતા ઠાણા, પ્રવચનમાતાનું પાલન દુષ્કર, શહેરી વ્યસ્ત જીવનમાં દૈનિક પ્રવચનશ્રવણની અશક્યતા.**

આ સ્થિતિમાં શું થવું જોઈએ ? સંઘમાં અમુક જુથો એવા હોવા જોઈએ કે જેમાં સંખ્યાબંધ યુવાનો શાસનસેવા માટે થનગનતા હોય. આ યુવાનોએ ગ્રામ્ય જનતામાં મહાત્માઓનું પ્રવચન ગોઠવવા માટે વિપુલ પ્રચાર સામગ્રી રાખી હોય, રામાયણ આદિ લોકપ્રિય વિષયોના વિરાટ બેનરો, જૈન સાધુની આચાર સંહિતા જણાવતા બેનરો, ભગવાન મહાવીરના જીવનના પ્રસંગોને જણાવતા બેનરો, ભગવાન મહાવીરની હૃદયસ્પર્શી વાણીના બેનરો.

રાતોરાત આ બધું ગામડાની ગલી-ગલીમાં લાગી જાય. પ્રવચન સ્થળ-સમયની જાહેરાત થઈ જાય. સવારે મહાત્મા પધારે ત્યાં સુધીમાં તો આખું ગામ ભાવિત-પ્રભાવિત થઈ જાય. મહાત્માની નિર્દોષ ભિક્ષાચર્યા જોઈને લોકો અહોભાવ ધરાવતા થઈ જાય. બીજી બાજુ યુવાનો યોગ્ય સાધનોથી ગામમાં ફરી ફરીને મૌખિક જાહેરાતો પણ કરતાં રહે. નિયત સમયે હજારો લોકોની સમક્ષ પ્રવચન થાય. મહાત્માને રાહત રહે એ માટે અને પ્રવચન રોચક બને, એ માટે પ્રવચનની પહેલા કે પછી યુવાનો લોકપ્રિય ભક્તિગીતો, પ્રેરક દુહા વગેરે સંગીત સાથે ગાય-ગવડાવે. વક્તૃત્વકુશળ યુવાન પૂરક-પ્રવચન આપે. છેવટે માંસ, દારૂ, વ્યસનો વગેરે પાપો છોડવા માટે અને પરોપકાર વગેરે ધર્મ કરવા માટે પ્રતિજ્ઞા અપાય. યુવાનોએ રાખેલ જાહેર જનતાને ઉપયોગી સાહિત્ય અપાય. ક્રમશઃ વિશેષ ભાવિત બનેલ ગામમાં ભગવાનના ફોટા, નવકાર મંત્ર, નવકારવાળી વગેરે અપાય.

**જો આ રીતે પ્રચારો અને પ્રવચનો ચાલુ રહે તો વિહારક્ષેત્રો વધશે, વિહારો નિર્દોષ બનશે, ગ્રામ્ય જીવનમાં મહાત્માઓની જ્ઞાનશક્તિ અને વિનિયોગશક્તિનો વધુ લાભ લેવાશે, તીર્થો-દેરાસરો-ઉપાશ્રયો-સંઘની જમીનો-સાધુ-સાધ્વીઓ - આ બધાંની રક્ષા થશે, શહેરી દૂષણોથી દૂર રહી શકાશે, જાહેર જનતાનું કલ્યાણ થશે. તે તે પ્રદેશ આપણા મહાત્માઓથી ભાવિત થયો હોવાથી રાજનેતાઓ - સત્તાધીશો સામે ચાલીને મહાત્માઓને વંદન કરવા આવશે. શાસનના સંકટો ટળશે - રચનાત્મક કાર્યો થશે.**

હજુ મોડું નથી થયું. હજી વિહારો ચાલું જ છે. શક્તિસંપન્ન મહાત્માઓ વિચરી રહ્યા છે, ત્યારે શાસનપ્રેમી યુવાનોએ આ પૂરક કાર્ય માટે પ્રયત્નશીલ બનવા જેવું છે.

યાદ રહે, કે એ યુવાનોએ મહાત્માને મદદ નથી કરવાની. પણ આ સમગ્ર કાર્યને પોતાનું પરમ કર્તવ્ય સમજીને પોતે મહાત્માનો સહયોગ લેવાનો છે. પ્રચાર-બેનરો, સાધનો, સાહિત્યો, સામગ્રી બધું જ યુવાનોનું, મહાત્મા પૂર્ણપણે એમની સંયમ મર્યાદામાં હોય. ન એમની પાસે પરિગ્રહ હોય, ન

એમની પાસે વહીવટ હોય. મહાત્માઓ સ્વાધ્યાય કરે. નિર્દોષચર્યાથી ગોચરી કરે, પ્રવચન આપે અને ધર્મલાભના આશિષ આપે.

**જિનશાસનની પરિસ્થિતિ વિષમ હોય, ત્યારે ઉત્સવ-મહોત્સવ-અનુષ્ઠાનો આદિ કરતાં પણ આવા પ્રકારના દીર્ઘદર્શી રચનાત્મક કાર્યો અનેકગણું મહત્ત્વ ધરાવે છે. તન-મન-ધનથી આવા કાર્યોમાં કરેલ વિનિયોગ અનેકગણું ફળ આપે છે.** દરેક સંઘના યુવાનો માત્ર રવિવાર પૂરતી પણ આ પ્રવૃત્તિ ચાલુ કરે, તો તેનો પ્રતિસાદ અને પરિણામ જોઈને, તેઓ પોતે જ આ પ્રવૃત્તિનો વ્યાપ વધારવા માટે પ્રયત્નશીલ બની જશે.

✳ ✳ ✳ ✳ ✳

## Do You Know ?

આપણે

આપણા નથી,

જિનશાસનના છીએ.

જેની આરાધના થઈ

એ વસ્તુ અલ્પકાલીન હોઈ શકે છે.

પણ

જેનો વિનિયોગ થયો

એ વસ્તુ તો તમારી થઈ ગઈ.

ભવો ભવ સુધી

ને મોક્ષ સુધી.

## ❁ મહાવીર ખીચડી ઘર ❁

શહેરો અને મોટા ગામોના ભિક્ષુકો અને ગરીબો આ શબ્દથી સુપરિચિત છે. વર્ષોથી દર રવિવારે તેઓ પેટ ભરીને ખીચડી જમે છે. ક્યારેક શાહી ખીચડી પણ હોય છે. ક્યારેક શીરો પણ અને ક્યારેક મિઠાઈ પણ. 'ભગવાન મહાવીર'વાળા અમને ખીચડી ખવડાવે છે, આટલી કદાચ એમને ખબર છે. પ્રશ્ન એ છે કે એ 'મહાવીર'ને વધારે ઓળખે છે ? કે 'ખીચડી'ને ?

નખશિખ કરુણામૂર્તિ યુગપ્રધાનસૂરિસમાન **પ.પૂ.પં.શ્રીચન્દ્રશેખરવિજયજી મહારાજે** પાવન પ્રેરણા દ્વારા આ મિશન ચાલુ કર્યું, તેની પાછળ દયા-અનુકંપા-કરુણાનો તો આશય હતો જ, સાથે સાથે ધર્મરક્ષા વગેરેનો પણ આશય હતો. વિરમગામ-જૈન વાડીમાં તેમના જાહેરપ્રવચનમાં તેમણે ખીચડી ઘરમાં દાન આપવા માટે પ્રેરણા કરી, ત્યારે તેમણે આ આશયની સ્પષ્ટ અભિવ્યક્તિ કરી હતી, જે મેં પોતે પણ સાંભળી હતી.

**अणुकंपादाणं पुण जिणेहिं ण कहिंचि पडिकुट्ठं** - આ શબ્દો દ્વારા શાસ્ત્રકારોએ અનુકંપાદાનની અનિષિદ્ધતા જણાવેલ છે. હૃદયના કોમળ પરિણામોની રક્ષા કરતું હોવાથી આ દાન આત્મહિતકારી પણ છે. પણ **જ્યારે આ દાનમાં ધર્મરક્ષા આદિનો આશય પણ ભળે, ત્યારે આ દાન અનેકગણું મહાન બની જાય છે.**

આપણા સમાજની માનસિકતા મોટે ભાગે પૈસા આપીને કે વસ્તુનું વિતરણ કરીને કૃતકૃત્ય બની જવાની હોય છે. આપણે સ્કુલ-કોલેજોમાં મોટું ડોનેશન આપી શકીએ છીએ, પણ ત્યાંની પ્રાર્થનામાં **'નવકારમંત્ર'** કે **'હે ત્રિશલાના જાયા'** નો ઉમેરો કરાવી શકતા નથી. ત્યાં **પ્રભુ વીરની મંગલમૂર્તિ** પધરાવી શકતા નથી, કે ત્યાં **જૈનીઝમનો કોર્સ** દાખલ કરાવી શકતા નથી. આપણે હોસ્પિટલ બંધાવી શકીએ છીએ પણ ત્યાં **સાધુ-સાધ્વી ભગવંતો કે સાધર્મિકો માટે અનામત વ્યવસ્થા** કરાવી શકતા નથી. આપણે કડકડતી ઠંડીમાં રાતે બાર વાગે ફૂટપાથ પર જઈને ધાબળા ઓઢાડી શકીએ છીએ, પણ અવસર આવ્યે એ વર્ગ આપણા **સંઘ-શાસનની રક્ષા** કરે, એવી એમની

યોગ્યતાને કેળવી શકતા નથી. આપણે ભૂકંપગ્રસ્ત કે પૂરગ્રસ્ત વિસ્તારનું સંપૂર્ણ નવનિર્માણ કરી શકીએ છીએ, પણ આપણા **દેવ-ગુરુ-ધર્મને એ નવનિર્મિત વિસ્તારમાં સ્થાન** અપાવી શકતા નથી. આ બધી શક્યતાઓ તો દૂરની વાત છે, કદાચ આપણને આવો વિચાર સુદ્ધા આવતો નથી.

આપણે ખીચડી જમાડીએ છીએ, એ સારું જ છે, એની સાથે સાથે જ આપણે ઈચ્છીએ તો આપણા **પુણ્યના અનંતગણા ગુણાકારો** કરી શકીએ છીએ. તે માટેના ઉપાયો આ પ્રમાણે છે :-

(૧) અલગ અલગ ગ્રુપો અલગ અલગ વિસ્તારમાં ખીચડી દેવા જાય, એવું ન કરતાં એક સંસ્થા દ્વારા એક જગ્યાએ બનેલી ખીચડીનું **સંપૂર્ણ વિતરણ** કોઈ મેદાન કે શાળા વગેરેમાંથી થાય એવો પ્રબંધ થાય.

(૨) ખીચડી આપતા પહેલા બધાને પ્રેમપૂર્વક બેસાડીને યથાસંભવ **મહાત્માનું પ્રવચન** સંભળાવવામાં આવે.

(૩) મહાત્માના અભાવે તપોવન આદિ દ્વારા તૈયાર થયેલ **યુવાન/પંડિત દ્વારા પ્રવચન** સંભળાવવામાં આવે.

(૪) રામાયણ, વેદો, પુરાણો, આગમો, નરસિંહ મહેતાની કૃતિઓ, મીરાં ને કબીરની કૃતિઓ વગેરે દ્વારા **સર્વધર્મસમ્મત રસપ્રદ ઉપદેશ** આપવામાં આવે.

(૫) અમુક મહિનાઓ સુધી પ્લાનપૂર્વક ધીમે ધીમે ઉપદેશનું સ્તર ઉંચું લાવવામાં આવે.

(૬) પછી **જૈન ધર્મસ્પર્શી અંશો**નો પણ પ્રવચનમાં સમાવેશ કરાય.

(૭) શરૂઆતમાં જ માંસ-દારૂ-વ્યસન વગેરેના ત્યાગની અને પાયાના ધર્મોની **પ્રતિજ્ઞા** અપાય.

(૮) તે તે પ્રવચનને અનુરૂપ **પેમ્પ્લેટ, પુસ્તિકા, પુસ્તક** વગેરે અપાય.

(૯) જૈન ધર્મ સ્પર્શી પ્રવચન બાદ **પ્રભુ વીરના ફોટા, નવકારમંત્રના સ્ટીકર, નવકારવાળી તથા અન્ય સાહિત્ય** અપાય.

(૧૦) એમ ક્રમશઃ આગળ વધતાં વધતાં તેમને **'જૈન'** કક્ષાએ કે **'જૈન-અનુરાગી'** કક્ષાએ લઈ જવાય.

ધાબળા-દાન, અનુકંપા દાન, દુષ્કાળદાન, ભૂકંપ રાહત આદિ બધામાં યથોચિત રીતે યથાસંભવ આ દૃષ્ટિ રાખી હોય, તો તે તે પીડિતો પર **ભાવ-ઉપકાર** શક્ય બને. **એક ભિખારી કે ગરીબ આખી જિંદગી સુધી આપણી ખીચડી ખાતો જ રહે, એમાં એને કેટલો લાભ ? આપણે આપીએ છીએ ને એ લે છે, આ તફાવત દૂર થાય, એનાથી પણ આગળ વધીને એ પરંપરાએ સદ્ગતિ અને પરમગતિ પામે, એવો પ્રયાસ કરાય તો જબરદસ્ત ઉપકાર કર્યો ગણાય.**

આપણે એની પીડાની ઉપેક્ષા કરીને લુખ્ખો ઉપદેશ આપીએ, તો એની અસર કદાચ ન થાય. જ્યારે આપણે ખીચડી આદિના માધ્યમથી એની પીડાને દૂર કરવાનો પ્રયાસ કરીએ છીએ, અને લાગણી બતાવીએ છીએ, તો પછી આપણે જે કહીશું, એને એ હૃદયથી સાંભળશે અને સ્વીકારશે. કદાચ એની સમજશક્તિ ઓછી હશે, તો થોડો સમય વધુ લાગશે, એટલું જ.

શક્ય હોય તો ૨-૪-૮ કેન્દ્રોવાળાએ વિશાળ જગ્યામાં સામૂહિક ભોજનનું પણ આયોજન ગોઠવવું જોઈએ. જેથી વર્તમાનપત્ર આદિ માધ્યમો દ્વારા જાહેર જનતા **મહાવીરની કરુણાથી** પરિચિત થાય, અને જિનશાસનની પ્રશંસા કરવા દ્વારા **બોધિબીજ** પામે.

મારે તો એવા યુવાનોના દર્શન કરવા છે, જેમના રોમે રોમે જિનશાસન હોય, જેમના આત્માના પ્રદેશે પ્રદેશે મહાવીર હોય, જેઓ પ્રચંડ ખુમારીથી દુનિયામાં મહાવીરનો ઝંડો લઈને ફરવા માટે થનગનતા હોય. એક બાજુ ખીચડીનું વિતરણ ચાલતું હોય, અને બીજી બાજુ એ યુવાનો કહેતા હોય, **''અમે તમને કશું નથી આપતા, જે આપે છે, એ મહાવીર આપે છે, અમે તો મહાવીરના પગની ધૂળ છીએ. અમારું જે કાંઈ પણ છે, એ મહાવીરનું છે. જે મહાવીરનું અન્ન તમારા પેટમાં ગયું છે, એને તમે વફાદાર**

**રહેજો. જે મહાવીરની કરુણાએ તમારા આંસુ લૂંછ્યા છે, એ મહાવીરના માટે માથું આપી દેજો. દુનિયાના કોઈ નેતા, અભિનેતા કે ઉદ્યોગપતિઓ તમારા નથી. એ કોઈને તમારા ભલામાં રસ નથી. તમારું ભલું તો મહાવીરે ઈચ્છ્યુ છે, ને આજે ય એ તમારું ભલું કરી રહ્યો છે. સૂતા-ઉઠતા-ચાલતા-બેસતા ડગલે ને પગલે તમે ભગવાન મહાવીરનું નામ લેજો. એનાથી તમારા બધાં જ દુઃખો ટળી જશે. બોલો ભગવાન મહાવીરની જય.''**

યુવાનોની નાભિમાંથી આ ઉદ્ગારો નીકળતા હોય, બોલતાં બોલતાં એમનો કંઠ ગદ્ગદ્ થઈ ગયો હોય, અને આંખોમાંથી રીતસર આંસુઓ સરી રહ્યા હોય, એ શું એળે જશે ? શું એની અસર નહીં થાય ? **'મહાવીર ખીચડી ઘર' ભિક્ષુકોથી માંડીને શ્રીમંતો સુધીની સમસ્ત જાહેર જનતાનો ઉદ્ધાર કરી શકે છે. શરત એટલી, કે એમાં 'મહાવીર' ગૌણ ન બની જાય.**

✳ ✳ ✳ ✳ ✳

આપણા પરની કરુણાથી
પ્રભુ વીરે
જે અશ્રુધારા વહાવી હતી
એના માત્ર એક જ બિંદુનું
શું મૂલ્ય થઈ શકે ?
ખબર છે ?
કમ સે કમ
એ આપણા સર્વસ્વથી ય
અનંતગણું મૂલ્યવાન છે.

## ❁ જોઈએ છે.... એક કડી ❁

‘‘સાડા નવ થઈ ગયા, જો તો કોઈ આવ્યું છે ?’’ ‘‘જી...હં...બે ઘરડા કાકા બેઠા છે. એક બહાર બાંકડે બેઠા છે. આ બેમાંથી ય એક તો ખુરશી પર બેઠા બેઠા જ સૂઈ ગયા છે.’’ ‘‘બસ, આપણે આ કાકા-કાકીઓને જ વ્યાખ્યાન આપવાનું છે. જેઓ બગડવાના પણ નથી, અને સુધરવાના પણ નથી. કદાચ સમજવાનાં કે સાંભળવાના પણ નથી.’’

કેમ આમ ? શું જેઓ સાંભળી શકે છે, સમજી શકે છે અને સુધરી શકે છે, તેઓ ધર્મવિમુખ જ છે ? ના, સાવ એવું તો નથી, પણ એ બધો વર્ગ વ્યાખ્યાનના બે કલાક પહેલા જ સ્કુલો અને કોલેજોમાં જતો રહ્યો હોય છે, યા તો ટ્યુશન-ક્લાસમાં હોય છે. રાતે બધા કદાચ આવી શકે, પણ સંયમની મર્યાદામાં રાતે બધાનો સમાવેશ કરવો શક્ય નથી. તો હવે ? બસ, કાકા-કાકીઓને આપતા રહો... આ સ્થિતિમાં યુવાવર્ગ વધુ ને વધુ ધર્મવિમુખ થાય છે. પછી એને જ્યારે અનુકૂળતા હોય, ત્યારે ય એને જિનવાણીશ્રવણના ભાવ જાગતા નથી. પરિણામે રજાના દિવસોમાં પણ લોકોને ભેગા કરવા માટે જમણવારનું નિમિત્ત ઉભું કરવું પડે છે, એના માટે મોટો ખર્ચ કરવો પડે છે, વ્યવસ્થાઓ ગોઠવવી પડે છે. આટઆટલું કરવા છતાં ય વ્યાખ્યાનસભાના અને જમણવારસભાના આંકડાઓ વચ્ચે મેળ ખાતો નથી. પાંચ-સાત જણાથી શરૂ થયેલ વ્યાખ્યાન છેલ્લે પચીશ-પચાશ જણે પૂરું થાય. મોટા ભાગના લોકો મોડા આવે, ઘણા લોકો વહેલા જતાં રહે. ને બીજા દિવસથી તો એ જ... કાકા અને કાકી.

**જ્ઞાનશક્તિ, વિનિયોગશક્તિ, પરાર્થની ભાવના વગેરે અનેક ગુણોના સ્વામી આપણા પ્રવચનકારોનો આપણે આવો લાભ લઈએ છીએ, એ કેટલું શોચનીય છે ! એમની શક્તિનો પૂરો લાભ લેવો હોય, તો આખો ઢાંચો ફરાવવો પડશે. આખી પદ્ધતિ બદલવી પડશે. જેનો એક પ્રકાર છે સ્કુલો અને કોલેજોમાં પ્રવચનોનો શુભારંભ.**

આ પ્રકારમાં કોઈ ખર્ચ નથી. શરૂઆતથી અંત સુધી સંપૂર્ણ વિરાટ

સંખ્યામાં હાજરી હોય છે. અને શ્રોતાવર્ગ કિશોર અને યુવા વયનો હોય છે. જે સાંભળી શકે છે, સમજી શકે છે અને સુધરી શકે છે. **જો શ્રાવકો આવા પ્રવચનોના આયોજનો કરવા માટે સક્રિય બને, અને શક્તિશાળી પ્રવચનકારો આ પદ્ધતિથી પ્રવચન કરતાં થઈ જાય, તો તેમનો પુરુષાર્થ અનેકગણો ફળીભૂત થાય.**

એક આચાર્ય ભગવંતને આખું ચોમાસું આ રીતે પ્રવચનો કરવાની ભાવના થઈ. સંઘના મુખ્ય શ્રાવકને તેમણે આવું આયોજન કરવાની વાત કરી. આખું ચોમાસું પણ પસાર થઈ ગયું અને વિહાર પણ થઈ ગયો. સમ ખાવા પૂરતું એક પણ સ્કુલ-કોલેજ પ્રવચન ન થઈ શક્યું. આમાં જવાબદાર આપણી માનસિકતા છે ''મહારાજ સાહેબ સ્કુલ-કોલેજમાં શી રીતે આવે ? આપણે કોને કહેવું ? કઈ રીતે કહેવું ? એનો પ્રતિભાવ કેવો મળે - એ કોને ખબર ? ના ના, આપણે અહીં જ વ્યાખ્યાન રાખો. જેને સાંભળવું હશે, એ આવશે. આપણે રૂપિયા-રૂપિયાની પ્રભાવના રાખીશું.'' નમો અરિહંતાણં !!!

જૈન સમાજની આવી માનસિકતા જોઈને મેં પોતે સ્કુલોમાં જઈને પ્રિન્સીપાલોને મળીને પ્રવચન કર્યું હતું. મારા જવાથી એમને આનંદ થયો હતો. એક જ ક્ષણમાં એમણે પ્રવચનની સહર્ષ સમ્મતિ આપી હતી. મારે ફરી ન આવવું પડે. એ માટે તત્કાળ તે જ સમયે પ્રવચનનું આયોજન થયું હતું. ૨૦૦/૪૦૦/૬૦૦/૮૦૦ છોકરાંઓ... તેમને ગમે તેવી શૈલી-ગ્રાહ્ય બને એવા વિષયો- હસાવે એવા ટૂચકાઓ - રસ પડે એવા દૃષ્ટાંતો. તાળીઓના ગડગડાટો થયા. બધાં ભાવિત-પ્રભાવિત થયા. માતા-પિતાને પ્રણામ, શિક્ષકોને નમસ્કાર, સંતોને વંદના-એવા આરંભિક આચારોના નિયમો અપાયા. **દરેક સ્કુલમાં પ્રિન્સીપાલે મારો ખૂબ ખૂબ ઉપકાર માન્યો હતો અને ફરી પધારવા માટે આગ્રહભરી વિનંતિ કરી હતી.**

એક સ્કુલમાં મેં A, B, C, D આ ચાર અક્ષરો પર પ્રવચન આપ્યું હતું. તે સ્કુલના પ્રિન્સીપાલે મને ખૂબ ખૂબ વિનંતિ કરી કે આપ ફરી ફરી પધારો અને Z સુધીના અક્ષરો પર પ્રવચન આપો.

પણ મારી જેમ સામે ચાલીને જવું, એ કેટલાથી શક્ય બને ? જેમના

હૃદયમાં પરોપકારની ભાવના છે, તેવા શ્રાવકોએ પ્રિન્સીપાલ, સ્કુલ/કોલેજના ટ્રસ્ટીઓ વગેરેને મળીને આવા પ્રવચનનું આયોજન કરાવવું જોઈએ. **લોકોને ભેગા કરવા માટે સંગીતકાર, વિધિકાર, જમણવાર વગેરેમાં હજારો-લાખો રૂપિયાનો વ્યય કરવા કરતાં આ શૂન્ય-ખર્ચની સરળ પદ્ધતિ અનેક રીતે શ્રેષ્ઠ જણાય છે.**

તમે માનશો ? અમારા મહાત્માઓને બહિર્ભૂમિ આવ-જા કરતાં રસ્તામાં એક સ્કુલ આવતી હતી. એ સ્કુલમાં મેં પ્રવચન આપ્યું. પ્રેરણા અને નિયમને પ્રભાવે છોકરાઓ બધા મહાત્માને **'વંદના'** કરતાં થઈ ગયાં. શક્ય છે કે ગઈ કાલ સુધી એ છોકરાં મહાત્માની મશ્કરી પણ કરતાં હોય... માત્ર એક પ્રવચન અને ગુરુવંદનનો.. બોધિબીજનો ... ભદ્રિકભાવનો અણમોલ લાભ. એક ગામમાં સ્કુલમાં પ્રવચન કર્યું. ફરી મહિના પછી તે ગામમાંથી પસાર થવાનું થયું. વહેલી સવારે મારે ફક્ત દેરાસરમાં દર્શન કરીને આગળ જવાનું હતું. એક ગલી પાસેથી હું પસાર થયો. મને જોઈને એક નાનો બાળક મુખ્ય રસ્તા સુધી દોડી આવ્યો. હું જરા આગળ નીકળી ગયો હતો, એ બાળકે બૂમ મારીને **'વંદના'** કહ્યું. મેં ચમકીને પાછળ જોયું. એણે ફરી **'વંદના'** કહ્યું. મને 'પ્રવચન' યાદ આવ્યું. **એ બાળકને 'વંદના'ના ત્રણ અક્ષરમાં હું જે આપી શક્યો હતો, અને એનાથી એનું જે કલ્યાણ થયું હતું, એની મને પ્રતીતિ થઈ, હું આનંદવિભોર બની ગયો.**

જૈન સમાજના કિશોરો-યુવાનો-પ્રૌઢો - બધાને મારી ખાસ ખાસ ભલામણ છે. સ્કુલ-કોલેજના અધિકારીઓ સાથે મૈત્રી-સંબંધ બાંધીને, ભલામણ કરીને, જે રીતે પણ શક્ય બને એ રીતે આપણા યોગ્ય મહાત્માઓના પ્રવચનો કરાવો. ચાતુર્માસ આદિ સ્થિરતા દરમિયાન એક એક સ્કુલ-કોલેજમાં ફરી ફરી પ્રવચન કરાવો. ધીમે ધીમે પ્રવચનનું સ્તર ઉંચકાતું રહે અને કિશોરો તથા યુવાનોમાં સદાચાર, પરોપકાર, પ્રામાણિકતા, જીવદયા, ધર્માનુરાગ વગેરે ગુણોનો વિકાસ થાય - એનુ પ્રચંડ પુણ્ય તમને મળીને રહેશે. સંઘના-શાસનના-તીર્થોના અનેક પ્રશ્નોનો પણ આવા આયોજનથી ભવિષ્યમાં નિકાલ થશે. ચાલું કરશું તો થોડાં જ વર્ષોમાં એના અદ્‌ભુત ફળો જોશું. નહીં

કરીએ તો હતા ત્યાંના ત્યાં રહીશું, એટલું જ નહીં, બલ્કે એથી પણ નીચે જઈશું. ફરી કહું છું, કે આવા આયોજન કેમ કરવા, એવો બિલ્કુલ ક્ષોભ-સંકોચ ન રાખશો. મારો અનુભવ કહું તો પહેલી મુલાકાતે જ મને પ્રિન્સીપાલે કોઈ શ્રાવક કરતાં પણ વધુ આદરથી રિસિવ કર્યો છે. અને પ્રવચન સાંભળ્યા પછી તો એ 'મારા' બની ગયા છે. **જિનવાણી અને યોગ્ય શ્રોતાઓ વચ્ચે એક 'કડી' રૂપ બનવાનો આ મહાન લાભ છે, આ એક પરમ સૌભાગ્ય છે. જેમાં કોઈ પણ શ્રાવકે ચૂકવા જેવું નથી.** (પ્રવચનકાર પૂજ્ય ગીતાર્થ બહુશ્રુત વચનવિવેકસંપન્ન હોય, તે જરૂરી છે.)

✻ ✻ ✻ ✻ ✻

## DEMAND & YOU ARE A CREATER

"મમ્મી ! જો અહીંયા શું લખ્યું છે ?" રસ્તા પરથી પસાર થતો બાળક એકાએક આંગળી ચીંધીને બોલી ઉઠ્યો. મમ્મીએ સૂચિત જગ્યાએ વાંચ્યું, "Jain food available." બાળકે આશ્ચર્ય સાથે મમ્મીને પૂછ્યું, "મમ્મી ! શું એ હોટલવાળો જૈન છે" "ના બેટા." "તો શું એ જૈન ધર્મનું મહત્ત્વ સમજ્યો છે ?" "ના." "તો પછી બીજા કોઈ ધર્મનું નહીં ને આપણું ફુડ... એનું કાંઈ કારણ તો હશે ને ?" "હા" "શું ?" "આપણે આપણા 'ફુડ'ની 'ડિમાન્ડ' કરીએ છીએ. એને તો એનો બિઝનેસ કરવો હોય, એટલે એ ડિમાન્ડને અનુસારે ફુડ પ્રોવાઈડ કરે." "રાઈટ, નાઉ આઈ અન્ડરસ્ટેન્ડ."

બાળક જે ન'તો સમજ્યો, એ સમજી ગયો. આપણે જે નથી સમજ્યા, એ આપણે સમજવાનું છે. Demand is the root of the creation - આ નિયમ માત્ર હોટલ-લારીમાં જ નથી લાગતો. ઘણી બધી જગ્યાએ લાગે છે. ને **આપણે જો આપણી 'ડિમાન્ડ'ને મજબૂત બનાવી દઈએ તો આપણું અને બીજાનું જબરદસ્ત કલ્યાણ કરી શકીએ છીએ.**

For example -

(૧) સ્કુલોમાં **જૈન સબ્જેક્ટ**ની ડિમાન્ડ

(૨) **પર્યુષણમાં 'હોલી-ડે'**ની ડિમાન્ડ

(૩) છોકરા-છોકરી **સેપરેટ એજ્યુકેશન**ની ડિમાન્ડ.

(૪) ખોરાક, કપડાં, દવા વગેરેમાં **'સ્યુટેબલ ફોર વેજીટેરિયન'**ની ડિમાન્ડ.

(૫) મેરેજ માટે **ઉચ્ચ જૈન તત્ત્વજ્ઞાન ભણેલ આચારસંપન્ન છોકરા-છોકરીની** ડિમાન્ડ.

(૬) નોકરી આપવા માટે **ઉચ્ચ જૈન તત્ત્વજ્ઞાન ભણેલ આચારસંપન્ન ઉમેદવારની** ડિમાન્ડ.

(૭) ચાતુર્માસાદિ માટે **ઉચ્ચ જ્ઞાની ઉચ્ચ સંયમી મહાત્માની** ડિમાન્ડ.

ડિમાન્ડનો અર્થ એ નથી કે ડરતા ડરતા માંગવું, ને છેવટે જે આવ્યું એનો સ્વીકાર કરી લેવો. **ગમે તેવા વિષમ સંયોગોમાં પણ પોતાની માંગણીને વળગી રહેવું, એ અહીં 'ડિમાન્ડ'નો અભિપ્રેત અર્થ છે.** જ્યારે આપણે મૂલ્ય ચૂકવીએ છીએ, તો દીનતાને છોડીને ખુમારી કેળવીએ, મનને આત્મવિશ્વાસથી ભરી દઈએ, માત્ર ધર્મ અને સંસ્કૃતિ જ નહીં, પણ પોતાના પરિવાર અને પોતાની જાતનું પણ હિત ઈચ્છીએ, તો આપણે વિના પરિશ્રમે સર્જક બની શકીએ છીએ, આ સર્જન માત્ર બાહ્ય વસ્તુનું જ નહીં, આપણા પોતાના અને અનેકોના આ જન્મ અને જન્મોજનમના સુખનું પણ છે.

બસ, **Demand & you are a creater.**

## REFUSE &
## YOU ARE A CORRECTER

''શું થયું દોસ્ત ? તારી 'ઓટો'ના દેદાર કેમ પલટાઈ ગયા ?'' એક રિક્ષાચાલકને એના મિત્રે પ્રશ્ન કર્યો. એની રિક્ષાની અંદર અભિનેત્રીના ફોટોનું સ્થાન કુદરતી દશ્યે લઈ લીધું હતું. ''શું કરું યાર, આ અઠવાડિયામાં દશ પ્રવાસીએ રિક્ષા જોઈને તેમાં બેસવાની ના પાડી દીધી. આપણે તો પેસેન્જર જોઈએ, હિરોઈન થોડી આપણું ઘર ચલાવવાની છે ?''

'જમાનો ખરાબ છે' આ વિષય પર કલાકો સુધી ચર્ચા કરવા કરતા આવી એક 'ના' કહેવી એ લાખ ગણી બહેતર પણ છે અને સાર્થક પણ. Your one No can change the society. જે 'ના' ને લાયક છે એને 'હા' કહેવાથી આપણે એના સમર્થક બનીએ છીએ. દુનિયામાં પાપો ને અપરાધો વધી રહ્યા છે, તેમાં કદાચ સૌથી મોટો હાથ સમર્થનનો છે. આપણી 'હા' ની પાછળ જેટલા પાપો છે, એમને જો આપણે જોઈ શકીએ તો 'ના' કહેવું એ આપણા માટે સહજ બની જશે, તદ્દન સહજ. જરા જોઈએ, આપણે કોને કોને 'ના' કહેવી જોઈએ →

(૧) જાહેરખબર, પેકિંગ વગેરેમાં સ્ત્રીનો બજારુ તરીકે ઉપયોગ કરનાર ઉત્પાદકોના ઉત્પાદનોને. (૨) પશુઓને ત્રાસદાયક બનતા પ્રસાધનો, દવાઓ, ચીજ-વસ્તુઓ, સરકસો, પ્રાણીબાગોને. (૩) પ્રાણીજ ઉત્પાદનોને. (૪) ટી.વી. વિડિયો, સિનેમા વગેરેને. (૫) નકારાત્મક સમાચારો અને અશ્લીલતા ધરાવતા વર્તમાનપત્રો આદિ માધ્યમોને. (૬) રાત્રિભોજનના લગ્નાદિ આમંત્રણોને. (૭) કોન્વેન્ટ સ્કુલોને. (૮) લગ્ન સંબંધી- કોલેજમાં ભણેલી કન્યાને- આચાર હીન પાત્રને. (૯) લગ્ન સંબંધી - મર્યાદાહીન વસ્ત્રો પહેરતા પાત્રને. (૧૦) નોકરી આપવા સંબંધી - તત્ત્વજ્ઞાનહીન, આચારહીન પાત્રને.

સમાજને સુધારવા માટે કે જીવનને સુધારવા માટે ફક્ત એક 'ના' પર્યાપ્ત છે.

Refuse & you are a correcter.

## ❀ Say No & You Are a Corrector ❀

''पापा, लगता है कोई शादी की बारात आ रही है...''

''हा बेटे,''

''यस, मेरा फेवरीट गीत...लाला लाला...अरे...बैलगाडी में भगवान की मूर्ति है... यह तो कोई धार्मिक जुलूस लगता है।''

''हा बेटे, जैनों का कोई प्रोग्राम लगता है।''

''तो फिर पापा, ये बेन्डवाले फिल्मी धून क्यों बजा रहे हैं ? क्या

उन्हें पता नहीं की यह धार्मिक प्रोग्राम है ?''

''पता तो होगा ही ।''

''और ये सब लोग खुशी खुशी चल रहे हैं, क्यां उन्हें पता नहीं, कि ये बेन्डवाले बिल्कुल कोन्ट्रास्ट ट्युन बजा रहे हैं ?''

''न पता हो, ऐसा तो कैसे हो सकता है ?''

''पापा, आर धे इडियट्स ?''

ઘણી વાર પ્રશ્ન થાય છે, આ તે પ્રભાવના કે ધજાગરા ? ગુરુભગવંતના સામૈયા, કલ્યાણક, રથયાત્રા કે દીક્ષા-પ્રતિષ્ઠાદિના પરમ મંગલ પ્રસંગે શોભામાં અભિવૃદ્ધિ કરવા માટે એડવાન્સ રૂપિયા આપીને આપણે બેન્ડવાળાને લઈ આવ્યા. યા તો એ ફિલ્મી ગીતની જ થોડી ઘણી ધાર્મિક આવૃત્તિ કરી નાખે ને યા તો ધાર્મિક ગીતમાં ય વારંવાર-જેના પર એનો હાથ બેસી ગયો છે એવી-ફિલ્મી ધૂન લીધા કરે ને આપણે બધા 'આપણી ધૂનમાં' ચાલે રાખીએ - એ ચાલે ?

**એ બેન્ડનો અવાજ જ્યાં સુધી પહોંચતો હોય છે, ત્યાં સુધીના મોટા ભાગના લોકો મનમાં શબ્દશઃ એ ફિલ્મી ગીતને બોલતા હોય છે. એમનામાંથી પણ પ્રાયઃ મોટા ભાગના લોકોના મનની સ્ક્રીન પર તે ફિલ્મના દશ્યો પણ તરવરતા હોય છે.** નંબર વન, આપણે તે **ફિલ્મનું સમર્થન** કર્યું, નંબર ટુ, આપણે તે ફિલ્મની ઓડિયો-વિડિયોની અવ્યક્ત **એડવર્ટાઈઝ** કરી, નંબર થ્રી, આપણે તે તે વિસ્તારના લોકોને **કામવાસનાના-રાગાદિના ભાવોમાં** તાણી ગયા, નંબર ફોર, આપણે **વીતરાગી પરમાત્માની અને વિરાગી ગુરુભગવંતોની આશાતના કરી. ગામ વચ્ચે એમની અસ્મિતાનું ઘોર અપમાન** કર્યું. નંબર ફાઈવ, આપણે છડે ચોકે **જિનશાસનની ગરિમાને કલંકિત** કરી, એને હાસ્યાસ્પદ કે વિસંસ્થુલ બનાવી.

લાખ રૂપિયાનો પ્રશ્ન એ છે કે એ વરઘોડા કે સામૈયાના સો-બસો, પાંચસો માણસમાંથી એક પણ જણ એ બેન્ડના કેપ્ટનને 'ના' ન કહી દે ?, કે અહીં ફિલ્મી ગીત/ફિલ્મી ધૂન નહીં ચાલે. આપણે 'ના' કહેવામાં એક્ટીવ બની જઈએ, તો તેઓ કદી ફિલ્મી સૂર છેડવાની હિંમત નહીં કરે. એમને ફિલ્મથી નહીં ધંધાથી મતલબ છે, ને ધંધામાં ઘરાક જ ભગવાન હોય છે.

હકીકતમાં થવું એવું જોઈએ કે આપણે જ્યારે બેન્ડને નક્કી કરવા જઈએ, ત્યારે આપણે એને કહેવું જોઈએ, કે અમે તમને આ પ્રસંગે બોલાવીએ છીએ. તમને આ પ્રસંગના કયાં ગીતો આવડે છે ? એ ગીતોનો કયો રાગ લો છો ? બે કડીઓ વચ્ચે કઈ ધૂન લો છો ? અને છેલ્લી વાત-ફિલ્મની એક પણ ધૂન બિલ્કુલ નહીં ચાલે.

Demand & you are a creater, એણે જૈન સ્તવનોની સીડી લેવી પડશે, રિયાઝ કરવી પડશે, અને શાસ્ત્રીય રાગ-સુર-ધૂનમાં ખોવાવું પડશે. પરિણામે **પ્રસંગાનુરૂપ ગીત-સંગીતથી જિનશાસનની ગરિમાને ચાર ચાંદ લાગશે.** આપણી આવી ખુમારીથી એવી સ્થિતિ સર્જાઈ શકે છે, કે બીજા-લગ્નાદિ પ્રસંગોમાં ય આપણી સુરાવલીઓ વાગવા લાગે. (જેનું વર્તમાનમાં શીર્ષાસન જેવું છે.)

બીજી વાત - જેમ ફિલ્મી ગીત-સંગીત ન ચાલે, તેમ બીજા ધર્મના ધાર્મિક પણ ગીત-સંગીત ન ચાલે. 'મારા રામ' ની જગ્યાએ 'મારા નાથ' કરી દીધું, એટલે 'જૈન' બની ગયું. આવી વંચના ઉચિત નથી. સાંભળનારા તો પ્રસિદ્ધ શબ્દોનું જ અનુસંધાન અને પ્રતીતિ કરતા હોય છે. એમાં ય જ્યારે શબ્દશઃ - અજબ હૈ તેરી માયા... અજબ સા ખેલ રચાયા... આવા શબ્દો ભાવાવેશ(!)માં બોલાવા લાગે, ત્યારે એનો શું અર્થ કરવો એ જ પ્રશ્ન બની જાય છે. **આ બધા લૌકિક - રાગી દેવોના ગીતો છે. વીતરાગ પરમાત્માની સાથે એનું મેચિંગ થવું શક્ય નથી.** માટે આપણી Refusement અને Demand બંને મજબૂત હોવા જરૂરી છે. આ જ વાત ભક્તિ-ભાવના, સિદ્ધચક્રાદિ પૂજન અને અન્ય અનુષ્ઠાનો માટે પણ સમજી લેવાની છે.

**પૈસા ચૂકવ્યા પછી પણ ભિખારીની જેમ જે-જેવું મળે એ ચલાવીને પાપના ભાગીદાર થવું, એના કરતાં ખુમારી દાખવીને જિનશાસનની ગરિમા વધારી પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન કરવું, એ જ લાખોગણું બહેતર છે.** આશા કરીએ હવે રસ્તાઓ પર આવા સંવાદો થવા લાગે...

''પપ્પા, મને આ ગીતની સીડી લાવી આપો ને... કેટલું સરસ ગીત છે !. **તું મને ભગવાન એક વરદાન આપી દે...**

* * * * *

## ❁ વિદ્વાનો માટે એક મહત્ત્વનું કાર્યક્ષેત્ર ❁

આપણી પરંપરામાં જિનાલયના નિર્માણ કરતાં જીર્ણોદ્ધાર કરાવવાનું ફળ આઠ ગણું માનવામાં આવ્યું છે. એક અપેક્ષાએ બાહ્ય આક્રમણોમાં જિનાલયની રક્ષા કરવાનું ફળ તેના કરતાં પણ અનેકગણું સિદ્ધ થાય છે. એ જ રીતે **શાસ્ત્રસર્જન કરતાં પણ પ્રાચીન શ્રુતની રક્ષાનું વધુ ફળ, અને તેના કરતાં પણ બાહ્ય આક્રમણોમાં તેની રક્ષા કરવાનું વધુ ફળ છે.** શ્રુતરક્ષા અનેક પ્રકારની હોય છે. પ્રાચીન અતિજીર્ણ હસ્તપ્રતિની પુનર્લેખન - પુનર્મુદ્રણ આદિ માધ્યમ દ્વારા શ્રુતરક્ષા કરવી, એ એક પ્રકાર છે. તેમ **જિનાગમને નામે કે જૈનધર્મ અધ્યયનને નામે અસત્ પ્રરૂપણા કરવા દ્વારા સૈદ્ધાન્તિક વિડંબના કરતા અસત્ તત્ત્વોનો પ્રતિકાર કરવો, એ પણ શ્રુતરક્ષાનો એક પ્રકાર છે.** શ્રીસંઘમાં પ્રથમ પ્રકારની શ્રુતરક્ષા માટે ઓછી-વત્તી જાગૃતિ પ્રવર્તે છે.. પણ બીજા પ્રકારની શ્રુતરક્ષા માટે ? કદાચ આને શ્રુતરક્ષા કહેવાય કે આ પણ એક આવશ્યક કર્તવ્ય છે, એની પણ મોટા ભાગના લોકોને જાણ નહીં હોય, પરિણામ ? જૈન ધર્મ માટે ઠેક ઠેકાણે મનફાવતું લખાણ જોવા મળી રહ્યું છે.

એક ગ્રંથ તાજેતરમાં જોવામાં આવ્યો - **ભારતીય સાહિત્ય કોષ.** ત્રણ વોલ્યુમ ધરાવતા આ ગ્રંથમાં દાર્શનિક નિરૂપણમાં જૈન દર્શન માટે જે શબ્દોનો ઉપયોગ થયો છે, તે આ મુજબ છે - જૈન દર્શન એ નાસ્તિક દર્શન છે. વેદનિંદક હોવા છતાં પણ આ દર્શનનું અસ્તિત્વ આજે પણ છે. (મૂળ હિંદીથી અનુવાદિત)

**એક બાજુ કરોડો અન્યધર્મીઓ જૈનોના દુશ્મન બને અને જૈન ધર્મનું અસ્તિત્વ સમાપ્ત થઈ જાય એવી ઈચ્છા ધરાવે એવી અસત્ - અયથાર્થ પ્રરૂપણાઓ થતી હોય, અને બીજી બાજુ આપણે મહોત્સવો આદિમાં કે આપણી દૃષ્ટિના શાસનના અન્ય કાર્યોમાં વ્યસ્ત હોઈએ, એ કેવું ?**

પ્રભુ વીરના સમવસરણમાં અગિયાર દિગ્ગજ બ્રાહ્મણો વેદોના સંશય લઈને આવ્યા હતા. ખુદ પ્રભુ વીરે એક પણ બ્રાહ્મણને એમ નથી કહ્યું કે 'વેદો ખોટા છે, કે વેદોનું નિરૂપણ યથાર્થ નથી.' પણ પ્રભુ વીરે તો એમ જ કહ્યું કે તમે વેદપદોનો અર્થ બરાબર સમજ્યા નથી, માટે તમને

સંશય થયો છે. હું તમને એવો સમ્યક્ અર્થ સમજાવું છું. જેમાં સંશયનો કોઈ જ અવકાશ નથી. - **वेयपयाणमत्थं न याणसि तेसिमो अत्थो ।**

પ્રભુ વીરની આ સમતા-સમન્વય-સહિષ્ણુતા પૂર્વકની દૃષ્ટિને તથા જૈન ધર્મની ઔદાર્યાદિ અદ્‌ભુત વિશેષતાઓને જગતમાં પ્રસિદ્ધ કરવાની અને ખોટા પ્રચાર દ્વારા થતાં સ્વ-પરના અનર્થને રોકવાની આપણી જવાબદારી નહીં ?

એક અન્ય ગ્રંથ જોવામાં આવ્યો - **Encyclopeadia of Jainism.** મોટી સાઈઝના ત્રીશ વોલ્યુમમાં આ ગ્રંથ પથરાયેલો છે. એક ધંધાદારી સંસ્થાએ પ્રાયઃ એક અજૈન વ્યક્તિ દ્વારા લિખિત આ ગ્રંથનું પ્રકાશન કરેલ છે. **ગુરુગમ વિનાનું લેખન ને ગીતાર્થોના માર્ગદર્શન-સંશોધનનો અભાવ. જોયા વગર પણ કલ્પના થઈ શકે, કે આ ગ્રંથમાં છબરડાઓની કેટલી ભરમાર હશે !** (સંપાદક - નાગેન્દ્રકુમાર સિંઘ, પ્રકાશક - અનમોલ પબ્લિકેશન્સ પ્રા.લિ. ૪૩૭૪/૪બી, અનસારી રોડ, દરિયાગંજ, નવી દિલ્હી - ૧૧૦૦૦૨)

આપણામાં એક માન્યતા એવી છે કે 'આપણે એ પ્રકારનું શુદ્ધ સાહિત્ય છાપવું.' પણ આપણે વધુમાં વધુ ૨૦૦-૫૦૦ નકલો કરાવીને આપણા જ્ઞાનભંડારોમાં એ બધું ભંડારી દઈશું. જ્યારે ધંધાધારી સંસ્થાઓ દુનિયાના અનેકાનેક દેશોમાં એમના સાહિત્યનું વેચાણ કરતી હોય છે. અન્યથા એમને પ્રકાશન ખર્ચ જ ન પરવડે. વળી અનેકાનેક વિદ્વાનો એ સાહિત્યનો અભ્યાસ કરતા હોય છે કે કરવાના હોય છે.

ધારો કે આપણે પુરુષાર્થ કરીને તે તે દેશો સુધી ય આપણું સાહિત્ય પહોંચાડી દીધું, પણ એક જ દર્શન પર બે વિસંવાદી સાહિત્ય ઉપલબ્ધ હોય, એનાથી શું લાભ થશે ? એમની ભૂલો કોણ સુધારશે ? જૈન ધર્મ માટે મન ફાવે તેવું લખી દેનાર-છાપી દેનારનો કાન કોણ પકડશે ? **આપણા સમુદાયના વડીલો માટે કોઈએ આડું-અવળું લખ્યું -છાપ્યું હશે, તો આપણો તે તે સમુદાય કૂદી પડશે. 'મહાવીર'ના માટે કે જૈન ધર્મ માટે એલ-ફેલ પ્રરૂપણા થાય, માંસ-નિકાસ સાથે 'અરિહંત' નામ જોડવાની ક્રૂર મશ્કરીઓ થાય, તો કૂદી પડનાર કોણ ?** છતી શક્તિએ આનો પ્રતિકાર ન કરાય, તો સમ્યગ્દર્શનની શુદ્ધિ કે સમ્યગ્દર્શનનું અસ્તિત્વ સંભવે ખરું ?

'ઈસ્લામ' માટે કોઈએ થોડું આઘુ-પાછું છાપ્યું હતું, તેમના ધર્મગુરુના

આદેશથી એનો આખો પ્રેસ બાળી નાખવામાં આવ્યો. આટલું ઓછું હોય, તેમ એક મહિના સુધી રોજ છાપામાં માફીપત્ર આપવા દ્વારા તેની પાસે માફી અપાવડાવી, એ પણ એના પોતાના ખર્ચે. 'જૈન' માટે ગમે તેવું નિર્ભયતાપૂર્વક લખી શકાય, છાપી શકાય અને જગજાહેર કરી શકાય, તેમાં આપણી નિઃસત્ત્વતા અને નિષ્ક્રિયતાનો ઘણો મોટો ફાળો છે.

આપણા વિદ્વાનો તે તે સાહિત્યની સમાલોચના કરે. પ્રાચીન સંદર્ભો સાથે વ્યવસ્થિત રીતે સમગ્ર નોંધ તૈયાર કરે. લેખક-પ્રકાશક સુધી તે સમાલોચના પહોંચાડવામાં આવે. છતાં ભૂલ ન સુધારે તો દબાણ કરાય, વિરોધ કરાય, કેસ કરાય... આવી એકાદ-બે ઘટનાથી લેખકો-સંપાદકો-પ્રકાશકો બધાં જ સતર્ક બની જાય. બરાબર અભ્યાસ કરીને લખે. લખ્યા બાદ આપણા ગીતાર્થ-ગુરુ ભગવંતો પાસે તપાસાવે. અને પછી પ્રકાશન-પ્રસારણ કરે. આમાં જિનશાસનનું ગૌરવ વધે છે, સૈદ્ધાન્તિક ગેરસમજોની શક્યતા દૂર થાય છે. પ્રકાશકોના ખર્ચે અને તેમના જ વહીવટી તંત્ર દ્વારા જિનવાણીનો જગતમાં પ્રસાર થાય છે. આ રીતે જિનશાસનને અનેક રીતે લાભ થાય છે.

બધા લેખકોનો દુશ્મનાવટનો આશય હોય એવું લાગતું નથી. ગુરુગમનો અભાવ, અર્થઘટનમાં ભૂલ, અલ્પ બોધ વગેરેને કારણે એમની જે ક્ષતિઓ થઈ હોય, તેને શિષ્ટતાપૂર્વક સાક્ષીઓ સાથે બતાવવાથી તેઓ પ્રાયઃ સ્વીકારી લે. પ્રકાશકો પણ લેખકોને ટકોર કરે, કે તમે બરાબર લખો/ભૂલ ન કરો/ ન સમજાય ત્યાં એમને પૂછો/ એ લોકો જે ક્ષતિઓ 'પ્રુફ સાથે' દેખાડે છે એ સુધારી લો - ઈત્યાદિ. છેવટે કેસ ચાલુ થતાની સાથે જ તે તે પ્રકાશન પ્રતિબંધિત - 'બેન' થઈ શકે છે. આમ છેવટે પણ તેમને શરણે આવ્યા વિના છૂટકો જ નથી. **એક અપેક્ષાએ તીર્થરક્ષા આદિના 'કેસ' કરતાં પણ શ્રુતરક્ષા માટે છેલ્લા ઉપાય તરીકે આવો 'કેસ' કરવો પડે. તે વધુ મહત્ત્વનો છે.**

માટે સર્જન - સંશોધન-સંપાદન આદિ કરતા પણ વર્તમાન કાળાનુસારી આ શ્રુતરક્ષાનું કાર્ય અનેકગણું મહત્ત્વનું બની રહે છે. સક્ષમ વિદ્વાનો આ કાર્ય માટે આગળ આવે અને ગુરુ ભગવંતો યોગ્ય સંયમીઓ કે પંડિતોને આવા કાર્ય માટેની સક્ષમતા કેળવવા માટે પ્રોત્સાહિત કરે, તો ધર્મરક્ષા - સિદ્ધાન્તરક્ષા - શ્રુતરક્ષાનું અદ્ભુત કાર્ય સાકાર બની શકે.

# ❁ સાઈન બોર્ડ ❁

વ્યવસાયિક પ્રયોજન માટે - દુકાન વગેરેની જાહેરાતો માટે ઠેક ઠેકાણે બોર્ડ-બેનર વગેરે મુકવામાં આવે છે. આ જાહેરાતોમાં અચૂકપણે પાકું સરનામું/ સંપર્ક લખવામાં આવે છે, અને આટલું ઓછું હોય તેમ 'સ્પોટ' પર આંખે ઉડીને વળગે એ રીતે દુકાન વગેરેનું નામ લખવામાં આવે છે. હોસ્પિટલ, રેસીડન્સ વગેરેના સ્થાનો માટે તો કેટલાય કિલોમીટરોના અંતરેથી ચોક્કસ કિ.મી.ના આંકડાઓ સાથે તે તે સ્થાનનું માર્ગદર્શન કરાવવામાં આવે છે. પ્રત્યેક વળાંકો પાસે વળવાની સૂચના વિશિષ્ટ રીતે આપવામાં આવે છે.

જેમ વ્યવસાયિક પ્રયોજનથી આવી પ્રવૃત્તિ કરવામાં આવે છે, તેમ ધાર્મિક પ્રયોજનથી આવી પ્રવૃત્તિ કેમ ન થઈ શકે ? હોટલ, થિયેટર અને સ્કુલોના સાઈન-બોર્ડો ઠેર ઠેર લાગતા હોય તો દેરાસર-ઉપાશ્રયના સાઈન બોર્ડ કેમ ન લાગે. વર્તમાન પરિસ્થિતિ એવી છે કે માણસોને હોટલ વગેરેમાં ન જવું હોય, તો ય આ પબ્લિસિટીથી મોહિત થઈને એના પગ એ તરફ વળી જાય. અને દેરાસરમાં જવું હોય, તો ય તેનો પત્તો મેળવતા દમ નીકળી જાય. અમુક ઉપાશ્રયમાં પહોંચવું હોય, તો બતાવનારા ક્યાંક બીજે જ પહોંચાડી દે. ને યા તો ત્યાં જવાનું હોય તે દેરાસર-ઉપાશ્રયની કરોડો સદ્વ્યયથી જિનાલય આદિનું નિર્માણ થયા પછી અને લાખોના ચડાવા બોલ્યા પછી પણ **એ જિનાલય તરફ સહજ રીતે જનતા આકર્ષિત થાય અને તેનો પગ સહજ રીતે તે તરફ વળી જાય, એ માટે પબ્લિસિટી - સાઈન બોર્ડની વ્યવસ્થા કેમ ન થઈ શકે ?**

આ વ્યવસ્થાની ખામીના અનેક દુષ્પરિમાણો છે. તેમાં એક દુષ્પરિણામ છે પૂજ્ય સંયમી ભગવંતોને હાડમારી. અમદાવાદના એક વિસ્તારમાં એક મહાત્માને અમુક ઉપાશ્રયે જવું હતું. વિહાર કરીને મહાત્મા તે વિસ્તારમાં પહોંચ્યા. લોકોને પૂછ્યું, તો તેમને ખબર ન હતી. એક જૈનને પૂછ્યું, તો તેમને પણ ખબર ન હતી. ત્યાંના દેરાસરે જઈને ઉપાશ્રયનું સરનામું પૂછ્યું. એ સંઘનો એ મુખ્ય ઉપાશ્રય હતો. પૂજારીએ રસ્તો બતાવ્યો, મહાત્મા

એ રસ્તે જતાં જતાં પાછા ત્યાં આવી ગયા, જ્યાંથી એમણે એ વિસ્તારમાં પ્રવેશ કર્યો હતો. ઉપાશ્રય ન મળ્યો, હવે ?

આ એક ઉદાહરણ છે. આ રીતે તમામ ગામ/શહેર માટે સમજી લેવું જોઈએ.

અમદાવાદથી શેરીસા-ભોયણી આદિનો રસ્તો. પહેલો મુકામ ઓગણજ આવે. સાબરમતીથી ઓગણજ સુધી જતાં રસ્તામાં ડગલે ને પગલે વળાંકો આવે. અજાણ મહાત્માઓ ન વળવાનું હોય ત્યાં વળી જાય, વળવાનું હોય ત્યાં ન વળે. આ રીતે એક વિહારમાં ૧૪ કિ.મી.ની જગ્યાએ ૧૫ થી ૨૦ કિ.મી.નો વિહાર થઈ શકે. તડકો થઈ જાય. થાકી જવાય. સ્વાધ્યાયનો વ્યાઘાત થાય. કલાક-દોઢ કલાક સુધી મુકામે પહોંચેલા મહાત્માઓ ચિંતા કરે. **સાધ્વીજી ભગવંતોની બાબતમાં આ પ્રશ્ન વધુ ગંભીર બને.** મહાત્માઓ પૂછી પૂછીને જ આગળ વધે તો ય આ પ્રશ્ન ઉભો રહે. કારણ કે ઘણી વાર તે તે વળાંકો પાસે કોઈ મળતું હોતું નથી. મળે તો તેને રસ્તાની જાણ હોય ને ન પણ હોય. હજી એક સંભાવના એવી છે કે એને જાણ હોવા છતાં એ સાચો રસ્તો ન બતાવે. (જો કે આ સંભાવના ઓછી છે, પણ છે.)

આ પ્રશ્નના ત્યારે ગુણાકાર થાય કે જ્યારે ઓગણજથી સાબરમતી આવવાનું હોય. હર હંમેશાના અનુભવ મુજબ 'ગોતા ચોકડી'થી મહાત્માઓ ગોથા ખાતા ખાતા સાબરમતી આવે. જેને રસ્તો પૂછે એ પહેલા વિચારમાં પડી જાય. એને પોતાને એ રસ્તે જવાનું થયું ન હોય. શહેરમાં પ્રવેશવાના રસ્તા ઘણા હોય. દેરાસર-ઉપાશ્રયો ઘણા હોય. ગન્તવ્ય સંઘના વિશેષનામ એણે કદી સાંભળ્યા ન હોય. જેને જે સ્ફુરણા થાય- જે ઠીક લાગે તે રસ્તો બતાવે. મહાત્માની પાસે બીજો કોઈ વિકલ્પ ન હોવાથી તેમને તે જ રસ્તે આવવું પડે.

**ભગવાનના નામે સંસાર છોડીને ભગવાનના માર્ગે ચાલતા પૂજ્યોને આ હાડમારી વેઠવી પડે એ આપણા માટે કેટલી શરમજનક વાત !** આ હાડમારીમાં

સાધ્વીજી ભગવંતો ક્યાંક અનિચ્છનીય સ્થળે પહોંચી જાય, સાંજના વિહારમાં રાત સુધી નિર્ધારિત સ્થળે ન પહોંચી શકે, તો કોની જવાબદારી ? અશક્ત-વૃદ્ધ મહાત્માઓના શરીરને અનિચ્છાએ કરવા પડેલા દોઢા વિહારથી ફટકો પડે, ત્યારે કોની જવાબદારી ?

આ સ્થિતિમાં સાઈન-બોર્ડ્સની ઉપાદેયતામાં કોઈ જ શંકા રહેતી નથી. આપણે તો આપણે ત્યાં પધારતા પૂજ્યોને સામે ચાલીને લેવા જવું જોઈએ. તેમને નિશ્ચિતપણે અને સુરક્ષિતપણે પોતાના સંઘના ઉપાશ્રય સુધી લાવવા જોઈએ. પણ જ્યાં સુધી આવું શક્ય ન બને ત્યાં સુધી સાઈન બોર્ડ્સનો છૂટથી ઉપયોગ કરવા દ્વારા માર્ગજ્ઞાનની બાબતમાં સેંકડો-હજારો સંયમી ભગવંતોને તદ્દન નિશ્ચિંત કરી દેવાનું કર્તવ્ય તો વહેલામાં વહેલી તકે બજાવવા જેવું છે.

વાસ્તવમાં દરેક ગામ/શહેરોનો અંદરના વિસ્તારોમાં અને તમામ વિહારમાર્ગોમાં આ રીતના સાઈન બોર્ડ્સ મુકવા જોઈએ. લોખંડના સાઈન બોર્ડ્સ પર ઓઈલ પેઈન્ટના દીર્ઘાયુષી લખાણો મહાત્માઓને દરેક વળાંકે ભોમિયાની ગરજ સારે. કમ સે કમ **'અમારે ત્યાં પધારતાં કોઈ પણ સાધુ-સાધ્વી ભગવંતોને ભૂલા તો ન જ પડે, એમને ગોથા ન ખાવા પડે ને જેને તેને પૂછવું ન જ પડે.'** - આટલી સંવેદના તો આપણા હૃદયમાં હોવી જ જોઈએ.

રસ્તો ભૂલેલ મહાત્માઓને જે એક્સ્ટ્રા વિહાર થાય, એ વિહારમાં જો અકસ્માત્ આદિ દુર્ઘટના થાય, તો એ દોષ કોના માથે ? **સાઈન બોર્ડ્સની આવશ્યકતામાં સમય, શક્તિ અને સ્વાધ્યાય આદિ યોગો જ જોડાયેલા નથી, મહાત્માના શીલ અને જીવન પણ જોડાયેલા છે.** 'શ્રમણોપાસક'- શ્રાવકોએ આ આવશ્યકતાને વહેલી તકે પૂરી કરી દેવા જેવી છે.

❋ ❋ ❋ ❋ ❋

# ❁ અંતર્વિહાર ❁

નિશ્ચય નયના મતે અંતર્વિહારનો અર્થ આધ્યાત્મિક ઉત્ક્રાન્તિ છે. અહીં જે વાત કરવી છે, તે વ્યાવહારિક સંદર્ભમાં છે. જેનો અર્થ છે - હાઈ વે સિવાયના અંદરના માર્ગો દ્વારા વિહાર. જે અકસ્માતોને ટાળવા માટે એક સારો ઉપાય છે. **અંતર્વિહારમાં શાંતિ છે, સુરક્ષા છે, શુદ્ધ હવા છે, આહ્‌લાદક વાતાવરણ છે**, છતાં મોટા ભાગે હાઈ-વે દ્વારા વિહારો કરવામાં આવે છે, તેનું એક કારણ છે અંદરના રસ્તાઓની માહિતીનો અભાવ. હાઈ-વે દ્વારા જે ગામ/વિહારધામમાં પહોંચાતું હોય છે, એ જ ગામ/વિહારધામમાં પહોંચવા માટે ઘણી વાર અંદરનો રસ્તો પણ મળતો હોય છે. પણ તે રસ્તાની માહિતીના અભાવે મહાત્માઓને ન છૂટકે હાઈ-વે થી વિહાર કરવો પડે છે.

તાજેતરમાં અમુક મહાત્માએ મહેસાણાથી રાજસ્થાન - પિંડવાડા સુધીનો વિહાર કર્યો. આ સમગ્ર વિહારમાં હાઈ-વે નો રૂટ પ્રસિદ્ધ છે. પણ તેમની ભાવના અંદરના રસ્તાઓ દ્વારા વિહાર કરવાની હતી. દરેક ગામે રસ્તાની તપાસ કરતા સંઘની પેઢી/શ્રાવકો કે વિહારધામના માણસો દ્વારા હાઈ-વે જ બતાવવામાં આવ્યો. બીજો કોઈ જ રસ્તો નથી, તેમ કહેવામાં આવ્યું. મહાત્માએ બહારના લોકોને પૂછ્યું, રિક્ષાવાળા જેવા લોકોનું પણ માર્ગદર્શન લીધું. તેમણે પણ પહેલા તો હાઈ-વે જ બતાવ્યો. પણ 'અમે હાઈ-વે થી વિહાર કરતા જ નથી.' એવો દૃઢ નિર્ધાર જોઈને તેમણે અંદરના રસ્તા બતાવ્યાં. ક્યાંક નવી રેલ્વે લાઈન નાખવા માટે બનાવેલ ૩૦ ફૂટ પહોળો કાચો રસ્તો મળ્યો, ક્યાંક ગાડાવાટ મળ્યા, ક્યાંક નેળિયું મળ્યું, ક્યાંક પગદંડી મળી, તો ક્યાંક અંદરના ગામડાઓને જોડતો પાકો રસ્તો મળ્યો. બહારના રસ્તાથી ક્યારેક એક-બે કિ.મી. ઘટે તો ક્યારેક એક-બે વધે. (જો કે એમને કિ.મી.ની પરવા ન હતી.) આ રીતે વિહાર કરતા કરતાં તેઓ પિંડવાડા સુધી આવી ગયા. તેમણે હાઈ-વે પર કરેલો કુલ વિહાર હતો માત્ર પાંચ કિલોમીટર. **આ રીતે તેમનો વિહાર સુરક્ષિત બની ગયો, સાથે સાથે જ હરિયાળી, શુદ્ધ હવા, શાંતિ વગેરે કારણોથી આનંદદાયક પણ બની ગયો.**

**હાઈ-વે અર્વાચીન છે, તેની પહેલા ગામડાઓને જોડતા આંતરિક રસ્તા હતા જ અને આજે પણ છે.** સડક યોજનાના કારણે તે રસ્તાઓ પણ પાકા-ડામરના બની રહ્યા છે. ગામથી બહાર નીકળીને હાઈ-વે પર ચડવું અને પછી હાઈ-વેથી ઉતરીને ગામમાં જવું, આના કરતાં સીધું ગામથી ગામ જવું 'શોર્ટ' પડે એવા અનેકાનેક સ્થાનો છે. જરૂર છે રસ્તાની માહિતીની.

આ માટે શું થઈ શકે ? પહેલા તો તે તે ગામમાં સાધુ-સાધ્વી બંને ઉપાશ્રયોમાં આગલા અને પાછલા સ્થાનોના નામની કિ.મી.ની અને અંદરના રૂટની સંપૂર્ણ માહિતીનું બોર્ડ હોવું જોઈએ. (નં.૨) અંદરના રસ્તામાં બે-ત્રણ સ્થાને આગલા ગામના સંઘના-જિનાલયના નામ + અંતરના બોર્ડ હોવા જોઈએ. (નં.૩) રસ્તામાં જ્યાં જ્યાં વળાંકો આવે, ત્યાં વળવાનું છે કે સીધું જવાનું છે તેની માહિતી આપતા બોર્ડ હોવા જોઈએ. જેથી માર્ગદર્શન વિના પણ પોતાના જોખમે સાહસ કરીને અંદરના રસ્તાઓ દ્વારા વિહાર કરવો જેમના માટે શક્ય નથી, તેઓ પણ અંદરના રસ્તાઓ દ્વારા વિહાર કરી શકે.

લગભગ ચારેક વર્ષ પહેલા મહેસાણાથી ભાંડુ જતાં ચાર સાધ્વીજી ભગવંતોનો ભયાનક અકસ્માત્ થયો. ચારે પૂજ્યોના ઘટના સ્થળે જ કરુણ કાળધર્મ થયા. આ મહાત્માઓ પણ મહેસાણાથી ભાંડુ ગયા હતા. પણ અંદરના રસ્તે. કા...શ ઉપરોક્ત વ્યવસ્થા ત્યારે વિદ્યમાન હોત. તે પૂજ્યો અંદરના રસ્તેથી પધાર્યા હોત... કા..શ.

ત્યારની વાત તો શું કરીએ ? આજે ય એવી કોઈ વ્યવસ્થા નથી. ને મહાત્માઓના અકસ્માતો-જીવલેણ ઈજાઓ અને કાળધર્મો થઈ રહ્યા છે. નિયમિત રીતે અશક્ય કે દુઃશક્ય વસ્તુ માટેના ક્ષણિક આંદોલનોની નિષ્ફળતા જોયા પછી આ સુશક્ય ઉપાયને વહેલી તકે સાકાર કરી લેવા જેવો છે, એવું નથી લાગતું ?

✳ ✳ ✳ ✳ ✳

# ❁ અનુષ્ઠાન સાથેના જમણવાર સાધક કે બાધક ? ❁

‘‘જુઓ, આજે રવિવાર છે. ૯ થી ૧૨ નો અરિહંત-વંદનાવલિનો સંગીતમય પ્રોગ્રામ છે. પછી જમણવાર છે. આજે ઘરે રસોઈ નહીં બને. બધાંએ ત્યાં પ્રોગ્રામમાં આવવાનું છે, ને ત્યાં જ જમવાનું છે.‘‘ ‘‘પણ મમ્મી, સાડા નવ તો થઈ ગયા છે, ને તું પરવારીને પહોંચીશ ત્યાં દશ-સવા દશ થઈ જશે, ને હું તો હજી હમણાં જ ઉઠ્યો છું.’’ ‘‘ભલે, તું નાસ્તો કરીને નાહી-ધોઈને પૂજા કરીને આવજે. આમ પણ પ્રોગ્રામ શરૂ થતાં મોડું થતું જ હોય છે.‘‘ ‘‘તો પછી પ્રોગ્રામ પૂરો પણ મોડો થશે ને ? મારે તો બાર વાગે જમીને નીકળી જવું પડશે, આજે ધંધાની એક ખાસ મિટીંગ છે.‘‘ ‘‘તમે તમારા ટાઈમે ઊભા થઈને જમી લેજો ને, કોણ ના પાડે છે ?’’

સવા નવ વાગે સંગીતકારો આવી ગયાં. દશ-પંદર મિનિટ ચિત્ર-વિચિત્ર અવાજો કરીને એમણે ઘણું-ખરું સેટિંગ કરી લીધું. જાજમ પાથરવામાં આવી. બે-ચાર બહેનોએ સામાયિક લેવાની તૈયારી કરવા માંડી. મહાત્માએ સંગીતકારોને ઈશારો કર્યો, ‘ભલે કોઈ ન આવ્યું હોય, તમે ચાલું કરી દો.’ ઉપાશ્રય ગાજવા લાગ્યો. દશમાં દશ કમે દશ-બાર ભાઈઓ વિરાટ જાજમ પર બેસીને ઘડીકમાં ચોપડીમાં તો ઘડીકમાં આજુ-બાજુ જોઈ રહ્યા છે. એકલ-દોકલ જણ આવતાં જાય છે, ને છૂટા છવાયા બેસતાં જાય છે. દશ ને દશે ‘ગુરુજી અમારો અંતર્નાદ...’ ના નારા ગુંજી ઉઠ્યા. ધીમે ધીમે હોલ ભરાવા લાગ્યો. સંગીતકાર પણ થોડો તાનમાં આવી ગયો. અગિયાર-સવા અગિયારે તો આખો હોલ ખીચોખીચ ભરાઈ ગયો. લગભગ છસો-સાતસોની કેપેસીટી હશે. ગુરુ ભગવંતે વિવેચન ચાલુ કર્યુ. હજી તો દશ મિનિટ થઈ ત્યાં એક બાજુથી અવાજ ચાલુ થઈ ગયો. ૨૦-૨૫ બહેનો સભાને ખુંદીને જવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. ટ્રસ્ટીશ્રીએ માઈક હાથમાં લઈને શાંતિ રાખવા માટેની વિનંતિઓ કરી. વાતાવરણ ડહોળાયું, ત્યાં તો બીજા ૭૦-૮૦ બહેનો ઊભા થઈ ગયાં. ‘જેને જવું હોય એ જાવ, પણ અવાજ ના કરશો.’ ટ્રસ્ટીશ્રીએ સમયોચિત જાહેરાત કરી. અવાજ તો બંધ ન થયો, પણ અડધો અડધ

સભા વંદનાવલિ ને વિવેચનની ઐસી કી તૈસી કરીને જતી રહી. મહાત્માએ સમભાવે વિવેચન આગળ ચલાવ્યું. ત્યાં તો નીચેથી ભયંકર ઘોંઘાટ ચાલુ થઈ ગયો. થાળી-વાટકાં... વાતો... વ્યવસ્થાકીય સૂચનાઓ... ટ્રસ્ટીશ્રી દોડ્યા. થોડી વારમાં થોડા નિરાશ ચહેરે પાછા આવ્યાં. ઘોંઘાટ તો એવો ને એવો જ હતો. મહાત્માએ પ્રશ્નસૂચક દૃષ્ટિએ તેમની સામે જોયું. તેમણે પણ - તમ તમારે ચલાવો → એવો સૂચક ઈશારો કર્યો. મહાત્માએ ચલાવ્યું. સભા ભયંકર ઝડપથી ઘટી રહી હતી. પોણા-બાર વાગે મહાત્માએ સંગીતકારને કડીઓ પૂરી કરવા ઈશારો કર્યો. ત્યાં જ પૂરું થઈ ગયું. એમ સમજીને બાકીના લગભગ બધાં હાથ જોડીને જવા લાગ્યાં. પચ્ચક્ખાણ-સર્વમંગલ થયું, ત્યારે છેલ્લા ચાર-પાંચ બહેનો સામાયિક પારી રહ્યાં હતાં. બચેલા અમુક ભાઈઓએ ચરણ સ્પર્શ કર્યો. મહાત્મા પાટ પરથી નીચે ઉતર્યા. સાડા બાર વાગે તો નીચેનો માળ સાવ જ શાંત થઈ ગયો. સાંજે ટ્રસ્ટીશ્રી આવ્યાં... ''સરસ રહ્યું સાહેબ ! નવસો-હજાર માણસ જમ્યું હશે. એકંદરે વ્યવસ્થા ય સારી રહી.''

* * * * *

વિચાર કરતાં લોહી ઉકળી જાય એવી આ સ્થિતિ છે. દુનિયામાં બધે જ સમય અને શિસ્ત સાચવતી વ્યક્તિ પોતાના જ દેવ-ગુરુ-ધર્મના આ રીતે લીરે લીરા ઉડાવે ? એ પણ ઠંડે કલેજે ? ને આવો ચીલો ચાલ્યા જ કરે ? આ પ્રભુભક્તિ કે પ્રભુની આશાતના ? આ ગુરુવાણી શ્રવણ કે ગુરુની મશ્કરી ? ૫૦ હજાર રૂપિયાનો જમણવાર, ૨૫ હજાર રૂપિયાનું સંગીત, બે-પાંચ હજાર રૂપિયાનું ડેકોરેશન, વિરાટ આરાધના ભવન, કાર્યકરોનો પરસેવો અને સ્વાસ્થ્યને સંશયમાં મુકતું ગુરુભગવંતનું ગળાફાડ પ્રવચન- આ બધું શું આને માટે હતું ? આવા અનુષ્ઠાનને આરાધના કે પ્રભાવનાનું લેબલ લગાવતા પહેલા સત્તર વાર વિચાર કરવો પડશે.

મને એક જણે સલાહ આપી- આમાં કોઈ ફેર પડી શકે તેમ નથી, બસ, આપણે એમની અશિસ્તને શિસ્તપૂર્વક જોયા કરવાની. તમે આખી જિંદગી આને સુધારવા મથશો, તો પણ આ બધું આવું જ રહેવાનું છે.

હું પણ આ સલાહ આપનારના પક્ષે છું. જો માળખું નહીં બદલાય, તો કદાચ આ સ્થિતિમાં કોઈ સુધારો નહીં થાય. માટે જ મારી અપીલ આખા માળખાને બદલવા માટે છે. શા માટે આપણે આત્મવંચનાપૂર્ણ દૃષ્ટિ રાખીએ ? શા માટે સંપત્તિ-સમય-શક્તિનો વ્યય કરીને 'મામા' બનીએ ? શા માટે આપણે લોકોને કુટેવો અને અપરાધોને પોષવાનું આલંબન આપીએ ? ને શા માટે જિનશાસનની ગરિમાને શરમજનક સ્થિતિમાં મુકી દઈએ ? જિનશાસનની દાઝ ધરાવતા તથા પરાર્થકરણના સ્વપ્નદૃષ્ટા પૂજ્ય ગુરુભગવંતો અને સંઘાગ્રણીઓ આવા માળખા માટે ગંભીરતાથી વિચાર કરે, એ માટેનો સમય ક્યારનો ય પાકી ગયો છે.

## → શું થઈ શકે ? ←

લોકો વિરાટ સંખ્યામાં ભાગ લે, એ માટે જમણવાર, સંગીત વગેરેનું આયોજન કરાતું હોય છે. પણ આ ધારણા બંને રીતે એકાંત સાચી નથી → (૧) જમણવારાદિ હોવા છતાં ઉપરોક્ત મુજબ એવરેજ સંખ્યા સાધારણ હોય છે. (૨) જમણવારાદિ વિના પણ વિરાટ સંખ્યા થઈ શકે છે, ને તે સંખ્યા એવરેજ પણ વિરાટ હોઈ શકે છે. તે આ રીતે →

* પ્રાસંગિક/રવિવારીય અનુષ્ઠાનના બદલે જાહેર જનતા માટે તાત્ત્વિક પ્રવચનનું આયોજન થાય. * તે પ્રવચનના આધારે અંતમાં પ્રશ્નોત્તરી થાય/ ક્વીઝ થાય કે આખા પ્રવચનના આલેખનની/ સારાંશ આલેખનની સ્પર્ધા યોજાય * સ્પર્ધા આદિના ઈનામો રૂપે સોનાની લગડી, ગોલ્ડ મેડલ, સોનાની ચેઈન, સોનાનો બ્રેસલેટ, સોનાની વીંટી જેવા અત્યંત આકર્ષક અનેક ઈનામોની + એવોર્ડ/કપ/શિલ્ડ વગેરેની જાહેરાત થાય * સ્થાનિક બધી સ્કુલો અને કોલેજોમાં આ જાહેરાત કરવામાં આવે. * જમવાના સમયને ન સ્પર્શે એવો ૮ થી ૧૧ કે ૯ થી ૧૧ જેવો શાર્પ સમય રાખવામાં આવે. * નિર્ધારિત સમયની એક મિનિટ પૂર્વેથી નો એન્ટ્રી રહેશે, એવી પૂર્વેથી જાહેરાત કરવામાં આવે અને તેનો અમલ કરવામાં આવે. * નિર્ધારિત સમયે પ્રારંભ અને અંત કરવા માટે ખૂબ કાળજી લેવામાં આવે. * પ્રશ્નોત્તરી/

ક્વીઝમાં તે જ દિને અને લેખિત સ્પર્ધામાં આવતા રવિવારે સમ્માનપૂર્વક ઈનામો આપવામાં આવે.

## આ પદ્ધતિના ફાયદા →

* પ્રવચનના પહેલા અક્ષરથી છેલ્લા અક્ષર સુધી ખૂબ ધ્યાનથી સાંભળવાનું મહત્ત્વ ખૂબ ખૂબ વધી જશે. * નિર્ધારિત સમય પૂર્વે સભા ભરાઈ જશે, જે છેક સુધી યથાવત્ રહેશે. * સાંભળવા, સમજવા અને જીવનમાં ઉતારવા માટે સક્ષમ એવી પર્ષદા મળશે. * ખરા અર્થમાં પ્રભાવના અને પરાર્થકરણ થશે. * સમાન ખર્ચમાં અનેકાનેકગણું ફળ આપનારું કાર્ય થશે * જમવાની લેશ્યા, અશિસ્ત, અશાંતિનું સ્થાન એકાગ્રતાપૂર્વક કરાતું તત્ત્વશ્રવણ લેશે. * ક્રમશઃ શ્રીસંઘ તથા જાહેરજનતાનું વ્યવહારિક તથા નૈશ્ચયિક સ્તર ઉંચું આવતું જશે. * પ્રવચનમાં મનોરંજન અનાવશ્યક બની જશે. * સંગીત-જમણવારાદિથી ઉદ્‌ભવતા ઘોંઘાટ, અસ્વચ્છતા, ગંદકી, વ્યવસ્થાકીય જટિલતા વગેરે પ્રશ્નોનો નિકાલ થઈ જશે. * ગુરુ ભગવંતના જ્ઞાન અને વિનિયોગશક્તિનો અનેક રીતે મહત્તમ લાભ લેવાશે. * અવ્યવસ્થા અને અશાંતિને કારણે ખેંચાઈને ગળાફાડ પ્રવચનો કરવાથી ગુરુ ભગવંતના સ્વાસ્થ્યને જે હાનિ પહોંચે છે, તેને ટાળી શકાશે. * જિનવાણી અને ગુરુ ભગવંતની આમાન્યા સચવાશે. * યોગ્ય વિશિષ્ટ શ્રોતાઓનું બહુમાન થતા શ્રોતાઓની યોગ્યતા અને વિશિષ્ટતા વધશે. * નવી પેઢીને અશિસ્ત વગેરેની બદલે જ્ઞાનરુચિ વગેરેનો વારસો મળશે. * અશિસ્ત વગેરેને કારણે જે જિનશાસનની અપભ્રાજના થાય છે અને આગંતુક + નવી પેઢીમાં ધર્મ પ્રત્યેની અરુચિ વિકસે છે, તેનું નિવારણ થઈ શકશે. * જમણમાં જાહેર જનતાને આમંત્રણ આપવા જતાં સંખ્યાની મૂંઝવણ થાય છે. આ પદ્ધતિમાં સમાન ખર્ચમાં જાહેર જનતાને સામેલ કરી શકાશે.

**ખાસ નોંધ** :- ચતુર્વિધ સંઘ પ્રત્યેનું અપરંપાર વાત્સલ્ય શ્રીસંઘની ભક્તિ માટે ન પ્રેરે, તો એ વાત્સલ્ય જ ખરું ન કહેવાય. **यदेवार्थक्रियाकारि तदेव सत्** - જે સક્રિય છે તે જ સાચું-એવો નિશ્ચયનયનો મત છે. આવા

વાત્સલ્યભાવથી બારે માસ ૩૬૦ દિવસ શ્રીસંઘસ્વામિવાત્સલ્યો થાય તો તેમાં કશું વધુ પડતું નથી. આપણા ઈતિહાસમાં તેવી ઘટના પણ બની છે. માટે આ લેખને શ્રીસંઘ-જમણનો નિષેધક ન સમજવો. પણ જ્યારે કોઈ અનુષ્ઠાનને સફળ બનાવવા માટે જમણનું આયોજન કરવામાં આવે ને એ આયોજન જ અનુષ્ઠાનમાં બાધક બની જાય તે સંદર્ભમાં આ નિવેદન છે. સુજ્ઞ વાચક તેને સારી રીતે સમજી શકશે.

**અંતરની ઊર્મિ** :- મારે તો શ્રીસંઘનું એ સ્તર જોવું છે, કે જેમાં સ્વૈચ્છિક સહજ અનુશાસન હોય. 'સર્વમંગલ' પછી જમ્યા વિના વિદાય થતા કોઈ શ્રોતાને કાર્યકર્તા લાભ આપવાનો આગ્રહ કરે, ને એ શ્રોતા સ્પષ્ટ ના પાડી દે ને મજબૂત (રિપિટ : મજબૂત) કારણ રજુ કરે કે હું એક મિનિટ મોડો આવ્યો હતો. 'એ તો ચાલે' આ વર્તનનું મારે એ પરિવર્તન જોવું છે, કે 'એ તો ન જ ચાલે.' આ પરિવર્તનની પરિણતિ જ્ઞાનપ્રાપ્તિથી થઈ શકશે, જેનો એક ઉપાય અહીં રજુ કર્યો છે.

## ☆ જાહેર જનતાને આમંત્રિત કરવાનું કારણ ☆

* હોલની ક્ષમતા કરતાં શ્રોતાઓની સંખ્યા વધુ હોય, ત્યારે શ્રોતાઓના મોડા આવવાની શક્યતા ખૂબ ઘટી જાય છે.
* જાહેર જનતાને પ્રતિબોધ કરતાં રહેવાની અનિવાર્ય આવશ્યકતા છે.
* વિરાટ જાહેર જનતામાંથી ઉપરોક્ત પદ્ધતિના પ્રવચન માટે વિપુલ પ્રમાણમાં કિશોર-યુવા વયના યોગ્ય શ્રોતાઓ મળી રહે છે.
* જાહેર જનતામાં પ્રવચનનું પરિણામ ખૂબ ઊંચું જોવા મળતું હોય છે. તેમાં પણ નાની વયના શ્રોતાઓમાં વધુ ઊંચું પરિણામ આવી શકે છે.
* વિશિષ્ટ સંપત્તિ /શિક્ષણ/સત્તાની શક્તિ ધરાવતા શ્રોતાઓથી જિનશાસનના કાર્યો થઈ શકે + જિનશાસનના વિઘ્નો ટળી શકે છે.

**સાવધાની** :- પ્રવચનકાર બહુશ્રુત વચનવિવેકસંપન્ન અને વિચક્ષણ હોય, તો જ જાહેર જનતા માટેનું આયોજન કરવું. અન્યથા આ જ પદ્ધતિનું આયોજન શ્રીસંઘ પૂરતું કરવું.

## ❁ જૈનીઝમ – શોર્ટ અભ્યાસક્રમ ❁

(૧) **પ્રતિક્રમણસૂત્ર ચિત્ર આલ્બમ** (આવશ્યક ક્રિયા શુદ્ધિ)

(૨) **ચાલો જિનાલય જઈએ** (સંપૂર્ણ જિનાલય વિધિ)

(૩) **રિસર્ચ ઓફ ડાઈનીંગ ટેબલ** (સંપૂર્ણ આહાર વિધિ)

(૪) **પરમતેજ સારોદ્ધાર** (લલિતવિસ્તરા ગ્રંથ - ભક્તિવિજ્ઞાન)

(૫) **શ્રાદ્ધવિધિ પ્રકરણ** (શ્રાવકઆચાર વિજ્ઞાન)

(૬) **શ્રાદ્ધગુણવિવરણ** ''

(૭) **શ્રાદ્ધદિનકૃત્ય** ''

(૮) **ઉચ્ચ પ્રકાશના પંથે** (પંચસૂત્ર ગ્રંથ - સંપૂર્ણ મોક્ષમાર્ગ)

(૯) **ઉપદેશમાલા** (શ્રાવક માટે આગમ તુલ્ય ગ્રંથ)

(૧૦) **જીવવિચાર** (જૈન બાયોલોજી)

(૧૧) **નવતત્ત્વ** (જૈન ફિલોસોફી)

(૧૨) **જૈન કોસ્મોલોજી** (જૈન ભૂગોળ આદિ વિશ્વ વ્યવસ્થા)

(૧૩) **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર** પર્વ ૧ થી ૧૦ + પરિશિષ્ટ પર્વ (જૈન ઈતિહાસ)

(૧૪) **ધર્મસંગ્રહ** (ધર્મવિજ્ઞાન–ગાગરમાં સાગર)

(૧૫) **સંવેગરંગશાલા** (જિનમાર્ગની આરાધના માટે અજોડ આલંબનરૂપ ગ્રંથ)

(૧૬) **ઉપમિતિભવપ્રપંચ કથા** (કથાશૈલીથી આગમોના અર્કને વણી લેતો પરાકાષ્ઠાનો ગ્રંથ)

(૧૭) **મુક્તિનું મંગલ દ્વાર** (ત્રિકાળ આરાધનાનું અમૃત)

(૧૮) **ત્રિલોક તીર્થ વંદના** (ચાર નિક્ષેપે અરિહંતની આરાધના)

## ❁ જૈનીઝમ – વિસ્તૃત અભ્યાસક્રમ ❁

શ્રાવક જીવનમાં પણ અગાધ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે અને તે જ્ઞાનને આચરણમાં મુકીને શીઘ્ર મોક્ષપ્રાપ્તિ કરવા માટે જે પુણ્યાત્માઓ ઉત્સુક છે તેમના માટે અહીં એક અભ્યાસક્રમ રજુ કરેલ છે. ગુરુગમ દ્વારા આ અભ્યાસ કરવો શક્ય બને, તો શ્રેષ્ઠ, અન્યથા અહીં રજુ કરેલ પ્રાયઃ તમામ ગ્રંથોના ગુજરાતી અનુવાદ ઉપલબ્ધ છે. ગુરુભગવંતની અનુજ્ઞા અને માર્ગદર્શન મેળવીને તે તે સંસ્કૃત-પ્રાકૃત પ્રાચીન ગ્રંથોના અનુવાદોથી પણ અભ્યાસ શક્ય બની શકશે.

**આધારશિલા અભ્યાસ**

(૧) પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલ્બમ - આવશ્યકસૂત્ર રહસ્ય-સચિત્ર
(૨) પદાર્થ પ્રકાશ (ભાગ-૧) - જીવવિચાર -નવતત્ત્વ
(૩) પદાર્થ પ્રકાશ (ભાગ-૨) - દંડક- લઘુસંગ્રહણી
(૪) પદાર્થ પ્રકાશ (ભાગ-૩) - પ્રથમ-દ્વિતીય કર્મગ્રંથ
(૫) પદાર્થ પ્રકાશ (ભાગ-૫) - ચૈત્યવંદનભાષ્ય, ગુરુવંદનભાષ્ય, પચ્ચક્ખાણભાષ્ય
(૬) ઉચ્ચપ્રકાશના પંથે/પંચસૂત્રનું પરિશીલન-પંચસૂત્ર (સૂત્ર ૧-૫)

**તત્ત્વવિજ્ઞાન**

(૭) તત્ત્વાર્થસૂત્ર
(૮) પ્રકરણરત્નાવલિ
(૯) પ્રશમરતિ
(૧૦) ધર્મસંગ્રહ
(૧૧) ધર્મરત્ન
(૧૨) બૃહત્સંગ્રહણી
(૧૩) ક્ષેત્રસમાસ
(૧૪) ગણધરવાદ
(૧૫) પ્રવચનસારોદ્ધાર
(૧૬) લોકપ્રકાશ

**વિરાગ વિજ્ઞાન**

(૧૭) વૈરાગ્યશતક
(૧૮) ઈન્દ્રિયપરાજયશતક
(૧૯) દેશનાશતક
(૨૦) હૃદયપ્રદીપ
(૨૧) શાન્તસુધારસ
(૨૨) અધ્યાત્મકલ્પદ્રુમ
(૨૩) યોગસાર
(૨૪) વિકારનિરોધ
(૨૫) સામ્યશતક
(૨૬) કુલકસંગ્રહ
(૨૭) સુખોપનિષદ્
(૨૮) ભર્તૃહરિનિર્વેદ
(૨૯) સંવેગરંગશાલા
(૩૦) ઉપમિતિ ભવપ્રપંચકથા

**શ્રાવકધર્મવિજ્ઞાન**

(૩૧) શ્રાદ્ધવિધિ, શ્રાદ્ધગુણવિવરણ
(૩૨) શ્રાવકધર્મવિધિ
(૩૩) શ્રાવકપ્રજ્ઞપ્તિ

(૩૪) શ્રાદ્ધદિનકૃત્ય
(૩૫) આચારોપદેશ
(૩૬) આચારદિનકર
(૩૭) આચારપ્રદીપ
(૩૮) મૂલ શુદ્ધિ
(૩૯) યોગશાસ્ત્ર (૪ પ્રકાશ)
(૪૦) ચાલો જિનાલયે જઈએ
(૪૧) રિસર્ચ ઓફ ડાયનિંગ ટેબલ

**ઉપદેશવિજ્ઞાન**

(૪૨) ઉપદેશમાલા
(૪૩) પુષ્પમાલા
(૪૪) ઉપદેશરત્નાકર
(૪૫) ઉપદેશસપ્તતિ
(૪૬) ઉપદેશસપ્તતિકા (નવ્યા)
(૪૭) ઉપદેશકલ્પવલ્લી
(૪૮) ઉપદેશચિન્તામણિ
(૪૯) ઉપદેશપ્રદીપ
(૫૦) ઉપદેશસાર
(૫૧) ઉપદેશતરંગિણી
(૫૨) શીલોપદેશમાલા
(૫૩) ધર્મોપદેશમાલા
(૫૪) હિતોપદેશમાલા

**શ્રી હરિભદ્રસૂરિજીના ગ્રન્થો**

(૫૫) ધર્મબિન્દુ
(૫૬) પરમતેજ સારોદ્ધાર (લલિતવિસ્તરા)
(૫૭) હિંસાષ્ટક
(૫૮) નાનાચિત્તપ્રકરણ
(૫૯) ષોડશક પ્રકરણ
(૬૦) અષ્ટક પ્રકરણ
(૬૧) યોગશતક
(૬૨) યોગદષ્ટિસમુચ્ચય
(૬૩) પંચાશક
(૬૪) પંચવસ્તુક
(૬૫) વિંશતિવિંશિકા
(૬૬) યોગવિંશિકા
(૬૭) સંબોધપ્રકરણ
(૬૮) ઉપદેશપદ

**મહો. શ્રીયશોવિજયજીના ગ્રન્થો**

(૬૯) જ્ઞાનસાર
(૭૦) અધ્યાત્મસાર
(૭૧) અધ્યાત્મોપનિષદ્
(૭૨) દેવધર્મપરીક્ષા
(૭૩) પ્રતિમાશતક
(૭૪) ઉપદેશરહસ્ય
(૭૫) સામ્યોપનિષદ્
(૭૬) સામાચારીપ્રકરણ
(૭૭) અધ્યાત્મમતપરીક્ષા
(૭૮) કૂપદષ્ટાન્તવિશદીકરણ
(૭૯) પરમોપનિષદ્
(૮૦) આરાધકવિરાધક-ચતુર્ભંગી
(૮૧) વૈરાગ્યકલ્પલતા
(૮૨) દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા

**શ્રીસિદ્ધસેન દિવાકરસૂરિજીના ગ્રન્થો**

(૮૩) તત્ત્વોપનિષદ્
(૮૪) વાદોપનિષદ્
(૮૫) વેદોપનિષદ્
(૮૬) સ્તવોપનિષદ્
(૮૭) શિક્ષોપનિષદ્
(૮૮) વર્ધમાન દ્વાત્રિંશિકા
(૮૯) કલ્યાણમંદિર

**વિવિધ વિજ્ઞાન**

(૯૦) હીરપ્રશ્ન

| | |
|---|---|
| (૯૧) સેનપ્રશ્ન | (૧૧૩) સમરાદિત્યકથા |
| (૯૨) ષષ્ટિશતક | (૧૧૪) ભવભાવના |
| (૯૩) વીતરાગસ્તોત્ર | (૧૧૫) સુકૃતસાગર |
| (૯૪) સૂક્તોપનિષદ્ | (૧૧૬) ભરતેશ્વરબાહુબલિવૃત્તિ |
| (૯૫) વિશેષશતક | (૧૧૭) વસ્તુપાલચરિત્ર |
| (૯૬) સંબોધસપ્તતિ | (૧૧૮) પ્રભાવકચરિત્ર |
| (૯૭) દુઃષમગંડિકા | (૧૧૯) શ્રીચન્દ્રકેવલીચરિત્ર |
| (૯૮) જીવદયાપ્રકરણ | (૧૨૦) સુરસુંદરીચરિત્ર |
| (૯૯) દર્શનરત્નરત્નાકર | (૧૨૧) જયાનંદકેવલીચરિત્ર |
| (૧૦૦) જિનશાસન સહુને સુખકારી (સમ્યક્ત્વ-કૌમુદી) | (૧૨૨) શત્રુંજયમાહાત્મ્ય |
| (૧૦૧) ધર્માચાર્યબહુમાનકુલક-ટીકા | (૧૨૩) શત્રુંજયકલ્પવૃત્તિ |
| (૧૦૨) ઋષભપંચાશિકા | (૧૨૪) કુમારપાલચરિત્ર |
| (૧૦૩) ધ્યાનશતક | **ગુર્જર પદ્યવિજ્ઞાન** |
| (૧૦૪) નમસ્કાર સ્વાધ્યાય (ભાગ ૧,૨,૩) | (૧૨૫) ૧૨૫, ૧૫૦, ૩૫૦ ગાથાના સ્તવનો |
| **નીતિ વિજ્ઞાન** | (૧૨૬) સમકિતના ૬૭ બોલની સજ્ઝાય |
| (૧૦૫) નીતિતત્ત્વાદર્શ | (૧૨૭) સમાધિશતક |
| (૧૦૬) અર્હન્નીતિ | (૧૨૮) સમતાશતક |
| (૧૦૭) નીતિવાક્યામૃતમ્ | (૧૨૯) શ્રીપાળરાસ |
| **ચારિત્રવિજ્ઞાન** | (૧૩૦) ચિદાનંદજીના પદો |
| (૧૦૯) ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર (પર્વ ૧ થી ૧૦ + પરિશિષ્ટ પર્વ) | (૧૩૧) આનંદઘનજીના પદો |
| (૧૧૦) ભુવનભાનુકેવલિચરિત્ર | (૧૩૨) યશોવિજયજીના પદો |
| (૧૧૧) મહાવીરચરિયં | (૧૩૩) આનંદઘન ચોવીશી |
| (૧૧૨) કુવલયમાલા | (૧૩૪) યશોવિજય ચોવીશી |
| | (૧૩૫) દેવચન્દ્ર ચોવીશી |
| | (૧૩૬) જ્ઞાનવિમલ ચોવીશી |

## અભ્યાસ ટિપ્સ

(૧) એક ગામના અનેક રસ્તા હોઈ શકે, તેમ જ્ઞાનપ્રાપ્તિના અનેક અભ્યાસક્રમ હોઈ શકે. **એક ગુરુને પૂર્ણ સમર્પિત થઈને પોતાની રુચિ, રસ વગેરેની કોઈ**

**પરવા કર્યા વિના નિષ્ઠાપૂર્વક અભ્યાસમાં મચી પડવું, એ જ્ઞાનપ્રાપ્તિનો શ્રેષ્ઠ ઉપાય છે.**

(૨) અભ્યાસ કરતાં પૂર્વે શાસનપતિ પ્રભુ મહાવીરસ્વામીથી માંડીને ગણધર ભગવંત આદિ પૂર્વાચાર્યો, ગ્રન્થકારશ્રી, ટીકાકારશ્રી, સંપાદકશ્રી, પ્રકાશકશ્રી આપણા સુધી પુસ્તક પહોંચતું કરનાર ઉપકારીશ્રી - આ બધાને ભાવપૂર્વક વંદન કરવા. **વિદ્યાદાતાનો સર્વ પ્રકારે વિનય કરવા પૂર્વક તેમને વંદન કરવા,** તથા આ બધાનો હૃદયથી ઉપકાર માનવો.

(૩) એક ગ્રન્થનો અભ્યાસ ચાલુ હોય, ત્યારે **તે ગ્રન્થ સિવાયનું બીજું કોઈ પણ જાતનું સાહિત્ય વાંચવું નહીં**, ટી.વી. વગેરેનો ત્યાગ કરવો. બિનજરૂરી વાતચીત પણ ટાળવી. (જેટલા દિવસ અભ્યાસ ચાલે તેટલા સમગ્ર દિવસો દરમિયાન - સમગ્ર સમય માટે આ કાળજી રાખવી.)

(૪) જે ગ્રન્થનો અભ્યાસ ચાલુ હોય, તે ગ્રન્થ વિષે અવકાશની પળોમાં ચિંતન કરવું - **તે ગ્રન્થના પદાર્થોનું પરાવર્તન** કરવું.

(૫) એક ગ્રન્થનો અભ્યાસ પૂરો થાય, કે **વિના વિલંબે તરત જ બીજો ગ્રન્થ ચાલુ કરવો.** જો તે ગ્રન્થ તરત ઉપલબ્ધ ન થાય, તો તેની પછીનો ગ્રંથ ચાલુ કરી શકાય. ક્રમનો અતિ આગ્રહ નથી. પણ વિલંબ ન થવો જોઈએ.

(૬) અભ્યાસ કરતાં પ્રશ્નો થાય અને ગુરુનો યોગ ન હોય, તો તે પ્રશ્નોને ગ્રંથ નામ, પૃષ્ઠ ક્રમાંક સાથે નોંધી લેવા અને **અવસરે ગુરુ ભગવંતને પૂછવા.**

(૭) ગ્રન્થને કદી જમીન પર ન મુકવો. **ઉત્તમ સાપડા, ઉત્તમ વસ્ત્ર વગેરે પર વિધિપૂર્વક બહુમાનપૂર્વક પધરાવી આદરપૂર્વક ગ્રન્થ વાંચવો.** વાંચન પૂર્ણ થયે આવશ્યક સમારકામ, પૂઠા ચડાવવાપૂર્વક તેના સ્થાને પધરાવવો.

આ રીતે અભ્યાસ કરવાથી જ્ઞાનાવરણીય કર્મનો અત્યંત વિશિષ્ટ ક્ષયોપશમ થાય છે, અચિન્ત્ય શક્તિનો ઉઘાડ થાય છે, જ્ઞાનાનંદ અને જ્ઞાનપરિણતિનો અનુભવ થાય છે, તથા અલ્પ સમયમાં ઉચ્ચ ગુણવત્તાસભર જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. પરમ પાવન શ્રીભગવતીસૂત્રના ઉલ્લેખ અનુસાર **'लद्धट्ठा गहियट्ठा पुच्छियट्ठा विणिच्छियट्ठा'** - ની કક્ષાની જ્ઞાનગરિમા શ્રાવકવર્ગને પ્રાપ્ત થાય. તેના પ્રભાવે **'एस अट्ठे एस परमट्ठे सेसे अणट्ठे'** - આવી જિનશાસન પ્રત્યેની સંવેદના તેઓ પામે અને સ્વ-પરનું કલ્યાણ કરે, એવી શુભેચ્છા.

# ❁ KNOW JAINISM ❁

વિશ્વના મૂર્ધન્ય વિદ્વાનોનું એવું તટસ્થ મંતવ્ય છે, કે જૈન તત્ત્વજ્ઞાન એ વિશ્વનું સર્વોત્કૃષ્ટ તત્ત્વજ્ઞાન છે. જૈન સિદ્ધાન્તો અકાટ્ય છે. એનું ખંડન તો અશક્ય છે જ. એની તુલના પણ શક્ય નથી. માટે જ દેશવિદેશની મોટી મોટી યુનિવર્સિટીઓમાં જૈન તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ થઈ રહ્યો છે. આપણી વ્યક્તિગત અને સમષ્ટિગત સમસ્ત સમસ્યાઓના સમાધાન જૈન તત્ત્વજ્ઞાનમાં રહેલા છે. આ જ્ઞાન આત્મસાત્ થાય, તો જીવનમાં સુખ-શાંતિનું સામ્રાજ્ય છવાઈ જાય.

કેટલાય સમયથી એવી આવશ્યકતા હતી કે આગમો અને પ્રાચીન શાસ્ત્રોમાં રહેલા આ મહાસાગર જેવા જ્ઞાનનું મંથન કરીને લોકભાષામાં તેનું મધુર નવનીત ઉપલબ્ધ કરવામાં આવે. વિષયવાર આ તત્ત્વજ્ઞાનની શ્રેણિ પ્રકાશિત થાય અને શ્રીસંઘની એક એક વ્યક્તિ સમ્યક્ જ્ઞાનને પામી શકે. ગુરુગમથી સમ્યક્જ્ઞાનના સ્વામી બનેલા વિવિધ આચાર્યાદિ ભગવંતો દ્વારા તાજેતરમાં આ દિશામાં એક સફળ પ્રયાસ થયેલ છે. પરિણામે શ્રીસંઘને અગિયાર પુસ્તકોનો સુંદર ઉપહાર મળ્યો છે. મને એવું નિશ્ચિત દેખાઈ રહ્યું છે કે **સમ્યક્ જ્ઞાન જ શ્રી સંઘના અભ્યુદયનો આધાર બની શકે છે. વિશ્વકલ્યાણનું પ્રથમ સોપાન પણ આ જ છે.** સમ્યક્ જ્ઞાન જ્યારે આપણી જ ભાષામાં આપણી આટલી સમીપ આવીને ઊભું હોય, ત્યારે આપણે હૈયાના ઉમળકા સાથે એનું સ્વાગત કરીએ, એમાં ઔચિત્ય પણ છે, અને અભ્યુદય પણ.

પુસ્તકોની સંક્ષિપ્ત માહિતી આ મુજબ છે.

(૧) **સમાધાનમ્** - જૈન દૃષ્ટિએ વૈચારિક સંઘર્ષ અને સમાધાનની ભૂમિકાઓ

(૨) **સમાધિનો પ્રાણવાયુ** - જૈનદર્શનની વિશ્વને અમૂલ્ય ભેટ - અનેકાન્તવાદ

(૩) **પરમ આનંદનું મંગલદ્વાર** - ધ્યાનયોગમાં જૈનોનું ખેડાણ અને ઊંડાણ

(૪) **પરમ ઉર્જાનો પવિત્ર પરિચય** -ઈશ્વરતત્ત્વ વિષે જૈન દર્શનની સચોટ વિચારણા

(૫) **સમર્પણમ્** - ગુરુતત્ત્વ સાથેનો સંબંધ અને વ્યવહાર, જૈન દૃષ્ટિએ
(૬) **વિશ્વસંચાલનનો મૂલાધાર** - કર્મ, જૈન દૃષ્ટિએ
(૭) **અજબ જીવનની ગજબ કહાની** - જૈન સાધુનું અદભુત જીવન
(૮) **જીવનનું અમૃત** - જૈન દર્શન પ્રરૂપિત જ્ઞાનનું નિરૂપણ
(૯) **યાત્રા : ભક્તિથી મુક્તિની** - પ્રભુભક્તિનો જૈન માર્ગ
(૧૦)**પરમનું પાવન સ્મરણ** - ચોવીશ જૈન તીર્થંકરોના ચરિત્ર
(૧૧)**સેતુ : સંસારથી મુક્તિનો** - જૈન તપમાર્ગ

(સંપુટ - **શ્રી ભુવનભાનુ પદાર્થ પરિચય શ્રેણિ,**
સંયોજક - **પ.પૂ. પંન્યાસજી શ્રી સંયમબોધિવિજયજી મ.સા.**
પ્રકાશક - **જૈનમ્ પરિવાર.**)

✳ ✳ ✳ ✳ ✳

જ્ઞાનદશા વિણ જીવને
નહીં દુઃખનો છેહ.
- મહો. શ્રીયશોવિજયજી મહારાજા

વિદ્વાન અને પ્રતિભાશાળી મહાત્માઓ પોતાના અમૂલ્ય જ્ઞાન, સમય અને શક્તિનો વિનિયોગ કરીને પ્રવચન આપતા હોય, તેનો લાભ મોટા ભાગે આધેડ કે વૃદ્ધ વયના લોકો લેતા હોય તેવું પ્રાયઃ બધે જોવા મળે છે, શિબિર જેવા આયોજનો જ આમાં અપવાદભૂત છે. કેટલાક એવા ઉપાયો છે, કે જે આવી પરિસ્થિતિમાં ચમત્કારિક પરિવર્તન લાવી શકે છે. જે આ મુજબ છે.

(૧) પ્રવચનને **પ્રતિભા - અભિવ્યક્તિ સ્પર્ધા**નું રૂપ આપવામાં આવે.
(૨) તે સ્પર્ધા **બુદ્ધિશાળી બાળકો - કિશોરોને અનુલક્ષીને** યોજવામાં આવે.
(૩) સ્પર્ધાના પ્રકારો આવા હોય - (i) શબ્દશઃ **સમગ્ર પ્રવચનને અક્ષરાંકિત** કરવું. (ii) પ્રવચનની **શોર્ટ-સમરી** તૈયાર કરવી. (iii) પ્રવચનનો હિંદી/ઈંગ્લીશ **અનુવાદ** કરવો. (iv) પ્રવચનનું **કવિતામાં રૂપાંતર** કરવું.
(૪) પ્રવચન મુદ્દાસર, સુગમ અને શાસ્ત્રસ્પર્શી હોય.
(૫) પ્રવચન જાહેર જનતાને અનુરૂપ હોય.
(૬) **પ્રતિભા-અભિવ્યક્તિ સ્પર્ધારૂપે પ્રવચનની જાહેરાત** તે તે ગામ/શહેર વિસ્તારની બધી કોલેજો, સ્કુલો અને યોગ્ય જાહેરસ્થાનોમાં કરવામાં આવે.
(૭) બેન્ડવાજા, સંગીત, અનુષ્ઠાનો અને જમણવારોમાં થતાં ખર્ચાના બદલે મહત્તમ વ્યય આવી સ્પર્ધાના **આકર્ષક ઈનામો** માટે કરવામાં આવે.
(૮) પ્રતિદિન ગયા દિવસની/બે દિવસ પહેલાની સ્પર્ધાના વિજેતાઓને **ઈનામ વિતરણ** કરવામાં આવે, તથા તેમના વધામણા થાય.
(૯) મહિના/બે મહિના/ચાર મહિના બાદ સમગ્ર પ્રવચનો પર **પરીક્ષા/ક્વીઝનું પણ આયોજન** થાય. અત્યંત આકર્ષક ઈનામો સાથે તેની જાહેરાત અગાઉથી કરવામાં આવે.

અધિકારી મહાત્માઓ આવો અભિગમ અપનાવે અને જિનશાસનના હાર્દને પામેલા સુશ્રાવકો આવું આયોજન કરવા તત્પર બને, તો તેના તાત્કાલિક અને દીર્ઘકાલીન અદ્ભૂત-આશ્ચર્યજનક પરિણામો મળી શકે છે.

# ❁ યુનિવર્સિટી ઑફ ડિવાઈન નોલેજ ❁

'સાહેબજી, આપણા તીર્થમાં આઠ કરોડના ખર્ચે નવું મકાન તો બની ગયું છે. હવે એમાં આર્ટ ગેલેરી કે આપ જે કહો તે બનાવવું છે. કોઈ બજેટ/કોઈ લિમિટ નથી.'

એક અબજોપતિ યુવાને આચાર્ય ભગવંતને વિનંતિ કરી. યુવાનના ગયા પછી પૂજ્યશ્રી વિચારમાં પડ્યા. કરોડોના ખર્ચે નવી આર્ટ ગેલેરી થઈ તો જાય. જૈન ધર્મના વિવિધ અંગોની માહિતી પણ આપી શકાય. પણ એનું પરિણામ કેટલું ? ને કેવું ? તીર્થમાં અડધો કે એક દિવસ માટે આવતા યાત્રિકો વધુમાં વધુ અડધો કે એક કલાકમાં આર્ટ ગેલેરીની મુલાકાત લઈને કે માત્ર પસાર થઈને વધુમાં વધુ કેટલું પામી શકશે ? આર્ટ ગેલેરીનો કોન્સેપ્ટ ખોટો પણ નથી અને ખરાબ પણ નથી. પણ **ખૂબ જ દીર્ઘજીવી અને ખૂબ જ નક્કર પરિણામ મેળવવું હોય તો શું કરવું જોઈએ ?**

વિચાર કરતાં એક અલગ જ કોન્સેપ્ટ મળી આવ્યો. જેનું નામ છે, **યુનિવર્સિટી ઑફ ડિવાઈન નોલેજ.**

યથાસંભવ જિલ્લા/રાજ્ય/દેશ/દુનિયા માટે જૈન જ્ઞાનાભ્યાસનું એક સુંદર આયોજન મુકવામાં આવે, જેમાં દશ વર્ષનો કોર્સ હોય. દરેક વર્ષે ચોક્કસ ગ્રંથોનો અભ્યાસ કરીને પરીક્ષા આપવાની હોય. તે પરીક્ષામાં પ્રથમ ક્રમાંકે આવનારને, ફર્સ્ટ ક્લાસમાં આવનારને અને પાસ થનારને ક્રમશઃ ઉચિત પુરસ્કાર અપાય. સંપૂર્ણ આયોજન આવા પ્રકારનું હોઈ શકે →

| વર્ષ | ગ્રંથ | પ્રથમ ક્રમાંક રૂા. | ફર્સ્ટ ક્લાસ રૂા. | પાસ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | ધર્મોપનિષદ્ (વિવિધ ધર્મોનો સાર) | ૧૧,૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦ |
| ૨ | શ્રાદ્ધગુણવિવરણ | ૧૨,૦૦૦ | ૨૦૦૦ | ૨૦૦ |
| ૩ | જૈન ધર્મનો પરિચય | ૧૩,૦૦૦ | ૩૦૦૦ | ૩૦૦ |

| વર્ષ | ગ્રંથ | પ્રથમ ક્રમાંક રૂા. | ફર્સ્ટ ક્લાસ રૂા. | પાસ રૂા. |
|---|---|---|---|---|
| ૪ | ચાલો જિનાલયે જઈએ, રિસર્ચ ઓફ ડાઈનિંગ ટેબલ | ૧૪,૦૦૦ | ૪૦૦૦ | ૪૦૦ |
| ૫ | જીવવિચાર, નવતત્ત્વ, દંડક, લઘુસંગ્રહણી | ૧૫,૦૦૦ | ૫૦૦૦ | ૫૦૦ |
| ૬ | ૩ ભાષ્ય, ૧ કર્મગ્રંથ | ૧૬,૦૦૦ | ૬૦૦૦ | ૬૦૦ |
| ૭ | શાંતસુધારસ, યોગશાસ્ત્ર (૪ પ્રકાશ) ઉપદેશમાલા | ૧૭,૦૦૦ | ૭૦૦૦ | ૭૦૦ |
| ૮ | તત્ત્વાર્થ, અધ્યાત્મસાર, જ્ઞાનસાર | ૧૮,૦૦૦ | ૮૦૦૦ | ૮૦૦ |
| ૯ | શ્રાદ્ધવિધિ, શ્રાદ્ધદિનકૃત્ય, શ્રાવકધર્મવિધિ | ૧૯,૦૦૦ | ૯૦૦૦ | ૯૦૦ |
| ૧૦ | ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, ઉપમિતિભવપ્રપંચકથા, સંવેગરંગશાળા | ૨૦,૦૦૦ | ૧૦૦૦૦ | ૧૦૦૦ |

## ✷ પુસ્તકો ✷

આ સર્વે ગ્રંથો જુદી જુદી ભાષાઓમાં અનુવાદિત છે. પ્રાયઃ ગુજરાતી અને હિન્દીમાં સરળ અનુવાદો મળે છે. સંસ્કૃત-પ્રાકૃતના અભ્યાસ વિના સીધું જ પોતાની ભાષામાં ભણવું ગૃહસ્થો માટે સરળ થઈ શકે.

## ✷ અભ્યાસુ ✷

કોઈ પણ ધર્મને પાળતી વ્યક્તિ આ આયોજનમાં જોડાઈ શકે. જ્ઞાતિ-જાતિ-ઉંમર વગેરેનો પણ કોઈ બાધ ન રાખવામાં આવે.

## ✵ અભ્યાસ ✵

(૧) ભાઈઓ પૂ. સાધુ ભગવંત પાસે અને બહેનો પૂ. સાધ્વી ભગવંત પાસે અભ્યાસ કરી શકે.

(૨) નિયત સ્થળે દૈનિક કે રવિવારીય અધ્યાપન પંડિતવર્ય દ્વારા કરવામાં આવે.

(૩) દૈનિક અભ્યાસ જાતે કરવામાં આવે. અઠવાડિયે કે મહિને નિયત સ્થળે પ્રશ્ન-સમાધાનનું આયોજન થાય.

(૪) પંડિતવર્ય દ્વારા કરાવાતું અધ્યાપન પ્રતિદિન કે રજાના દિવસે ટી.વી. ચેનલ દ્વારા પ્રસારિત થાય.

(૫) અધ્યાપનની ઓડિયો/વિડિયો સી.ડી. પ્રસારિત કરવામાં આવે.

## ✵ વિજ્ઞાપન ✵

સંપૂર્ણ આયોજનને વર્તમાનપત્રો, બેનરો, બોર્ડો વગેરે દ્વારા જાહેર જનતા સમક્ષ અસરકારકરૂપે પ્રસ્તુત કરવામાં આવે.

## ✵ પરીક્ષા ✵

જુદા જુદા ગામોની શાળાઓમાં રજા કે વેકેશનના દિવસોમાં સ્થાનિક શિક્ષકોની સહાયથી પરીક્ષા લઈ શકાય. તથા પૂ. સંયમી ભગવંતો કે પંડિતવર્યોની સહાયથી ઉત્તરપત્રો તપાસી શકાય. ઘેર બેઠાં-ઓપનબુક એકઝામ પણ થઈ શકે. પરિણામની અને સન્માનની જાહેરાતોથી આયોજનને ઉત્તરોત્તર વધુ પ્રતિસાદ મળી શકે.

## ✵ લાભો ✵

(૧) જૈનો ખરા અર્થમાં જૈન બનશે. (૨) નવા તાત્ત્વિક જૈનો ઉદ્‌ભવ પામશે. (૩) જિનશાસનની અદ્‌ભુત અને નક્કર પ્રભાવના થશે. (૪) સંપત્તિનો શ્રેષ્ઠ સદુપયોગ થશે. (૫) જિનશાસનના વિવિધ અંગોની સુરક્ષા સરળ બનશે.

ઉપદેશમાલા કહે છે -

**सयलम्मि वि जीयलोए**
**तेण इह घोसिओ अमाघाओ ।**
**इक्कं पि जो दुहत्तं**
**सत्तं बोहेज्ज जिणवयणे ॥**

જે
એક જીવને પણ
જિનવચનનો બોધ પમાડે છે
તેણે હકીકતમાં સમગ્ર વિશ્વમાં
અભયદાનની - જીવહિંસાપ્રતિબંધની
ઘોષણા કરી છે.

ચાલો,
આપણા પરોપકારને સ્વર્ણિમ ઘાટ આપીએ
અને જિનશાસનના અદ્ભુત સ્વપ્નને સાકાર કરીએ.

✳ ✳ ✳ ✳ ✳

# ❀ શું આપણી તીર્થયાત્રા આવી હોય ? ❀

પાલીતાણાનો વિહાર કરીને આવેલા મહાત્માએ વાત કરી. 'રોજ ૨૫ થી ૩૦ લક્ઝરી બસો ભયાનક ઝડપથી ખૂબ જ નજીકથી (કટ મારીને) પસાર થતી હતી.' ડ્રાઈવરોને ૭૦૦-૮૦૦-૯૦૦ કિ.મી.ના ડેસ્ટિનેશન દેખાતા હોય ને તેઓ બેફામ ચલાવે એ તો સમજી શકાય છે. પણ એનું પરિણામ શું આવે ? શ્રમણ સંસ્થાના કદાચ સૌથી વધુ વિહારો અમદાવાદ-પાલીતાણાના રોડ પરથી થતાં હશે. ડ્રાઈવરોની પરિસ્થિતિ આ જ રહી તો કદાચ કાલે આપણને એવા ય સમાચાર મળશે, કે **'એક લકઝરી બસે ચાર સાધ્વીજીઓને ભયંકર રીતે અડફેટમાં લીધાં. અડધા કિ.મી. સુધી તેમના શરીરના અવશેષો ફેલાઈ ગયા હતાં. જેમને ભેગા કરવાનું કામ પણ મુશ્કેલ હતું.'** જૈનોને આ પાપના ભાગીદાર ન થવું હોય, તો એ માટે કેટલાક વિકલ્પો મળી શકે.

(૧) 'રોડ-વે' થી પાલીતાણાની યાત્રા ટાળવી.

(૨) સવાર-સાંજના-વિહારના સમયની યાત્રા ટાળવી.

(૩) ન છૂટકે રોડ-વેથી જવું જ પડે, તો ટ્રાવેલ્સમાં વિહારના સમયે ૩૦ કિ.મી.ની સ્પીડની માંગણી કરવી. પહેલાથી ટિકીટના પૂરા પૈસા ન આપવા અને જો ડ્રાઈવર આ નીતિનો ભંગ કરે તો નીચે ઉતરી જવાનું સત્ત્વ દાખવવું. ટિકીટના વધુમાં વધુ ૫૦ % પૈસા પહેલા અપાય અને બાકીના પાલીતાણા પહોંચીને અપાય અને સામૂહિક રીતે જૈનો ટ્રાવેલ્સવાળા સાથે આવું ટાય-અપ કરે તો વિહારમાર્ગ મોતગાડીઓથી મુક્ત બની જાય. પણ આ વિકલ્પ પણ ન છૂટકાનો છે. બાકી રોડ-વેથી ન જવું એ જ ઔચિત્ય છે. હકીકતમાં ધંધા વગેરે માટે મુસાફરી કરવી પડે એમાં ન છૂટકો હોઈ શકે. યાત્રા તો સ્વેચ્છાએ જ થતી હોય. મહાત્માના જીવનનું જોખમ થાય એવી યાત્રામાં કેટલું પુણ્ય થશે ?

(૪) પ્રાઈવેટ વાહનો દ્વારા પણ પાલીતાણાની મુસાફરી કરાતી હોય છે. આ વાહનો વિહારના સમયે મંદ ગતિએ ચાલે અને પૂજ્ય સંયમી ભગવંતો દેખાય, ત્યારે ગાડી થંભાવીને તેમને કાર્યસેવા પૂછે, તો તેમની યાત્રાના પુણ્યના ગુણાકારો થાય, બાકી જો એમના વાહનો પણ મોતગાડી જ બનતા હોય, તો ઉપરોક્ત વાતો તેમને પણ લાગુ પડે છે.

**જિનશાસનમાં ક્વોન્ટિટી કરતાં ક્વોલિટીનું મહત્ત્વ અનેકગણું છે.** વર્ષની ચાર યાત્રા કરી નાખવાથી કે ચાર દિવસમાં ચૌદ તીર્થ કરી નાખવાથી આપણો ઉદ્ધાર થઈ જશે, એવું માનવું, એ એકાંત સત્ય નથી. શુદ્ધિ, જયણા અને ઔચિત્યપૂર્વક કરેલી એકાદ યાત્રા પણ આપણને તારશે. **દેવ-ગુરુ-સંઘ પ્રત્યેના ભક્તિભાવથી કરેલું એક નાનું પણ સુકૃત આપણને ન્યાલ કરી દેશે.** આપણે ગંભીરતાથી વિચારીએ અને ઔચિત્યને સમજીને આરાધના કરીએ.

✳ ✳ ✳ ✳ ✳

આપણે તો ઢાલ બનવાનું છે.

ભાલા નહીં.

[પાલીતાણાની દરેક ધર્મશાળાની દરેક રૂમમાં લગાડવા માટે આ લખાણ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીને આપેલ છે. પાલીતાણા જતા પૂર્વે જરૂરથી આને વાંચશો. તમે કોઈ તીર્થના સંચાલક હો, તો આ લખાણ જેવું તે તીર્થને અનુરૂપ લખાણ દરેક રૂમોમાં મુકીને તીર્થની પવિત્રતાની રક્ષા કરવાનો લાભ લેશો.]

# ❁ તીરથની આશાતના નવિ કરીએ ❁

પ્રણામ.

જીવનમાં કદાચ તમે વધુ ધર્મ ન કરતા હો, તો પણ, અમને ખ્યાલ છે કે, તમે સંવત્સરીના દિવસે રાતે નથી ખાતાં, હોટલ-લારી પર પણ નથી જતાં અને અભક્ષ્ય પણ નથી ખાતાં, તમારાથી થઈ શકે તો ઉપવાસ જ કરો છો અને એ પોસિબલ ન હોય તો એકાસણું કે બેસણું કરો છો, એ ય ઉપવાસ ન થઈ શકવાના થોડા અફસોસ સાથે.

કેમ ?

કારણકે એ પરમ પાવન દિવસ છે. એ પાપોને ધોવાનો દિવસ છે. અને એ તમે બહુ સારી રીતે સમજો છો. **સંવત્સરી એ જેમ પરમ પાવન દિવસ છે. એમ શત્રુંજય એ પરમ પાવન ક્ષેત્ર છે.** સમય(ટાઈમ)ની દૃષ્ટિએ સંવત્સરીનો મહિમા છે, એમ ક્ષેત્ર (ફિલ્ડ)ની દૃષ્ટિએ શત્રુંજયનો મહિમા છે. સંવત્સરી અને શત્રુંજય એ બંને સરખા છે, **બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે તમે પાલીતાણામાં હો છો, ત્યારે તમારી સંવત્સરી હોય છે.** માટે જ તીર્થની સ્પર્શના થાય, ત્યારે ઉપવાસ કરવો જોઈએ, એવું શાસ્ત્રોમાં કહ્યું છે - જેને તીર્થોપવાસ કહેવામાં આવે છે. આજે પણ ઘણા પુણ્યશાળીઓ ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ, અઠ્ઠાઇ કે માસક્ષમણ કરીને આ મહાતીર્થની યાત્રા કરે છે. આપનાથી ઉપવાસ કરવો શક્ય ન હોય, તો આપની ભક્તિ માટે અમે શુદ્ધ-સાત્ત્વિક ભાતાની વ્યવસ્થા રાખી છે. દાદાની જાત્રા કરનારા પુણ્યશાળીઓની ભક્તિનો લાભ લેવા માટે દાતાઓની પડાપડી થઈ રહી છે. આ સિવાય આપણી અનેક ભોજનશાળાઓમાં શુદ્ધ-સાત્ત્વિક ભોજન ઉપલબ્ધ છે.

આપને અમારી ભાવભરી વિનંતિ છે. આ પરમ પાવનધામમાં હોટલ-લારી-અભક્ષ્ય-રાત્રિભોજનના પાપો કરીને તમારી યાત્રાના પુણ્યને બરબાદ ન કરી દેશો. આપનો સંકલ્પ ખૂબ દૃઢ બનાવશો. **'અનંત સિદ્ધોની સાધનાભૂમિ - પરમ ઉર્જાક્ષેત્ર આ સિદ્ધગિરિમાં અને તેની આજુબાજુના દશ કિ.મી. સુધીના સર્કલમાં હું કોઈ જ પાપ નહીં કરું.'**

ખૂબ ખૂબ ધન્યવાદ - અભિનંદન - અનુમોદના

લિ.

શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢી, પાલીતાણા

**अन्यस्थाने कृतं पापं तीर्थस्थाने विमुञ्चति ।**
**तीर्थस्थाने कृतं पापं वज्रलेपो भविष्यति ।।**

જે પાપ બીજા સ્થાને કર્યુ હોય, તે પાપ તીર્થસ્થાનમાં ધોવાઈ જાય છે. પણ તીર્થસ્થાનમાં જે પાપ કરવામાં આવે, એ તો વ્રજના લેપ જેવું બની જાય છે એ પાપને ભોગવ્યા વિના આપણો છુટકારો થઈ શકતો નથી.

✻ ✻ ✻ ✻ ✻

# *BEFORE YOU BE A MOTHER*

સ્વાધ્યાયની પરમ પાવન પળોમાંથી પસાર થઈ રહ્યો હતો, ને કોઈ અજાણી વ્યક્તિ એક અજાણી ચોપડી આપી ગઈ. પંદરેક મિનિટમાં ચોપડી વંચાઈ ગઈ - હું ભીંજાઈ ગયો, પલળી ગયો. ડુબી ગયો ને તણાઈ ગયો. દરેક જૈને એક વાર વાંચવા જેવી ચોપડી. ને દરેક સ્ત્રીએ ખાસ, મોડામાં મોડું - એ 'મમ્મી' બને એની પહેલા. **ખરી વાત એ છે કે ખરી મમ્મી બનવા માટે આ ચોપડી વાંચવી જરૂરી છે.**

એનું નામ છે - 'મા એટલે મા એટલે મા' અને એના લેખક છે - પ.પૂ. મુનિરાજશ્રી ગુણહંસવિજયજી મ.સા. અભિનયની શ્રેષ્ઠ કક્ષા ત્યારે પામી શકાય છે, જ્યારે અભિનેતા ભૂલી જાય, કે એ અભિનય કરી રહ્યો છે. લેખનનું પણ આ જ સત્ય છે. આ ચોપડી હકીકતમાં લખાઈ નથી. જીવાઈ છે.

આપણા ઈતિહાસમાં બે પ્રકારની માતાઓ પ્રસિદ્ધ બની ગઈ છે. પહેલો પ્રકાર છે **સ્વાર્થમયી** માતાઓનો. જેમકે અમરકુમારની માતા, બ્રહ્મદત્તની માતા વગેરે, બીજો પ્રકાર છે **વાત્સલ્યમયી** માતાઓનો જેમકે આર્યરક્ષિતની માતા, અરણિક મુનિની માતા વગેરે. 'મા એટલે પુસ્તકમાં વર્તમાનકાળની એક વાત્સલ્યમયી માતાનું શબ્દચિત્ર ઉપસી આવ્યું છે. જેમાં પ્રબળ પ્રેમ અને દૃઢ હિતૈષિતાના રંગોનું ગજબનું મિશ્રણ થયેલું છે. પૂ. હરિભદ્રસૂરિ મહારાજા **ષોડશક** પ્રકરણમાં 'મા'ની જે વ્યાખ્યા કરે છે - **हिता च जननीति** - તે અહીં બરાબર બંધ-બેસે છે. **મા એ જે હિતકારિણી હોય.**

સંતાનને ખવડાવી - પીવડાવી - પહેરાવી - રમાડી ને ફરાવીને હરખાતી ને એમાં જ કૃતકૃત્યતા સમજતી આજની મોડર્ન મમ્માઓને આ માતા એક નવી જ દિશા દેખાડી રહી છે. જ્યાં ખરા અર્થમાં માતૃત્વની મહેંક છે. **'મારા ખોળે આવેલું મારું સંતાન સુખી જ થવું જોઈએ.'** - આ હિતસ્વિતાની ખરી પ્રતિક્રિયા કેવી હોય, એનો જવાબ આ મહેંકમાં છે.

કેટલાંક ફોરવર્ડ્સને ક્વેશ્ચન થશે, 'શું આને 'મા' કહેવાય ?' પૂ. મુનિસુંદરસૂરિ મહારાજા **અધ્યાત્મકલ્પદ્રુમ**માં એનો આન્સર આપે છે - 'હા, આને જ 'મા' કહેવાય'.

**माता पिता स्वः सुगुरुश्च तत्त्वात्, प्रबोध्य यो योजति शुद्धधर्मे।**
**न तत्समोऽरिः क्षिपते भवाब्धौ, यो धर्मविघ्नादिकृतेश्च जीवम्॥**

સાચા માતા-પિતા, સાચા સગા ને સાચા સદ્ગુરુ એ છે જે પોતે પ્રતિબોધ કરીને શુદ્ધ ધર્મમાં જોડી દે. આથી ઉલ્ટુ - જે ધર્મમાં વિઘ્ન કરે છે, સંતાનને ધર્મથી વિમુખ રાખે છે, એ તો એને પોતાના હાથે જ ભવસાગરમાં ફેંકી દે છે, એના જેવા દુશ્મન બીજા કોઈ જ નથી.

મમ્માઓને એટલી રિકવેસ્ટ, **એકવાર આ માતૃત્વની મહેંકને જરૂર માણજો.** છેલ્લી વાત, થોડા અલગ સંદર્ભોમાં. પુસ્તકમાં પૃ.૩૩ પર એક ઘટના છે. પાંચ વર્ષના અર્હમ્‌ને રૂ.૧૫૦૦નું કવર આપવામાં આવે છે. મમ્મી એને સ્વીકારવામાં સંકોચ અનુભવે છે. ત્યારે અર્હમ્ કહે છે - ‘‘મમ્મી ! આપણે મહાવીર સ્વામીનો મોટો મુગટ બનાવવો છે. એ માટે આ બધા પૈસા કામમાં આવશે.’’ બસ, ક્યારના ય ધસુ ધસુ થતા મારા આંસુઓ ધસી જ પડ્યા. આ શબ્દો અર્હમ્‌ના નહીં, એક હિતસ્વિની માતાના માતૃત્વના હતાં.

આ સંદર્ભ તો સમજાય છે. બીજા સંદર્ભો આપણા બધા માટે - આપણે બધાં આપણા અંતરની દીવાલો પર આ વાક્ય કોતરી દઈએ - **આપણે મહાવીરસ્વામીનો મોટો મુગટ બનાવવો છે.** મુગટનો સ્થૂલ અર્થ અલંકાર છે, સૂક્ષ્મ અર્થ સામ્રાજ્યનું આધિપત્ય છે. સ્વજીવનમાં અને વિશ્વમાં પ્રભુવીરના આધિપત્યનો સ્વીકાર થાય, અને પ્રભુવીરનું સામ્રાજ્ય છવાઈ જાય. એટલે મહાવીરસ્વામીનો મોટો મુગટ બની જાય. **પણ હા, એના માટે ઘણા ને ઘણી જાતના મોહને છોડવા પડશે.** સંસારના મોહ, સંપત્તિના મોહ, વિષયોના મોહ, સ્વજનોના મોહ.... અભિપ્રાયોના મોહ, નામનાઓના મોહ, ભક્તોના મોહ, શિષ્યોના મોહ, સમુદાયો - ગચ્છો ને પંથોના મોહ.... **પણ પછી બહુ મજા આવશે. મહાવીરસ્વામીનો મોટો મુગટ બની જશે.**

થેન્ક્સ અર્હમ્ ! તે અમને બહુ સરસ ડેસ્ટિનેશન આપ્યું. થેન્ક્સ અ લોટ.

---

**પ્રાપ્તિસ્થાન :-** શ્રી હિતેશભાઈ ગાલા, બી-૧૭, તૃપ્તિ સોસાયટી, હનુમાન રોડ, વિલેપાર્લે (પૂ.), મુંબઈ-૪૦૦૦૫૭, મો. ૯૮૨૦૯૨૮૪૫૭

## ❁ જાગો જૈનો જાગો ❁

'પપ્પા...જુઓ...લાશ'

'હેં...હા, લાશ જ લાગે છે.. જુઓ ભાઈ જુઓ.. કોઈ ડુબીને મરી ગયું લાગે છે..

જુઓ... કદાચ હજી જીવ હોય તો ... બચાવો.'

બે-ત્રણ જણે બીડું ઝડપી લીધું. કાંકરિયાના કિનારે એ દેહને લઈ આવવામાં આવ્યો. લોકો તપાસ કરવા લાગ્યા. પણ તેઓ જેને શોધતા હતા એ તો ક્યારનો ય....

ખિસ્સામાંથી એક પ્લાસ્ટિકની થેલી નીકળી. એની અંદર બીજી થેલી, ને એમાંથી એક ચિટ્ઠી...

''આની પહેલા-મુંબઈમાં લોકલ ટ્રેનમાંથી કૂદીને આપઘાત કરવા પ્રયાસ કરેલ. આ - ડુબવાનો પ્રયાસ સફળ થાય તો- મારા મોત માટે હું જ જવાબદાર છું''

પહેલા પ્રયાસમાં બચી ગયેલ આ ભાઈ બીજા પ્રયાસમાં સફળ (!) થઈ ગયા. સવાલ એ છે કે એમને એવું કરવાની જરૂર કેમ પડી ? એવું એમને કયું દુઃખ આવી પડ્યું હતું ? એ ભાઈ જૈન હતાં, સરસ ઘર હતું. ધંધો સારો ચાલતો હતો. 'સુખી' ગણાતા હતા.... તો પછી.. શા માટે ?

જવબા જાણવો છે ? હા, તમારે આ જવાબ જાણવા જેવો જ છે. નહીં તો એ ભાઈ જેવી દશા...

એ ભાઈની ૨૨ વર્ષની દીકરી કોઈ મુસલમાન સાથે ભાગી ગઈ હતી ને દુબઈમાં કોઈ માફિયા સાથે સેટ (?) થઈ ગઈ હતી. બસ, એ ભાઈ જીવતા જ મોત જેવી વેદના ભોગવતા હતા, ને એ વેદનાથી છૂટવાનો ઉપાય (!) એમણે ગોતી લીધો હતો.

શું આપણે પગ નીચે રેલો આવે ત્યાં સુધી સૂતા રહીશું ? જાગો

જૈનો જાગો, નહીં તો સત્યાનાશ માટે તૈયાર.... શું તમને ખબર નથી કે ટી.વી. વિડિયો, મોબાઈલ, ઈન્ટરનેટ અને ચિત્ર-વિચિત્ર ક્લિપ્સ, કાચી ઉંમરમાં જ ભયંકર રીતે વાસનાને ભડકાવી રહ્યા છે ? શું તમને ખબર નથી કે મોટા ભાગના મિડિયાવાળાઓએ લાજ-શરમ-મર્યાદાઓને ક્યારની ય ફગાવી દીધી છે ? શું તમને ખબર નથી કે આ સ્થિતિમાં થોડો પણ વિજાતીય-સહવાસ ગોઝારો નીવડે છે ? શું તમને ખબર નથી ? કે એક જૈન છોકરીને ફસાવવાના મુસ્લિમ છોકરાને દશ લાખ રૂપિયા મળે છે ?

તમે શું ધારો છો ? તમારી દીકરી તો બહુ સારી છે, થોડી ધાર્મિક પણ છે, તમને કોઈ વાંધો...

વેલ, પેલા ભાઈ પણ આવું જ માનતા હતાં. સોરી ટુ સે, આ સ્થિતિમાં દીકરીને કોલેજમાં મોકલવી. એ એને કતલ માટે કતલખાનામાં મોકલવા કરતાં પણ વધારે ભયંકર નથી ? પ્લીઝ અવેક, ઓલ-રેડી એના પહેરવેશ માટે તમે ચિંતિત છો, યૌવનમાં એની એન્ટ્રી ક્યારની ય થઈ ચૂકી છે. નીતિશાસ્ત્રો કહે છે, કે ગૃહસ્થજીવનનું એક અતિ કપરું કાર્ય હોય, તો એ 'કન્યારક્ષણ' છે. પ્રાચીન શાસ્ત્રોની આ વાત છે. જ્યારે કોલેજ ન હતી, હાઈસ્કુલ પણ ન હતી, સ્કુલ પણ કન્યાઓ માટે અનુપયોગી સમજવામાં આવતી હતી. જ્યારે વાસનોત્તેજક સાધનો ન હતાં. જ્યારે જિન્સ, ટિશર્ટ વગેરે નિર્લજ્જ વેષભૂષાઓ પણ ન હતી. જ્યારે કોઈ મુસ્લિમને જૈન કન્યાને ફસાવવા બદલ ૧૦ રૂા. પણ મળતા ન હતા. ત્યારની આ વાત છે - કન્યારક્ષણ એક અતિ કપરું કામ છે.

તમે એને ઈઝી માનીને જીવો છો ? ને એ ય આજના ટાઈમમાં ? શું કહેવું તમને ? હું તો એ કન્યાઓના ભાવિ પતિ-સસરા વગેરેને કહું છું - કે તમારા ઘરે જો શુદ્ધ અને સંસ્કારી વહુ જોઈતી હોય તો કોલેજના એજ્યુકેશનને એક મોટા માઈનસ પોઈન્ટ તરીકે જોવાનું શરૂ કરી દો. હજી થોડા વધુ જાગૃત થઈ શકો, તો હાઈસ્કુલના એજ્યુકેશન માટે પણ આ જ દૃષ્ટિ અપનાવો.

આપણી પ્રાચીન ડિકશનેરીઓમાં દશ વર્ષ સુધીની બાળકી માટે એક શબ્દ આવે છે - **અટાટી.** જે હરી-ફરી શકે તે- એવો એનો અર્થ છે. આ શબ્દ જ એવું બતાવે છે કે દશ વર્ષથી વધુ ઉંમરની કન્યા/સ્ત્રી રક્ષ્યા હોય છે. અટાટી નહીં. ને જો એ અટાટી થાય છે, તો સમજી લો કે એના માટે બધી જ સંભાવનાઓ ખુલ્લી છે. એ બચે, એના કરતા એ ન બચે એવી શક્યતા વધારે છે.

ડિગ્રી વગર એને જોબ નહીં મળે, એમ ? જે પુરુષ પોતાની ભાવિ પત્ની પાસે કમાવાની અપેક્ષા રાખતો હોય, તે હકીકતમાં લગ્ન કરવાનો અધિકારી નથી. **એક સ્ત્રી જ્યારે કમાતી હોય છે. ત્યારે વાસ્તવમાં એ અનેકગણું ગુમાવતી હોય છે. સ્ત્રી એ ઘરની રાણી છે. गृहिणी गृहमुच्यते- ઘરની રાણી એ જ 'ઘર' છે. ઘરની રાણી જ્યારે કોઈની નોકરાણી થવા જાય છે, ત્યારે ઘર અને ગૃહિણી બંને સીદાય છે.** શું તમે ઈચ્છશો કે તમારી ઘરવધૂ ભયાનક ઝડપે ચિંતાઓના ભાર સાથે રસોઈનું પતાવીને (!) અદ્ધર શ્વાસે કોઈની વેઠ કરવા માટે ભાગે ? શું તમે ઈચ્છશો કે તમારી ભાવિ પત્ની ટ્રાન્સપોર્ટેશનની ભયંકર હાડમારી વેંઠે ? શું તમે ઈચ્છશો કે એ વાહનોમાં પરપુરુષોની વચ્ચે ભીંસાય ? શું તમે ઈચ્છશો કે એ એના આરામના દિવસોમાં બસ પકડવા દોડે ? શું તમે ઈચ્છશો કે એ કોઈ 'બોસ'ના તાબામાં રહે ? શું તમે ઈચ્છશો કે ઘરના વૃદ્ધો-રઝળતા રહે ને બાળકો ઓલ્મોસ્ટ 'અનાથ' થઈ જાય ? શું તમે ઈચ્છશો કે એની કમાણીની આવી ભારે કિંમત ચૂકવ્યા પછી એ કમાણી બેબીસીટર, રસોઈયા, નોકરો કે હોટલોના હવાલે કરી દેવી પડે ?

**સુખ-શાંતિ, સંસ્કારો અને શીલને દાવ પર લગાડીને આવી બેવડા બોજાની ડબલ ડ્યુટી કરવી એમાં કયું શાણપણ ?** સ્ત્રી-પ્રકૃતિ સાથે જેનું કોઈ જ રીતે મેચિંગ નથી. એવી આ જીવન-શૈલી અકાળે ઘડપણ લાવી દે છે. ચિત્ર-વિચિત્ર રોગો પોતાનું પોત પ્રકાશે છે, ને પછી બધી મૂડી ડોક્ટર્સ, મેડિકલ સ્ટોર્સ અને હોસ્પિટલોને સમર્પિત કરી દેવી પડે છે.

પ્લીઝ, સ્ટોપ ધીસ નોનસેન્સ, પહેલા કોલેજ ને પછી નોકરી-આ

બંને કતલખાનાઓથી તમારી ભાવિ પત્ની/પુત્રવધૂને બચાવી લેવી હોય, તો કોલેજ પર ચોકડો મારી દો. યાદ રહે, લગ્ન પહેલા કે પછી ભાગી જનાર કે ડાયવોર્સ લેનાર યુવતીઓ મોટે ભાગે કોલેજનું ઉત્પાદન હોય છે. સાતમા કે આઠમા ધોરણ સુધી કે બહુ બહુ તો દશમા સુધીનો અભ્યાસ થયા બાદ બે-ત્રણ વર્ષ વિશિષ્ટ ધાર્મિક અભ્યાસ અને ઘરકામનો અભ્યાસ થાય, ત્યાં સુધીમાં કાયદાકીય રીતે પુખ્તતા આવી જાય અને એ કન્યા પરણી જાય, એ એના પોતાના, એના પિયરના અને એના સાસરાના હિતની વાત છે - મને લાગે છે કે સમજુ વેવાઈઓ વિવાહના ૫-૬ વર્ષ પૂર્વે જ ઉપરોક્ત યોગ્યતાવાળી કન્યાની માંગણી કરવાનું શરૂ કરી દે, તો પછી ન કોઈ પિતાને આપઘાત કરવો પડશે, ન કોઈ 'સ્ત્રીત્વ' ને આપઘાત કરવો પડશે, ન કોઈ સુખ-શાંતિનું સત્યાનાશ થશે. પ્લીઝ, જાગો, સૂતા રહેશો તો સળગી જશો.

✳ ✳ ✳ ✳ ✳

# ❁ *Let's Start* ધર્મ ❁

કોઈ પણ ધર્મ માટે મરી ફિટવા કરતાં તે ધર્મનું સમ્યક્ પાલન કરવું વધુ મુશ્કેલ હોય છે. **You can die for it, you can't perform it well.** જિનશાસનની પરિભાષામાં ધર્મના સમ્યક્ પાલનની શરૂઆત 'સમ્યક્ત્વ'થી થાય છે. બીજા શબ્દોમાં - હૃદય ભીનું બને. મન સંવેદનશીલ બને. તારક તત્ત્વોની તારકતા પ્રત્યક્ષ અનુભવાય ને અંતરનો અહોભાવ સહજ આચરણરૂપે પ્રવાહિત થઈને વહેવા લાગે એટલે સમજવું કે ધર્મની શરૂઆત થઈ ચૂકી. 'ધર્મનું ફળ દેખાતું નથી.' એ આપણી ફરિયાદ છે. કદાચ જ્ઞાનીઓની ફરયિાદ હશે. 'અમને તમારામાં ધર્મ દેખાતો નથી. હજી એની શરૂઆત જ નથી થઈ.'

ચાલો, આજથી આપણે શરૂઆત કરીએ - ફિલિંગ્સની - ઈમોશન્સની - ડિવોશનની અને એની એક્ઝેટ પેરેલલ ચાલતી એકશન્સની. એકશન્સ નાની છે, સરળ છે, સુગમ છે, પણ ફિલિંગ્સ વિના અઘરી જ નહીં, અશક્ય પણ છે. હૃદયને જિનશાસનની સંવેદનાથી ભરી દઈએ, અને પછી આમાંથી ક્યાંકને ક્યાંકથી શરૂઆત કરીએ.

## ✳ જિનાલય–ડિવોશન ✳

(૧) જિનાલયમાં કાજો કાઢવો - પોતું કરવું.
(૨) વિશિષ્ટ શુદ્ધીકરણ કરવું.
(૩) વિવિધ સામગ્રીઓ- પાટલા-ચામર-વાટકી વગેરેને યોગ્ય સ્થાને ગોઠવીએ.
(૪) અભિષેક-અંગલૂછણા-પાટલૂંછણા કરવા.
(૫) તિલકનો અરીસો, ધૂપ-દીપ, કળશાદિને સ્વચ્છ કરવા.
(૬) અંગલૂંછણા આદિ ધોવા.
(૭) દર્શનાર્થીઓના પગરખાં ગોઠવીને રાખવા.
(૮) પૂજાર્થીઓ માટે ચંદન વાટવું.
(૯) અશક્ત વૃદ્ધોને-બાળકોને સેવા-પૂજામાં સહાય કરવી.
(૧૦) દર્શનાર્થીઓ-પૂજાર્થીઓ વધે, તેવો પ્રયાસ કરવો.

## ✻ ઉપાશ્રય-ડિવોશન ✻

(૧) ઉપાશ્રયમાં કાજો કાઢવો - પોતું કરવું.
(૨) વિશેષ શુદ્ધિકરણ કરવું.
(૩) પ્રવચન પૂર્વે પાટ પ્રમાર્જવી.
(૪) પ્રવચન પૂર્વે જાજમ પાથરવી.
(૫) પ્રવચન પૂર્વે ખુરશીઓ ગોઠવવી.
(૬) શ્રોતાઓના પગરખા ગોઠવવા.
(૭) વૃદ્ધ-અશક્ત શ્રોતાઓને સહાય કરવી.
(૮) પ્રવચનમાં વિક્ષેપ ન પડે, એ માટે પૂર્વથી યોગ્ય સૂચના-પ્રબંધ કરવો.
(૯) ગુરુભગવંતને પ્રવચનમાં પધારવા માટે વિનંતિ કરવી. લેવા-મુકવા જવું.
(૧૦) પ્રવચનમાં સ્થાપનાચાર્ય પધરાવવા.
(૧૧) પ્રવચનમાં શ્રોતાઓ વધે એવો પ્રયાસ કરવો.

## ✻ ગુરુતત્ત્વ-ડિવોશન ✻

(૧) સુપાત્રદાન-ગોચરી-પાણી માટે વિનંતી કરવી.
(૨) ગુરુભગવંતનો પાણી વહોરવાનો સમય જાણી લઈને, તે સમયે સંઘે કરેલી ઉકાળેલા પાણીની વ્યવસ્થા-સ્થાને હાજર રહેવું અને પાણી વહોરાવવું.
(૩) પોતાના તથા અન્ય વિસ્તારના ઘરોની માહિતી રાખવી અને પૂજ્યોને ગોચરી માટે ઘરો બતાવવા સાથે જવું.
(૪) પોતાના ગામના ડોકટરો-હોસ્પિટલો-વૈદોની માહિતી રાખવી અને પૂજ્યોની આવશ્યકતાનુસાર સાથે જવું.
(૫) પોતાના ગામથી બીજે આસ-પાસના ગામોમાં જવાના જુદા-જુદા રસ્તાઓની જાણકારી રાખવી અને પૂજ્યોને લેવા-વળાવવા માટે જવું.
(૬) જુદા જુદા જ્ઞાનભંડારોની + તેમના સંચાલકોની માહિતી રાખવી અને પૂજ્યોને આવશ્યકતાનુસાર સ્વાધ્યાય-સામગ્રી પૂરી પાડવી.
(૭) જુદા જુદા પંડિતોની + તેમના અધ્યાપનના વિષયોની માહિતી રાખવી અને અને પૂજ્યોને આવશ્યકતાનુસાર તેમનો સંપર્ક કરાવી આપવો.

(૮) પૂજ્યોની આવશ્યકતાનુસાર પુસ્તકમાં જોઈને તેમની ગાથા વગેરેનો પાઠ લેવો, તેમને ઉચ્ચારશુદ્ધિ આદિમાં સહાય કરવી.

(૯) ગ્લાન-વૃદ્ધ પૂજ્યો અંગે જાણકારી રાખી, તેમની ઉચિત સેવા કરવી.

## ✵ પાઠશાળા-ડિવોશન ✵

(૧) પાઠશાળામાં કાજો કાઢવો - પોતું કરવું.

(૨) વિશેષ શુદ્ધિકરણ કરવું.

(૩) ગાથાઓ લેવી-આપવી, તે દ્વારા શિક્ષકને સહાય કરવી.

(૪) પાઠશાળામાં સંખ્યા વધે તેવા પ્રયાસો કરવા.

(૫) પાઠશાળામાં વ્યવસ્થાકીય સેવા આપવી.

(૬) પ્રભાવના-ઈનામોની ખરીદી-વિતરણ કરવાં.

(૭) સમૂહ સામાયિક-અષ્ટપ્રકારી પૂજા-સ્નાત્ર પૂજા-ધાર્મિક સ્પર્ધા આદિમાં સેવા આપવી.

(૮) યાત્રા-પ્રવાસમાં સેવા આપવી.

(૯) વિવિધ યોજના દ્વારા ફંડ કરવા પ્રયાસ કરવો.

(૧૦) વિદ્યાર્થીઓના સરનામાઓનો ખ્યાલ રાખી, ગેરહાજર રહેતાં હોય, તેમને પ્રેરણા-પ્રોત્સાહન આપવાં.

(૧૧) હાજરી પૂરવી.

(૧૨) પાઠશાળામાં છેલ્લે પાંચ મિનિટ રસપ્રદ વાર્તા રસપ્રદ શૈલીમાં કહેવી.

(૧૩) નાના/શરમાળ/નવા બાળકોને તેમના ઘરેથી પાઠશાળા મુકવા-લેવા જવું.

(૧૪) દૂર રહેતા બાળકો/મોટાઓને પોતાના વાહનમાં લેવા મુકવા જવું.

(૧૫) શિક્ષકની ઉચિત સેવા કરવી.

(૧૬) બાળકોને શિક્ષક પ્રત્યે બહુમાનભાવ વધે + તેઓ તેમની યથોચિત સેવા કરે, એવો પ્રયાસ કરવો.

(૧૭) જે વિસ્તારમાં પાઠશાળા ન હોય, ત્યાં ચાલુ કરાવવા પ્રયાસ કરવો.

(૧૮) પગરખાં ગોઠવવા.

## ✵ શ્રીસંઘ–ડિવોશન ✵

(૧) પેઢીમાં અમુક કલાક સેવા આપવી.

(૨) નિવૃત્તિ હોય તો માનદ્ - મુનિમ બનવું.

(૩) પ્રાસંગિક ઉત્સવો - અનુષ્ઠાનોમાં વિશિષ્ટ સેવા આપવી.

(૪) સંઘ માટે જ્યારે જરૂર પડે, ત્યારે જણાવવા માટે અગ્રણીઓ - સંચાલકોને વિનંતી કરતાં રહેવી.

(૫) સંઘના અંદરના અને બહારના પરિસરની સ્વચ્છતા માટે સ્વયં પ્રયાસ કરવો કે માથે ઊભા રહીને કર્મચારીઓ દ્વારા સ્વચ્છતા કરાવવી.

(૬) જમણવાર–તપસ્યા–સ્વામિવાત્સલ્ય આદિમાં જયણા અને વ્યવસ્થા શ્રેષ્ઠ થાય એ માટે પ્રયાસ કરવો.

(૭) કર્મચારીઓ સુંદર કામગિરી બજાવે તે માટે પ્રયાસ કરવો.

(૮) આવકનો અમુક ભાગ શ્રીસંઘના શુભ ખાતા માટે ફાળવવો.

## ✵ આયંબિલખાતું–ડિવોશન ✵

(૧) કાજો લેવો - પોતું કરવું.

(૨) રસોડામાં જયણા–વ્યવસ્થા માટે પ્રયાસ કરવો.

(૩) અનાજ વીણવા જવું.

(૪) પાણી શુદ્ધવિધિયુક્ત + શીતળ મળે તે માટે પ્રયાસ કરવો.

(૫) પીરસવા જવું.

(૬) નવપદ ઓળી, પર્વતિથિ આદિમાં વિશિષ્ટ સેવા આપવી.

(૭) અનાજ વગેરે સસ્તું + ઉંચી ગુણવત્તાવાળું ખરીદી શકાય તે માટે પ્રયાસ કરવો.

## ✵ ડિવોશન – ટિપ્સ ✵

### સેવા માટે તમે

(૧) જેટલા નીચે ઉતરી શકો, એટલી તમારી સેવા **ઊંચી** છે.

(૨) જેટલું ઘસાઈ શકો, એટલી તમારી સેવા **ઊંડી** છે.

(૩) જેટલા પ્રસંશાથી પર રહી શકો એટલી તમારી સેવા **લાંબી** છે.

(૪) જેટલા જુતા ખાઈ શકો, એટલી તમારી સેવા **પહોળી** છે.

## ✵ છેલ્લી વાત ✵

જિનશાસનના અનંત ઉપકારોની તુલનામાં સંપત્તિ તો સાવ તુચ્છ છે. સંપત્તિને તો ન્યોચ્છાવર કરી જ દેજો. પણ આપણી કોઈ ખરી મૂડી હોય તો તે છે સમય. માત્ર સંપત્તિ આપી દેવાથી ખરી સેવા નહીં થઈ શકે. એક અજૈન પંડિતજીએ ભણાવતા ભણાવતા અમને કહેલ - **शरीरमाद्यं खलु धर्मसाधनम्** - આ વાક્યને લોકો બરાબર સમજ્યા નથી. લોકો આને શરીરને સાચવવાના સંદર્ભમાં સમજે છે. પણ અમારા શાસ્ત્રના એક શ્લોકમાં આ વાક્ય કહ્યું છે અને તે પૂરા શ્લોકનો અર્થ એ છે કે ધર્મમાં સંપત્તિ વગેરેને તો જોડો, પણ શરીરને પહેલા જોડો. કારણ કે શરીર એ ધર્મનું પ્રથમ સાધન છે.

✵ ✵ ✵ ✵ ✵

**'किं मज्झ' णिरुच्छाहा हवंति जे सव्वसंघकज्जेसु ।**
**ते देवसमिइबज्झा दुप्पिच्छा हुंति सुरमिच्छा ॥**

'મારે શું ?' - આ રીતે જેઓ સર્વ સંઘ-કાર્યોમાં ઉત્સાહ-ઉલ્લાસશૂન્ય બને છે. તેઓ કદાચ બીજી આરાધનાઓથી દેવલોકમાં જાય, તો ય ત્યાં તેમને હલકી જાતિ મળે છે. દેવ-સભામાં તેમને પ્રવેશ તો નથી જ મળતો, કોઈ એમનું મોઢું જોવા ય તૈયાર થતું નથી.

- આરાધનાપતાકા ગ્રંથ, ગાથા ।।૮૬૩।।

## ❀ શાસન સુરક્ષાનો એક શાલીન અભિગમ ❀

'પૂજારીજી, આ શું છે ?'

'પેઢીમાંથી રજા લીધી છે, બે દિવસ ઉત્તરાણ રમવા દેવી.'

'પણ આ તો ખાવા-પીવાનું ય ચાલે છે.'

'ન હોય.'

'આ આપણી સામે તો નાસ્તાના પેકેટો લઈને ઉપર ગયા.'

'હું જોઉં છું.'

પૂજારીજી, કંઈક જોવા/કરવા/મહાત્માને મિથ્યા સંતોષ આપવા ઉપર ગયા ને મહાત્મા ઉપાશ્રયમાં આવ્યા. મન વિકલ્પોથી ભરાઈ ગયું. સવાસો વર્ષ જુનું ભવ્ય જિનાલય. આખા ગામમાં સૌથી વધુ ઊંચાઈએ આવેલી એની બે અગાશીઓ ને પહેલી અગાશીની સાથે આવેલા જિનાલયમાં દર્શન કરવા જતા થયેલા પતંગોત્સવના દર્શન. **ગર્જના કરીને બધાંને કાઢી મુકવાની શક્તિ તો મહાત્મામાં હતી. પણ એમનો વિવેક એમ કરવાની ના પાડતો હતો.** વિહારનું ગામ. જૈનોના એક પણ ઘર નહીં, આપણું કોઈ જોર નહીં. એક વાર તો બધાંને કાઢી મુકાય, પણ પછી એ લોકો કડવાશ કાઢ્યા વિના રહે ખરા ? **આવતી કાલે જિનાલયને, ઉપાશ્રયને ભગવાનને કે સાધુ-સાધ્વી ભગવંતને તેઓ કોઈ નુકશાન કરે તો ?** અરે, સંયમી પૂજ્યો એમના જ ઘરે તો વહોરવા જાય છે. વરસના આ બે દિવસ એમની સાથે બગાડીને આપણે કેટકેટલું ગુમાવવાનું ? પણ... આ આશાતના કેમ ચલાવી લેવાય ?

મહાત્માના મનમાં ધમસાણ ચાલી રહ્યું હતું. ત્યાં તો એક વધુ ભયંકર દૃશ્ય જોવા મળ્યું. દેરાસરની ઉપરની અગાશીમાં ૭-૮ મોટા સ્પીકરો ગોઠવાઈ ગયા હતા, **જેમાં ફિલ્મી ગીતો હાઈ-વોલ્યુમમાં વાગી રહ્યા હતાં ને એના સંગાથે સંખ્યાબંધ છોકરીઓ ડાન્સ કરી રહી હતી.**

હવે મહાત્માનું લોહી ઉકળી ગયું. ઉપાશ્રયની-રસોડાની સંભાળ લેનાર ભાઈને ઉપાશ્રયની ગેલેરીમાં બોલાવ્યા. એ દૃશ્ય બતાવીને પૂછ્યું, 'આ શું છે ?' એમણે તરત પૂજારીને બોલાવ્યો ને કહ્યું, 'મ.સા. પૂછે છે કે આ

શું છે ?' પૂજારીએ જે જવાબ આપ્યો, એનાથી મહાત્માને પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો. એણે કહ્યું, **''સાહેબજી, આમાં મારું કાંઈ ચાલે એમ નથી. ગયા વર્ષે હું સામે થયેલો તો મને એ લોકોએ લાફો મારી દીધો હતો.''**

મહાત્માએ વિચાર કરીને કોઈ નિર્ણય લઈ લીધો. ઉપાશ્રયવાળા ભાઈને કહ્યું, ''હું હમણા ત્યાં જવા માંગું છું. તમે મારી સાથે આવશો ?'' ''ના સાહેબ, મારાથી નહીં અવાય.'' ''પૂજારીજી તમે ?'' ''ના સાહેબ, અમારે અહીં રહેવાનું છે.'' ''ભલે, કાંઈ વાંધો નહીં.'' બે મહાત્મા ઉપાશ્રયથી નીકળ્યા. ગામના કોઈ યુવાનને સાથે લઈને દેરાસરમાં ગયા. જેથી જો ત્યાં એકલી છોકરીઓ જ હોય, તો વાંધો ન આવે. નીચલી ટેરેસમાંથી ઉપલી ટેરેસનું એ બિહામણું દશ્ય સ્પષ્ટ રૂપે દેખાતું હતું. મહાત્માના ઈશારાથી એ લાઉડ સ્પીકરો બંધ થઈ ગયા.

''તમે બધાં દશ મિનિટ માટે અહીં નીચે આવો, તો મારે કાંઈક કહેવું છે.''

મહાત્માએ ખૂબ વાત્સલ્ય અને આત્મીયતા સાથે કહેલા શબ્દોએ જાદુ કર્યો. આયોજક ભાઈએ માઈક દ્વારા બધાંને ઉપસ્થિત થવા સૂચના કરી. માઈક દ્વારા જ આજુ-બાજુની ટેરેસોમાંથી બીજા યુવાનોને પણ બોલાવી દીધાં. આમ તો રંગમાં ભંગ પડ્યો હતો. પણ **સાધુ-વેષ, આત્મીય મુદ્રા અને શિષ્ટ-સૌમ્ય ભાષા-આ બધાંનો ઈન્કાર થવો શક્ય ન હતો.**

'હું તમારા ભલા માટે તમને કંઈક કહેવા આવ્યો છું, તો તમે થોડી વાર શાંતિથી સાંભળશો ?' **પ્રશ્ન જ એવો હતો કે જવાબ હકારાત્મક જ મળે.** બધાં બેસી ગયાં. થોડાં હસાવીને મહાત્માએ મૂળ વાત શરૂ કરી. પશુ-પંખી અને મનુષ્યો પર પતંગે કેવો કાળો કેર વર્તાવ્યો છે, સુરત જેવા શહેરોમાં પક્ષીરક્ષા માટે તરવરિયા યુવાનો કેવો ભગીરથ પુરૂષાર્થ કરે છે, અને હજારો લોકો પતંગ ન ચગાવવાનો સંકલ્પ કરે છે, એનો અંદાજ આપ્યો. ફિલ્મ ઈન્ડસ્ટ્રી એ ગટર કરતાં પણ ગંદી છે, એના શબ્દે કે તાલે ચાલવું એ સજ્જન માટે કે આપણા સંસ્કાર-સભ્યતા માટે શોભાસ્પદ નથી. છતાં

આ બધું આપણે ન છોડી શકીએ, તો કમ સે કમ ભગવાનના સ્થાનનો ઉપયોગ આના માટે ન જ કરવો જોઈએ, એ સમજાવવા સાથે મહાત્માએ ખૂબ લાગણીપૂર્વક કહ્યું કે **હું એવું નથી કહેતો કે તમે અહીં ન આવો. હું તો કહું છું કે અહીં રોજ આવો. રોજ ચાર કલાક બેસો અને ભગવાનની ઉપાસના કરો.** ભગવાને તો સમગ્ર વિશ્વના દરેક જીવ માટે વાત્સલ્ય રાખ્યું હતું. દરેકને પોતાના માન્યા હતાં. તમને પણ ભગવાનની ઉપાસનાનો સમાન અધિકાર છે. ભાવુકોએ ભગવાન માટે - ભક્તિ માટે આ મંદિર બનાવ્યું છે, તેનો ઉપયોગ આપણા અંગત ઉદ્દેશ્ય માટે કરવો, એ ભાવુકોનો વિશ્વાસઘાત છે, એ ભગવાનની અવગણના છે. કોઈ ગામમાં ઉપાશ્રય ગમે તેવો હોય, ખૂબ પ્રતિકૂળ હોય, તો ય અમે દેરાસરમાં ન ઉતરીએ. **અહીં પાણીનું ટીપું પીવામાં પણ મોટું પાપ છે.**

આયોજક ભાઈએ દલીલ કરી, ‘‘સાહેબ, ભગવાને તો આખી સૃષ્ટિ બનાવી છે, માત્ર આ દેરાસર નહીં, **આખી સૃષ્ટિ જ ભગવાનની છે. ને આપણે ભગવાનના સંતાન છીએ, તો પછી એમની સૃષ્ટિમાં બધે આનંદ કેમ ન કરી શકીએ ?’’**

મહાત્માએ ખૂબ પ્રેમથી જવાબ આપ્યો, ‘‘જુઓ ભાઈ, **પડોશીનું ઘર પણ ભગવાનની જ સૃષ્ટિ છે, છતાં આપણે ત્યાં આપણી ઈચ્છાનુસાર વર્તી શકતા નથી. ત્યાંની મર્યાદાઓ આપણે જાળવવી પડે છે.** દુનિયામાં કોઈ પણ તીર્થમાં-મંદિરમાં કે અન્ય જાહેર સ્થળોમાં આપણે જઈએ તો ત્યાંની મર્યાદા આપણે જાળવતા હોઈએ છીએ. બીજી વાત, આપણે આપણા ઘરમાં પણ - **ભલે આપણે આપણા પપ્પાના સંતાન છીએ, તો પણ તેમની સામે વાઈફ સાથે ગમે તેમ વર્તતા નથી. તો પછી ભગવાનના સાન્નિધ્યમાં આવું બધું શી રીતે થાય ?**

હું તમને ખૂબ હૃદયથી કહું છું, કે **આ મારું ઘર નથી. મારે અહીં રહેવાનું નથી, અમે તો આજે સવારે આવ્યા અને કાલે સવારે જતાં રહીશું. હું જે કહું છું. એ તમારા ભલા માટે છે.** આ રસ્તો સત્યાનાશનો છે, જીવનમાં દુઃખો આવે, સાસરું સારું ન મળે, શરીરમાં રોગો આવે, ઘરમાં ગરીબી

આવે, અકસ્માત થાય- એવા બધાં આના પરિણામો છે. તમારી સાથે આવું કશું ન થાય, એવું હું ઈચ્છું છું.'' હૃદયપૂર્વક થયેલી તર્કસંગત વાતોએ જાદુ કર્યો. ''હવે કદી આવું નહીં કરીએ.'' એવું વચન આપીને છોકરીઓએ વિદાય લીધી. આયોજક અને બીજા ભાઈઓએ કહ્યું કે, **અમે બાંહેધરી આપીએ છીએ કે આવતાં વર્ષથી અમે અહીં આવું નહીં ગોઠવીએ, પણ બીજા કોઈ ધાબામાં વ્યવસ્થા કરીશું. આ અમારી ભૂલ હતી. તમે અમને આ ભૂલ સમજાવી એ માટે અમે તમારો આભાર માનીએ છીએ.''**

એ દિવસે સૂર્યાસ્ત થાય એની પહેલા આશાતનાનિવારણનો કાયમી ઉકેલ આવી ગયો.

આપણે ત્યાં ત્રણ પ્રકારના લોકો છે. (૧) જેમને શાસન સાથે લગભગ કોઈ લેવા-દેવા નથી. (૨) જેમની શાસન સુરક્ષાની પ્રવૃત્તિઓ શાસનને વધુ જોખમમાં મૂકી દે છે. (૩) જેમની વિવેકપૂર્ણ પ્રવૃત્તિ ખરા અર્થમાં શાસનસુરક્ષા કરે છે. હૃદયની વાત એ છે કે, આપણે સંખ્યાની અને બળની - બંને દૃષ્ટિએ ઓછા છીએ. બળજબરી કરવામાં કે બાંયો ચડાવવામાં કોઈ સાર નથી. **દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો વિચાર કરીને વિવેક અને ઔચિત્યપૂર્વક સ્નેહ અને કુનેહથી કામ લઈશું તો ફાવશું.** નહીં તો....

**સન્મતિતર્કમાં પૂ. સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજા** એક સંદર્ભમાં કહે છે - **तं चेव मन्नंता अवमन्नंता ण याणंति ।**

તેમને ખબર નથી કે તેઓ જેને માની રહ્યા છે, તેનું જ તેઓ અપમાન કરી રહ્યા છે.

**યોગવિંશિકામાં પૂ.હરિભદ્રસૂરિ મહારાજા** અન્ય સંદર્ભમાં કહે છે -

**सो एस वंकओ च्चिय**

**ण य सयमरिय-मारियाणमविसेसो**

એક વ્યક્તિ પોતમેળે મરી ને બીજી વ્યક્તિને મારવામાં આવી. શું કહેશો તમે ? બંનેનું મૃત્યુ સમાન હતું ? ના, આ તો ભયાનક વક્રતા થશે.

**પૂ. હરિભદ્રસૂરિ મહારાજા જ યોગબિન્દુ**માં કહે છે -

**तत्कारी स्यात् स नियमात्**
**तद्द्वेषी चेति यो जडः ।**
**आगमार्थे तमुल्लङ्घ्य**
**तत एव प्रवर्तते ॥**

વાસ્તવમાં એનો જ એ દ્વેષ કરે છે, આગમથી જ એ પ્રવર્તે છે, ને આગમની જ એ અવગણના કરે છે આ તે કેવી જડતા !

પ્રસ્તુત સંદર્ભમાં પણ આ વચનોને યાદ રાખવા જેવા છે. ચાલો, આપણે શાસનને જીવન-સર્વસ્વ બનાવીએ અને તાત્ત્વિકરૂપે એની સુરક્ષા કરીએ. 'થોડું લખ્યું ઝાઝું કરી જાણજો.'

✳ ✳ ✳ ✳ ✳

**पुष्पैरपि युद्धं नीतिविदो नेच्छन्ति ।**

**- नीतिवाक्यामृतम्**

નીતિના જાણકારો કહે છે -

તમારામાં જોર હોય, તમારી પાસે લાવ-લશ્કર હોય, તો પણ તમે યુદ્ધ નહીં કરતાં. શસ્ત્રોથી તો નહીં જ, ફૂલોથી પણ નહીં. યુદ્ધને ટાળવામાં જ શાણપણ છે.

## ❁ મૅન પાવર વિના બધું પાણી ઢોળ ! ❁

શાસનના કાર્યો થઈ રહ્યા છે. પરંતુ ઘણા કાર્યો ભવિષ્યને ધ્યાનમાં રાખ્યા વગર થઈ રહ્યા છે. જે સ્થાનો થાય તે સ્થાન અંગે વિચારવું કે આજથી ૫૦-૧૦૦ વર્ષ પછી આ સ્થાનની સ્થિતિ શું હશે.. ? આજે શંખેશ્વર-પાલિતાણા અમદાવાદ હાઈવે પર તીર્થો નિર્માણ થઈ રહ્યા છે... તેનું ભવિષ્ય શું ? ખાસ વિચારણીય પ્રશ્ન છે. **તીર્થો તથા વિહારધામ આદિ કોના ભરોસે ! માણસોના ?** ચાર્તુમાસમાં જ્યારે વિહારાદિ બંધ હોય ત્યારે આ ક્ષેત્રમાં કેટલા બધા ખોટા ધંધાઓ થાય છે તેની જાણ છે ખરી ? ટ્રસ્ટીઓ પૈસા ઉઘરાવવા કે પૈસા વાપરવા સિવાય કોઈ દેખ-રેખ રાખે છે ખરા ?

હું હસ્તિનાપુર ગયો હતો. વર્ષે દહાડે હજારો યાત્રિકો આવતા હશે. આપણી બરાબર (આપણા સંકુલની) બાજુમાં દિગંબરોના ૪-૫ ભવ્ય સંકુલ છે. બધા જ સંકુલમાં દિગંબરોના ઘરો જોવા મળ્યા. અરે હજારો દિગંબર જૈનો અને અજૈનો ત્યાં જંબૂદ્વીપ તીર્થમાં દિગંબર આર્યિકા જ્ઞાનમતિ માતાજીની નિશ્રામાં દિગંબર ગ્રંથો-સાહિત્યનો અભ્યાસ કરી રહ્યા છે. કેટલી તો ડિગ્રીઓ આપે છે. બધું જ પ્રોફેશનલ !! ક્યાંય મફત કે ફી - ની તો વાત નહીં. છતાં આટલી બધી સંખ્યા. આર્યિકાશ્રીને મેં પૂછ્યું કે 'સંખ્યા મળી રહે છે..?' જવાબ હતો **'લોકો ડોનેશન આપીને આવે છે. ઘણાને તો પાછા વાળવા પડે છે.'** બોલો...

તે જ હસ્તિનાપુરમાં આપણી ૧૦૦ એકર ભૂમિમાં મુનિ અનેકાંતવિજય જૈન ગુરુકુલ છે. લગભગ ૪ ભવ્ય ઈમારતો છે, સ્કૂલની બોર્ડિંગ પણ છે. ભવ્યાતિભવ્ય દ્વિમજલી જિનમંદિર પણ છે પરંતુ...

**સંસ્થા હાલ મરણ પથારીએ છે. એક પણ વિદ્યાર્થી નથી. દેરાસર અપૂજ હાલતમાં છે. સ્કૂલની ઈમારતો ઉધઈનો ખોરાક બની રહી છે. આટલી વિશાળ સંપત્તિ હોવા છતાં મેનફોર્સ કે મેનપાવર નથી તેથી કરેલું બધું જ પાણીઢોળ. બસ ! દુઃખ આ વાતનું જ છે.**

ત્યાંના દિગંબર મંદિરો પણ ભવ્યાતિભવ્ય... લોકોને આકર્ષવા નકલી હાથી વગેરે પર સવારી રાખી છે. ટ્રેન છે. બળદગાડા છે... ! બધું જ પૈસાથી. લોકો આકર્ષાય માટે અનેક રચનાઓ કરી છે. એક ટ્રેનમાં હસ્તિનાપુરથી સમ્મેતશિખરની યાત્રા કરાવે. બેઠા બેઠા લાઈનસર બધા તીર્થોના થ્રીડી ફોટાઓ આવતા જાય. એવું લાગે કે સાચે જ તે તીર્થે પહોંચી ગયા. દિગંબર મંદિરોનો સ્ટાફ લગભગ દિગંબર... **જો નોન જૈનને રાખે તો પણ દિગંબર ધર્માનુસાર જીવન જીવવાનું. આ નોન જૈન પણ ૨-૫ વર્ષે દિગંબર અને ૧૦-૧૨ વર્ષે કટ્ટર ધર્મઝનૂની દિગંબર બની જાય.**

આપણે ત્યાં હજારો માણસો રાખીએ છીએ.. પૈસા જોઈએ તેટલા આપીએ છીએ છતાં બધાં જ સામા થાય. એક પણ માણસને શ્વેતાંબર જૈન બનાવી શક્યા ? **એક પણ માણસ જૈનોને સંપૂર્ણ વફાદાર ખરો ?** કોઈ તીર્થમાં કામ કરનારા માણસો માટે આપણે થોડું પણ આપણા ધર્મનું આચરણ કરાવ્યું ? કેમ નહીં ? બસ, આ સવાલનો જવાબ આપણે ગોતવો રહ્યો...

- ભૂષણ શાહ (હૃદયપરિવર્તનમાંથી સાભાર)

## ચાલો, આપણે કાંઈક શરૂઆત કરીએ.... આપણા જ શ્રીસંઘથી...

આપણા શ્રીસંઘનો પ્રત્યેક પરિવાર સંકલ્પ કરે. આપણા શ્રીસંઘના પ્રત્યેક કૌટુમ્બિક સભ્ય -- પૂજારીજી, સિક્યુરિટી, મહેતાજી, આયંબિલશાળા કાર્યકર, ઉપાશ્રય કાર્યકર વગેરે નિમ્નલિખિત થિયરીકલ કે પ્રેક્ટિકલ આરાધનામાં આગળ વધશે, તો હું એને ઓછામાં ઓછી નિમ્મલિખિત પ્રભાવના આપીશ.

(એક મુદ્દાની પ્રભાવના એક જ વાર આપવાની રહેશે. દા.ત. રોજ ગુરુવંદન કરવાનું ચાલું કરે, તેની પ્રભાવના એક જ વાર અપાશે.)

| **આરાધના** | **પ્રભાવના (રૂા.)** |
|---|---|
| (૧) ગુરુવંદન સૂત્ર-વિધિ | ૧૧ |
| (૨) રોજ ગુરુવંદન કરવું | ૧૧ |

(૩) સામાયિક સૂત્ર-વિધિ............................................ ૨૧
(૪) રોજ સામાયિક કરવી ........................................ ૨૧
(૫) સંપૂર્ણ પૂજા વિધિ + ચૈત્યવંદન સૂત્ર વિધિ.................. ૩૧
(૬) રોજ પૂજા + ચૈત્યવંદન કરવું ................................ ૩૧
(૭) ૧ થી ૨૦ સૂત્રોના અર્થ + ૫ ચૈત્યવંદન, ૫ સ્તવન, ૫ સ્તુતિ શીખવી ............................................... ૪૧
(૮) રાત્રિભોજન-કંદમૂળ-અભક્ષ્યના ત્યાગની ચોપડીનો અભ્યાસ કરવો અને આ બધાંનો આજીવન ત્યાગ કરવો. ............. ૫૧
(૯) સંપૂર્ણ બે પ્રતિક્રમણ સૂત્ર-વિધિ................................ ૬૧
(૧૦) સંપૂર્ણ બે પ્રતિક્રમણ સૂત્રોના અર્થ.............................. ૭૧
(૧૧) સંપૂર્ણ પંચ પ્રતિક્રમણ સૂત્ર-વિધિ ............................. ૮૧
(૧૨) સંપૂર્ણ પંચ પ્રતિક્રમણ સૂત્રોના અર્થ .......................... ૯૧
(૧૩) જીવવિચાર, નવતત્ત્વ, દંડક, લઘુસંગ્રહણીના પદાર્થો ........ ૧૦૧
(૧૪) ચૈત્યવંદનભાષ્ય, ગુરુવંદન ભાષ્ય, પચ્ચક્ખાણ ભાષ્યના પદાર્થો............................................... ૧૧૧
(૧૫) પ્રથમ-દ્વિતીય કર્મગ્રંથના પદાર્થો................................ ૧૨૧
(૧૬) શ્રાદ્ધવિધિ, શ્રાદ્ધદિનકૃત્ય, શ્રાદ્ધગુણવિવરણ.................. ૧૩૧
(૧૭) કમ સે કમ પાંચ તિથિ પ્રતિક્રમણ, પાંચ તિથિ આયંબિલ, રોજ ઉકાળેલું પાણી, નવપદની બે ઓળી, રોજ એક કલાક સૂત્રાર્થનું પુનરાવર્તન. .................................. ૧૪૧

આપણે ધર્મ માટે લાખો-કરોડો રૂપિયા વાપરીએ છીએ. અહીં લખેલા આંકડાઓ જેની તુલનામાં કશું જ નથી. (જો કે આ ઓછામાં ઓછાં આંકડા છે. બાકી શક્તિ અનુસાર વધુ પણ આપી શકાય.) જૈન શેઠને ત્યાં નોકર તરીકે રહેલ અજૈન વ્યક્તિ આવા જ કોઈ નિમિત્તને પામીને ભવાંતરમાં કુમારપાળ મહારાજા બની છે. **જીવદયાનું અઢાર દેશોમાં પાલન કરાવવા**

**સાથે જિનશાસનની અદ્ભુત પ્રભાવના થઈ, તેના મૂળમાં હતાં પૂર્વભવના જૈન શેઠ. આપણે ઈચ્છીએ તો આપણા ઘરના સ્ટાફને પણ ભાવિના કુમારપાળ મહારાજા બનાવી શકીએ છીએ. આપણને જીવદયામાં ઘણો રસ છે, પણ તેનો અર્થ આપણે ઘણો સંકુચિત કરી દીધો છે.** અને જે સાનુબંધ અને પરાકાષ્ઠાની જીવદયા છે, તેનાથી કદાચ આપણે અજાણ છીએ. **ઉપદેશમાલા**માં પૂ. ધર્મદાસગણિ મહારાજાએ આ જીવદયાનું સ્વરૂપ સમજાવ્યું છે.

**सयलम्मि वि जीवलोए तेण इह घोसिओ अमाघाओ ।**
**इक्कं पि जो दुहत्तं सत्तं बोहेज्ज जिणवयणे ॥**

જે એક પણ જીવને
જૈન ધર્મ પમાડે છે
તે સમગ્ર વિશ્વમાં જીવદયાની ઘોષણા કરે છે.

છેલ્લી વાત, ઉપરોક્ત યોજનાને આપણા પરિવારમાં-પત્ની, સંતાનો વગેરેમાં પણ સાકાર કરીએ. **મિનિમમ બે મીંડા ઉમેરીને.** આપણા એક ખિસ્સામાંથી બીજા ખિસ્સામાં પૈસા જાય, એમાં આપણને કોઈ જ વાંધો નથી, બરાબર ને ?

* * * * *

## ❁ સુપાત્રદાન ગ્રુપ ❁

મંદી કે મોંઘવારીને ગણકાર્યા વગર હોંશભેર આગ્રહપૂર્વક મહાત્માને ગોચરી વહોરાવવા માટે પડાપડી કરી રહેલ આજના સમસ્ત શ્રાવક-શ્રાવિકાઓ સુપાત્રદાન ગ્રુપના મેમ્બર છે જ. અહીં જે વાત છે, તે ઉકાળેલું પાણી વહોરાવવાની બાબતમાં છે.

નિર્દોષ ગોચરી માટે ૨/૩ કિ.મી. દૂર જનાર કે વિહાર/વરસાદમાં સદોષ ગોચરી ન વાપરવી પડે એ માટે ઉપવાસ કરનાર પૂજ્યોને પણ પાણી સદોષ લેવું પડે, એવો આ સમય છે. શ્રીસંઘ આ માટેની વ્યવસ્થા પણ કરે છે. પણ, ખાસ કરીને શહેરોમાં, આ વ્યવસ્થા કઈ રીતે કાર્યરત છે, તેની શ્રીસંઘને જાણ હોતી નથી. પરિણામે **છતી વ્યવસ્થાએ સુપાત્રદાનનું ઉત્કૃષ્ટ ફળ શ્રીસંઘ પામી શકતો નથી.** આવું ન થાય, તે માટે કેટલાંક પ્રેક્ટીકલ ઉપાયો આ મુજબ છે.

(૧) શ્રીસંઘે પાણી ઉકાળવા માટે માણસ રાખ્યો હોય છે. મહાત્માની ચર્યા વહેલા સૂઈને વહેલા ઉઠવાની હોય છે. માણસની ચર્યા પ્રાયઃ વિપરીત હોય છે. ઉનાળામાં ક્યારેક સૂર્યોદયે પૂજ્યો પાણી વહોરવા પધારે, ત્યારે માણસ હજી સૂતો હોય, પાણી મુકાયું જ ન હોય, પૂજ્યોને ધક્કો થાય, કલાક જેટલું મોડું થાય, ગ્લાનાદિ મહાત્માઓ સીદાય. ફરી ફરી આવતાં પૂજ્યોના સ્વાધ્યાયાદિ પણ બગડે.

**શ્રીસંઘમાં એક જૂથ એવું હોવું જોઈએ, જે તે તે ઋતુમાં તે તે નિયત સમયે પાણી મુકાઈ ગયું કે નહીં, તેનું ધ્યાન રાખવાની જવાબદારી લે.** પાણીના તપેલા, ગેસ, ભૂમિ વગેરેનું પ્રમાર્જન કરે/કરાવે, પાણી ગાળવાની કાળજી કરે/કરાવે.

(૨) ઘણીવાર ઉપાશ્રયની સફાઈ કરનાર માણસ પણ એ જ વ્યક્તિ હોય, જે પાણી ઉકાળનાર હોય. પાણી મૂકીને એ સફાઈ કરવા જતો રહે. મહાત્મા પાણીનો ઉકાળો આવવાની રાહ જોતાં ઊભા હોય. ઉકાળો આવી જાય, પાણી ઉભરાઈને ઢળતું હોય, કે ફોગટનો ગેસ બળતો હોય ને પાણી

વધારે પડતું ઉકળ્યા કરતું હોય, આ સમયે મહાત્માએ શું કરવું ? સફાઈનો માણસ અલગ રાખે, તો શ્રીસંઘ આ રીતે કેટલાં ખર્ચા કરે ? એક માણસ જ માંડ મળ્યો હોય છે, ત્યાં બીજો...

**શ્રીસંઘનું એક જૂથ પાણીના ઉકાળાના સમયે બરાબર ચેક કરીને ગેસની જયણા કરે.** જેનાથી ગેસ બચે, વધુ પડતાં ઉકળેલા પાણીથી પૂજ્યોની દાઝવાની સંભાવના મટી જાય. પૂજ્યો રાહ જોયા કરે કે હાંફળા ફાફળા થઈને માણસને ગોતવા જાય એવી વિચિત્ર પરિસ્થિતિનું નિર્માણ ન થાય, કે કાચું પાણી ઉતરી ન જાય.

(૩) પૂજ્યોને પાણી વહોરવાનો સમય સૂર્યોદય પછી લગભગ અડધો કલાક સુધી અને લગભગ ૧૦ વાગ્યા પછી અડધો કલાક સુધી હોય છે. **આ સમયે શ્રીસંઘના સભ્યોએ ખાસ હાજર રહીને પૂજ્યોને પાણી વહોરાવવું જોઈએ.** જેમ આપણા ઘરે આપણે ગોચરી વહોરાવવાનું કાર્ય નોકરને ભળાવી દેતા નથી. તેમ ઉપાશ્રય/આયંબિલ ખાતામાં પણ આ કાર્ય સ્વયં કરવું એ આપણું ઔચિત્ય છે- સૌભાગ્ય છે.

નોકર કેવી રીતે વહોરાવે ? આપણે કઈ રીતે વહોરાવીએ ? માણસ સફાઈ માટે કે બીજા કામે જતો રહ્યો હોય, તો પૂજ્યો શું કરે ? વ્યસ્ત લોકો પણ સવારના સમયે પ્રાયઃ ટાઈમ કાઢી શકતા હોય છે. **સ્થાનિક પૂજ્યોનો સમય જાણીને - જેમ ગોચરી માટે વિનંતિ કરીએ છીએ, તેમ પાણી માટે પણ કરીએ,** ભાવથી નિયત સમયે તેમને લઈ જઈને વહોરાવીએ, ભલે- શ્રીસંઘની વ્યવસ્થાનું પાણી, તો પણ કેટલો મહાન લાભ મળે !

(૪) તપના બેસણાં, વર્ષીતપના પારણા, પર્વ-તિથિના આયંબિલ, સ્વામિવાત્સલ્ય... આવાં પ્રસંગોમાં ઉકાળેલા પાણીની સિસ્ટમ ખોરવાઈ જતી હોય છે. શહેરોમાં એક સ્થાને અલગ અલગ ઉપાશ્રયથી પૂજ્યો પાણી વહોરવા પધારતાં હોય, તે સમયે **ઘણી વાર વિદ્યમાન વ્યવસ્થા જ ઓછી પડતી હોય, એ સમયે શ્રાવક-શ્રાવિકાઓના પાણીનું કાર્યક્ષેત્ર વધી પડે છે.** પગારદાર માણસો પાસે બે વિકલ્પ હોય છે - (૧) યા તો પૂજ્યોને સંપૂર્ણ પાણી વહોરાવી દીધાં પછી જ બેસણા-આદિના પાણીની વ્યવસ્થા કરવી. (૨)

યા બેસણા-આદિના પાણીને પ્રાધાન્ય આપવું. સહજ રીતે એ માણસો બીજો વિકલ્પ પસંદ કરે છે. પૂજ્યો રાહ જોતાં ઊભા રહે છે. માણસો ધડાધડ પાણી ઠારવાની નાની નાની માટલીઓમાં ભરવાની પ્રવૃત્તિમાં વ્યસ્ત હોય છે. જે પાણી ઠરી ગયું/ઠાર્યું છે, તે પૂજ્યોને આપવાનું નથી. બીજું પાણી તો ઉકાળવા માટે મુક્યું છે. **માણસો ટ્રસ્ટીઓને-લોકોને ખુશ રાખવાનો પ્રયાસ કરે, એ સહજ છે,** કારણ કે એમને એમની પાસે અપેક્ષા હોય છે. ઠંડું પાણી ન પહોંચાડી શકે, તો એમની પાસેથી ઠપકાં ખાવાના હોય છે. એવું કરવાને બદલે તેઓ પૂજ્યોને હડધૂત કરવાનું જ પસંદ કરવાના ને ?

આપણે આવા બેસણામાં પાટલા પાસેની માટલીમાંથી આપણો ગ્લાસ ભરીએ, ત્યારે આપણને ખબર નથી હોતી, કે આપણે મહાત્માઓનું પાણી વાપરી રહ્યા છીએ. આજે આપણે અહીંથી પાણી મેળવવાની સગવડ ભોગવી, એના કારણે કેટલા મહાત્માઓની દિનચર્યા બદલાઈ ગઈ છે - તેમના સ્વાધ્યાયાદિની હાનિ થઈ છે.

આ બધી વિચિત્રતાનું સીધું વારણ એ જ છે, કે એવા **કોઈ પણ પ્રસંગમાં ઉકાળેલું પાણી ઘરેથી જ લાવવું એવો શ્રીસંઘનો કાયદો/રિવાજ હોય.** તપસ્યા હોય, એટલે ઘરે પાણી ઉકાળવાનું તો હોય જ. તો એમાંથી બેસણા-આદિમાં પાણી લઈ આવવું શક્ય બને જ. તેથી આપણે પૂજ્યોને અંતરાય/હેરાનગતિ કરવાના પાપથી બચી શકીએ. **બીજા ફાયદા** (૧) વધારાના કામથી + ચિંતાના ભારથી માણસોનો સ્વભાવ બગડે નહીં. (૨) માણસોને પૂજ્યો પ્રત્યે + શ્રીસંઘ પ્રત્યે સદ્ભાવ ટકી રહે. (૩) વધારાની ડ્યુટીમાં વેઠ ઉતારવા જતાં પાણી કાચું જ રહે / કાચું થઈ જાય, આવું બનતું હોય છે, તેવું નહીં થાય. (૪) પાણી ઠંડુ કરવા માટે શ્રીસંઘના ખર્ચે આડે-ધડ પંખાઓ ચાલ્યા કરતાં હોય છે, તેવું નહીં થાય. વિરાધના ઘટશે, બચત થશે. (૫) પાણી માટે વધારાનો સ્ટાફ નહીં રાખવો પડે. (૬) વ્યક્તિગત - ઘરે ઉકાળવામાં જયણા શક્ય બનશે, વેડફાટ નહીં થાય.

(૫) ચોમાસામાં + શેષકાળમાં તે તે કાળાનુસાર યોગ્ય સમયે પાણીનો નિકાલ કરવાનો હોય છે. તે સમયે જગ, પરાતો, તપેલા, ઢાંકણા બધું

કોરું થઈ જવું જોઈએ. ગરણું સુકાઈ ગયેલું હોવું જોઈએ. પગારદાર માણસોને આની કેટલી કાળજી હોય ? પરિણામે આગલા દિવસની ભીની પરાતો, જગ વગેરેનો બીજા દિવસે ઉપયોગ થાય, તે શક્ય છે.

**શ્રીસંઘના સભ્યોનું એક જૂથ યોગ્ય સમયે આ જયણા કરે/કરાવે તે ઉચિત છે.** (આમાં એક વાતનો ખ્યાલ રાખવો કે તપેલા/પરાતમાં ભરેલું પાણી ગટરમાં કે ખુલ્લામાં નાંખી દેવું, એવો શ્રાવકોનો આચાર નથી. શ્રીસંઘના કે ઘરના જે કાર્યોમાં કાચું પાણી વપરાતું હોય, તે કાર્યોમાં શ્રીસંઘનું / ઘરનું કાળ વીતેલું પાકું પાણી ઉપયોગમાં લેવાય, તે ઉચિત છે. ચોક્ખું પાણી ફેંકી દેવું તે દેશવિરુદ્ધ-લોકવિરુદ્ધ છે. એ ફેંકી દીધા પછી બીજા નવા કાચા પાણીની વિરાધના તો કરવાની જ હોય છે.)

વર્તમાનમાં વિષમ કાળમાં પણ પૂજ્યો નિર્દોષ ગોચરીની ગવેષણા કરે છે. ભરબપોરે ઘરે ઘરે પધારે છે. નિષ્કારણ દોષિત ન લેવાની ટેક સાચવે છે. આપણો ઘણો ભાવ હોવા છતાં શંકાસ્પદ દ્રવ્યોને છોડી દે છે. એવા પણ પૂજ્યોને ન છૂટકે પાણીની સદોષ વ્યવસ્થાનો ઉપયોગ કરવા માટે તે પાણી વહોરવા આવવું પડે અને આપણે તે પૂજ્યોની આટલી ય સેવા સુચારૂરૂપે ન કરી શકીએ, તો એ આપણા માટે કેટલી દુઃખની વાત ! જિનભક્તિ, સામાયિક, જાપ વગેરે આરાધના આપણે આપણા સમયે કરી શકીએ છીએ. **જ્યારે ઔચિત્યપાલન માટેનો, વૈયાવચ્ચનો લાભ લેવા માટેનો અવસર હોય, તે તે ક્ષેત્ર સીદાતું હોય, તે સમયે કરાતી બીજી ધર્મારાધનાનું ફળ ઘણું ઓછું થઈ જાય છે.** ધંધા/નોકરીની દોડાદોડ કરી કરીને જેઓ હાંફી જાય છે, તેમણે તો પોતાના અંતરાયો તોડવા માટે આ સુપાત્રદાનનો લાભ ખાસ લેવા જેવો છે. ઉપાશ્રયની દૂર-સુદૂર રહેનારા, ગોચરીનો લાભ મળતો જ નથી એવી વેદના વ્યક્ત કરનારા, ક્યારેક એ માટે રડનારા, એવા શ્રાવક-શ્રાવિકાઓ માટે આ એક નિત્યપ્રાયઃ લાભ બની શકે, જો તેમને આ મહાન **લાભનો ખ્યાલ હોય.** I know, I'm so late to write this. sorry.

❋ ❋ ❋ ❋ ❋

# ❀ JAIN SCHOOL ❀

એક બાજુ પ્રભાવના, ઈનામો, પ્રોત્સાહનો, યાત્રાપ્રવાસો વગેરે કરી કરીને ઊંધા વળી જવા છતાં આપણી પાઠશાળાઓ હાસ્યાસ્પદ-દયાસ્પદ-વેદનાસ્પદ સ્થિતિમાં ચાલતી હોય છે. બીજી બાજુ આપણે આપણા બાળકોને લાખ/૨ લાખ/૩ લાખ/ ૪ લાખના ડોનેશનો આપીને + વાર્ષિક લાખ રૂા. સુધીની ફી આપીને અન્ય ધર્મીઓની-ધંધાદારીઓની સ્કુલમાં ભણાવીએ છીએ.

આ બંને પ્રોબ્લેમ્સનું એક કોમન સોલ્યુશન છે - **Jain Schools.** એ બે રીતે બને.

(૧) નવેસરથી જૈન સ્કુલ્સ બનાવવામાં આવે. (૨) જે જૈનોની સ્કુલ્સ છે, તેને જૈન સ્કુલ્સ બનાવવામાં આવે કે વેંચાણ ઈચ્છુક સ્કુલ ઓનર્સની સ્કુલ્સને જૈન સ્કુલ બનાવવામાં આવે.

**એ જૈન સ્કુલ્સ આ પ્રકારની હોય** ☞

(A) જૈન માઈનોરિટી બેનિફિટ લઈને તેમાં રોજ **જૈન વિષયનો એક પિરિયડ** ફરજિયાત રાખવામાં આવ્યો હોય.

(B) બાળમંદિરથી માંડીને કોલેજ સુધી દરેક ધોરણનો **સુંદર જૈન અભ્યાસક્રમ** હોય. જેનાથી દરેક સ્ટુડન્ટ હાઈ લેવલના **જૈન સ્કોલર** બની શકે.

(C) અઠવાડિયે એક વાર સામૂહિક **અષ્ટપ્રકારી પૂજા** અને વિશિષ્ટ પૂજ્યોનું **વ્યાખ્યાન** હોય.

(D) સાંસ્કૃતિક યુનિફોર્મ, છોકરા-છોકરીની જુદી વ્યવસ્થા, છોકરીઓમાં માત્ર લેડીઝ સ્ટાફ... વગેરે **સદાચાર-પવિત્રતાને અનુકૂળ આયોજન** હોય.

(E) આ સિવાય તમામ સિસ્ટમ, સ્ટ્રક્ચર, કેમ્પસ, ફેસિલિટીસ, એટ્રેક્શન્સ **બધું જ પ્રસિદ્ધ ઈન્ટરનેશનલ સ્કુલ્સ જેવું** હોય. એમનાથી જરા પણ ઉતરતું ન હોય.

(F) એ માટે **ડોનેશન/ફીસ**-ના ધોરણો પણ તેના જેવા જ હોય.

ઈન્ટરનેશનલ/મોડર્ન સ્કુલ્સ ઉચ્ચ ધોરણ અને ઉચ્ચ ફી - આ સૂત્ર અપનાવીને પોતાની સ્કુલ્સનું વિસ્તરીકરણ કરતી હોય છે અને નવી નવી શાખાઓ ખોલતી હોય છે. **જૈન શ્રીમંતો જો આ જ સૂત્ર અપનાવીને સંપૂર્ણ વ્યવસાયિક દૃષ્ટિથી પણ જો ઉક્ત સ્વરૂપની જૈન સ્કુલ્સ બનાવે અને તેની નવી નવી શાખાઓ સ્થાપે, તો ય એ વર્તમાન દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં જિનશાસનની એક મોટી સેવા બની શકે.** જૈન શ્રીમંતો આ વ્યવસાયથી અઢળક કમાણી કરી શકે તે તો સહજ છે જ, ઉપરથી આ વ્યવસાય પણ એક કાળોચિત ધર્મ બની શકે. કોન્વેન્ટ આદિના પારાવાર નુકશાનો, વિધર્મી મિત્રોના ભયસ્થાનો, પાઠશાળા/વ્યાખ્યાનનો અવકાશ જ ન રહે તેવી પરિસ્થિતિ, ઘેર ઘેર વંઠેલ-ઉદ્ધત-કુટેવગ્રસ્ત-શ્રદ્ધાહીન સંતાનોની વધતી જતી સમસ્યાઓ, સંસ્કૃતિ-સદાચાર-ધર્મની ઘોર ખોદતું આખું વાતાવરણ, **આ બધાંમાંથી શ્રીસંઘને ઉગારી લેવા માટે જૈન શ્રીમંતોએ સ્વાર્થ + પરમાર્થ એવા આ કાર્ય માટે આગળ આવવું અનિવાર્ય છે.**

એકછત્રી સત્તા, યોગ્ય બંધારણ વગેરે દ્વારા અનેક દાયકાઓ સુધી આવી સ્કુલ્સ આ જ રીતે ચાલતી રહે અને લાખો સ્ટુડન્ટ્સને શુદ્ધ જૈનત્વ, સ્વસ્થ જીવન અને નિશ્ચિત સદ્ગતિની ભેટ ધરી શકે. રેસિડેન્સિયલ સ્કુલ્સનું નિર્માણ બધાં માટે શક્ય ન બને. આ વાત ડે-સ્કુલ્સની છે. ફેક્ટરીઓ, બાંધકામો વગેરે ભયંકર હિંસા ધરાવતાં વ્યવસાયો કરતાં શ્રીમંતો માટે કદાચ આ એક શ્રેષ્ઠ વિકલ્પ છે. **જિનશાસનનું અનંત ઋણ અદા કરવાનો આ એક શ્રેષ્ઠ અવસર છે.** ધન + પુણ્યનો આ એક અપૂર્વ સમન્વય છે.

We are already Late. I say please, Hurry up.

* * * * *

# ❀ મેલ અનાદિ વિનાશ ❀

✳ 'તમે આટલા મોટા આર્કિટેક થઈને અમારી આટલી સેવા કરી ?' 'એમાં શું છે ? અમને એવું શિક્ષણ આપવામાં આવ્યું છે, કે એક બાજુ આ મંદિરના મુલાકાતીને આ સંકુલમાં ક્યાંક વોમિટ થઈ ગઈ હોય, એ સાફ કરવાની હોય અને બીજી બાજુ આ મંદિરના મૂળનાયકનો અભિષેક કરવાનો હોય, એ બંને વસ્તુ સમાન છે.'

**- દિલ્હી - અક્ષરધામની ઘટના.**

✳ 'તમે આટલા મોટા માણસ થઈને આ ગાડીઓને ધોઈ રહ્યા છો ?'

'અમને દર્શનાર્થી ભક્તોની સેવાનો લાભ ક્યાં મળે ?'

**- અમદાવાદ-ગુરુદ્વારા બહારના રોડની ઘટના.**

✳ 'ઓહ, વાસણ ધોવા માટે હજાર માણસ !!!'

'એ બધાં માણસો નથી. ભક્તો છે. જમણવારના એંઠા-થાળી-વાટકા ધોવા માટે પડાપડી કરી રહ્યા છે. શીખ-સંસ્કૃતિમાં આને 'કારસેવા' કહેવામાં આવે છે.' - **ગુરુદ્વારા - લંગરોમાં બનતી નિયમિત ઘટના.**

ક્યારેક એવું લાગે છે, કે સેવાપ્રધાન-એવું આપણું આગમિક તત્ત્વ અપનાવીને અન્યધર્મીઓ પ્રગતિ કરી રહ્યા છે અને આપણે આપણું જ તત્ત્વ ભૂલીને - સ્વાર્થપ્રધાન થઈને પતન પામી રહ્યા છીએ. ક્યાં ભક્તની ય સેવાનો આદર્શ ? ક્યાં ભગવાનની ય સેવાની ઉપેક્ષા ? મૂળનાયક ભગવાનનો અભિષેક કરવા માટે લાઈનમાં ૫૦મા નંબરે ઊભા રહેવા આપણે તૈયાર છીએ. પણ એ જ ભગવાનના દરબારમાં કે પરિસરમાં પડેલા કચરાંને સાફ કરવાનો કદાચ આપણને વિચાર સુદ્ધા આવતો નથી. એમાં આપણને 'ધર્મ', 'પુણ્ય', 'લાભ' જેવું લાગતું નથી. હકીકત એ છે કે **દેરાસરની બહાર છે કે રોડ પર પડેલી ગંદકીને સાફ કરવી એ પણ પ્રભુની એક પ્રકારની પૂજા છે. જ્ઞાનભંડારમાં ધૂળ ખાતાં ગ્રંથોનું પ્રમાર્જન કરવું, એ પણ એક પ્રકારની કલ્પસૂત્રની ઉછામણીનો લાભ છે. ઉપાશ્રયની ધૂળ ભરેલી બારીને ચોકખી-ચટ કરી દેવી, એ પણ એક અપેક્ષાએ સુપાત્રદાન છે.** સૂક્ષ્મસ્તરની આ સાધનાઓને આપણે સમજી શક્યા નથી.

સ્થૂલ કરતાં સૂક્ષ્મની તાકાત હંમેશા વધારે હોય છે. ૧૪૪૪ ગ્રંથ રચયિતા ભગવાન શ્રી હરિભદ્રસૂરિ મહારાજા 'યોગબિન્દુ' ગ્રંથમાં કહે છે -

**देवादिशोधनाच्चैव भवेज्जातिस्मरः पुमान् ॥**

**ભગવાન આદિની શુદ્ધિ કરનાર વ્યક્તિ જાતિસ્મરણ જ્ઞાનને પામી શકે છે.**

ટીકાકારશ્રી મુનિચન્દ્રસૂરિ મહારાજા 'આદિ' શબ્દની વ્યાખ્યા કરે છે - **'પુસ્તકાદિની શુદ્ધિ કરવાથી જાતિસ્મરણ જ્ઞાન થાય છે.'**

'સૂક્ષ્મ'ની આપણે એટલી ઉપેક્ષા કરી છે, કે એનાથી આપણું 'સ્થૂલ' પણ શિથિલ થઈ ગયું છે. પાછા આપણે ફરિયાદ કરીએ છીએ - 'ધર્મનું ફળ દેખાતું નથી.' કદાચ જ્ઞાનીઓ આપણને કહેશે - 'અમને તમારામાં ધર્મ દેખાતો નથી.'

તમારા ઘરનું નિરીક્ષણ કરો. કયો ભાગ ગંદો-ગોબરો-ભંગારવાળો-અસ્તવ્યસ્ત-ધૂળથી ખરડાયેલો-તૂટેલો-ફૂટેલો છે ? જવાબ આપણને ખબર છે. હવે જાઓ દેરાસરે-ઉપાશ્રયે-આયંબિલ ખાતે-પાઠશાળામાં અને આ જ પ્રશ્ન પૂછો.

તમારા શ્રીસંઘમાં જ્ઞાનભંડાર ક્યાં છે ? ખબર છે ? કેવી સ્થિતિમાં છે, ખબર છે ? ઉપાશ્રયના ઉપલા માળના ખૂણા-ખાંચરા, છત-બારીઓ કદી જોયા છે ? આજે ધારીને જુઓ. **ધૂળના થર દેખાય એટલે સમજજો કે આપણા આત્મા પરનો આ મેલ છે. અનાદિનો મેલ. ઘર 'મારું' લાગ્યું છે. જિનશાસન હજુ 'પારકું' લાગે છે. સુખ માટે આપણે ઘણાં ફાંફા મારીએ છીએ, પણ સુખને ચોકખાઈની અપેક્ષા છે. જ્યાં ગંદકી છે ત્યાં સુખનો પ્રવેશ શક્ય જ નથી.**

જાગ્યા ત્યારથી સવાર, જિનશાસનને જ 'ઘર' માનીએ. અનાદિના મેલનો વિનાશ કરીએ. પછી સુખોની હારમાળાઓ આપણા ગળામાં વરમાળા નાંખવા માટે તલપાપડ બની જશે.

* * * * *

# ❁ Quit Cities ❁

ટાઈટલ પૂજ્ય સંયમી ભગવંતોને ઉદ્દેશીને છે, પણ આ લેખ શ્રાવકવર્ગ માટે છે. **અમુક શહેરોમાં વધુ પડતો ભરાવો અને ગામડાંઓ અને શેષ શહેરોમાં સાવ ખાલીપો એ આજના સમયની વિષમતા છે.** જેનાં અનિષ્ટ ફળો આ બંને ક્ષેત્રોમાં અનુભવાઈ રહ્યા છે.

### ✳ 'ભરાવા'ના અનિષ્ટ ફળો ✳

(૧) **अतिपरिचयात् अवज्ञा** = અતિ પરિચય-અતિદર્શનથી **અવગણના**

(૨) ગોચરીના **દોષો**

(૩) જિનવાણીશ્રવણનો લાભ લેનાર વર્ગનો પ્રાયઃ **અભાવ.**

(૪) નિર્દોષ સ્થંડિલભૂમિનો અભાવ - **અપભ્રાજના દોષો.**

(૫) શહેરી દૂષિત વાતાવરણમાં સંયમના **અતિચારો.**

### ✳ 'ખાલીપા'ના અનિષ્ટ ફળો ✳

(૧) નવા જૈન પંથોમાં કે અન્ય ધર્મોમાં મૂળ જૈનોનું **પરાવર્તન**

(૨) તીર્થો, જિનાલયો, ઉપાશ્રયો ઉપર **ભય.**

(૩) **મંદ** થતી જતી ધર્મશ્રદ્ધા.

### ✳ ભરાવા અને ખાલીપાના કારણો ✳

(૧) વસતિસંપન્ન + ભાવસંપન્ન ક્ષેત્રો વિશે **માહિતીનો અભાવ.**

(૨) તે ક્ષેત્રો સુધી પહોંચવાના માર્ગ + માર્ગમાં આવતી **વ્યવસ્થા વિષે શંકા.**

(૩) મેટ્રો સીટીની મેડિકલ સવલતોની **જરૂરિયાત કે સંભવિત જરૂરિયાત.**

### ✳ સરળ ઉપાય ✳

(૧) શ્રીસંઘમાં એક જૂથ એવું બને, જે ભારતભરના શ્રીસંઘોના નામ, સરનામા, સ્થાનિક ખુલ્લા ઘરોની સંખ્યા, સ્થાનકવાસી-તેરાપંથી-દિગંબર ઘરોની સંખ્યા, ચાતુર્માસ થાય છે કે નહીં ? છેલ્લે ક્યારે થયેલ ઈત્યાદિ **નોંધ** તૈયાર કરે. + તેના રુટની **પાકી તપાસ + નોંધ** કરે.

(૨) તેમાંથી ખાલી રહેલા વિશિષ્ટ ક્ષેત્રોમાં પૂ. સંયમી ભગવંતોના **ચાતુર્માસ** તત્રસ્થ શ્રીસંઘ દ્વારા ગોઠવાય.

(૩) તે ક્ષેત્રની આસપાસમાં રહેલ માસકલ્પયોગ્ય ક્ષેત્રોમાં **શેષ કાળે વિચરણ** થાય. તેમાં વચ્ચે આવતા ક્ષેત્રોમાં યથાસંભવ દિવસો રોકાણ થાય.

(૪) જીવિત મહોત્સવ વગેરે માટે પૂજ્યોને દૂર-સુદૂર સુધી લાવીને પછી બે-પાંચ દિવસમાં રિટર્ન કરાવવાને બદલે, તે ક્ષેત્ર + તેની આસપાસના ક્ષેત્રમાં **માસકલ્પ/ચાતુર્માસ** આદિ ગોઠવાય એવો પ્રયાસ થાય. બે-પાંચ દિવસના પ્રોગ્રામ માટે પૂજ્યોને ૨૦૦-૫૦૦ કિ.મી.નો વિહાર કરાવવો, તે એક પ્રકારનો અત્યાચાર છે.

(૫) આપણી સ્વેચ્છાથી આપણે જે **ધાર્મિક પ્રોગ્રામ** કરતાં હોઈએ, તે એવા-ખાલીપાવાળા ક્ષેત્રમાં કરવા માટે પ્રયાસ કરાય. (અડધાથી ય ઓછા ખર્ચમાં બમણાથી ય વધુ સફળતા મળી શકશે.)

વર્તમાન કાળમાં ખાલી ક્ષેત્રો અને પૂજ્યો વચ્ચે કડી બનવાનું કાર્ય જિનશાસનની એક મહાન સેવા છે. **તે તે ક્ષેત્રોમાં છેલ્લા શ્વાસ લઈ રહેલા જિનશાસન માટે આ એક જીવનદાન છે.** શહેરી સમસ્યાઓનું આ સચોટ સમાધાન છે. ઉદાહરણ તરીકે શહેરમાં જ, મુખ્ય શહેરમાં જ રહેવાની પદ્ધતિમાં બારે માસ ઉપલબ્ધ રહે, એવો ઉપાશ્રય મેળવવાની સમસ્યા ઊભી થાય છે. તેના કારણે પ્રાઈવેટ ઉપાશ્રય લેવાની વૃત્તિ, તેના કારણે ફંડ કરવાની પ્રવૃત્તિ, ફ્લેટ ઉપાશ્રય, વિજાતીયયુક્ત મકાન-સંકુલ, પરઠવવાની તકલીફો, શાસન-માલિન્ય, ફિલ્મી ગીતોનો અવાજ, ફ્લેટ-મેઈન્ટેનન્સ... કેટલી મોટી લંગાર ! સંયમજીવનનો કચ્ચરઘાણ. પેલા બાવાજી પોતડીને કારણે બિલાડી-ગાય-ખેતર-બૈરી.... આ બધી લંગારમાં ફસાઈ ગયા હતા. એવો ઘાટ ઘડાય. આવા ફસાયેલા પૂજ્યોનું મૂલ્ય કેટલું રહે ? ‘ખાલી’ ક્ષેત્રોમાં નાનામાં નાના સાધ્વીજી ભગવંત પણ ભગવાનની જેમ પૂજાતાં (સમ્માન પામતા) હોય છે. **તે તે શ્રીસંઘને લાભ થાય, જિનસાસનનું ગૌરવ વધે, વટલાઈ રહેલા જૈનો જિનશાસનમાં સ્થિર થઈ જાય. તેમની આવનારી પેઢીઓ ય બચી જાય. શ્રીસંઘની સ્થાવર-જંગમ મિલકતની રક્ષા થાય. આ બધો જ લાભ તે ‘કડી’ બનનાર ભાગ્યશાળીને મળે.**

તે તે ક્ષેત્રનો શ્રીસંઘ તે તે પૂજ્યોને પોતાના સુધી ક્ષેમ-કુશળ આવવાની

વ્યવસ્થા કરે. વિશેષ કરીને પૂ. સાધ્વીજી ભગવંતોને વિહારમાં સુરક્ષા પૂરી પાડીને નિશ્ચિંતપણે પોતાના ક્ષેત્ર સુધી લઈ આવવા, તે ત્યાંના શ્રીસંઘની જવાબદારી બની રહે. છતાં જો તત્રસ્થ શ્રીસંઘ માટે આ શક્ય ન બને તો અન્ય યુવાનો-ગ્રુપો-મંડળો, સંઘો દ્વારા આ વ્યવસ્થા કરવામાં આવે. માત્ર આટલી માર્ગ-સુરક્ષાના સુકૃતથી તે તે ક્ષેત્રમાં થનારી દીર્ઘ-સુદીર્ઘકાલીન નક્કર શાસનપ્રભાવનાનો લાભ મળી શકે.

**Let me say,** આપણી ઈચ્છાથી ૫-૧૦-૧૫ દિવસોની નેશનલ ટુર ને મહિનાની ઈન્ટરનેશનલ ટુર ખેડી નાખનારા આપણે, જો જિનશાસનની જરૂર વખતે No time કહી દેશું, તો એ આપણો ગંભીર અપરાધ નહીં બની જાય ? એનું ફળ આપણે નહીં ભોગવવું પડે ? **'આ બધું તો કોણ કરે ને કેવી રીતે થાય ?' આવા નકારાત્મક શબ્દો આપણે ઘરના કામમાં કદી બોલીએ છીએ ખરાં ?** શું આપણા ધંધાના કામો સાવ સીધાં-સાદા-સરળ હોય છે ? ત્યાં આપણે શું કહીએ છીએ ? કરવાનું જ છે. જે રીતે પણ કામ પાર પડે, તેમ પાડવાનું જ છે.

ત્યાં તો જવાબદારી છે એમ ને ? તો આપણે હવે આટલું જ સત્ય સમજવાનું છે - અહીં પણ જવાબદારી છે. ત્યાં કરતાં ય વધુ જવાબદારી. અહીં બેજવાબદાર થનાર... મારે શું ?-ની સૂક્ષ્મ વિચારધારામાં રમનાર ભવાંતરમાં જિનશાસનને પામવાની શક્યતા ગુમાવી બેસે છે. દુર્લભબોધિ થાય છે અને અનંત દુઃખમય સંસારની રઝળપાટે ચડી જાય છે.

Believe me, ઘરના, ધંધાના કે માનેલાં મોજ-શોખોના કામ પાર પડે, તેમાં એટલો આનંદ નથી, જેટલો આનંદ જિનશાસનની એક નાની પણ સેવા કર્યાના અંતસ્તોષમાં છે. આ એક સદ્ય (તાત્કાલિક) આનંદ પણ છે, અને સાનુબંધ આનંદ પણ છે. **જિનશાસન માટે જ્યારે આપણે કાંઈક કરીએ છીએ, ત્યારે હકીકતમાં આપણે આપણા માટે કાંઈક કરીએ છીએ.**

Quit citiesમાં જિનશાસનના યક્ષપ્રશ્નોનો નિકાલ છે.

I mean, આપણા યક્ષપ્રશ્નોનો નિકાલ છે. આપણે કરશું ને ?

## ❀ [1] Let me say ❀

સેંકડોની સંખ્યામાં જૈન દીકરીઓ અને વહુઓને
મુસલમાનો ભગાડી રહ્યા છે.

શું ચૌદશ સોમવારે કે મંગળવારે કરવી,
એ આના કરતા પણ મોટો પ્રશ્ન છે ?

સંખ્યાબંધ જૈનો ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કરી રહ્યા છે.
શું થોય ત્રણ બોલવી કે ચાર બોલવી,
એ આના કરતાં પણ મહત્ત્વનો પ્રશ્ન છે ?

**મને કહેવા દો,**
**કે આપણી આખે આખી જમીન સંકેલાઈ રહી છે,**
**ને આપણે ખૂબ ગંભીરતાથી ચર્ચા કરી રહ્યા છીએ,**
**કે ફૂલદાની આ ખૂણે મુકવી ? કે પેલા ખૂણે મુકવી ?**

આજે જિનશાસનને એક બીજા સંપ્રતિ મહારાજાની જરૂર છે,
જેમના હૃદયમાં જિનશાસનની આગ હોય...
**दव्वेण मे ण कज्जं एयं खु पियं कुणह मज्झ।**
‘‘ઓ સેવક રાજાઓ !
મારે સોના-ચાંદીના ઢગલાઓ નથી જોઈતાં,
મારે હીરા-મોતીના ચરુઓ પણ નથી જોઈતાં.
મારે તમારી પાસેથી કોઈ ખંડણી જોઈતી નથી.
**તમારે જો મને પ્રસન્ન કરવો છે,**
**તો તમે જિનશાસનના થઈ જાઓ.**
તમારા રાજ્યમાં એવું કોઈ ગામ ન હોય, જ્યાં જિનાલય ન હોય.
તમારા રાજ્યમાં એવું કોઈ જિનાલય ન હોય,
જે સવારથી સાંજ સુધી ઉભરાતું ન હોય.

તમારા રાજ્યનો એવો કોઈ માર્ગ ન હોય,
જે વિહારમાર્ગ તરીકે યોગ્ય ન હોય.
બસ,
આ મારું પ્રિય છે.
આ જ મારું પ્રિય છે.
**एयं खु पियं कुणह मज्झ।**
**જિનશાસન તો મારું સર્વસ્વ છે.**
**જો એ જ કથળતું હોય,**
**તો હું બીજા શેનાથી ખુશ થવાનો હતો ?''**

આપણે પાણી માટે શોધાશોધ કરીએ છીએ,
જે આપણી સમસ્યાઓની આગને શમાવી દે.
**હું કહું છું**
**કે આપણે પાણીની જરૂર છે જ નહીં,**
**આપણે તો આગની જરૂર છે.**
**જિનશાસનની આગ,**
**वह्निना शाम्यते वह्निः।**
આગથી જ આગ બુઝાઈ જશે.

બહુ સમય નથી.
આપણા અંગે અંગમાં જલ્દીથી આ આગ લગાડી દો,
નહીં તો
આપણે બધાં ભસ્મીભૂત થઈ જઈશું.

## ❁ [2] Let me say ❁

એક વ્યક્તિ
સામાયિક કરી રહી છે
ને બીજી વ્યક્તિ
ગ્લાન મહાત્માની સેવા માટે
દોડા દોડ કરી રહી છે.
**who is better of them ?**

એક વ્યક્તિ
નવકારવાળી ગણી રહી છે
અને બીજી વ્યક્તિ
શ્રીસંઘના કોઈ પ્રસંગને સફળ બનાવવા માટે
પરસેવો પાડી રહી છે.
**who is better of them ?**

એક વ્યક્તિએ
સ્વાધ્યાયની ધૂણી ધખાવી છે
ને બીજી વ્યક્તિ
તીવ્ર અજંપા સાથે દેરાસરમાં થયેલી ચોરીની
તપાસ કરી રહી છે.
**I ask who is better of them ?**

I don't say
સામાયિક, નવકારવાળી કે સ્વાધ્યાયમાં
કોઈ પણ દોષ છે,
પણ પરિસ્થિતિ જ્યારે કાંઈક જુદી હોય
ઔચિત્ય કાંઈક જુદું કરવામાં હોય
જિનશાસનની જરૂર કંઈક અલગ હોય,

ત્યારે એ જરૂરની છતી શક્તિએ અવગણના કરીને
મનસ્વી રીતે કરેલી જિનશાસનની ભક્તિથી રહિત
એવી આરાધના સારી ?
કે જિનશાસનની ભક્તિ સારી ?
**મને કહેવા દો,**
કે હજી આપણે ઘણી અણસમજમાં છીએ.
**હજી કદાચ આપણી ગડમથલ પણ શરૂ થઈ નથી.**

તિત્થોગાલી પયન્નાસૂત્ર આપણને સાચી સમજ આપે છે –
**जिणसासणभत्तिगओ, वरमिह णियमसीलरहिओ वि ।**
**ण य णियमपरो वि जणो, जिणसासणबाहिरमइओ ॥**
નિયમ અને શીલની બાબતમાં જે શૂન્ય હોય
પણ જેના હૃદયમાં જિનશાસન પ્રત્યેની ભક્તિ હોય,
એ વ્યક્તિ સારી છે,
પણ કેટકેટલા નિયમ લઈને બેઠેલી હોય
પણ જેને જિનશાસન સાથે કોઈ લેવા દેવા ન હોય
એ વ્યક્તિ સારી નથી.

Actually,
એ વ્યક્તિ સરેઆમ છેતરાતી હોય છે.
એવું નથી કે એ વ્યક્તિ મોક્ષમાર્ગમાં બહુ પાછળ છે.
હકીકતમાં એણે હજી મોક્ષમાર્ગ જોયો સુદ્ધા નથી.

Please,
**તમારા હૃદયને**
**જિનશાસન પ્રત્યેની ભક્તિથી છલોછલ ભરી દો**
**એનાથી તમારી બીજી બધી જ આરાધના**
**ખરા અર્થમાં આરાધના બનશે,**
**ને તમારી મોક્ષયાત્રા ચાલુ થઈ જશે.**

## ❀ [3] Let me say ❀

પરણવાનો આગ્રહ કર્યા કરતી માને
એક દિવસ ચન્દ્રશેખર આઝાદે કહી દીધું,
''દુશ્મનોની સામે હું લડતો હોઉં
ત્યારે મારી પાછળ જ રહે
ને કારતૂસ ભરી ભરીને મને બંદૂક આપતી જાય
એવી કોઈ કન્યા હોય તો લાવો,
હું આજે જ પરણવા તૈયાર છું.''
માનો આગ્રહ વધ્યો ત્યારે આ આઝાદ
એક ચિટ્ઠી છોડીને ઘરમાંથી નીકળી ગયો -
**''કરોડો લોકો જ્યારે ગુલામીનું જીવન જીવે છે,**
**ત્યારે બૈરી-છોકરા કરવામાં**
**મને કોઈ જ રસ નથી.**
**એમાં મને મારી જિંદગી વેડફાતી લાગે છે.**
હું મારા દેશને આઝાદ કરવા માટે જાઉં છું.''

એ નવયુવાન
એના ભોગસુખને અને એના વારસાને
લાત મારીને દેશના નામે નીકળી પડેલો.
દેશ ગુલામ હોય,
ત્યારે ઘર-સંસાર માંડવામાં
એને જિંદગીનો વેડફાટ લાગેલો.
જિનશાસન માટે
આપણને આવી સંવેદના ખરી ?

કેટકેટલી વિષમ પરિસ્થિતિઓમાં
આજે જિનશાસન ભીંસાઈ રહ્યું છે
ને રહેંસાઈ રહ્યું છે,

એનો આપણને ખ્યાલ સુદ્ધા ખરો ?
ઓ નવલોહીયા યુવાનો !
મને કહેવા દો
કે તમારી C.A., C.S. કે M.B.B.S.
તરીકેની કારકિર્દી એ તમારી જિંદગીનો વેડફાટ છે.
તમારા હોટલ કે થિયેટરના ચક્કરો
એ તમારા જીવનનો નર્યો બગાડ છે.
Mobile ને Net પર જતાં તમારા કલાકો
એ એક Horrible wastage છે.

જરા એમાંથી માથું ઉંચુ કરો
અને જિનશાસનની સામે જુઓ.
બરાબર નજર કરો.

**શ્વાસ જેવું કંઈ હશે તો અદ્ધર થઈ જશે,**
**હૈયા જેવું કંઈ હશે તો ચિરાઈ જશે,**
**ને રોમ જેવું કંઈ હશે, તો સળગી જશે.**
બધું જ્યારે ભડકે બળી રહ્યું છે,
ત્યારે બૈરી-છોકરા કરીને
એક માત્ર maintainance માટે જ
ઘર-ઓફિસના ચક્કરોમાં જિંદગી પૂરી દેવી
એમાં કોઈ શાણપણ પણ નથી
અને ગૌરવ પણ નથી.
**Please come,**
**આપણે આઝાદ બનીને કૂદી પડીએ,**
**જિનશાસનની સર્વાંગીણ રક્ષા કરી**
**અને એને એનું ગૌરવ પાછું અપાવીએ.**
**Come, you are welcome.**

## ❁ [4] Let me say ❁

એ હતો યુદ્ધકેદી.
હિટલરના સૈન્યે
એને ઘવાયેલી હાલતમાં જીવતો પકડી લીધો હતો.
એ હોસ્પિટલમાં
જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતો હતો.
ત્રણ તાવમાં એનું શરીર ધગધગી રહ્યું હતું,
માથાથી પગ સુધી એનું આખું શરીર સખત ધ્રુજી રહ્યું હતું
તો ય એને બ્લેન્કેટ ઓઢાડવામાં આવે,
તો એ પૂરા વિરોધ સાથે એને દૂર કરી દેતો હતો.
Some one asked him the reason,
And he answered -
"It's made in Germany."
**‘‘એ બ્લેન્કેટ હું નહીં વાપરું,**
**કારણ કે**
**એ જર્મનીની બનાવટનો છે.’’**
ત્રણેક કલાક પછી એ મૃત્યુ પામ્યો.
પણ એ બ્લેન્કેટનો use હરગીઝ ન કર્યો.
દેશભક્તિનું કે સ્વદેશીના વપરાશનું
આ કદાચ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

અહીં વાત કરવી છે
જિનશાસનની ભક્તિની.
વિદેશી માલ વાપરવાથી
પોતાના દેશને નુકશાન થાય
એવા સ્પષ્ટ ખ્યાલથી
એ સૈનિક અસહ્ય પીડા ભોગવવા
અને મરવા સુધી તૈયાર થઈ ગયો.

જિનશાસનને નુકશાન ન થાય
એ માટે
આપણે થોડા પણ ઘસાવા માટે
તૈયાર ખરા ?
**મરી જઈએ પણ આપણા તરફથી તો**
**જિનશાસનને**
**સહેજ પણ નુકશાન ન જ થવા દઈએ**
**એવી આપણી માનસિકતા ખરી ?**

Let me say,
જો આપણો અહં... આપણી સુખશીલતા...
આપણો પક્ષાગ્રહ... આપણું મમત્વ
આ બધું ભૂલથી ય
શાસનમાલિન્યનું નિમિત્ત બની જશે,
તો આપણે ખરા અર્થમાં મરી જશું.
૧૪૪૪ ગ્રંથ કર્તા પૂ.હરિભદ્રસૂરિ મહારાજા
**અષ્ટક પ્રકરણ**માં સ્પષ્ટ ફરમાવે છે -
**सर्वानर्थनिबन्धनम् ।**
**જિનશાસનની હીલના**
**એ એટલું ભયંકર પાપ છે**
**કે એ ભૂલથી પણ થઈ જાય**
**તો ય**
**દુનિયાભરના અનર્થોને તાણી લાવશે.**

હીલનાના એ એક ટીપામાં
આપણી આરાધનાના દરિયા ડુબી જશે
ને આપણે અનંત સંસારની વાટે ચડી જશું.

Please, Beware of it.

## ❁ [5] Let me say ❁

સંસ્કૃત સાહિત્યનો એક શિરમોર ગ્રંથ
ઉપમિતિ ભવ પ્રપંચ કથા.
**ભવની ગલીના ભૂંડા ભિખારી પર**
**દેવ-ગુરુની કૃપાદૃષ્ટિ થઈ**
**એ ભિખારી મટીને શ્રીમંત થયો.**
એને જે
દર્શન, જ્ઞાન, ચારિત્રની સમૃદ્ધિ મળી
એ દુનિયાને આપવાની એને ભાવના થઈ.
ચાર રસ્તે ઊભા રહીને
એ બધાંને આ સમૃદ્ધિ લેવા માટે
જોર-શોરથી પ્રેરણા કરે છે,
પણ કોઈ લેતું જ નથી.
એ મૂંઝાય છે.
ત્યારે એક કલ્યાણમિત્ર
એને સાચી શિખામણ આપે છે -
''લોકોને તો ખબર છે
કે ગઈ કાલ સુધી તું ભિખારી હતો.
પછી લોકો તારી પાસે કાંઈ લેવા કેમ આવે ?
**એમ કર,**
**તું ખસી જા.**
**આ સમૃદ્ધિ અહીં ભલે રહી.**
**ઈચ્છુક વ્યક્તિ પોતે જ નિઃસંકોચ લઈ લેશે.''**
એના મનમાં વાત બેસી ગઈ.
સમૃદ્ધિનો પ્રસાર ચાલુ થઈ ગયો.

જિનશાસનનું કાર્ય કરવા નીકળેલાઓએ
પોતાની જાતને એક પ્રશ્ન પૂછવા જેવો છે,

શાસનનું કામ સારામાં સારું થતું હોય,
પણ જો મારું નામ ન થતું હોય,
તો મને એમાં રસ ખરો ?

**બધી જ મહેનત કર્યા પછી**
**તકતી, હારતોરા અને યશથી**
**તદ્દન અલિપ્ત રહેવાનું મારું સત્ત્વ ખરું ?**

કદાચ બીજી વ્યક્તિને વધુ યશ મળતો હોય
કે ખોટો યશ મળી જતો હોય
તો ય
જિનશાસનનું સારું કામ તો થઈ ગયું,
આ એક મુદ્દા પર રાજીના રેડ થઈ જવાની
મારી ભૂમિકા ખરી ?

કે પછી
કામનું પરિણામ સાવ સંકુચિત થઈ જાય
કે કામ બગડી જાય કે કામ થાય જ નહીં
તો ય મારા 'નામ'ના મુદ્દે
હું કોઈ જ સમાધાન કરવા તૈયાર નથી ?
જો સ્થિતિ આ જ છે તો

**Let me say,**
**આપણે શાસનનું કામ કરી રહ્યા છીએ**
**એ આપણી નરી ભ્રમણા છે.**
હકીકતમાં આપણે માત્ર ને માત્ર
આપણું નામ કરી રહ્યા છીએ.
શાસન સાથે આપણને કોઈ જ લેવા દેવા નથી.
**નામને કચડી નાંખો, મસળી નાંખો, ભૂંસી નાંખો**
**પછી જ શાસનનું કામ થઈ શકશે.**

## ❁ [6] Let me say ❁

ચોર હવે એકદમ હાંફી ગયો છે
પોલિસ ખૂબ જ નજીક આવી ગયો છે.
બસ, હમણાં જ
પકડાયા જ સમજો
એવી સ્થિતિ છે,
ત્યાં તો પોલિસે એને બૂમ મારી.
ચોરે પાછળ જોયું,
પોલિસ ઊભો રહી ગયો હતો.
પેલો આશ્ચર્યથી એની સામે જુએ છે,
તો એ કહે છે,
**''હવે તું જા, મારી હદ પૂરી થઈ ગઈ.''**

It's possible,
કે ઉપરી અધિકારીને ખબર ન પડે
ને એ પોલિસની નોકરી કાયમ રહે.
જિનશાસનની વાત આનાથી જુદી છે.
**આજે કદાચ**
**આપણી બહુ મોટી કરુણતા એ છે,**
**કે આપણે આપણી બુદ્ધિથી**
**આપણી કોઈ ને કોઈ હદ બાંધી દીધી છે.**
જિનશાસનના સભ્ય તરીકે
આપણે શું કરવાનું ?
સામાયિક, પ્રતિક્રમણ, પૂજા,
નવકારવાળી, સ્વાધ્યાય....
વાત પૂરી.
શ્રીસંઘને કાંઈ જરૂર પડી છે,
જિનશાસન પર કાંઈ આપત્તિ આવી છે.

આપણી નજર સામે કોઈ હાકલ કરી રહ્યું છે
What is our response ?
જો ઠંડે કલેજે આપણે જોઈ રહીએ છીએ
ને અંદરથી એક જ અવાજ આવે છે,
કે એ આપણી હદની બહારની વસ્તુ છે,
તો સમજી લેવું
કે આપણે ખરા અર્થમાં જિનશાસનના સભ્ય જ નથી.

**Let me say,**
માત્ર સામાયિક-પૂજાથી જિનશાસનના
સભ્ય થઈ જવાતું નથી.
**જિનશાસનના સભ્ય થઈ જવા માટેની**
**જઘન્ય યોગ્યતા છે**
**જિનશાસન સાથેની આત્મીયતા.**
જિનશાસન સાથેનો અદ્વૈત-ભાવ.
**આરાધનાપતાકા** ગ્રંથ કહે છે -
**किं मज्झ णिरुच्छाहा हवंति जे सव्वसंघकज्जेसु ।**
**ते देवसमिइबज्झा दुप्पिच्छा हुंति सुरमिच्छा ॥८६३॥**
આમાં મારે શું ?
એ રીતે જેઓ સંઘના સર્વ કાર્યોમાં
નિરુત્સાહ બની રહે છે
તેમની દેવલોકમાં દેવસભામાંથી હકાલપટ્ટી કરવામાં આવે છે.
કોઈ એમનું મોઢું પણ જોવા તૈયાર ન થાય
એવા તેઓ હલકા દેવો બને છે.

**I say please,**
**Break these boundries.**
**આ હદ જ આપણો અનહદ દ્રોહ છે.**

## ❀ [7] Let me say ❀

રાણીને જોઈતાં હતાં મોરના પીંછાં
જે માત્ર ભૌત ગુરુ પાસે જ હતાં.
રાજાએ માંગણી કરી, પણ એ આપવા તૈયાર ન થયાં.
રાણી જીદે ચડી.
રાજાએ સૈનિકોને બોલાવ્યા... આદેશ આપ્યો...
**''એમની પાસે પીંછાં માંગજો ન આપે તો**
**એમને મારી નાંખીને પણ પીંછા લઈ આવજો.''**
**પણ હા,**
**એક વાતનો ખાસ ખ્યાલ રાખજો**
**ગુરુને પગ લાગી જાય તો પાપ લાગે એવું મેં સાંભળ્યું છે.**
**એટલે ભૂલે ચૂકે એવું ન થાય એનો ખ્યાલ રાખજો.''**
સૈનિકો ગયાં, ગુરુને મોતને ઘાટ ઉતારીને પીંછા લઈ આવ્યાં.
ખાસ ખ્યાલ રાખીને
ગુરુને પોતાનો પગ ન લાગવા દીધો.

વાત રાજાની નથી, આપણી છે.
ધર્મસંસ્કારોના સ્વરૂપે આપણા પરમ ગુરુ
પ્રભુ વીર આપણા સુધી આવ્યા
અને આપણે શું કરીએ છીએ ?
''છોકરો ચોવિયાર કરે છે ? તો નહીં ફાવે.''
આમ કહીને એ મહાવીરને મોતને ઘાટ ઉતારીએ છીએ.
''છોકરી ધાર્મિક છે, તો નહીં ચાલે.''
આમ કહીને એ મહાવીરને No Entry કહી દઈએ છીએ.
પેલાએ રાત્રિભોજન ચાલુ કરી દીધું.
પેલીએ ધર્મ છોડી દીધો.
**What are we doing ?**

મને કહેવા દો,
કે બરાબર પેલા રાજા જેવી જ આપણી દશા નથી ?
હજારો રૂપિયા ખર્ચીને પ્રભુની આંગી કરનારા આપણે...
લાખો રૂપિયા લગાવીને પ્રભુની પ્રતિમા ભરાવનારા આપણે...
કરોડો રૂપિયા ન્યોચ્છાવર કરીને મહાવીરનું મંદિર કે
તીર્થ બનાવનારા આપણે....
અરે,
ભગવાન હાથમાંથી પડી જાય
તો આશાતનાના પાપથી ફફડી જનારા
ને પ્રાયશ્ચિત્ત લેનારા આપણે....
હકીકતમાં
એ જ ભગવાનને ખતમ કરી દેવાનો ધંધો તો
નથી કરી રહ્યા ને ?

**મહાવીર તમારી પાસે જે રસ્તેથી આવતા હોય,**
**તે રસ્તે તેમને WELCOME કરી દો.**
એ ન આવતા હોય
તો એમને કાલાવાલા કરીને પણ લઈ આવો.
બરાબર
એમની પાછળ જ તમારા બધાં સુખો આવી રહ્યા છે.

**મહાવીરને કહેલું No**
**એ તમારા સર્વ સુખોને કહેલું No છે.**

PLEASE
તમારી જાત ઉપર આટલો જુલમ ન કરો.

## ❀ [8] Let me say ❀

રોમ ભડકે બળતું હતું અને નીરો ફીડલ વગાડતો હતો.
we laugh on Neero કેવો મૂર્ખ માણસ !
પણ
**મને કહેવા દો**
કે જ્યારે આપણે નીરો પર હસીએ છીએ
ત્યારે આપણે આપણા પર હસીએ છીએ.
**એક બાજુ**
જાત જાતના ફૂટી નીકળેલા નવા પંથો
જિનશાસનમાં જાત જાતની લૂંટ ચલાવી રહ્યા છે.
**બીજી બાજુ**
જૈન અગ્રણીઓ જ
જૈનત્વથી વિમુખ બની રહ્યા છે.
**ત્રીજી બાજુ**
કોન્વેન્ટ કલ્ચર
જિનશાસનને ભીતરથી ફોલી ખાઈ રહ્યું છે
**ચોથી બાજુ**
મીડિયા 'મહાનાશ'ને ઓલરેડી શરૂ કરી ચૂક્યું છે.
ને
આ બધાંની વચ્ચે
આપણે બધાં ઉત્સવ-મહોત્સવોમાં મહાલી રહ્યા છીએ.

Let me Say
ભવિષ્યમાં કહેવાશે
**જિનશાસન ભડકે બળતું હતું**
**અને જૈનો ફીડલ વગાડતા હતાં.**
હજી ગંભીર વાત કહું ?

રોમ ભડકે બળતું હતું, માટે નીરો ફીડલ વગાડતો હતો,
એવું ભલે ન હતું.
પણ નીરો ફીડલ વગાડતો હતો, માટે રોમ ભડકે બળતું હતું,
એવું જરૂર હતું.

પૂ. હરિભદ્રસૂરિ મહારાજાના શબ્દોમાં કહું તો
**सो एस वंकओ चिय न य सयमरियमारियाणमविसेसो ।**
આ તો વક્રતાની હદ થઈ ગઈ.
એક માણસ મરી ગયો.
એક માણસને મારવામાં આવ્યો.
શું આ બંને સરખી વાત છે ?

What are we doing ?
Please think over it.
બાકી,
મને તો ભડકો અને ફીડલ દેખાય છે.

**I don't say**
ભવિષ્યની પેઢી આપણને માફ નહીં કરે,

**I don't say**
જિનશાસન આપણને માફ નહીં કરે,

**I say**
કર્મસત્તા આપણને માફ નહીં કરે.

# ❁ [9] Let me say ❁

પરમ પાવન શ્રીકલ્પસૂત્રની વાચનાઓમાં
થરથરાટી કરાવી દે તેવો અંશ છે
**પ્રભુ વીર પર થયેલા ઉપસર્ગો.**
શ્રી ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રમાં
કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્યે તેનું હૃદયવેધક વર્ણન કર્યું છે.
પ્રભુ પરના ઉપસર્ગો જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે છે
ત્યારે કલિકાલસર્વજ્ઞના મુખેથી આ ઉદ્ગારો નીકળી જાય છે -

**धिक् सुकृतानि जगतो, यैः स्वामिप्रभवैरपि ।**
**कृतघ्नैर्विघ्ननिघ्नात्मा, स्वामी त्रातो न दुर्विधेः ।।१०-४-६३ ।।**

**દુનિયાભરના સુકૃતોને ધિક્કાર થાઓ.**
તેઓ પ્રભુથી તો જન્મ પામ્યા
ને તેમણે પ્રભુની જ પરવા ન કરી.
તેઓ કૃતઘ્ન નીવડ્યા.
આ વાંકી ભવિતવ્યતાના વસમા સમયમાં
ઉપસર્ગોના આકરા-પ્રહારોથી જર્જરિત થતાં પ્રભુની
તેમણે રક્ષા ન કરી.

**धिक् सुकृतानि जगतः ।**

કલિકાલસર્વજ્ઞનું આ વચન આજે ય એટલું જ લાગુ નથી પડતું ?
શું જિન અને જિનશાસન એ જુદા છે ?

**શું જિનશાસન પરના આક્રમણો**
**અને પ્રભુ વીર પરના ઉપસર્ગો વચ્ચે કોઈ ફેર છે ?**

અને આ સ્થિતિમાં જિનશાસનની રક્ષાની ધરાર
ઉપેક્ષા સાથે આપણે આપણા મન માન્યા સુકૃતો કર્યા કરીએ,
તો એ પ્રશંસાપાત્ર કે ધિક્કાર પાત્ર ?

મને કહેવા દો,
કે આપણા ટી.વી. ને મોબાઈલ તો ધિક્કારપાત્ર છે જ,
શાસનરક્ષાની ઘોર ઉપેક્ષા સાથે કરાતી
સામાયિક પણ ધિક્કારપાત્ર છે.
દુકાન કે ઓફિસમાં બેસીને આપણે ઠંડે કલેજે
નોટો ગણ્યા કરીએ, એ તો ધિક્કારપાત્ર છે જ,
છતી શક્તિએ આપણે માત્ર નવકારવાળી જ ગણ્યા કરીએ.
એ ય ધિક્કારપાત્ર છે.
લગ્નોમાં કરાતાં બેફામ ધૂમાડા તો ધિક્કારપાત્ર છે જ.
શાસનરક્ષાના કોઈ જ અભિગમ વિના થતા
મોટા મોટા ધાર્મિક આયોજનો પણ ધિક્કારપાત્ર છે.
**धिक् सुकृतानि जगतः ।**
સંગમના ઉપસર્ગોમાં અને અનાર્ય લોકોના ઉપસર્ગોમાં
પ્રભુ વીરની જે સ્થિતિ હતી
કદાચ એવી સ્થિતિ આજે જિનશાસનની છે.
આપણી પાસે
તન, મન, ધન, જીવન
જે છે એને જિનશાસનની રક્ષામાં લગાડી દઈએ.
**જો આજે અને હમણા**
**એ જિનશાસનના કામમાં નહી આવે,**
**તો આપણા સુકૃતો ય આપણા કામમાં નહીં આવે.**

## ।। શ્લોક સૌન્દર્ય ।।

**जिणसासणभत्तिगतो**
**वरतरमिह सीलविप्पहीणो वि ।**
**न य नियमपरो वि जणो**
**जिणसासणबाहिरमतीओ ।। १२१४ ।।**

જિનશાસન પ્રત્યે જેને ભક્તિ છે
તે નિયમ વગરનો હોય તો પણ સારો છે
પણ
જેને નિયમો ઘણા છે
પણ જિનશાસન સાથે લેવા-દેવા નથી,
તે સારો નથી.

(સાર એ છે
કે આપણી વ્યક્તિગત-
આપણી પસંદગીની
આરાધના કરતાં પણ
જિનશાસનનો અવિહડ રાગ અને અવિહડ ભક્તિ
એ અનેકગણા ચઢિયાતાં છે.
જો એ ન હોય
તો આપણે બધી આરાધના એકડા વિનાના
મીંડા જેવી બની જશે.)

- તીર્થોદ્ગાલિ પ્રકીર્ણકસૂત્ર

# ❀ *Let Me Say* ❀

જૈન એટલે શું ?

**सोऽस्य देवता** - આ વ્યાકરણના સૂત્રથી
જૈન શબ્દ બન્યો છે.
જેના ઈષ્ટદેવતા જિન હોય તે જૈન.
આ શબ્દાર્થની પાછળનો ગર્ભાર્થ આ છે -

**ઘર એને પારકું લાગે**
**અને જિનશાસન જેને પોતાનું લાગે**
**તે જૈન.**

સાચો જૈન એ છે
જેને ગળા સુધીની ખાતરી છે
કે જિનશાસન માટે મેં જેટલું કર્યું
એટલું જ મારા માટે કર્યું.
એટલું જ મારું છે
બાકી બધું પારકું છે.
આપણે ઘર માટે, પરિવાર માટે, પૈસા માટે
કાંઈક કરવું પડે
એ મજબૂરી હોઈ શકે છે.
પણ
જિનશાસન માટે કશું જ ન થઈ શકે
એવી મજબૂરી તો નથી જ.

**આપણે ઈચ્છીએ**
**તો આપણે ઘણું બધું કરી શકીએ છીએ,**
**જિનશાસન માટે.**
**I mean**
**આપણા પોતાના માટે.**

**Let me say,**

પોતાનાનો અને પારકાનો
આ ભેદ પારખવામાં
જો આપણે ગોથું ખાઈ ગયા
તો ભવોભવ સુધી
એના દુષ્પરિણામો ભોગવ્યા વિના
આપણો છૂટકારો નહીં થાય.

**I say please,**

**know yours & others,**

રખે આમાં કોઈ ભૂલ થાય.
આમાં ભૂલ કરવાની સજા બહુ જ આકરી છે.

* * * * *

છેવટે
ડુસકા ધ્રુસકા બની ગયા
ને તૂટી જ પડ્યો આંસુઓનો બંધ.
**જંગલની એ ગીચ ઝાડીનું**
**એક એક પંખી**
**એ હૈયાફાટ રુદનનું સાક્ષી બની રહ્યું છે.**
જાણે પ્રત્યેક વૃક્ષ સ્તબ્ધ છે
ને વાતાવરણ નિઃસ્તબ્ધ છે.
એ હતાં સિંહ અણગાર.
પ્રભુ મહાવીરને પિત્ત જ્વરનો ભયંકર રોગ થયો
એ એમનાથી જીરવી શકાય એમ ન હતું.
ગુપ્ત સ્થાને એ અનરાધાર આંસુઓ
વહાવી રહ્યા હતાં.
પણ પ્રભુથી શું ગુપ્ત હોય ?
એમના આશ્વાસન ખાતર પ્રભુએ એમને બોલાવ્યા.
રેવતી શ્રાવિકાના ઘરેથી નિર્દોષ ઔષધ લાવવા કહ્યું,
ને એ ઔષધ વાપરીને
પ્રભુ પુનઃ નીરોગી બની ગયા.
આજે ય પરમ પાવન શ્રી **ભગવતીસૂત્ર**
આ ઘટનાની સાક્ષી પૂરે છે -

**कुहकुहुस्स परुण्णे**....

કેવી હશે એ મહાત્માની પ્રભુભક્તિ !
ક્યાં છે આજે એવી ભક્તિ ?
**પ્રભુ એક ગોશાળાની તેજોલેશ્યાથી**
**રોગનો ભોગ બન્યા હતા**

**આજે સેંકડો અનિષ્ટ તત્ત્વો**
**પ્રભુના શાસનની સામે આગ ઓકી રહ્યા છે.**
પ્રભુનું પરમ પાવન શાસન
આજે ભયાનક પિત્તજ્વરનો ભોગ બન્યું છે.
આ સ્થિતિમાં આપણી ભૂમિકા શું છે ?
મને કહેવા દો
કે જો આપણું હૈયું વલોવાઈ ન જતું હોય
આપણી આંખો નીતરતી ન હોય
ને આપણું આખું ય અસ્તિત્વ
ઉજ્જડ ન બની ગયું હોય
તો.... તો....
આપણા માટે કયો શબ્દ વાપરવો
એ જ ખબર પડતી નથી.

**Please,**
**open your mind,**
**પ્રભુ અને પ્રભુના શાસન વચ્ચે**
**તાત્ત્વિક દૃષ્ટિએ કોઈ જ ભેદ નથી.**

આપણે કદાચ વધુ કશું ન કરી શકીએ
તો રડીએ તો ખરા !
એ રુદન જ
ઔષધનું બીજ બની જશે.

* * * * *

## ❁ *Let Me Say* ❁

સાડા બાર વર્ષની એ ઘોર સાધના
પ્રભુએ કોના માટે કરી હતી ?

**બે વાર છ મહિનાના નિર્જળ ઉપવાસ,**
**નવ વાર ચાર મહિનાના નિર્જળ ઉપવાસ,**
**બે-બે વાર અઢી-ત્રણ-દોઢ મહિનાના નિર્જળ ઉપવાસ,**
છ વાર બે મહિનાના નિર્જળ ઉપવાસ,
બાર વાર એક મહિનાના નિર્જળ ઉપવાસ,
બહોંતેર વાર પંદર દિવસના નિર્જળ ઉપવાસ,
બસો ઓગણત્રીશ વાર બે દિવસના નિર્જળ ઉપવાસ...

કોના માટે હતી આ ઘોરાતિઘોર તપશ્ચર્યાઓ
માત્ર જાત માટે ? પોતાના સ્વાર્થ માટે ?

ના,
જો એવું જ હોત
તો પ્રભુ તીર્થંકર ન થયા હોત.
પ્રભુએ એ સાધના આપણા માટે કરી હતી.
આપણને દુઃખોથી ઉગારવા માટે....
આપણને તારવા માટે કરી હતી.

**જે પરમાત્માએ આપણા ખાતર**
**છ-છ મહિનાના અન્ન-જળ છોડી દીધાં,**
**એ પરમાત્માના નામે**
**આપણે એક રાત્રિભોજન ન છોડી શકીએ ?**

છાતી પર હાથ રાખીને કહો
પ્રભુના એ ભાવ પ્રત્યેનો
આપણો આ પ્રતિભાવ કેવો છે ?

શું એવું નથી લાગતું,
કે આમાં માત્ર નિઃસત્ત્વતા જ નથી,
નિઃશૂકતા અને નિર્લજ્જતા પણ છે ?

**મને કહેવા દો**
**કે આપણી રાત્રિભોજનની ઘટના**
**એ પેટે પાટા બાંધીને જે 'મા'એ દીકરાને ઉછેર્યો**
**એ 'મા'ને એ દીકરો પેટમાં લાત મારે**
**એના જેવી દુર્ઘટના છે.**

ધંધા વગેરેના કારણે
સૂર્યાસ્ત પહેલા જમી લેવું શક્ય ન હોય,
તો છોડી દો એક ટંકનું ભોજન.
એના વિના કાંઈ આપણે મરી નથી જવાના.

**Please,**
**Be a good son,**
otherwise આપણે આપણી જાતને
છે'ક નપાવટની કક્ષામાં મુકી દઈશું.

* * * * *

# ❁ *Let Me Say* ❁

આજે આપણે એક સ્વપ્ન જોઈએ
દરેકે દરેક ગામ/શહેરમાં
ભવ્ય જિનાલય ને પૌષધશાળા છે.
સવારથી સાંજ સુધી
હજારો લોકો ઉમટી રહ્યા છે.
પ્રભુભક્તિ, જિનવાણી શ્રવણ અને સંયમસાધનાનો
અદ્ભુત માહોલ જામ્યો છે.

**ઘરે ઘરે સ્વાધ્યાયનો ઘોષ**
**ચાલી રહ્યો છે.**
**હૈયે હૈયે શ્રામણ્યની ઝંખના છે.**
**ડગલે ને પગલે જયણા છે.**

હાલતા ને ચાલતા
પ્રભુના નામનો અનાયાસે જાપ થઈ રહ્યો છે.
જિનશાસન વિશ્વશાસન બની ચૂક્યું છે.
વાત ભલે સ્વપ્નની છે, પણ

**સ્વપ્ન જ સંકલ્પ બને છે.**
**સંકલ્પ જ સાધના બને છે**
**અને સાધના જ સાક્ષાત્કાર બને છે.**

**ચાલો,**
**જિનશાસનના અનંત ઉપકારોની**
**સંવેદનાથી ભીંજાઈ જઈએ,**
**ને એના માટે કંઈક કરી છૂટવાનું**
**સ્વપ્ન જોઈએ.**

સાક્ષાત્કારનું બીજ આ જ છે -
સ્વપ્ન.

મને કહેવા દો,
કે ઘર-સંસારના સ્વપ્નો
ફળે કે ન ફળે,
એમનાથી દુર્ગતિ નિશ્ચિત છે.
જિનશાસનના સ્વપ્નો
ફળે કે ન ફળે
એમનાથી સદ્ગતિ નિશ્ચિત છે
એમનાથી સદ્ગતિની પરંપરા નિશ્ચિત છે
અને
એમનાથી પરમાનંદમય પરમ પદ પણ
નિશ્ચિત છે.

**આપણી પાસે માત્ર બે જ વિકલ્પ છે -**
**યા આત્મહત્યા ને યા આત્મકલ્યાણ.**

**Please,**
**Don't be fool.**
**Join Jinshasan.**

* * * * *

## ❁ Let Me Say ❁

દિલ્હીની એક ભ્રષ્ટાચારવિરોધી સંસ્થા.
એમાં કામ કરતી
એક સત્તર વર્ષની છોકરી પર હુમલો થયો.
ઢોરમાર ખાઈને અધમુઈ બની ગયેલી
એ છોકરીને હોસ્પિટલમાં દાખલ કરાઈ.
દોઢ મહિનો સારવાર લઈને
ઘરે પાછી આવેલી એ છોકરી
ફરી કામ પર જવા માટે તૈયાર થઈ.
ઘર આખાના વિરોધ સામે
એ છોકરીએ એક પ્રશ્ન કર્યો હતો -

**“હું નહીં કરું,**
**તો કોણ કરશે મારા દેશ માટે ?**
**શું વિદેશમાંથી કોઈ**
**મારા દેશનું કામ કરવા આવવાના છે ?”**

આપણી વાત જિનશાસનની છે.
મને એ જ નથી સમજાતું
કે આપણે જિનશાસનને
કોના ભરોસે મુકીને
પોતપોતાની પળોજણોમાં પરોવાઈ ગયા છીએ ?

**આપણે નહીં કરીએ**
**તો કોણ કરશે આપણા શાસન માટે ?**
**શું બીજા ધર્મના લોકો**
**જિનશાસનની રક્ષા કરવા માટે**
**કુદી પડવાના છે ?**

મને કહેવા દો,
કે જો જિનશાસનની સમસ્યાઓ
આપણને આપણી સમસ્યાઓ ન લાગતી હોય.
જો જિનશાસન પરના આક્રમણો
આપણને આપણી જાત પરના
પ્રહારો ન લાગતા હોય
અને જિનશાસનની દુર્દશા જોઈને
આપણું લોહી ઉકળી ન જતું હોય,
તો આપણે જિનશાસનને પામીને પણ
ખરી રીતે ગુમાવી દીધું છે.
આપણા જેવા મૂર્ખ
કદાચ આ દુનિયામાં બીજા કોઈ જ નથી.

Please,
Leave this stupidity,

**Please,**
**Save Jinshasan,**
**this is the only way**
**to save ourself.**

* * * * *

## ❁ Let Me Say ❁

પિતા એટલે શું ?
ઘરના બજેટ જેટલું કમાઈ લાવે
એ પિતા ?
ઘરમાં પોતાની ધાક જમાવી શકે
એ પિતા ?
દીકરીને પરણાવી દે
ને દીકરાને ઠરીઠામ કરે એ પિતા ?

વ્યુત્પત્તિશાસ્ત્ર જવાબ આપે છે -

**पाति इति पिता ।**

જે પાલન કરે = રક્ષણ કરે એ પિતા
**જે પોતાના સંતાનને**
**ભયાનક ભવભ્રમણથી બચાવી લે**
**એ પિતા.**

સંતાનોનું પેટ તો પંખીઓ પણ ભરે છે.
કાગડા અને કૂતરાના પણ
પિતા તો હોય છે,
પણ એમના પિતા હોવાથી
એમનો વિશેષ કોઈ જ અર્થ સરતો નથી.

**મને કહેવા દો,**
**કે જિનશાસનના *પિતાઓથી ય**
**જો સંતાનોનું હિત નહીં થાય,**
**તો પછી**

---

* જિનશાસનવર્તી પિતાઓથી.

**ન પિતૃત્વનો અર્થ રહેશે**
**ને ન તો જિનશાસનનો અર્થ રહેશે.**
Please remember,
જિનશાસનમાં જન્મ પામેલ
દરેક સંતાન પ્રભુની થાપણ છે.
એ થાપણનું યોગ્ય જતન કરવું
ને એ થાપણ સુપ્રત કરવી
આ જ એ થાપણ-સંબંધી ઔચિત્ય છે.

**पाति इति पिता ।**

- આ બીજી કોઈ રીતે સાર્થક થાય એમ નથી.

**જિનશાસનના પિતાનું તો**
**આ જ સ્વર્ણિમ સ્વપ્ન હોય,**
**યા મારું સંતાન શ્રામણ્યનો શણગાર ધરે**
**ને જો એ શક્ય ન જ બને**
**તો એ શાસનસુભટ બને.**

આ બે સિવાયનો ત્રીજો કોઈ પણ વિકલ્પ
જેમના માટે શરમજનક હોય
અને આઘાતજનક હોય
એમનું નામ જિનશાસનના પિતા.

Please, be a father,
A true father.

* * * * *

## ❀ Let Me Say ❀

''સાહેબ,
જરા અંદર પધારશો ? માંગલિક સંભળાવવા...''
કોઈ બીમારને માંગલિક સંભળાવવાની ગણતરીથી
મહાત્મા અંદર પધાર્યા.
જોયું, તો એક ઘોડિયું છે.
નાનકડું બાળક સૂતું છે.
માંગલિક પૂરું થયું અને એ બહેને કહ્યું,

**''સાહેબ,**
**એના માથે હાથ મૂકીને**
**એવા આશીર્વાદ આપો,**
**કે એ સાધુ બને.''**

સાચી મા કોને કહેવાય ?
એની વાત મારે તમને કરવી છે.
દુનિયાની 'મા'ને દીકરો C.A. કે M.B.B.S. બને
એમાં રસ હોય છે.
જિનશાસનની* 'મા'ને દીકરો ૪૫ આગમ ભણે
એમાં રસ હોય છે.
દુનિયાની મા ઈચ્છે છે,
કે દિકરો બોડી-બિલ્ડર બની જાય,
જિનશાસનની 'મા' ઝંખે છે
કે મારો દીકરો આત્મગુણોને પુષ્ટ કરે.
**દુનિયાની 'મા' ઈચ્છે છે**
**કે દીકરો સ્વિમિંગ-પુલમાં તરતા શીખી જાય.**
**જિનશાસનની 'મા'નું સ્વપ્ન હોય છે**
**કે મારો દીકરો ભવસાગરને ક્યારે તરી જાય !**

---

* જિનશાસનવર્તી મા.

દુનિયાની મા
દીકરાને કરાટે-ચેમ્પિયન બનાવીને હરખાય છે.
જિનશાસનની મા
પોતાના પુત્રને કર્મસંગ્રામમાં શૂરવીર બનાવીને હરખ-પદુડી થાય છે.

**મને કહેવા દો**
**કે જિનશાસનની મા પણ**
**જો દુનિયાની 'મા'ના રવાડે ચડશે**
**જો એ ય મોહાધીન બનશે**
**ને માત્ર ઐહિક શોખો પૂરા કરવા જશે**
**તો એના સંતાનો**
**ખરા અર્થમાં અનાથ બની જશે.**

**અધ્યાત્મકલ્પદ્રૂમ** તો
હજી આગળની વાત કરે છે -

**माता पिता स्वः सुगुरुश्च तत्त्वात्,**
**प्रबोध्य यो योजति शुद्धधर्मे ।**
**न तत्समोऽरिः क्षिपते भवाब्धौ,**
**यो धर्मविघ्नादिकृतेश्च जीवम् ॥**

સાચા માતા-પિતા, સગાં ને સદ્ગુરુ એ છે
જે સ્વયં પ્રતિબોધ કરીને
શુદ્ધ ધર્મમાં જોડી દે.
બાકી,
જે ધર્મમાં અંતરાય વગેરે કરે
ને એ જીવને ભવસાગરમાં ફેંકી દે
એના જેવા બીજા કોઈ દુશ્મન નથી.

Please,
Don't be an enemy of your child.
**Be a Mother, A real Mother.**

## ❀ Let Me Say ❀

સાંજનો સમય છે.
દીકરો જમવા બેઠો છે.
મમ્મી થેપલા બનાવી બનાવીને
પીરસી રહી છે.
પણ એ માત્ર મા નથી
એ જિનશાસનની મા છે.
એ થેપલાની સાથે સાથે
પ્રેરણા પણ પીરસી રહી છે.
‘‘બેટા,
તારે દીક્ષા જ લેવાની છે હં,
બેટા, તું દીક્ષા લઈશ ને ?’’

**અનંત અનંત ભવોના પુણ્યોનો**
**ઉદય થયો હોય**
**ત્યારે આવી મા મળે.**
**જિનશાસનની મા.**

પૂ. હરિભદ્રસૂરિ મહારાજાના શબ્દોમાં -

**तद्वद्धिता च जननीति - हितस्विनी मा.**

જિનશાસનની આ પરંપરા છે -
અહીં મા ‘ગુરુ’ બને છે
અને ગુરુ ‘ભગવાન’ બને છે.

**મને કહેવા દો,**
**કે જો માતૃત્વમાં ય સ્વાર્થ ભળશે,**
**માતૃત્વમાં ય મોહ ભળશે**
**ને માતૃત્વ જ**

**સંતાનોના હિતની આડે આવી જશે,**
**તો દુનિયામાં**
**માતૃત્વ જેવી કોઈ ચીજ જ નહીં બચે.**

જ્ઞાનીઓ તો સ્પષ્ટ કહે છે -

> **माता शत्रुः पिता वैरी**
> **येन बालो न पाठितः ।**

એ માતા નથી પણ શત્રુ છે
એ પિતા નથી પણ વૈરી છે
જેમણે
પોતાના પુત્રને ખરું જ્ઞાન આપ્યું નથી.

Please,

open your eyes.

**Be true parents**

**to your child.**

* * * * *

# ❁ *Let Me Say* ❁

સાચી મા એ છે,
જે દીકરાના સ્કેટિંગ અને
આઈસ-સ્કેટિંગની ચિંતા નથી કરતી,
પણ દીકરો સંસારમાં ક્યાંક લપસી ન પડે,
એની ચિંતા કરે છે.

સાચી મમ્મી
દીકરાને ડાન્સર કે સિંગર બનાવીને
રાજી નથી થતી
પણ દીકરો સંસાર-નાટકનો અંત કરે
એનાથી રાજી થાય છે.

મને કહેવા દો,
કે દીકરા હોવા એટલું જ પૂરતું નથી.
દીકરા સાથે હોવા એમાં જ ઈતિશ્રી નથી.
**દીકરા જો પાપી હોય,**
**દીકરા જો દુર્ગતિની દિશામાં ધસમસતા હોય,**
**તો એમના મા-બાપ તરીકે**
**આપણું માથું શરમથી ઝુકી જવું જોઈએ.**

મને યાદ આવે છે.
પેલા અરણિક મુનિની માતા...
પુત્રમુનિ લપસ્યા
એના આઘાતથી એ પાગલ બની ગયાં,
બહાવરા બનીને
અરણિક... અરણિક.... કરતાં નગરમાં ભટકવા લાગ્યા,
ઝરૂખે બેઠેલા અરણિકે

આ દૃશ્ય જોયું ને એનાથી ઝાલ્યા ન રહેવાયું.
એ દોડી ગયો
આળોટી ગયો માતા-સાધ્વીના ચરણોમાં
રડી પડ્યો ધ્રુસકે ને ધ્રુસકે....
માતાએ પુનઃ સંયમ સ્વીકાર માટે પ્રેરણા કરી,
અરણિક તૈયાર તો થયો, પણ એક શરતે,

''દીર્ઘ સંયમ પાળવાની મારી શક્તિ નથી.
જો આપ રજા આપો,
દીક્ષા લઈને તરત અનશન કરવાની,
તો હું પુનઃ સંયમ લેવા તૈયાર છું.''

જિનશાસનનું માતૃત્વ
આ પળે પૂર્ણપણે પ્રગટ થયું -
''મારા લાલ,
જો જીવનભર સુધી ઉગ્ર સંયમ પાળવું
એ તારા માટે શક્ય ન જ હોય,
તો ભલે, એમ થાઓ.
પણ લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ તો
હરગીઝ ન થાય.

**ઓ મારા બેટા,**
**તું તો સિંહણનો ધાવેલો છે.**
**તું સંસારના પાંજરામાં પૂરાઈ જઈશ,**
**તો તો મારી કૂખ લજવાશે.''**

ચતુર્વિધ શ્રીસંઘ સમક્ષ પુનઃ દીક્ષા થઈ.
હર્ષના હિલોળા સાથે માતા-સાધ્વીએ વાસક્ષેપ કર્યો.
દીક્ષાના બીજા જ દિવસે
એ મુનિવરે અનશન લીધું.

તપેલી કાળમીંઢ શિલા એમનો સંથારો બની.
ગણતરીની ઘડીઓમાં
એમનું કોમળ શરીર મીણની જેમ ઓગળી ગયું.

**આ દશ્યને જોનારા**
**ભલ-ભલાના હૃદય જ્યારે કંપી ગયા હતાં,**
**ત્યારે એક વ્યક્તિની આંખોમાં**
**આનંદનાં આસું હતાં.**
**એ હતી એમની માતા.**
**એક સાચી માતા.**
**જિનશાસનની માતા.**

દીકરાને દુર્ગતિની
પરંપરાથી બચાવી લીધો
ને સદ્ગતિની પરંપરા સાથે
મોક્ષની ભેટ આપી,
એનો અપૂર્વ સંતોષ
એના ચહેરા પર તરવરી રહ્યો હતો.

* * * * *

# ❁ Let Me Say ❁

જિનશાસનની મા એને કહેવાય
જેનું ખુદનું જીવન જ
એક સાધ્વી જેવું હોય.
રોટલી વણાતી જાય
ને ગાથા ગોખાતી જાય.
પછી એ રોટલીથી જેનું શરીર બન્યું હોય,
એ સંતાન જ્ઞાનના શિખરોને સર કરે
એમાં શી નવાઈ ?

**જિનશાસનની 'મા'ના સંસ્કારોની**
**આભા જ એવી હોય,**
**કે કુસંસ્કારો**
**ઘરના બારણેથી જ રવાના થઈ જાય.**
એનું અસ્તિત્વ જ એવું હોય
કે ઘરની કોઈ વ્યક્તિના
આઘા-પાછા થવાની શક્યતા જ ન રહે.

મને કહેવા દો,
કે જો 'મા' જ
ચેનલોના ચેનચાળા જોવા બેસી જશે,
જો 'મા' જ સિનેમા જોવાની હઠ પકડશે,
જો 'મા' જ બ્યુટી પાર્લર ને હુક્કા પાર્લરની
બંધાણી હશે
ને જો 'મા' જ વિચિત્ર વસ્ત્રો પહેરતી હશે,
તો સંતાનો માટે
કોઈ જ આશા નહીં રાખી શકાય.

**Sorry to say,**
**આ પણ એક પ્રકારનો ગર્ભપાત છે.**
**વધુ ભયાનક ગર્ભપાત.**
કારણ કે
દ્રવ્યહત્યા કરતાં
ભાવહત્યા અનંતગણી ભયાનક હોય છે.

માતૃત્વ
એ માત્ર સંબંધ નથી
જવાબદારી પણ છે.
બહુ મોટી જવાબદારી.

**એને બરાબર નિભાવાય**
**તો ઉભય-પક્ષ ન્યાલ છે**
**ને એમાંથી છટકવાનો પ્રયાસ થાય**
**તો ઉભય-પક્ષે વિનાશ છે.**

Please,
Realise your responsibility.
Be a wise mother,
A right mother.

* * * * *

# ❁ Let Me Say ❁

મને લાગે છે કે
જિનશાસનની સમગ્ર સમસ્યાઓનું સમાધાન
માત્ર ત્રણ અક્ષરમાં છે -
'પાહિણી.'

દેવકુંવર જેવા માત્ર પાંચ વર્ષના ચાંગાને
એ 'મા'એ ગુરુદેવના ચરણોમાં
સમર્પિત કરી દીધો હતો.
જિનશાસનના માતૃત્વની આ અભિવ્યક્તિ હતી.
પુત્રનું સમર્પણ કરનારી 'મા' તો
આજે પણ હોય છે.
પણ લાખ રૂપિયાનો પ્રશ્ન એ છે
કે પ્રભુના ચરણે જે પુષ્પ ધરવું હોય,
તેને ઉછેરવાની માવજત કેવી કરવી પડે ?
પ્રભુની પૂજા જો ઉત્કૃષ્ટ દ્રવ્યોથી જ કરાય,
તો પ્રભુના ચરણે ધરવા માટેના
સંતાનો કેવા હોવા જોઈએ ?

**મને કહેવા દો,**
**કે આજે જે રીતે સંસ્કારોનું**
**અધઃપતન થઈ રહ્યું છે,**
**જે રીતે આ બેશરમીના વરઘોડામાં**
**માતાઓ પણ જોડાઈ રહી છે,**
**એ જોતા એવું લાગે છે,**
**કે આવનારા સંતાનો**
**જિનશાસન માટે તો શું,**

**ઘર-સંસાર માટે પણ**
**કામના રહેવાના નથી.**
ઓ જિનશાસનની માતાઓ !
તમને મારી બે હાથ જોડીને વિનંતિ છે -
તમારી ભીતરની 'પાહિણી'ને
કદી મરવા દેશો નહીં.

I say please,
save her at any cost,
**જિનશાસનના શ્વાસ**
**એના જ આધારે ચાલી રહ્યા છે.**

* * * * *

# ❁ Let Me Say ❁

તારીખ હતી ૨૧-૧૦-૧૯૪૩.
સ્થળ હતું સિંગાપુર.
મેદની હતી વીશ હજારની.
અસ્થાયી આઝાદ હિંદ સરકારના
રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, યુદ્ધમંત્રી
અને વિદેશમંત્રીના રૂપે
એક વ્યક્તિ શપથવિધિ કરી રહી હતી -

**'ईश्वर को साक्षी करके**
**मैं सुभाषचन्द्र बोझ**
**यह पवित्र शपथ लेता हूँ कि**
**भारत को स्वाधीन करने के लिये....'**

બસ,
એ વ્યક્તિ આગળ ન બોલી શકી
એની આંખોમાં આંસુ ધસી આવ્યા
ને ગળે ડૂમો બાઝી ગયો.

**'तुम मुझे खून दो**
**मैं तुम्हें आजादी दूँगा'**
આ સૂત્ર એ વ્યક્તિના હોઠેથી નહીં
હૈયેથી નીકળ્યું હતું.
પોતાનું બધું જ લોહી
દેશને સમર્પિત કર્યા પછી
એણે આ સૂત્ર આપ્યું હતું.

વાત આપણી કરવી છે.

**આપણે જિનશાસનને શું આપ્યું ?**
**એની દુઃસ્થિતિથી કદી આપણી આંખના ખૂણા**
**ભીંજાયા ખરા ?**
**કોઈ દિવસ ખૂણામાં જઈને**
**પોક મુકીને રડ્યા ખરા ?**

જો માત્ર
જ્યાં જન્મ થયો
એ ભૂમિ માટે લાખો લોકો
શહીદ થઈ શકતા હોય,
તો જેણે જન્મોજનમ સુધારી દીધાં છે,
એ જિનશાસન પ્રત્યે
આપણું કર્તવ્ય શું ?

Let me say,
જો આપણને આ પ્રશ્નનો જવાબ
ન જડતો હોય,
અરે, જો આ પ્રશ્ન સુદ્ધા ન ઉઠતો હોય,
તો આપણે શાસનદ્રોહી નહીં ગણાઈએ ?

જે સૂત્ર સુભાષચન્દ્રબોઝે આપ્યું હતું,
તે જ સૂત્ર આપણને જિનશાસન આપી રહ્યું છે -

**तुम मुझे खून दो -**
તમારા લોહીનું એક એક ટીપું
મારી આરાધનામાં અને રક્ષામાં લગાવી દો.

**मैं तुम्हें आजादी दूँगा -**
હું તમને ભયાનક ભવભ્રમણથી

કાયમ માટે મુક્ત કરી દઈશ.

Please, Don't think,
Just jump, કૂદી જ પડો
જિનશાસન પ્રત્યે
આપણું આ જ ઉચિત કર્તવ્ય છે.

* * * * *

# ❁ *Let Me Say* ❁

દીકરો પાઠશાળામાં નથી જતો
એ આપણો ખરો પ્રશ્ન નથી,
દીકરો પાઠશાળા ન ગયો હોવા છતાં
આપણને સરસ ઊંઘ આવી જાય છે,
એ આપણો ખરો પ્રશ્ન છે.

દીકરી પહેરવેશની બાબતમાં
અનિચ્છનીય છૂટ લે છે,
એ આપણો ખરો પ્રશ્ન નથી,
બાળપણથી ટી.વી., મોબાઈલ, છાપા
ને છૂટછાટવાળા પરિસરની વચ્ચે
આપણે એને ઠંડે કલેજે ઉછરવા દઈએ છીએ,
એ આપણો ખરો પ્રશ્ન છે.

**મને કહેવા દો,**
**કે આપણો ખરો પ્રશ્ન એ છે,**
**કે આપણો ખરો પ્રશ્ન શું છે,**
**એ જ આપણને ખબર નથી.**

જે દીકરાને તમાચો મારીને ય
આપણે નર્સરીમાં મોકલ્યો હતો,
એ જ દીકરાના
પાઠશાળાની બાબતમાં ગલ્લા-તલ્લા
આપણે લાઈટલી લીધાં,
ત્યારે જ આપણે એને
Indirectly શીખવી દીધું હતું,
કે 'ધરમ'માં બધું ચાલે.

જે દિવસે આપણે
બે વર્ષની બેબીના 'બોલ્ડ' કપડાં
હોંશે હોંશે લઈ આવ્યા હતા,
તે જ દિવસે આપણે
આપણા ને એના
બંનેના ભવિષ્યની ઘોર ખોદી દીધી હતી.

Let me say,
સંતાનોને માત્ર જન્મ આપવાથી
કે માત્ર ઉછેરવાથી
મા-બાપ થઈ જવાતું નથી.

**સાચા મા-બાપ એ છે**
**જેમના હૃદયમાં પળે પળે એવી સંવેદના છે,**
**કે મારા ખોળે આવેલ જીવ**
**દુર્ગતિમાં ન જ જવો જોઈએ.**
**એને સદ્ગતિની પરંપરા સાથે**
**મોક્ષ સુધી પહોંચાડવાની જવાબદારી મારી છે.**

Please,
Feel these feelings,
otherwise,
તમારાં અને તમારા સંતાનોનાં
આ ભવ ને ભવોભવ
- બધું જ બરબાદ થઈ જશે.

* * * * *

## ❁ Let Me Say ❁

જિનશાસનની ઉન્નતિ માટે
જેમણે કરોડોની સંપત્તિ તો
લૂંટાવી જ દીધી,
પોતાના લોહી પાણી પણ એક કરી દીધાં,
ખુદ આચાર્ય ભગવંતને ય
જેમની પ્રશસ્તિ રચવી પડી
ને એ પ્રશસ્તિનો ય એક ગ્રંથ બની ગયો,
એ મહામંત્રી વસ્તુપાળ
પોતાના જીવનના અંત સમયે
એક નિસાસો નાખીને કહે છે –

**''कृतं न सुकृतं किञ्चित्**
**सतां संस्मरणोचितम् ।**
ભાવિના સજ્જનો જેને યાદ કરી શકે
એવું કોઈ જ સુકૃત હું કરી શક્યો નથી.

**पाविओ जिणधम्मो हारिओ**
અરે,
ચિંતામણિ રત્ન જેવું
આ જિનશાસન મને મળ્યું.
મને સાક્ષાત્ કલ્પવૃક્ષ મળ્યું.
પણ રે,
હું અબૂઝ.... હું મૂર્ખ....
હું એને હારી ગયો.''

જરા તુલના કરીએ આપણી,
એ મહાપુરુષ સાથે.

આપણા સુકૃતો કેટલા ?
ને આપણને એમનો સંતોષ કેટલો ?

મને કહેવા દો,
કે ધંધાની બાબતમાં
હરહંમેશ ભૂખ્યા ને અકરાંતિયા જ રહેતા
આપણે
જિનશાસનની સેવાની બાબતમાં
જો સંતોષ ધરીને બેઠા રહ્યા,
તો એ આપણી ભયાનક ધૃષ્ટતા ગણાશે.

પૂરો ભરોસો રાખજો.
પૈસા ઉપર પણ
અને જિનશાસન ઉપર પણ.
કે પૈસા મને દુર્ગતિમાં લઈ જ જશે
ને જિનશાસન
મને સદ્ગતિની પરંપરા સાથે
મોક્ષ સુધી પહોંચાડશે જ.

શાંતિથી વિચારો,
તો સાચી પસંદગી કરવી
ખૂબ જ સહેલી છે.

* * * * *

# ❁ Let Me Say ❁

એક કહેવત વાંચી હતી.
**आ बैल मुझे मार ।**
ને હું આશ્ચર્યચકિત થઈ ગયો.
આવું તો કોણ કહી શકે ? ને કહે, તો શા માટે ?
પણ **જ્યારે મેં જોયું કે**
લોકો બે વર્ષની દીકરીને ઉત્તેજક ઉદ્‌ભટ વેષ હોંશે હોંશે
પહેરાવે છે ને જ્યારે એ દીકરી ૧૮ વર્ષની થાય છે
ત્યારે એ જ લોકો હૈયાહોળી કરે છે.
**જ્યારે મેં જોયું કે**
દીકરાને T.V. એટલે શું એ ખબર ન હતી,
ત્યારથી ઘરે ડીશ એન્ટિના આવી ગયેલ, અને
જ્યારે એ જ દીકરો રાતના દોઢ વાગ્યા સુધી
એનો પૂર્ણ(!) ઉપયોગ કરવા લાગ્યો,
ત્યારે માથા પર આકાશ તૂટી પડે છે.
**જ્યારે મેં જોયું કે**
દીકરાને લાફો મારીને નર્સરી મોકલતા પપ્પા
ને ડરાવી-ધમકાવીને પણ હોમવર્ક કરાવતા પપ્પા
દીકરાએ પાઠશાળામાં ખાડો પાડ્યો હોવા છતાં
ઘસઘસાટ સૂઈ જાય છે,
ને પછી એ જ દીકરાએ કરેલ ધજાગરાથી
એ પપ્પા ઉજાગરા કરે છે.
ત્યારે મને બધાં જ જવાબો મળી ગયા
ને બરાબર સમજાઈ ગઈ આ કહેવત -
**आ बैल मुझे मार ।**
તમને સમજાય છે ?

આજે વિકાસની બૂમરાણો ઘણી મચાવવામાં આવે છે.
કરોડો મા-બાપો સંતાનોના વિકાસ માટે ચિંતિત છે
આજની ભયંકર હાડમારીમાં
અસહ્ય મોંઘવારીમાં સંતાનોના એડમિશનના, એજ્યુકેશનના,
સ્કૂલ-કલાસ-ટ્યુશનના અપાર-કમરતોડ ખર્ચાઓ-બોજાઓ
તમે ઉપાડો છો, એ સંતાનોના વિકાસ માટે જ ને ?

ચાલો,
અત્યારે આપણે આ વિકાસનું પોસ્ટમોર્ટમ કરીએ.
આજે મમ્મી-પપ્પાઓ સંતાનોને ભણાવી-ગણાવીને
એટલા લાયક બનાવી દે છે,
કે પછી એ સંતાનો મમ્મી-પપ્પાને જ
નાલાયક સમજવા લાગે છે.
વૃદ્ધાશ્રમમાં લોહીના આંસુઓ પાડતા મા-બાપોને પૂછો,
એમના દીકરાઓએ કયો વિકાસ કર્યો છે ?

ગરીબોની કિડની ચોરી લેતા સર્જન ડોક્ટરોના
શિક્ષકોને પૂછો, એમના વિદ્યાર્થીઓએ ક્યો વિકાસ કર્યો છે ?

દેશને વેંચવા બેઠેલા ખુરશીધારીઓના મતદારોને પૂછો,
એમના નેતાઓએ કયો વિકાસ કર્યો છે ?

શરમથી માથું ઝુકી જાય, એવો બીભત્સ દેખાવ
દેખાડનારી યુવતીઓનો વિકાસ જોઈ લો,
બે જ સેકન્ડમાં ઈન્ટરનેટની ગંદામાં ગંદી સાઈટ ખોલી દેનારા
કિશોરનો વિકાસ જોઈ લો, મમ્મીનું ખૂન કરવાનો સફળ (!)
પ્લાન બનાવનારા ટીનેજર્સનો વિકાસ જોઈ લો...
મને કહેવા દો,

આ વિકાસ નહીં, પણ વિનાશ છે.
સાચો વિકાસ છે ગુણાત્મક વિકાસ.
જે મા-બાપો સંતાનોના ગુણાત્મક વિકાસ કરવામાં ફેઈલ થઈ જાય છે, તેઓ પોતાનો અને સંતાનનો આ ભવ પણ બગાડી દે છે, અને ભવોભવ પણ બગાડી દે છે.
બે હાથ જોડીને મારી તમને વિનંતી છે
ચેતી જાઓ, નહીં તો સર્વનાશ માથા ઉપર છે.

Title-2

# *Yes its yours*

ઘર માટે,
પરિવાર માટે,
પૈસા માટે,
પ્રેસ્ટીજ માટે
કે શરીર માટે
તમે જે કંઈ પણ કર્યું,
એ બધું જ પારકું.
અને
જિનશાસન માટે તમે જે કાંઈ પણ કર્યું,
એ બધું જ તમારું.
'પારકું' કરવું પડે એ મજબૂરી હોઈ શકે છે,
પણ 'તમારું' કાંઈ થઈ જ ન શકે,
એવી મજબૂરી તો નથી જ.
તમે ઈચ્છો તો તમે ઘણું બધું કરી શકો છો
ખાસ
તમારા માટે.

Title-3

# પા
# પા
# પગલી

આપણે જે ભોજન લઈએ છીએ
એ ભોજનનું પણ 'ભોજન',
આપણે જે શ્વાસ લઈએ છીએ
એ શ્વાસનો પણ 'શ્વાસ'
અને
આપણે જે જીવન જીવીએ છીએ
એ જીવનનું પણ 'જીવન'
હા
એ છે **જિનશાસન.**

જે આપણું સર્વસ્વ હોવું જોઈએ,
એને કમ સે કમ
આપણું **સ્વપ્ન** તો બનાવીએ
ને એના માટે - માત્ર એના માટે
કાંઈક કરી છૂટવાની આપણી **કર્તવ્યયાત્રા**ની
**પા પા પગલી** ભરીએ.